૬૩૫૪૦

# સ્વાધ્યાય

પુસ્તક ૧૬

અંક ૨

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA
सत्यं शिवं सुन्दरम्

વસંતપંચમી

વિ. સં. ૨૦૩૫



[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી જયેન્દ્ર વોરાનો લેખ ]

ચિત્ર ૩
ઈશાન

સ્વાધ્યાય
અને
સંશોધનનું
ત્રૈમાસિક

સંપાદક
અરુણોદય ન. જાની
નિયામક,
પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા.

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા



ચિત્ર ૧
ગણેશ



[ ચિત્રોની સમજૂતી માટે
જુઓ આ અંકમાં
શ્રી જયેન્દ્ર વોરાનો લેખ ]

ચિત્ર ૨
વૈકુંઠ વિષ્ણુ

# સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૩૫ પુસ્તક ૧૬

ફેબ્રુઆરી, ૧૯૭૯ અંક ૨


# પાણિનીય વ્યાકરણ : એક અભ્યાસ*


શ્રીકૃષ્ણ સખારામ ભાવે

અનુવાદક : અરુણોદય ન. જાની


## અષ્ટાધ્યાયીની વિષયસૂચિ

**પ્રયોજન :** આ અભ્યાસક્રમનું મુખ્ય પ્રયોજન પાણિનિના વર્ણનાત્મક આયોજનનો કંઈક ખ્યાલ આપવાનો અને વાચકોને કંઈક અંશે પાણિનિના સૂત્રોનું વ્યાકરણની દૃષ્ટિએ તાત્પર્ય સમજવામાં મદદ કરવી જેથી પાણિનિએ પ્રયોજેલી વિધવિધ શાસ્ત્રીય યુક્તિને સમજી શકાય–એ છે.

(अ) **પ્રાસ્તાવિક :** પાણિનિનું વ્યાકરણ વર્ણનાત્મક છે. (પ્રસંગોપાત્ત એ નોંધવું જરૂરી છે કે પાણિનિએ જે ભાષાનું વર્ણન કર્યું છે તેનું નામ સુદ્ધાં એમણે આપ્યું નથી. એને માત્ર 'ભાષા' જ કહી છે.) અર્થને લગતા જુદા જુદા પ્રકારો પ્રયત્નપૂર્વક બાકાત રાખ્યા છે. દા. ત. અવ્યયોની વ્યાખ્યા આપી નથી. માત્ર તેમની ગણતરી જ કરી છે.[1] વર્ણનની દૃષ્ટિએ શબ્દોના સમૂહો એકત્ર કરવામાં આવ્યા છે. આ સમૂહોને 'ગણ' કહ્યા છે. સૌથી અગત્યના ગણો બે છે:—

૧ **ધાતુપાઠ :** દસ વિભાગમાં વહેંચેલા ધાતુઓના સમૂહો. દરેક સમૂહને તે તે સમૂહમાં આવેલા પ્રથમ ધાતુનું નામ આપવામાં આવ્યું છે. દા. ત. ભ્વાદિ, અદાદિ, વ.

૨ બીજા સમૂહોને પણ 'ગણ' એવી સંજ્ઞા આપવામાં આવી છે. આ ગણોની રચના વર્ણનાત્મક આયોજનને માટે છે. (સાધિત શબ્દોના પ્રકરણમાં આ ગણો વધુ પ્રમાણમાં જણાય

---

* વ્યાકરણના અભ્યાસીઓની ઉપયોગિતાને ધ્યાનમાં રાખી પ્રસ્તુત લેખ 'મનીષ', ૧૯૬૧, અંક ૪ માંથી પુનર્મુદ્રિત કરવામાં આવે છે.

૧ જુઓ **स्वरादिनिपातमव्ययम्** (૧. ૧. ૩૭–૪૦)થી શરૂ થતાં ચાર સૂત્રો. પહેલું સૂત્ર જણાવે છે કે સ્વરાદિ ગણના ગણાવેલા શબ્દો તેમ જ નિપાતો-જેની ગણતરી આગળ ૧. ૪. ૫૬–૯૭માં કરવામાં આવી છે–ને અવ્યયો કહેવામાં આવે છે. (અવ્યયો વિષેની ચર્ચા માટે જુઓ Faddegon : 'Studies on Pāṇini's Grammar,'

છે.) આ ગણોનું નામ તે તે વર્ગના પ્રથમ શબ્દ ઉપરથી પાડવામાં આવ્યું છે. દા. ત. શિવાદિ -ગણ, ચાદિ-ગણ વ.

(ब) **સૂત્રોની ટૂંકમાં વિષયસૂચી:** પાણિનિનું આખું વ્યાકરણ આઠ અધ્યાયમાં વહેંચેલું છે. પ્રત્યેક અધ્યાયના ફરીથી ચાર પેટા વિભાગો પાડવામાં આવ્યા છે. એમને 'પાદ' કહે છે. દરેક પેટા વિભાગ ટૂંકા છતાં અત્યંત ચીવટવાળા અને સૌષ્ઠવભર્યા નિયમોનો બનેલો છે. આ નિયમોને 'સૂત્રો' કહેવામાં આવે છે.

**અધ્યાય પહેલો:** સંજ્ઞાઓ અને પરિભાષાઓ ઉપરાંત આ અધ્યાયમાં પરસ્મૈપદ અને આત્મનેપદ નામના સંસ્કૃતના બે પ્રકારના ક્રિયાપદના પ્રયોગોને લગતા, વાકયરચનાની દૃષ્ટિએ જરૂરી નિયમો આપવામાં આવ્યા છે. (૧.૩.૧૨–૭૮) ઉપરાંત પ્રથમ અધ્યાયમાં વિભક્તિના પ્રયોગોને લગતા નિયમો (કારક) પણ આપવામાં આવ્યા છે. (૧.૪. ૨૩–૫૫)

**અધ્યાય બીજો:** પ્રથમ બે પાદોમાં સમાસ—એટલે કે જુદા જુદા શબ્દો ભેગા કરતી વખતે તેમાં રહેતો શબ્દોનો ક્રમ—ને લગતા નિયમો આપ્યા છે. ત્રીજા પાદમાં વિભક્તિના ઉપયોગો અને ચોથા પાદમાં પ્રત્યયોના લોપને લગતા નિયમો આપ્યા છે.

**અધ્યાય ત્રીજો:** આ અધ્યાય तिङन्त (ધાતુના રૂપો) અને કૃદન્તો (ધાતુસાધિત રૂપો)ની ચર્ચા કરતો હોવાથી તે પાણિનિના વ્યાકરણનો સૌથી અગત્યનો ભાગ છે.

**અધ્યાય ચોથો અને પાંચમો:** સ્ત્રીપ્રત્યયો (પુલ્લિગ શબ્દો પરથી સ્ત્રીલિંગ શબ્દો બનાવવા માટે લગાડવામાં આવતા પ્રત્યયો) (૪.૧.૩–૭૪ અને ૭૭), તદ્ધિતો (નામ-સાધિત રૂપો), વિભક્તિના પ્રત્યયો, समासान्ताः એટલે કે સમાસને અંતે લગાડવામાં આવતા પ્રત્યયો (૫. ૪. ૬૮–૧૫૧) વગેરે આમાં આપવામાં આવ્યા છે. તેમાં તદ્ધિત અને વિભક્તિ પ્રત્યયોનો ભાગ વધુ મહત્ત્વનો છે.

**અધ્યાય છઠ્ઠો:** પ્રથમ પાદમાં ધાતુઓના દ્વિર્ભાવ (બેવડાવવું)ને લગતા અને સન્ધિ (શબ્દો કે ધ્વનિઓ ભેગા મળતાં થતી એકતા કે મિશ્રણ)ને લગતા નિયમો આપ્યા છે. (संहितायामथी શરુ થતા વિષયની નીચે આ બધા આપવામાં આવ્યા છે. (જુઓ: ૬.૧. ૭૨–૧૩૪); ૬.૧. ૧૫૮થી પાદની સમાપ્તિ સુધીમાં સ્વરો (Accent)ની ચર્ચા કરી છે; જ્યારે છઠ્ઠા અધ્યાયના બીજા પાદમાં સમાસના સ્વરો (Accent in Compounds)ની ચર્ચા છે. તૃતીય પાદ સમાસના પૂર્વપદમાં થનારા ફેરફારો–જેવા કે વિભક્તિના પ્રત્યયોનો લોપાભાવ (अलुक्) ઇત્યાદિની ચર્ચા કરે છે. ચોથો પાદ अंग (શબ્દોનું મૂળ સ્વરૂપ) અને પ્રત્યય મળતાં થતા વર્ણવિષયક ફેરફારો સંબંધી સૌથી વધુ અગત્યના વિષયનો આરંભ કરે છે.

**અધ્યાય સાતમો:** છઠ્ઠાના ચતુર્થપાદની માફક આમાં પણ પ્રયત્યો લગાડવાથી અંગમાં થતા ફેરફારોનું વર્ણન છે. આધુનિક ભાષાશાસ્ત્ર જેને પ્રાતિપદિક-પ્રત્યય અને વર્ણોના પરસ્પર સંબંધથી થતા ફેરફારનું શાસ્ત્ર (Morpho-phonemics) કહે છે, તે પ્રકારને લગભગ મળતા આ ફેરફારો છે; જો કે આ વિભાગોમાં પાણિનિ એનાથી કંઈક વિશેષ પણ આપે છે.

**અધ્યાય આઠમો :** न् નો ण् કે स् નો ष् ( **णत्व** અને **षत्व** પ્રકરણ ) તથા એ પ્રકારના ફેરફારોને લગતી બીજી પરચુરણ બાબતો આ અધ્યાયમાં આવી છે. આ અધ્યાયમાં સૂત્રોના ક્રમમાં એક વિશિષ્ટ પ્રકારનું રહસ્ય છે ( જેની ચર્ચા આગળ કરીશું ).

( **क** ) **લઘુત્વ:** અષ્ટાધ્યાયી તરીકે ઓળખાતા પાણિનિના આ વ્યાકરણમાં ધ્વનિઓનું વર્ણન[2] નથી. તેઓનો નિર્દેશ તેમના દ્વારા કે કેટલીક પારિભાષિક સંજ્ઞાઓ દ્વારા કરવામાં આવ્યો છે. પાણિનિમાં ઉપલબ્ધ થતા સંખ્યાબંધ નિર્દેશોથી જણાઈ આવે છે કે આ આખું વર્ણન બોલાતી અને સ્વરવાળી[3] ભાષાનું છે. બધાંજ વિધાનો અત્યંત સંક્ષેપમાં કરવામાં આવ્યાં છે. આ સંક્ષેપનો મુખ્ય હેતુ સ્મૃતિને મદદ કરવા પૂરતો કે બૌદ્ધિક વિલાસ પૂરતો નથી. પરંતુ સંપૂર્ણ ચોકસાઈ લાવવા માટે છે.

સૂત્રોમાં આવેલા મૂળ શબ્દો અને તેમાં મૂકવામાં આવેલા વ્યાકરણના ભાવમાં સ્વાભાવિક રીતે જ અંતર છે. એને સમજવાને માટે મોટા પ્રમાણમાં તાર્કિક અને વિવેચનાત્મક બુદ્ધિની અપેક્ષા રહે છે.

આ સૂત્રોનો વિનિયોગ **प्रक्रिया** નામથી ઓળખાતી રચના-અવસ્થામાં જણાય છે. આ પ્રક્રિયા કેટલીકવાર તો ખૂબ જ ગૂંચવાડાભરેલી હોય છે. આ રીતે સંક્ષિપ્તતા અને ચોકસાઈની બીજી બાજુ પણ છે. આ રીતે સૂત્રોની સમજણ અને તેનો વિનિયોગ અભ્યાસી પાસેથી મહાન પ્રયત્ન અને કેટલીક વાર તો મૌખિક ખુલાસાઓની મદદ માંગી લે છે. વ્યાકરણનો આ રીતે શાસ્ત્ર કે દર્શન તરીકે વિકાસ થયો. એને **त्रिमुनि-व्याकरण** કહે છે કારણ કે કાત્યાયને પોતાનાં વાર્તિકો દ્વારા પાણિનિનાં સૂત્રોને સમજાવ્યાં છે અને વિકસતી ભાષાને અનુલક્ષીને પ્રસંગોપાત્ત તેમાં સુધારાવધારા પણ કર્યા છે. આગળ જતાં આ સૂત્રો અને વાર્તિકો ઉપર મહર્ષિ પતંજલિએ વ્યાકરણ મહાભાષ્ય નામની એક વિસ્તૃત ટીકા લખી છે. પાણિનિના સૂત્રોના અર્થ અને વિનિયોગને લગતો આ મોટો આધારભૂત ગ્રંથ છે.

## પાણિનિની રચનાપદ્ધતિ

પાણિનિના વર્ણનાત્મક આયોજનને સમજવા માટે એમણે વાપરેલી પારિભાષિક સંજ્ઞાઓ સૌ પ્રથમ જાણવી જોઈએ. એ સંજ્ઞાઓ અર્થસંક્રાન્તિની દૃષ્ટિએ તાત્પર્યરહિત હોવાથી માત્ર પારિભાષિક જ છે. છતાં એમાં સંપૂર્ણ રીતે વર્ણનાત્મક મહત્ત્વ સમાયેલું છે. સૌ પ્રથમ પાણિનિએ સંસ્કૃત ભાષાના સઘળા વર્ણો અથવા ધ્વનિઓ માહેશ્વર-સૂત્ર તરીકે ઓળખાતા ચૌદ વિભાગમાં ( સૂત્રો ) વહેંચી દીધા છે. એમાંના દરેકને અંતે એક इत् તરીકે ઓળખાતું અને પાછળથી દૂર કરાતું સૂચક વ્યંજન મૂકવામાં આવેલું છે. આ સૂત્રો વર્ણનને ઉપયોગી બધી જ સંજ્ઞાઓ નીચે પ્રમાણે પૂરી પાડે છે :—

---

૨ ‘**शिक्षा**’ નામથી ઓળખાતા પૃથક્ ધ્વનિગ્રંથોમાં આ વિષયનું વર્ણન છે. પાણિનિના નામ પર પણ આવી એક શિક્ષા છે.

૩ લગભગ બધાં સૂત્રો સીધી કે આડકતરી રીતે સ્વર સાથે સંકળાયેલાં છે.

કોઈ પણ સૂત્રના કોઈ પણ અક્ષરથી શરૂ કરીને અંતે આવેલા કોઈ પણ इत्‌ને જોડવાથી જોઈતી સંજ્ઞા મળી જાય છે. દા. ત. 'अच्' (= સ્વર); हल् (= વ્યંજન) વગેરે.

પાણિનિના આયોજનનું બીજું અગત્યનું લક્ષણ એ છે કે બધા નિયમો અધિકાર શબ્દથી ઓળખાતા વિભાગ પ્રમાણે ગોઠવાયેલા છે. દા. ત. મૂળભૂત શબ્દને લગાડવામાં આવતા બે પ્રકારના પ્રત્યયો—तिङ् (ધાતુને લગાડવામાં આવતા) પ્રત્યયો અને कृत् સાધિત પ્રત્યયો; પૂર્વગ અને અનુગ, ઉદાત્તાદિ સ્વર, શબ્દના મૂળરૂપમાં થતા ફેરફાર, સંધિમાં થતા ફેરફારો, न् નો ण्‌માં થતો ફેરફાર ઇત્યાદિ વિષયો જુદા જુદા અધિકારોમાં ગોઠવ્યા છે. વળી આ નિયમો એવી રીતે ઘડવામાં આવ્યા છે કે પહેલાં આવી ગયેલા સૂત્રમાંથી પછી આવતા સૂત્રમાં એક અગર તેથી વધુ શબ્દો ઊતરી આવે છે. આ ઘટનાને अनुवृत्ति કહેવામાં આવે છે. આ રીતે આખું વ્યાકરણ એક બીજા સાથે સંકળાયેલા નિયમોની સાંકળ જેવું લાગે છે. છતાં વર્ણનના જુદા જુદા વિષયો એક બીજાથી સ્પષ્ટ રીતે જુદા પાડવામાં આવે છે.

નમૂનાની દષ્ટિએ આપણે ધાતુનું એક રૂપ લઈએ. પાણિનિના વ્યાકરણમાં સામાન્ય રીતે આ પ્રકારના રૂપમાં નીચે પ્રમાણે ચાર ઘટકો છે:—

(આગમ)[૪] + ધાતુ[૫] + વિકરણ + પ્રત્યય
૨અ ૧ ૩ ૨

ઉદાહરણાર્થ अकार्षीत् (= તેણે કર્યું) એ कृ ધાતુનું રૂપ લઈએ. એ રૂપ નીચે પ્રમાણે ચાર ઘટકોમાં વિભક્ત કરવામાં આવ્યું છે. (આ ઘટકોની ચર્ચા તે તે અધિકારોમાં કરી છે.)

अ + कार् + ष् + ईत्
૨અ ૧ ૩ ૨

આ રૂપ મેળવવાને માટે આ ચારેય ઘટકો (તે તે અધિકારમાં આવતા) જુદાં જુદાં સૂત્રોમાંથી લેવાં પડે છે. જેમકે कृ ધાતુ ધાતુપાઠમાંથી, (અહીં જુદા જુદા 'इत्' વર્ણો દ્વારા એની વિશિષ્ટતાઓ દર્શાવવામાં આવી છે), तिङ् સંજ્ઞક (૩. ૪. ૭૮માં આવેલા પ્રત્યયોના વિભાગમાં આવેલી तिङ् નામની સમૂહવાચક) સંજ્ઞામાંથી ति પ્રત્યય, ૩. ૧. ૩૩–૬૬માં સંપૂર્ણ રીતે ગણાવેલા અને વર્ણવેલા તે જાતનાં ઉપરનાં જેવાં ઘટકોના સમૂહમાંથી વિકરણ પ્રત્યય લેવામાં આવે છે. ત્યાર પછી આ ઘટકો એક બીજા સાથે જોડાતાં, તેમની વચ્ચે થતા ફેરફારો अङ्गस्य (૬. ૪. ૯૭) એ નામના વિભાગમાં આપવામાં આવ્યા છે. આ વિભાગને પણ આગળ પેટા વિભાગોમાં વિભક્ત કરવામાં આવ્યો છે. પાણિનિના વ્યાકરણનો આ ઘણો અગત્યનો ભાગ છે. આ પ્રકારની રચનાનો એક ફાયદો એ છે કે આ ઘટકોનું સંપૂર્ણ વિભાગીકરણ આ દ્વારા થાય છે. જોકે આ ઘટકોને એકબીજાની સાથે જોડવામાં પ્રક્રિયા અંગેનું ઊંડું જ્ઞાન જરૂરી છે.

૪ આ માત્ર (પરોક્ષ ભૂ. કા. અને ક્રિયાતિપત્ત્યર્થ સિવાયના) ભૂતકાળોમાં જ લાગે છે.

૫ કેટલીક વાર ધાતુ બેવડાવવામાં આવે છે. આવા પ્રકારો ૬.૧.૮–૧૧માં એકત્ર કરવામાં આવ્યા છે.

આ જુદાં જુદાં ઘટકોને જોડવાની પ્રક્રિયા પરિભાષા[6] (૧. ૧. ૪૬–૬૩) નામથી ઓળખાતા પહેલા અધ્યાયમાં આપેલાં સૂત્રોમાં આવેલા વિશિષ્ટ નિયમો દ્વારા સમજાવવામાં આવેલી છે. આ રીતે એક પરિભાષા એવી છે કે જ્યારે કોઈ એક ધ્વનિનો નિર્દેશ કરવામાં આવે છે ત્યારે, એના સવર્ણો એટલે કે ધ્વનિની દૃષ્ટિએ સંકળાયેલા (એટલે કે જેનું ઉચ્ચારણ સ્થાન એક અથવા એક જ પ્રકારનું હોય છે) એવા ધ્વનિઓનો તેમાં સમાવેશ થાય છે. આ રીતે કોઈ પણ નિયમમાં अનો નિર્દેશ કર્યો હોય તો તે अમાં હ્રસ્વ, દીર્ઘ અથવા પ્લુત; અનુનાસિક કે નિરનુનાસિક, અને ઉદાત્ત, અનુદાત્ત કે સ્વરિત એ દૃષ્ટિએ બનતા અઢાર પ્રકારના ' अ 'નો સમાવેશ થાય છે.

ટૂંકમાં, પ્રક્રિયાના નિયમો, પારિભાષિક સંજ્ઞાઓ અને પાણિનિએ સંગૃહીત કરેલા શબ્દસમૂહો (ગણો) વ.ની મદદથી જુદા જુદા વિભાગો અને પેટા વિભાગોમાં આપેલા નિયમોનો ઉપયોગ, પુનરાવૃત્ત થતા વાકયાંશો કે શબ્દો (અનુવૃત્તિ), વગેરેને સમજવાથી પાણિનિના આયોજનનો ખ્યાલ આવે છે.[7] હવે પછીના વિભાગમાં આ બાબત સમજાવવામાં આવશે.

## શબ્દોનાં રૂપો અને તદ્ધિતો

ચોથા અને પાંચમાં અધ્યાયમાં ઉપર જણાવેલા વિષયોને લગતા પ્રત્યયો **'प्रत्ययः'** (૩.૧.૧.)થી થતા વિભાગમાં આપવામાં આવ્યા છે. ...**' प्रातिपादिकात्** (૪.૧.૧.)થી શરૂ થતા વિભાગ (=અધિકાર) નીચે આ પ્રત્યયોની વધુ છણાવટ થઈ છે. એટલે કે આ પ્રત્યયો પ્રાતિપદિક (=શબ્દનું મૂળ અથવા સાધિત રૂપ) પછી તરત જ લગાડવામાં આવે છે. ' પ્રાતિપદિક 'ની વ્યાખ્યા ૧. ૨. ૪૫ અને ૪૬માં આપવામાં આવી છે.[8] પ્રાતિપદિકનો અર્થ ધાતુ અને પ્રત્યય[9] સિવાયનું કંઈક પણ અર્થવાળું શબ્દસ્વરૂપ એવો થાય છે. કૃત, તદ્ધિત અને સમાસો દ્વારા સાધિત થયેલા રૂપોનો પણ પ્રાતિપદિકમાં જ સમાવેશ કર્યો છે. (જુઓ : **अर्थवद् अधातुः अप्रत्ययः** प्रातिपदिकम् ૧.૨.૪૫ અને **कृत्तद्धितसमासाश्च** (૧.૨.૪૬)

પછીના સૂત્ર (એટલે કે ૪.૧.૨.)માં શબ્દોને લગાડવામાં આવતા પ્રત્યયો આપ્યા છે. આ એકવીસ પ્રત્યયો ત્રણ ત્રણનો એક એવા સાત વિભાગ (વિભક્તિ)માં વહેંચવામાં આવ્યા છે. આ બધાને ' सुप् ' નામની એક ટૂંકી સંજ્ઞા આપી છે.

---

૬ જુદા જુદા વિભાગને લગતી પરિભાષાઓ કોઈ કોઈ વાર તે તે સન્દર્ભોમાં આપવામાં આવી છે.

૭ આ દૃષ્ટિએ અધિકારો, અનુવૃત્તિઓ, પરિભાષાઓ, ઇત્યાદિનો ઉપયોગ અને કાર્ય દર્શાવતી પાણિનિના ગ્રંથની આવૃત્તિ અત્યન્ત અભીપ્સિત છે.

૮ પ્રસંગોપાત્ત કહી શકીએ કે પાણિનિએ આપેલી આ એક માત્ર વ્યાખ્યા છે. જોકે આનો ઉત્તરાર્ધ તો માત્ર વર્ણનાત્મક જ છે.

૯ પ્રાતિપાદિકો (કામચલાઉ રીતે એમને શબ્દનું મૂળ સ્વરૂપ કહી શકાય) ને અસાધિત (अव्युत्पन्न) કે સાધિત (व्युत्पन्न) એમ બે પ્રકારના માનવામાં આવ્યા છે. કેટલાક વૈયાકરણોના મતે આવા બધા જ શબ્દો કે પ્રાતિપદિકો સાધિત જ છે. પરંતુ ભાષાવિજ્ઞાનના નિષ્ણાત પાણિનિ આ વાદમાં ન પડતાં આ પ્રકારના કેટલાક શબ્દોને તૈયાર (अव्युत्पन्न) જ માની લે છે.

| | | | |
|---|---|---|---|
| પ્રથમા વિભક્તિ | सु | औ | जस् |
| દ્વિતીયા ,, | अम् | औट्[10] | शस् |
| તૃતીયા ,, | टा | *भ्याम् | *भिस् |
| ચતુર્થી ,, | ङे | * ,, | * भ्यस् |
| પંચમી ,, | ङसि | * ,, | * ,, |
| ષષ્ઠી ,, | ङस् | ओस् | आम् |
| સપ્તમી ,, | ङि | ,, | * सुप् |

આ પ્રત્યયો લાગતાં પ્રાતિપદિકના સ્વરૂપ પ્રમાણે તેમાં થનારા કેટલાક ફેરફારોનું વર્ણન ૬.૪.માં અને વધુ અગત્યના ફેરફારોનું વર્ણન ૭.૧.૯–૩૦; અને ૭. ૩.૧૦૨–૧૨૦માં આપ્યું છે. [ આ બધી જ ચર્ચા अङ्गस्य ( ૬.૪.૧ )[11] થી શરૂ થતા એક મોટા વિભાગમાં સમાવી દીધી છે. ] શબ્દના મૂળ સ્વરૂપને તે પછી આવનારા પ્રત્યયોથી મળતી पद અને भ સંજ્ઞા. ઉપર આ ફેરફારોનો આધાર રહે છે.

**ઉદાહરણો :**

(अ ) अ કારાન્ત અંગ

રૂપો બનાવવાની પ્રક્રિયામાં જુદા જુદા નિયમો કેવી રીતે ઉપયોગમાં આવે છે તે નીચેનો દાખલો સમજાવશે. આ પ્રમાણે 'राम' આ પ્રાતિપદિકના પ્રથમા એ.વ.નું રૂપ મેળવવા માટે પ્રક્રિયાનો પ્રારંભ राम[12] +सु થી થાય છે.

राम+सु

राम+स् (૮.૨.૬૬. પ્રમાણે પદને અંતે આવેલા स् નો र् થાય છે.)

=राम+र् (૮.૩.૧૫ પ્રમાણે અંતે આવેલા અગર खर् થી પૂર્વમાં આવેલા र् નો વિસર્ગ થાય છે.)

=रामः

=रामः (म નો अ उदात्त થાય છે )

જો આ શબ્દ પછી બીજો કોઇ ધ્વનિ આવે તો વિસર્ગને બદલે બીજા ફેરફારો થાય છે.

દ્વિતીયા એ. વ. માટે:—

=राम+अम्

---

૧૦ પહેલા પાંચ પ્રત્યયોને सर्वनामस्थान સંજ્ઞા આપી છે.

* આવા ચિહ્નવાળા પ્રત્યયો લાગતાં તેની પૂર્વે આવેલા શબ્દ (= અંગ ) ની पद સંજ્ઞા થાય છે. બાકીના પ્રત્યયો લાગતાં એની भ સંજ્ઞા થાય છે.

૧૧ જે શબ્દસ્વરૂપને પ્રત્યયો લગાડવાના છે તેને अङ्ग સંજ્ઞા આપવામાં આવી છે.

૧૨ राम એ કાં તો अव्युत्पन्न અથવા તો रम् ધાતુને घञ् ( = 'अ' ) પ્રત્યય લગાડી બનાવેલો શબ્દ છે. એટલે કે એ કૃદન્ત છે અને તેથી પ્રાતિપદિક છે. જો તેને અવ્યુત્પન્ન માનીએ તો ૧.૨.૪૫માં આપેલી પ્રથમ વ્યાખ્યા પ્રમાણે એ પ્રાતિપદિક બને છે.

= रामम् ( अमि पूर्वः ૬.૧.૧૦. ) अम् પ્રત્યય પરમાં રહેતાં પૂર્વ અને પર બંનેના બદલામાં પૂર્વરૂપ મૂકવામાં આવે છે.

તે જ પ્રમાણે તૃતીયા એ. વ. માટે :—

राम + टा

= राम + आ

राम + इन (अ કારાન્ત શબ્દો પછી આવેલા टा, ङसि અને ङस् પ્રત્યયોને માટે અનુક્રમે इन, आत् અને स्य મુકાય છે ).

= रामेण ( બે સ્વરો ( अ+इ ) મળતાં બન્નેના સ્થાનમાં 'ए' ગુણ મુકાય છે અને न નો ण થાય છે ).

આ રીતે આ જાતના देवः, देवम् देवेन એવાં રૂપો થાય છે.

(ब) વ્યંજનાન્ત શબ્દો :

हलन्त ( એટલે કે વ્યંજનાન્ત ) શબ્દોનાં રૂપો મેળવવા માટે પ્રત્યયો લગાડતા પહેલાં અંગમાં[૧૩] થતા ફેરફારો અંગે પાણિનિએ કેવી રીતે વિશિષ્ટ ભેદ બતાવ્યો છે તે સમજવા જેવું છે.

ચોથા અને પાંચમા અધ્યાયમાં આવેલા 'कप्' પ્રત્યય (૫. ૪. ૧૫૧) સુધીના રૂપાખ્યાનના અને સાધિત પ્રત્યયોને એક વિશિષ્ટ રીતે વિભક્ત કર્યા છે. सुप् ( વિભક્તિ પ્રત્યયો )ના પ્રથમ પાંચ પ્રત્યયોને 'सर्वनामस्थान' કહ્યા છે (૧. ૪. ૪૩). આ સંજ્ઞાનું પ્રયોજન 'नुम्' (= न्) જેવા વચમાં આવતા આગમો અને બીજા ફેરફારો બતાવવાને માટે છે. બાકીના પ્રત્યયોમાંથી સ્વરથી શરૂ થતા કે यथी શરૂ થતા પ્રત્યયો એની પૂર્વમાં આવેલા અંગને भ સંજ્ઞા (૧. ૪. ૧૮) આપે છે. વ્યંજનથી શરૂ થતા બાકીના તમામ પ્રત્યયો અંગને पद (૧. ૪. ૧૭) સંજ્ઞા આપે છે. આ પ્રકારની भ અને पद સંજ્ઞાનું ફળ એ છે કે એ દ્વારા અંગમાં બે જુદી જુદી જાતના ધ્વનિના ફેરફારો અમલમાં આવે છે.

આ રીતે सरित् ( = નદી ) શબ્દમાં सरित् + टा ( = आ ) અંગમાં આવેલો 'त्' (भ-સંજ્ઞક થવાથી )જેમ છે તેમ જ રહે છે. તેથી सरिता એવું રૂપ બને છે. જ્યારે सरित्+भ्याम्માં અંગની पद સંજ્ઞા થવાથી झलां जशोऽन्ते (૮. ૨. ૩૯) એ સૂત્રથી त् ઘોષ બને છે. त् નો द् થાય છે. તેથી सरिद्भ्याम् એવું રૂપ પ્રાપ્ત થાય છે.

આ પ્રકારનું વૈશિષ્ટ્ય સાધિત એટલે કે તદ્ધિત રૂપોના વર્ણન માટે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

## સાધિત રૂપો

(अ) પ્રાતિપદિક ( જેની ચર્ચા પૂર્વે કરી છે ) એ સંજ્ઞાથી ઓળખાતા અવ્યુત્પન્ન કે વ્યુત્પન્ન અંગ દ્વારા સાધવામાં આવતાં રૂપોના પરિગણનનો પ્રારંભ तद्धिताः (૪. ૧. ૭૬) એ

---

૧૩ અંગની વ્યાખ્યા માટે નોંધ ૪ જુઓ.

સૂત્રથી થાય છે. ખરી રીતે તો આ બધાં રૂપો 'સાધિત' નથી. કારણ કે એમાંના द्विधा ( द्वि + તદ્ધિત પ્રત્યય धा ) અથવા तथा ( तत् + તદ્ધિત પ્રત્યય था ) જેવાં રૂપો પ્રાથમિક રૂપો છે. આ પ્રકારનાં રૂપો પ્રાથમિક છે કે સાધિત છે એ કહેવું પાણિનિની દૃષ્ટિએ અપ્રસ્તુત છે. 'तद्धिताः' એ વિષયમાં ગણાવેલા પ્રત્યયો લગાડીને આ પ્રકારનાં રૂપો સાધિત થાય છે, એમ એ માને છે. વર્ણનમાં ઉપયોગી એવી જ સંજ્ઞાઓ વાપરનાર પાણિનિની તીવ્ર મેધા સાથે સાથે આમાં આપણને જણાય છે, કારણ કે એમની દૃષ્ટિએ 'પ્રાથમિક' કે 'સાધિત' વચ્ચેનો તફાવત નિરુપયોગી છે.

( ब ) આ પ્રકારનાં સાધિત રૂપો સંસ્કૃત ભાષાના સમૃદ્ધ શબ્દકોશના મોટા ભાગને આવરી લે છે. આ રૂપોને પણ હંમેશની માફક વિષયવાર વિભક્ત કરવામાં આવ્યા છે. એમાંના કેટલાક નીચે પ્રમાણે છે: —

૪. ૧. ૯૨ **વિષય :— तस्यापत्यम् (अपत्य=બાળક) पैतृक** નામો બનાવવાના પ્રત્યયો (अण् કે अञ्). આ પ્રત્યયો પાદના અંત સુધી એટલે કે ૪. ૧. ૧૭૬ સુધી ગણાવ્યા છે.

૪. ૩. ૧૩૪ 'तस्य विकारः' ( विकार=ફેરફાર ) જે પ્રત્યયો લગાડવાથી શબ્દનો અર્થ 'નું બનેલું' એવો થાય છે તે ( अण् વગેરે ) પ્રત્યયો. ( પાદના અન્ત સુધી એટલે કે ૪. ૩. ૧૬૮ સુધી છે.

૫. ૧. ૫ 'तस्मै हितम्' 'ને યોગ્ય', 'ના ભલા માટે', એ અર્થના શબ્દો બનાવવાના ( यत् વગેરે ) પ્રત્યયો.

૫. ૧. ૧૧૯ 'तस्य भावः' ભાવવાચક શબ્દ બનાવનારા ( त्व, त વગેરે ) પ્રત્યયો ( ૫. ૧. ૧૩૬ સુધી )

૫. ૩. ૨–૪૫ તૈયાર અંગ ઉપરથી ક્રિયાવિશેષણ બનાવનારા ( था धा र्हि વગેરે ) પ્રત્યયો.

( क ) આ નિયમોના પ્રવર્તનની પ્રક્રિયા ખૂબ જ સંક્ષેપમાં समर्थानां प्रथमाद्वा (૪. ૧. ૮૨ ) માં કહેલી છે. આનો અર્થ એમ છે કે–તે તે નિયમમાં આપેલા 'प्रथम' શબ્દથી નિર્દેશાતા શબ્દને અંગ માનીને તેને આ પ્રત્યયો લગાડવામાં આવે છે. ( અલબત્ત આમાં વકતાની દૃષ્ટિએ તે પ્રકારની વિવક્ષાની આવશ્યકતા છે. ) આ રીતે જો નિયમ तस्यापत्यम् ( ૪.૧.૯૨ )હોય તો જેના બાળકની વાત કરવાની છે તે વ્યક્તિનું નામ સૂચવતા અંગને अ (ण्) પ્રત્યય લગાડવામાં આવે છે, કારણ કે સૂત્રમાં 'तस्य' એ શબ્દ પહેલાં મૂકવામાં આવ્યો છે. ( એટલે કે એ प्रथम છે ) અથવા બીજા શબ્દોમાં કહીએ તો સૂત્રમાં આવેલો प्रथम શબ્દ અંગનું સૂચન કરે છે. વળી આ પ્રત્યયનો ઉપયોગ ફરજિયાત ન હોવાથી વસુદેવના બાળકને वासुदेवः અથવા તો 'वसुदेवस्य ' अपत्यम्' એમ બન્ને રીતે કહી શકાય.

આ પ્રત્યયો લગાડતાં અંગમાં થનારા ફેરફારોનું પરિગણન ૬.૪.૧૨૯–૧૭૫માં કરાયું છે. આ વિભાગ પાણિનિના વર્ણનાત્મક આયોજનનો એક સુંદર નમૂનો પૂરો પાડે છે.

આ ફેરફારો અંગની भ સંજ્ઞા કરવાના પરિણામ રૂપ છે. ( ૪.૧.૧થી ગણાવેલા અધિકારમાં દર્શાવેલા શબ્દરૂપાવલીના અને સ્રીલિંગના પ્રત્યયોનો પ્રસંગોપાત્ત આમાં જ સમાવેશ

કરવામાં આવ્યો છે. આ પ્રકારની પદ્ધતિ દ્વારા વર્ણનમાં લઘુતા, પૂર્ણતા અને સ્પષ્ટતા આવે છે). આમાંના કેટલાક અગત્યના નિયમો મૂળના જ ક્રમમાં નીચે આપવામાં આવ્યા છે:—

(૧) भस्य (૬.૪.૧૨૯) भ સંજ્ઞા કરવામાં આવેલા અંગ (૬.૪.૧)માં થતા ફેરફારોનો વિષય અહીંથી શરૂ થાય છે.

(૨) अल्लोपोऽनः (૬.૪.૧૩૪) अन् જેના અન્તમાં છે એવા भ સંજ્ઞક અંગના अन्‌ના अનો લોપ થાય છે.

(૩) टेः ૬.૪.૧૪૩–૧૪૫ સૂત્ર સુધી ચાલતો આ એક અવાન્તર વિષય છે. भ સંજ્ઞક અંગના 'टि'[૧૪] डित्‌નો પ્રત્યય પરમાં રહેતાં લોપ થાય છે.

(૪) नस्तद्धिते (૬.૪.૧૪૪) न કારાન્ત भ સંજ્ઞક અંગની 'टि'નો તદ્ધિત પ્રત્યય પરમાં રહેતાં લોપ થાય છે. સૂત્રમાં तद्धित શબ્દ સ્ત્રીલિંગ પ્રત્યયોના વ્યવચ્છેદ માટે છે.

(૫) ओर्गुणः (૬.૪.૧૪૬) તદ્ધિત પ્રત્યય પરમાં રહેતાં उ કારાન્ત भ સંજ્ઞક અંગનો ગુણ થાય છે.

(૬) यस्येति च (૬.૪.૧૪૮) ई અને તદ્ધિત પ્રત્યય પરમાં રહેતા भ સંજ્ઞક અંગના इ કે ई અને अ કે આનો લોપ થાય છે. તદ્ધિત તેમ જ સ્ત્રીલિંગ રૂપો બનાવવા માટેના સૌથી વધુ ઉપયોગી સૂત્રો પૈકીનું આ એક છે.

(૭) हलस्तद्धितस्य (૬.૪.૧૫૦) તદ્ધિત રૂપમાં આવેલા વ્યંજન પછી આવનાર ઉપાન્ત્ય 'य्' ધ્વનિનો લોપ થાય છે, જો એની પછી ई આવતો હોય તો.

(૮) ઉપરના નિયમોમાં તદ્ધિત રૂપો માટેનો અગત્યનો નિયમ तद्धितेष्वचामादेः ૭. ૨. ૧૧૭ પણ ઉમેરવો જોઈએ णित् અને ञित् પ્રત્યયો પરમાં રહેતાં અંગના આદિ સ્વરની વૃદ્ધિ થાય છે.

शिवादिभ्योऽण् (૪. ૧. ૧૧૨) આ નિયમ પ્રમાણે આપણે शिवस्य अपत्यम् (શિવનું બાળક) એમ કહેવું હોય તો शिव શબ્દને अण् પ્રત્યય લગાડવામાં આવે છે (કારણ કે ૪.૧.૮૨માં આપેલી વિધિ પ્રમાણે એ શબ્દ પ્રથમ આવે છે) આ રીતે આપણને મળે છે:—

शिवस्य+अण्

= शिवस्य+अ (આ આખું પ્રાતિપદિક બને છે તેથી –'स्य' પ્રત્યયનો લોપ થાય છે. પછી આદિ સ્વરની વૃદ્ધિ થાય છે અને છેલ્લો अ ઊડી જાય છે. (જુઓ ઉપર નિયમ ૬)

= शैव

---

૧૪ टि. ૧.૨.૬૪માં સમજાવેલી પારિભાષિક સંજ્ઞા છે. એનો અર્થ કોઈ પણ રૂપનો અન્ત્ય વર્ણ (એટલે કે છેલ્લો સ્વર અથવા તેની પછી વ્યંજન હોય તો તે વ્યંજન સહિત છેલ્લો સ્વર). તદ્ધિત રૂપોમાં આ રીતે टिનું જવું (टिलोप કહે છે તે) સર્વસાધારણ છે.

આ રીતે गर्गના ગોત્રમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિ બતાવવા માટે 'गर्गादिभ्यो यञ्' (૪. ૧. ૧૦૫) એ સૂત્ર છે. એ સૂત્ર પ્રમાણે :—

गर्ग+यञ्

= गर्ग+य

= गार्ग+य (વૃદ્ધિ થવાથી)

= गार्ग्+य (અન્ત્ય સ્વરનો લોપ નિયમ ૬ પ્રમાણે)

= गार्ग्य (પ્રત્યય ञित् હોવાથી આદિ સ્વર ઉદાત્ત બને છે.)

(આ શબ્દ ઉપરથી સ્ત્રીલિંગ गार्गी કરવા માટે गार्ग्य+ई એવી અવસ્થામાં નિયમ ૭ પ્રમાણે यનો લોપ થાય છે.)

સોનાથી બનેલી વસ્તુ માટે सुवर्ण+अण्=सौवर्ण (આદિ સ્વરની વૃદ્ધિ અને અન્ત્યનો લોપ કરીને) એવું રૂપ મળે છે.

गुरु એ અંગ ઉપરથી ભાવવાચક નામ બનાવવા માટે

गुरु + त्व = गुरुत्व અને

गुरु + त = गुरुत પછી गुरुता થઈ સ્ત્રીલિંગ પ્રમાણે રૂપો ચાલે છે.

## પાણિનિ અને લોપ

(अ) સંસ્કૃત ભાષામાં વપરાતા બધા જ શબ્દોને અંગ અને પ્રત્યય હોય છે. તેથી જ્યારે પ્રત્યય થતો નથી ત્યારે વ્યાકરણની કે વર્ણનાત્મક દૃષ્ટિએ કેટલાંક નક્કર કાર્યો માટે પ્રત્યયનો લોપ ફરજિયાત બતાવવો પડે છે. બીજા શબ્દોમાં કહીએ તો વ્યાકરણનું આ એક ફરજિયાત અંગ છે. અંગ્રેજીમાં 'sheep' જેવા શબ્દોના બહુવચન માટેના પ્રત્યયક (allomorph) તરીકે શૂન્યને સ્વીકારીએ તેના જેવું જ આ છે. જોકે પાણિનિનો 'લોપ' આના કરતાં કંઈક જુદો છે, કારણ કે એ લોપ દ્વારા બીજાં કેટલાંક કાર્યો કરવામાં આવે છે. પ્રત્યયના લોપની વ્યાખ્યા પાણિનિ 'अदर्शनं लोप:' (૧. ૧. ૬૦.) એ પ્રમાણે કરે છે. એનો અર્થ એ છે કે લોપ એટલે પ્રત્યયનું અદર્શન એટલે કે ન દેખાવું તે.

(ब) પાણિનિ પ્રમાણે લોપનું કાર્ય પ્રત્યયના કાર્ય જેવું જ છે. (જુઓ વિધાન :— प्रत्ययलोपे प्रत्ययलक्षणम्। ૧. ૧. ૬૨) પાણિનિ પ્રત્યયના લોપના ત્રણ પ્રકારો આપે છે : लुक्, श्लु, અને लुप् (જુઓ–प्रत्ययस्य लुक्–श्लु–लुपः। ૧. ૧. ૬૧). આનાં કેટલાંક ઉદાહરણો નીચે પ્રમાણે છે :—

जुहोत्यादिभ्यः श्लुः। ૨. ૪. ૭૫ (लुक् અને श्लुના વિભાગમાં આ સૂત્ર આવે છે). અહીં પ્રત્યયના લોપનું કાર્ય ગણવિકરણ પ્રત્યય (श्) अ (प्) લગાડવાને બદલે ધાતુનો દ્વિર્ભાવ કરવાનું છે. ઉપરાંત સ્વરનિર્ણય માટે પણ ઉપયોગી છે. जुहोति–એમાં जुનો उ ઉદાત્ત છે) કારણ કે श्लु સાર્વધાતુક હોવાથી દ્વિર્ભાવ પામેલા સ્વરને ઉદાત્ત બનાવે છે.

(क) कृत् પ્રત્યયના શૂન્ય પ્રત્યયક (allomorph) બતાવવા માટે પાણિનિએ બીજી ચાતુર્યપૂર્ણ પદ્ધતિ અપનાવી છે. જરૂરી પ્રત્યયમાં એ એક व् (ખરી રીતે वि) ઉમેરે છે. જ્યારે બધા इत् વર્ણો દૂર થવાથી એ व् એકલો પડી જાય છે ત્યારે તેને પાણિનિ अपृक्त કહે છે, અને તેનો લોપ કરે છે (જુઓ–अपृक्त एकाल् प्रत्ययः ૧. ૨. ૪૧ અને वेरपृक्तस्य ૬. ૧. ૬૬).

આ રીતે જ્યારે કોઈ પણ કૃદન્ત રૂપની પૂર્વે એકાદ ઉપપદ (જરૂરી શબ્દ) સમાસ બનાવવા માટે જરૂરી હોય છે ત્યારે તેના ધાતુને માટે क्विप् પ્રત્યયનું વિધાન કરવામાં આવ્યું છે. (એક સાદો દાખલો આપીએ તો :–અંગ્રેજીમાં આપણે માત્ર go–er શબ્દનો પ્રયોગ કરી શકતા નથી. પરંતુ આપણે film–goer વગેરે કહેવું પડે છે. અર્થાત્ go-er રૂપ તેની પૂર્વે કોઈ એક ઉપપદ (આવશ્યક શબ્દ)ની આકાંક્ષા રાખે છે.

જુઓ क्विप् અધિકારમાં આવતો નિયમ सोमे सुञः (૩.૨.૯૦) આનાથી આપણને નીચે પ્રમાણે પ્રક્રિયા ઉપલબ્ધ થાય છે.

सोमम् + सु + क्विप् (क, इ અને प् એ ત્રણ इत् જતાં)

= सोम + सु + व् (આ એક વર્ણાત્મક પ્રત્યય હોવાથી अपृक्त છે. તેથી તેનો લોપ કરવામાં આવતાં અંતમાં શૂન્ય રહેશે. જૂઓ. ૬. ૧. ૬૬

सोम + सु + ०

सोम + सुत् (અહીં અંગને 'त्' ઉમેરવામાં આવે છે, કારણ કે क्विप् પ્રત્યય पित અને कृत् છે. વળી તે ન દેખાતો હોવા છતાં સમાસના ઉત્તરપદને ઉદાત્તત્વ આપે છે. જુઓ गतिकारकोपपदात् कृत् ૬.૨.૧૩૯

सो<u>म</u>सुत् (सुનો उ ઉદાત્ત છે.)

એ જ પ્રમાણે पुण्यकृत् વગેરે શબ્દો સરખાવો.

બીજો શૂન્ય પ્રત્યય ण्विः છે. એ ધાતુની વૃદ્ધિ કરે છે અને 'कृत्' પ્રમાણે સ્વર આપે છે. જુઓ भजो ण्विः ૩.૨.૬૨ (અહીં वृનો લોપ થઇ भज् ધાતુ પરથી થતું રૂપ ઉપપદ સાથે સમાસ કરી अंशभाक् ઇત્યાદિ રૂપો બનાવે છે (अंशभाक्માં भज्ની વૃદ્ધિ થઈ भाज् અને भाक् બને છે. આ પ્રકારના બીજા પ્રત્યયો अब्जाःમાં મળતો वित् (૩.૨.૬૭.); વેદમાં श्वेतवाहौમાં મળતો ण्विन् જુઓ (૩.૨.૭૧) અને ऋत्विक्માં મળતો क्विन् વગેરે છે.

આ પ્રમાણે પાણિનિના વર્ણનમાં પ્રત્યયનો લોપ માત્ર તેનો અભાવ જ નથી, પરંતુ એને એક નક્કર બાજુ છે : એ કેટલાંક વર્ણને લગતાં કે સ્વર (accent)નાં કાર્યો કરે છે. આને લીધે વર્ણનમાં ગુંચવાડો ઊભો ન થતાં ચોકસાઈ આવે છે.

## શેષ નિયમો

પાણિનિના વ્યાકરણના નિયમોની સામાન્ય રીતે એ પ્રકારની ગોઠવણી છે કે પ્રક્રિયા (રૂપો બનાવવાની ક્રિયા) વખતે પછીનું સૂત્ર એની પૂર્વે આવેલા સૂત્રનો બાધ કરે છે. એવી એક પરિભાષા (સૂત્રો લગાડવાનો નિયમ) પણ છે કે જ્યારે પોતપોતાના વિષયમાં વ્યવસ્થિત રીતે

પ્રવર્તતા બે સૂત્રોનો સંઘર્ષ ઊભો થાય ત્યારે પછીનું ( પર ) સૂત્ર લગાડવું ( જુઓ :— विप्रतिषेधे परं कार्यम् ' ૧. ૪. ૨ )

આ ઉપરાંત બીજા પણ એવા નિયમો છે જેનો સમાવેશ વ્યાકરણના ચોકઠાના મુખ્ય નિયમોમાં થઈ શકે તેમ નથી. સગવડ ખાતર આપણે આવા નિયમોને ' શેષ ' નિયમો કહી શકીએ. અષ્ટાધ્યાયીના છેલ્લા ત્રણ પાદોમાં આવા નિયમો મૂકવામાં આવ્યા છે. ત્રિપાદી તરીકે ઓળખાતો આ ભાગ બાકીના सपादसप्ताध्यायी ( પહેલા સાત અધ્યાય અને આઠમાનો પ્રથમ પાદ મળી કુલ સવા સાત અધ્યાય )થી ઓળખાતા ભાગથી ભિન્ન પડે છે. આ નિયમો ' पूर्वत्रासिद्धम् ' ( ૮. ૨. ૧. ) સૂત્રથી શરૂ થતા અધિકારમાં મૂકયા છે. આનો અર્થ એ છે કે હવે પછી આવતા નિયમો એની પહેલાં આવેલા બધા નિયમોની દષ્ટિએ અસિદ્ધ ( અનુપયોગી ) છે. તે પ્રમાણે ત્રિપાદીમાં પણ પૂર્વસૂત્રની દષ્ટિએ દરેક પરસૂત્ર અસિદ્ધ છે.

' असिद्ध નો અર્થ એ છે કે તે સૂત્ર તેનું પોતાનું યોગ્ય કાર્ય કરે જ છે છતાં પણ તેણે કરેલા કાર્યને તેની પૂર્વેના સૂત્રો માન્ય રાખતા નથી. એટલે કે આ નિયમોથી થયેલું કાર્ય રહેવા છતાં એ કાર્યથી ઉત્પન્ન થતું આગળનું કાર્ય થઈ શકતું નથી. નીચેના ઉદાહરણો આ વસ્તુને સ્પષ્ટ કરશે.

अस्मै उद्धर ( આને માટે ઊંચક ) આ વાકયમાં સન્ધિ ( संहिता ) ના ( एचोऽयवायावः ( ૬.૧.૭૭ ) નિયમ પ્રમાણે अस्माय् + उद्धर એવી સંધિ થશે.

હવે लोपः शाकल्यस्य ૮.૩.૧૯ [ પદને અંતે ૧૮ પ્રકારના अ પછી આવતા य અને व् પછી अश् એટલે કે સ્વરો, હ, અર્ધસ્વરો, અનુનાસિકો કે મૃદુ વ્યંજનો આવે તો તે य् કે व् નો વિકલ્પે લોપ થાય છે ] એ નિયમથી પદને અંતે આવેલા य् નો લોપ કરવાથી अस्मा+उद्धर એવું રૂપ થાય. હવે ( आद् गुणः ૬ ૩.૮૭ એ નિયમથી आ+उ=ओ એ પ્રકારની ) આ પછીની સન્ધિની દષ્ટિએ આ य् નો લોપ અસિદ્ધ છે. પરિણામે आ+उ=ओ એવી સન્ધિથી अस्मोद्धर એવું રૂપ ન થતાં अस्मा + उद्धर એવું મૂળ રૂપ જ રહેશે. એટલે કે સ્વરો વચ્ચે સન્ધિ-અભાવ ( hiatus ) રહેશે.

બીજું એક રૂપાખ્યાનનું ઉદાહરણ राजन् + भिः ( અહીં राजन् પદસંજ્ઞા અને વળી તે प्रतिपादिक પણ છે તેથી ત્રિપાદીના नलोपः प्रातिपदिकान्तस्य ( ૨.૮.૭ ) એ નિયમથી राजन्‌ના नનો લોપ થવાથી राज + भिः એવું રૂપ બને.

આ સ્થિતિમાં राज અકારાન્ત થવાથી रामैः રૂપમાં બને છે તેમ અહીં પણ अतो भिस ऐस् ( ૭. ૧. ૬ ) એ નિયમથી राजैः એવું રૂપ થવું જોઈએ. પરંતુ આ નિયમની દૃષ્ટિએ न् નો લોપ અસિદ્ધ છે. એટલે કે ત્રિપાદી સૂત્રથી લોપ થયો હોવાથી એ न् નો લોપ ન થયા બરોબર છે. તેથી सपादसप्ताध्यायीમાં આવેલ ऐस्‌નું વિધાન કરનાર સૂત્ર નહિ પ્રવર્તે તેથી राजभिः એવું જ રૂપ રહેશે.

આ રીતે ત્રિપાદીમાં આવેલા બધા નિયમો એની પૂર્વમાં આવેલા અધ્યાય ૧ થી ૭ અને ૮.૧ એટલે કે ( सपादसप्ताध्यायी )ના સૂત્રોની નજરમાં અસિદ્ધ છે. અને ત્રિપાદીમાં પણ પૂર્વસૂત્રની દૃષ્ટિએ પરસૂત્ર અસિદ્ધ બને છે

ત્રિપાદી સૂત્રોની ગોઠવણી એવી તો નિપુણતાથી કરી છે કે પાણિનિની ગ્રંથરચનાની ચોકસાઈથી આપણે આશ્ચર્યમુગ્ધ થઈ જઈએ છીએ. વર્ણનાત્મક ચાતુર્યનો આ એક ઉત્તમ નમૂનો જ છે.

# મનુસ્મૃતિ અને વાર્તાશાસ્ત્ર

મૃદુલા મહેતા

પ્રાચીન ભારતમાં કેળવણીના વિવિધ ક્ષેત્રે વિકાસ થયો હતો. પાણિનિના સમયથી તે પતંજલિ મુનિના મહાભાષ્યના સમય સુધીમાં, વેદો, છ વેદાંગો, વેદાન્ત જેવા શ્રૌત–ધાર્મિક ગ્રંથો રચાયા હતા.[૧] ધાર્મિક વિષયો ઉપરાંત ઉપયોગી શાસ્ત્રો[૨] જેવાં કે ધનુર્વેદ, આયુર્વેદ, ગાંધર્વવેદ, અને વાસ્તુશાસ્ત્ર (સ્થાપત્ય, શિલ્પ ને ચિત્ર) જેવા ઉપવેદો, દર્શનો, તત્ત્વજ્ઞાનની અવૈદિક શાખાઓ, ધર્મશાસ્ત્ર (કાયદો અને વ્યવહાર), નીતિશાસ્ત્ર, હેતુશાસ્ત્ર, અર્થશાસ્ત્ર (રાજ્યશાસ્ત્ર), વાર્તાશાસ્ત્ર (વાણિજ્ય અને અર્થશાસ્ત્ર), તર્કશાસ્ત્ર, આન્વીક્ષિકી, ઇતિહાસ (બે મહાકાવ્યો), પુરાણ, નાટ્યશાસ્ત્ર, તથા લલિત સાહિત્યમાં કાવ્યો, નાટકો, અલંકારાદિ શાસ્ત્રો, અંકગણિત, બીજગણિત, રેખાગણિત, ક્ષેત્રગણિત વગેરે વિષયોને શાસ્ત્રીય–વૈજ્ઞાનિક ઢબે ભણાવાતા અને તેના ગ્રંથો રચાયા હતા. આવા બૌદ્ધિક વિષયો ઉપરાંત વિવિધ શિલ્પો અને વ્યવસાયો પણ વ્યવસ્થિત રીતે શિખવાતા હતા. ભારતમાં બુદ્ધના સમય પહેલાંથી બૌદ્ધિક વિષયોના વિદ્યાકેન્દ્રો તરીકે કાશી, તક્ષશિલા અને ઉજ્જૈન ખ્યાતિ પામ્યાં હતાં. તેમાં કાશી એ પવિત્ર તીર્થ તથા રાજધાની હોવાથી ધર્મ, તત્ત્વજ્ઞાન, સાહિત્યના વિદ્યાકેન્દ્ર તરીકે ખ્યાતિ પામ્યું હતું. તે વિવિધ શિલ્પો અને હુન્નરો માટે જાણીતું હતું. કાશી રેશમ, હાથીદાંતની વસ્તુઓ અને વાસણો માટે જાણીતું હતું.[૩] આજસુધી આ શિલ્પો વિશે તેની પ્રતિષ્ઠા છે. ઉજ્જૈન જ્યોતિષ, ગણિત વગેરે માટે અને ઉપયોગી શાસ્ત્રો અને ઉપવેદો માટે તક્ષશિલાની પ્રતિષ્ઠા ભારતમાં હતી.

વળી, નાનાં મોટાં રાજ્યોની રાજધાનીઓ, રાજપથ કે વણિકપથ પર આવેલ નગરો, વેપાર, ધંધા અને શિલ્પો તથા કેળવણીનાં કેન્દ્રો તરીકે જાણીતા બન્યાં હતાં. ચંપા, મિથિલા, મથુરા, વગેરે. તામ્રલિપ્તિ, ગંગાસમુદ્ર સંગમ, પરસમુદ્ર પ્રસ્થાનપટ્ટન, ઘણ્ટાશાળ, મછલીપટ્ટમ, કાવેરીપટ્ટમ, પોડુ–કે–ચેરી (પોંડીચેરી), ભરુકચ્છ, સોપારા, દ્વારકા, સૌવીર વગેરે નદીમુખ પર આવેલા બંદરો હતા. એમને જોડતા વણિકપથ અને રાજમાર્ગો હતા. વત્સ, ઉજ્જૈન, કપિશા વગેરે આવા પથ પર આવેલાં મોટાં નગરો ને રાજધાનીઓ હતી.

---

૧ પાણિનિ–બુદ્ધ અને મહાવીર પછીની સદીમાં થયા તેમ વિંટરનીટ્ઝ વગેરે વિદ્વાનો માને છે. પતંજલિ મુનિ પુષ્યમિત્ર શુંગના સમકાલીન હતા. તેના અશ્વમેધ યજ્ઞના પુરોહિત હતા. લગભગ ઇ. સ. પૂ. ૫૦૦ થી ઇ. સ. પૂ. ૨–૧ સદી.

૨ ચાર વેદો, તેમના બ્રાહ્મણો અને ઉપનિષદો–છ વેદાંગોમાં કલ્પ, શિક્ષા, જ્યોતિષ, નિરુક્ત, વ્યાકરણ અને છંદ તથા ધર્મસૂત્રો.

૩ મુખર્જી ડૉ. રાધાકુમુદ, પ્રાચીન ભારતમાં સંઘજીવન, અનુ. મહેતા ભરતરામ, ગુજ. વિદ્યાસભા, અમદાવાદ, ૧૯૩૪.

અનેક નાનાં મોટાં નગરો અને બંદરોનો આ વિકાસ દેશના આંતરિક અને પરદેશો સાથેના સમૃદ્ધ વેપાર–વાણિજ્ય–ધંધા અને શિલ્પોના વિકાસને સૂચવે છે. નખુચંદ નઝારેના સમયથી માંડીને ગ્રીસ–રોમનાં નગરરાજ્યો અને રાજધાનીઓમાં ભારતીય માલ વપરાતો અને એ ગૌરવની વસ્તુ ગણાતી, ભારતીય ચીજ–વસ્તુઓ અને માલની પ્રતિષ્ઠા તે વખતના સભ્ય જગતમાં બધે ચીન–જાપાનથી–યુરોપ આફ્રિકા સુધી પ્રસરી હતી. તેની આવી પ્રતિષ્ઠા ઈલિઝાબેથના પછી પણ ૧૭–૧૮મી સદી સુધી સતત રહે છે. શિલ્પો, ઉદ્યોગો વિકસ્યા હોય, ત્યારે તેને અનુરૂપ વેપાર –ધંધા પણ વિકસ્યાં હોય, ત્યારે અન્ય વિદ્યાઓ જેમ તેમનું શાસ્ત્ર વિકાસ પામે, પદ્ધતિસર શિખવાય એ વધુ સંભવિત છે.

અર્થશાસ્ત્રની જેમ વાર્તાશાસ્ત્રનો (આજનું અર્થશાસ્ત્ર અને વાણિજ્ય બન્ને)નો ઉલ્લેખ ઈ. સ. પૂ. ૭૦૦–૬૦૦થી અન્ય વિદ્યાઓ સાથે સતત થતો રહ્યો છે.[૪] વિદ્યાર્થીઓને આ વિદ્યા શિખવાતી હતી.[૫] આગળ જણાવ્યા તે બધા વિષયોના પ્રાચીન ગ્રંથો મળે છે, તેમ વાર્તાશાસ્ત્રનો મળતો નથી.[૬] મનુસ્મૃતિ પ્રમાણે રાજા માટે વાર્તાનું જ્ઞાન આવશ્યક હતું (૭-૪૩) મધ્યયુગમાં તેની જુદી જુદી શાખાના ગ્રંથો મળે છે.[૭] વાર્તાશાસ્ત્ર પ્રાચીન કાળમાં કેવું હશે? તેમાં શું ભણાવાતું હશે? વગેરે વિશે અત્યારે અન્ય વિદ્યાઓમાં આવેલ ઉલ્લેખો પરથી અનુમાન કરવાનું જ રહે. આ વિદ્યાની નજીકનાં બે શાસ્ત્રો હતાં. રાજ્યશાસ્ત્ર (અર્થશાસ્ત્ર) અને કાયદો–વ્યવહાર (ધર્મશાસ્ત્ર–સ્મૃતિગ્રંથો). મનુ જેમ કૌટિલ્ય પણ રાજા માટે જાણવાનાં શાસ્ત્રોમાં આન્વીક્ષિકી, ત્રયી, દંડનીતિ (મ. ૭-૪૩) એમ જણાવે છે, તેમાં ત્રયીમાં વાર્તા, ઇતિહાસ અને વૃત્તિ ગણાતા. આ ઉપરાંત બૌદ્ધ-જૈન કથાઓ, મહાભારત વગેરે ગ્રંથોમાંથી આ શાસ્ત્ર વિશે આપણને ઉપયોગી માહિતી પ્રાપ્ત થાય છે. તેના વિષયો દૃષ્ટિબિન્દુ, વ્યવહાર, નીતિ અને કેટલીક પ્રથાઓ–સંસ્થાઓનો ખ્યાલ આવે છે, પણ તેના શાસ્ત્રીય સિદ્ધાંતોનો પૂરો ખ્યાલ આવી શકતો નથી, એ હકીકત છે.

આમ કેમ બન્યું? તેમાં કેટલાંક અનુમાનો થઈ શકે.

(૧) આ વિદ્યા બ્રાહ્મણ–ક્ષત્રિયો વર્ણ તરીકે શિખતા નહિ (મનુ ૧૦-૧૧૭), તેમને માટે તે વર્જ્ય હતી (૩-૧૫૨, ૧૦-૧૧૭) પણ વ્યવહાર માટે અન્ય વિદ્યાઓ સાથે તે શિખતા તથા શિખવાતી જેમ કે, અર્થશાસ્ત્ર કે ધર્મશાસ્ત્રના ભાગ રૂપે. વળી, અંકગણિતમાં ત્રિરાશી, પંચરાશી, નફોતોટો, વ્યાજ, પલાખાં, નામું વગેરે વેપાર–વાણિજ્ય ને ધીરધારના ધંધાઓને લગતા વિભાગો શિખવાતા, કારણ કે તે ઘરાક–વેપારી, પ્રજા–રાજા સર્વને લાગુ પડતી સાર્વત્રિક વિદ્યા હતી.

(૨) આ વેપાર–વાણિજ્ય, ધીરધાર, ધંધા અને ઉદ્યોગ કરાવનાર વૈશ્યનો અલગ વર્ણ હતો, અને વિશેષ ભાવે તે જ આ વિદ્યા શિખતો (મનુ. ૯-૩૨૬; ૧૦-૮૦).

(૩) એ વર્ણમાં આ વિદ્યા મુખ્યત્વે ઉમેદવારી પ્રથાથી (આજે પણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ આવી પદ્ધતિથી બને છે) અને મૌખિક પરંપરા, પદ્ધતિઓથી–શિખવાતી હશે.

---

૪ આલ્તેકર, પ્રાચીન ભારતીય શિક્ષણ, અનુ. ગુજ. યુનિ., અમદાવાદ, પૃ. ૨૬૭.

૫ એજન, ,, ,, ,, પૃ. ૧૨૫, ૧૬૩, ૧–૩ વગેરે.

૬–૭ ઓઝા, ગૌરીશંકર મધ્યકાલીન ભા. સંસ્કૃતિ–ગુજ. વિદ્યાસભા, અમદાવાદ, પૃ. ૧૨૨.

(૪) અન્ય ઉપયોગી વિદ્યા–ધંધા–શિલ્પોનાં રહસ્યો જેમ આ વિદ્યાનાં 'રહસ્યો' ગુપ્ત રખાતાં હશે. (પોતાના ઈજારા માટે યુરોપમાં ૧૫–૧૭મી સદી સુધી જોવા મળે છે. આજે કંઈક અંશે પરમાણુવિદ્યા વગેરેમાં થાય છે).

તેથી, પ્રાચીન કાળમાં તેના ગ્રંથો હશે તોપણ તે પ્રાપ્ત થશે કે કેમ, એ વિશે શંકા છે. પણ તેના જે કંઈ ઉલ્લેખો મળે છે, તે પરથી આ વિદ્યા એટલી શાસ્ત્રીય ઢબે વિચારાઈ હશે, શિખવાતી હશે, તેમ સહેજે અનુમાન થાય એમ છે. તે માટે ખાસ સંસ્થાઓ અને તેની પરંપરાઓ હતી. નિગમો, શ્રેણિ, પુગ્ગો, સંઘ તથા ગણ—એ આવી સંસ્થાઓ હતી. એક વિષય તરીકે તેના અલગ અને સતત ઉલ્લેખો લગભગ ઈ. સ. પૂ. ૭૮૦–૬૦૦ થી તે ઈ.સ. ૯મી સદી સુધી મળે છે. આ નિગમો શ્રેણિઓની પ્રથાના ધંધાઓની પરંપરામાં 'મહાજનપ્રથા' આજ સુધી વંશપરંપરાથી, મૌખિક રીતે ચાલી આવે છે, ને જે તે ધંધા શિખવાય છે. મધ્યયુગના તેની પેટા શાખાના ગ્રંથો મળે છે. તેથી શાસ્ત્રીય જ્ઞાન અને વ્યવહાર બન્ને હશે, પણ તેને 'રહસ્યમય' રાખવાના હેતુથી, તેના પ્રાચીન ગ્રંથો હશે તોપણ, તે પ્રાપ્ત થતા નથી.

મનુસ્મૃતિ પ્રમાણે વૈશ્યવર્ગમાં ત્રણચાર પેટા વર્ગો હતા. (૧) પ્રતિષ્ઠિત કહેવાય તેવા આર્યના ધંધા–વેપાર, (૨) સામાન્ય આર્યના ગણાય તેવા ધંધા–વ્યવસાયો–વેપાર, (૩) શૂદ્રથી સહેજ ઊંચી કક્ષાના ગણાય તેવા ધંધા–શિલ્પો, (૪) શૂદ્રના ધંધા–શિલ્પો, (૫) અંતેવાસી–ચાંડાળાદિના શિલ્પો-વ્યવસાયો. તેમાં પ્રથમ બે પાસે શાસ્ત્રીય જ્ઞાન કે પદ્ધતિ હશે ખરાં, ત્રીજામાંથી કેટલાંક પાસે પણ કદાચ હોય, પણ ૪, ૫ વર્ગો પાસે, શાસ્ત્રીય–પદ્ધતિસરનું જ્ઞાન ભાગ્યે જ હશે. જેમકે, નાવપતિ–વૈશ્ય પણ હોય અને શૂદ્ર પણ હોય. તેની, તથા વહાણ બાંધનારની–સુતારોની પાસે શાસ્ત્રીય જ્ઞાન હશે,[૮] પણ કૈવર્ત–ધીવર (ખલાસી) પાસે આવું જ્ઞાન પદ્ધતિસર અપાતું હોય તેવી સંભાવના ઓછી છે.

પ્રતિષ્ઠિત વૈશ્ય ધંધાઓમાં નાણાવટ, પણ્યશાળાનો મુખ્ય સોની, પારેખ, ઝવેરી, સાર્થવાહ (સાહુ–પરથી શાહ), નાવપતિ, વેપારી, વાણિજ્યજીવી વણિક, વૃદ્ધિ જીવિક કે કુસીદ, દુકાનદાર કે કુલિક, કુલશ્રેષ્ઠિન્–પટેલ, કુટુંબિન (કણબી) ગવીશ્વર વગેરે હતા. કેટલાક વૈશ્યો–શિલ્પીઓ–વણકરો (તંતુવાય)–રાખી રેશમ, ઊન, સૂતર વણાવતા. આ વર્ગનાં નિગમો, પુગ્ગો તથા સંઘના ઉલ્લેખો મળે છે. તેમના શ્રેષ્ઠિન્ કે મહાજનની પ્રતિષ્ઠા સમાજ અને રાજદરબારમાં હતી. નગરશ્રેષ્ઠિન્, નગરપતિ પણ બનતા, સમય જતાં આ બે શબ્દો પર્યાય રૂપ બને છે. તેઓ મૂડી રોકી આ ધંધો કરાવતા તેથી વાણિજ્યજીવી ગણાતા. તૈયાર માલ વેચનાર કુલિક હતા. તેમની વચ્ચે ઉધાર જાંગડ માલ આપનાર–લેનાર વેપારી હતા કે સાર્થવાહ હતા.[૯] મૂડી–આપનાર લેનાર ક્રયવિક્રયક હતા. તેઓ નાણાવટ એટલે શરાફી કામ પણ કરતા, મોટી

---

૮ આલ્તેકર, એજન, પૃ. ૧૯૮ એલેક્ઝાંડર સાથે આવેલ ગ્રીક લેખકોએ તેમનો ઉલ્લેખ કર્યો છે. ઈ. સ. પૂ. ૪–૩ સદી; ઓઝા,—એજન, પૃ. ૧૨૨–૨૩. નૌનિર્માણશાસ્ત્ર મધ્યકાળનું મળે છે.

ડૉ. મુખર્જી, એજન પૃ. ૮૮, નાવ, દ્રુમ્ન, હિંસ્રિકા વગેરેના અલગ ઉલ્લેખો ને કાર્યો જોવા મળે છે.

૯ સાર્થવાહ –ડૉ. મોતીચંદનું (હિં) ઉત્તમ પુસ્તક છે. એનો ધંધો આજે પડી ભાંગ્યો છે. તેઓ વણઝારા-વાણિજ્યકાર- वाणिज (૨-૯-૭૮-૮૨ અમરકોશ) રાખી માલ એક સ્થળેથી બીજે સ્થળે

લેવડ–દેવડના સોદાઓ તથા હૂંડીઓ લખવામાં આવતાં. ( મનુ. પ્ર. ૯/૧૯૭, ૧૫૪ તથા પ્ર. ૧૦–૧૧ )

"વાર્તા" ઉત્પત્તિને પ્રાધાન્ય અપાતું તેનાં મુખ્ય અંગોમાં કૃષિ, પશુપાલન, વ્યવસાય, વ્યાપાર,[૧૦] ધીરધાર તથા શિલ્પ હતા ( મનુ ૧/૯૦ વગેરે). મનુસ્મૃતિમાં આ વિશે વિગતે ઉલ્લેખો પ્રકરણ ૮ થી ૧૧માં મળે છે ( ૯/૩૨૫ થી ૩૨૩ )

( ૧ ) ખેતી ( ૧-૯૦ ), ( ૨ ) પશુપાલન ૯-૩૨૩, ( ૩ ) ધંધા ને શિલ્પો ( ૧૦-૧૧૫, ૨-૨૪૦ ), ( ૪ ) વેપાર ( ૧૦-૭૯ ), ( ૫ ) વાણિજ્ય ( ૯-૩૩૨ ), ( ૬ ) મહેનતાણું–નોકરી–મજૂરી ( भृत्य-सेवा ), ૯-૩૩૨, ( ૭ ) ઉત્પાદન, વેપાર, માર્ગો ( સ્થળ–જળના ) પરનું શુલ્ક તથા આયાત–નિકાસ પરનું શુલ્ક. ( ૮ ) નિષ્ક–નાણું, માપ ( માન ), તોલા ( ૯-૩૩૦ ) તથા 'પ્રતિમાન' લંબાઈ, ( ૯ ) ધન–મૂડી–નિધિ ( परिपण ), ભંડોળ. થાપણ, ઉધાર, શાખ, વ્યાજવટાવ, હૂંડી, નિયમ ( વિનિમય ), ( ૧૦ ) લાભાલાભ ( સરવૈયું ને વહી ) ( ૯-૩૩૧ ), ( ૧૧ ) દ્રવ્યવૃદ્ધિ ( નાણાવટ ૯-૩૩૩ ( ૧૨ ) સોદાની અગાઉથી કબૂલાત–દલાલી ( સત્યાપન, સત્યાકૃતિ વગેરે ) ( પ્ર. ૮–૧૩૫ થી ૨૦૩ વગેરે ).

આ ઉપરાંત ( अ-૧ ) જે-તે પ્રદેશની આર્થિક ભૂગોળ ( ૯–૩૩૩ ), ( अ-૨ ) દેશ-પરદેશની બોલી ( ૯-૩૩૨ ), ( अ-૩ ) વાણિજ્યની ભાષા અને પર્યાયો ( ૯–૩૨૯ ); ( अ-૪ ) માલ-જણસોની પરખ, સારાનરસાનું જ્ઞાન ( ૯-૩૨૯ થી ૩૩૨ ) હોવું એ વાર્તાશાસ્ત્રના અંતર્ગત વિષયોમાં ગણાતું.[૧૧] ( ૯-૩૨૯ થી ૩૩ ).

સંપત્તિ તરીકે જમીન, ઘર, પશુ, રત્નો, ધન વગેરે ગણાતાં.

ખેતી ઘણી વિકાસ પામી હતી. સમાજમાં તેની પ્રતિષ્ઠા હતી. હળના લાકડાના દંતૂશળનો અગ્રભાગ લોખંડથી મઢવાની પ્રથા હતી, એ નોંધપાત્ર છે ( ૧૦-૩૩૦ ). રેંટ, ઢેંકવાદ્વારા કે નદી-સરોવર પર બંધ બાંધી સિંચાઈ કરવાની પ્રથા હતી. તેમને તોડનારને, તથા ઊભા પાકને નુકસાન કરનારને આકરી સજા થતી ( ૧૦-૨૯૧ ). ખેતરને પાળા કરી ક્યારા ( केदार ) કરતા. અનાજ ઉપરાંત વેપારી પાકોમાં કેસર, કપાસ, શણ, શેરડી, તલ, સરસવ, મજીઠ, નારિયેળ વગેરેના ઉલ્લેખો મળે છે. ખેતી પર શુલ્ક ધન કે ધાન્યભાગ તરીકે લેવાતું.

---

વેચવા મોકલતા. તેના રક્ષણ માટે લશ્કર રાખતા, ભાર ભરવા મોટા ભંડારો રાખતા, તેમના ખાસ વણિકપથો હતા. તેમની વેપારની વસ્તુઓમાં અનાજ, ઘોડા, હાથી આદિ પશુઓ, ઊન, રેશમ, સૂતરાઉ, વસ્ત્રાદિ ચીજો, શણ, તેજાના, ઔષધો, હીરા, રત્નો, પ્રવાલાદિ કિંમતી પથ્થરો, સોનું, રૂપું આદિ ધાતુઓ, કેસર, ખાંડ, લશ્કરી સરંજામ હાથીદાંત, સુખડ, શંખ, વગેરેની વસ્તુઓ, મદ્ય વગેરે મુખ્યત્વે રહેતાં.

તેઓ 'વૈવધિક' કે 'વાર્તાવહ'નું કાર્ય પણ કરતા. એટલે કે સમાચાર ( ટપાલ ) લાવતા–લઈ જતા. આજે આંગડિયાની પ્રથા તેના અવશેષરૂપ છે. સાર્થવાહ પરથી સાહુ–શાહ એ વેપારી માટેની અટક આવી છે તેમ શ્રી સાંડેસરા આદિ વિદ્વાનો માને છે.

૧૦ ઓઝા, એજન, પૃ. ૧૨૨.

૧૧ આલ્તેકર, એજન, પૃ. ૧૬૩ કૌટિલ્ય તથા મૌર્યવહીવટમાં આ બધાંને લગતા અધિકારીઓ, કોશાધ્યક્ષ, પણ્યાધ્યક્ષ, અર્થસમાહર્તા, સીતાધ્યક્ષ, શ્રુતિ ( ઓડિટ ) વગેરે જોવા મળે છે.

પશુપાલનમાં ગાય, ભેંસ, ઘેટાં, બકરાં તથા ભૂંડ પાળવામાં આવતાં. દૂધ–દહીં–ઘીનાં વેચાણ, વૈશ્ય અને શૂદ્ર બન્ને કરતા. પશુસ્વામી–પશુપાલ ( ગવીશ્વર–ગોમિન ) જુદા હતા, તથા ગોપાળ–ગોવાળ જુદા હતા. તેઓ શૂદ્ર ગણાતા. માહિષક ને જાબાલ ( ભરવાડ )ના અલગ ઉલ્લેખ છે. ઊન અને તેની બનાવટના ઉલ્લેખો મળે છે. નેપાળ–ગંધાર તેના ઊન માટે જાણીતા હતા. નેપાળના ધાબળા વખણાતા. ( ૩-૩૨૪ ) હાથી, ઘોડા, બળદ, ઊંટ, ગધેડા વગેરેનો ઉપયોગ માલ લઈ જવા–લાવવા, ખેતીમાં, લશ્કરમાં અને વાહને જોડવામાં થતો ( ૩-૧૬૨ વગેરે ). વાહનોમાં રથ, ગાડાં, વેલ, પાલખી વપરાતાં.

ઉત્પત્તિના વિવિધ ઉદ્યોગો અને શિલ્પો વિકસ્યાં હતાં. મણિ વેધનાર ( મણિયાર ), હાથી, દાંતનું કામ કરનાર, સુવર્ણ રજતનું કામ કરનાર, શસ્ત્રસરંજામ બનાવનાર, તથા વેચનાર, યંત્ર-નિષ્ણાતો ( યંત્રપ્રવર્તક ૯-૬૩, યંત્ર ૭-૭૫ ओदकयंत्र, જલઘડી ), વાસ્તુશાસ્ત્રી વગેરે ધંધાઓ આર્યના ગણાતા. ( પૃ......૧૧૯ પર જુઓ ) ધીરધાર કરનાર ( कुसीदक ), મોટા રસોઈયા ( बल्लव–पौरगवअध्यक्ष ), સામાન્ય રસોઈયા ( औदानिक ), કંદોઈ आपूपिक–कान्दविक વગેરે આર્યના ધંધા વ્યવસાય હતા, રેશમ, ઊન, સૂતર, તથા શણનાં વસ્ત્રાદિ બનતાં ( ૫-૧૨૦ ). શિલ્પીઓ રાખીને પણ આવાં કાર્યો થતાં, તથા આવા કારીગરોની શ્રેણિઓ પણ હતી.

આવાં બધાં નામો કર્મવિભાજન અને વિશિષ્ટીકરણને સૂચવે છે.

ઉદ્યોગોમાં શિલ્પીઓ તથા કારુકો એમ બે વિભાગ હતા ( ૧૦-૧૨૦ ). તેઓ શૂદ્ર ગણાતા ૩-૧૬૨—૧૬૬, ૪-૨૧૨ થી कारुकમાં સુથાર, કુંભાર, દરજી, નાયી, માળી, ગોવાળ વગેરે હતા. કુટુંબ સાથે સંકળાયેલાને કુલમિત્ર કહ્યા છે, તેમની ગોવાળ, સાથી, દાસ વગેરે સાથે પંક્તિભેદ પાડવો નહિ તેમ જણાવ્યું છે ( ૪-૨૫૩ ). શૂદ્ર અને શિલ્પીના ઘરની ભિક્ષા વિદ્યાર્થી લઈ શકતો ( ૫-૧૨૯ ). શિલ્પીઓમાં ઘાંચી, કંસારા, ભદ્ર ( સામુદ્રિક ), જ્યોતિષી ( ફલકથન કરનાર ), ચિત્રકાર, ઇજિનેર गृहसंवेशक ( ૩-૧૬૩ ), વૈદ્ય, દેવલ ( મંદિરનો પુજારી ), મૈત્રેયક ( વૈતાલિક ) શૂદ્ર ગણાતા. આ ઉપરાંત રસગોળ બનાવનાર, લીંપણ કરનાર, પગચંપી કરનાર, મદ્ય બનાવનાર, વૃક્ષરોપક, શસ્ત્રો બનાવનાર, ઈંટ પાડનાર, રંગરેજ, ધોબી, વણકર, તેલી, લુહાર વગેરે ગણાતા, બ્રાહ્મણ વ્યાજવટાવ કરે તો તે પણ શૂદ્ર ગણાતો ( ૩-૧૫૨ ). આ બધા શિલ્પીઓ અને કારીગરોની श्रेणिओ હતી. ક્યારેક પુગ્નનાં નામ પણ મળે છે. પુગ્ગ, ગ્રામ તથા નગરના અનુસંધાનમાં મળે છે. શ્રેણિ એ સામૂહિક સંઘ હતો. તેના મુખ્ય શ્રેણિ પરથી શ્રેષ્ઠિન્ પણ કહેવાયો છે. ( कुलश्रेष्ठिन् ).

શાકુનિક, વાઘરી ( વાગુરિક ), કુશીલવ, તંતુવાદ્ય વગાડનાર નગારચી, નટ, ચારણ વગેરેને પણ શૂદ્ર કહ્યા છે. મનુએ તેમને અસામાજિક તત્ત્વો કહ્યાં છે. ( ૫.–૯–૧૦ )

અંતેવાસી કે ચંડાલના ધંધા આર્ય માટે વર્જ્ય હતા. તેઓ અસ્પૃશ્ય હતા ( ૩/૨૪૧ ) તેમના ધંધામાં ચર્મકાર, વ્યાધ, માંસવિક્રેયક ( તેનું વેચેલું માંસ શુદ્ધ ગણાતું ૫/૧૩૧ ), માછી, નિષાદ, કૈવર્ત વગેરેના ઉલ્લેખો મળે છે. પશુ કેળવનાર અને નેતર વાંસ, વગેરેની વસ્તુ કરનારને પણ આ વર્ગના ગણ્યા છે.

ખાણિયાનું કામ ઉપપાતક ગણાતું (૯/૬૩). મોટા ભાગના ધંધા, ઉદ્યોગો અને શિલ્પો વંશપરંપરાથી ચાલતા. આપદ્‌ધર્મ તરીકે દરેક વર્ણને પોતાની નજીકના વર્ણનો ધંધો કરવાની મનુસ્મૃતિ છૂટ આપે છે. મનુસ્મૃતિમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયના જ નહિ, પણ રાજદરબારમાં મંત્રી, અધિકારી, લશ્કરમાં, દુકાન ચલાવનાર, ધીરધાર કરનાર (મનુએ વર્જ્ય ગણ્યું છે) વૈદ્ય, ઢોર, રાખનાર, નાટક કરનાર, જ્યોતિષી તરીકે ઉલ્લેખો મળે છે. (૩-૧૫૧, ૧૦-૧૧ પ્રકરણો) છતાં તેમના અનુસંધાનમાં તેમને પાતક ગણી પ્રાયશ્ચિત્ત આપ્યાં નથી, તે નોંધપાત્ર છે (૧૧-૧-૭૭), આ સૂચવે છે કે ધંધા-રોજગારની ચારે વર્ણોમાં ઠીક ઠીક મોટા પ્રમાણમાં ફેરબદલી થતી હશે.

ધંધા રોજગારમાં અને વેપારમાં સહકારનો સિદ્ધાંત વ્યવહારમાં હતો. ખેતીમાં, વેપારમાં, आर्थिक કે સાથીભાગિયાના ઉલ્લેખો મળે છે. વેપારમાં પંત્યાળાની પરંપરા હતી. મનુસ્મૃતિ યજ્ઞના પુરોહિતોના આવા સમૂહના ઉલ્લેખો આપે છે (૮-૩૮૮). વળી સમુદ્રયાત્રા અને વહાણના માલ મોકલવા-મંગાવવા અંગે પણ આ પ્રથાના ઉલ્લેખો મળે છે. આ પ્રથાના ઉલ્લેખો ગૌતમ ધર્મસૂત્ર અને કૌટિલ્યમાં પણ મળે છે.[૧૩] (૮-૪૦૮, ૮-૧૩૫ વગેરે).

દલાલીની પ્રથા પણ તે સમયે પ્રચલિત હશે. ખરીદનાર, વેચનાર અને વણિકો કેટલીકવાર જુદા હોય તેવા ઉલ્લેખો મળે છે. બૌદ્ધ જાતકોમાં '**सेट्ठि**' શબ્દ 'વેપારીઓના પ્રતિનિધિ' તરીકે પણ વપરાયો છે.[૧૪] વેપારના ક્રયવિક્રયનો ઉત્તમ અનુભવ લોકો સાથેના વ્યવહારથી થતો. (૮-૪૩) તેને ધંધાને-શિલ્પોને માટે **निगम, पुग्ग, श्रेणि, संघ, गण** શબ્દો જુદી જુદી અર્થ છાયાવાળા મળે છે. નિગમ પ્રથમ પ્રકારના મોટા ધંધાઓ માટે વપરાયો છે. (જેમકે, **सार्थवाहनिगमस्य**), વળી નિગમનો સંદર્ભ નગર સાથે જ વિશેષ મળે છે. **पुग्ग** શબ્દ નગર અને ગામ બન્ને માટે વપરાયો છે. કેટલીક વાર એક ગામ આખું એક જ વ્યાવસાયિક **पुग्ग** કે શ્રેણિનું હોય તેવા ઉલ્લેખો જાતકો-બૌદ્ધ-જૈન સાહિત્યમાં મળે છે.[૧૫] **श्रेणि** શબ્દ શિલ્પો-હુન્નરો માટે વધુ વપરાતો, પણ કવચિત્ ધંધા માટે પણ વપરાતો. **संघ** શબ્દ વિશેષે સામાજિક, ધાર્મિક, આર્થિક સમૂહ માટે વપરાતો, પણ **गण** શબ્દ વિશેષે રાજકીય સમૂહ માટે વપરાતો જોવા મળે છે. (૧-૧૮૮, ૪-૧૫૫, ૩-૧૫૧, ૩-૧૬૪, ૮-૪૧ વગેરે) મનુસ્મૃતિમાં પુગ્ગ, ગ્રામ, ગણના યજ્ઞો પંક્તિપાવન બ્રાહ્મણે કરવા નહિ તેમ જણાવ્યું છે (૩-૧૫૪).

મૂલ્ય, મહેનતાણું કે પગારના બદલામાં કામ કરે તે **भृत्य–भृतक**(૪-૪૫) કહેવાતા. તેને લગતા વિવિધ નિયમો અને ગુનાની નોંધ મનુસ્મૃતિમાં છે.

નાણાવટ અને ક્રયવિક્રય–વેપાર તથા વાણિજ્ય–માં થાપણ, ધારાણ, જાંગડ, શાખ તથા હૂંડીની પ્રથા પ્રચલિત હતી. જોખમ પ્રમાણે વ્યાજનો દર રહેતો. મહિને ૧૩/૪ (વર્ષે ૫%) વધીને વર્ષે ૫૦–૬૦% સુધી વ્યાજ લેવાતું[૧૬] દરિયાઈ વેપારમાં જોખમ વિશેષ હોવાથી તેના કોઈ

---

૧૩ ડૉ. મુખર્જી, એજન, પૃ ૫૯, ૬૦, ૧૫૮

૧૪ એજન, પૃ ૬૯ તથા પ્રસ્તાવના પૃ ૧૩

૧૫ એજન, પૃ. ૬૯, ૮૫, પ્રસ્તાવના પૃ ૧૩ વગેરે

૧૬ મનુસ્મૃતિ, ૮-૧૪૦, ૧૪૫, ૧૫૦ થી ૧૫૫ વગેરે.

નિયમો મનુસ્મૃતિએ જણાવ્યા નથી ( ૮-૪૦૬ ). સોદા કરતાં કે ધીરધાર કરતાં લખાણ કરવાની પ્રથા હતી. (૮-૧૯૭ થી ૨૦૩, ૮-૧૫૪ ) તેની પર સહી, કે અંગૂઠો કરવામાં આવતો. સામાન્ય રીતે વ્યાજ મૂડીથી વધવું જોઇએ નહિ ( ૮-૧૫૧ ) દર વર્ષે એક વાર હિસાબ ચોખ્ખો કરવાનો આદેશ મનુસ્મૃતિમાં છે. ( ૮-૧૫૫ ) આજ સુધી આ પ્રથા ચાલી આવે છે.

દરેક નગર કે ગામના મુખ્ય ચાર રસ્તા–ચૌટું–પર હાટ કે બજાર ભરાતી. વાર–તહેવારે આવા ચૌટામાં આજુબાજુનાં ગામોની ચીજવસ્તુઓ ખાસ વેચાતી (મેળા–ગુજરીમાં હોય છે તેમ). વળી નગરના રસ્તાઓ પર કાયમી હાટ–દુકાનો હતી તે પરથી દુકાનદાર **हाटक** પણ કહેવાતો **त्रिपणि** ( ૧૦-૧૬ ). તેમાં વિવધિ ધંધા–શિલ્પોની ઉત્તમ વસ્તુઓ વેચાતી. તેમની ગુણવત્તા, શુદ્ધતા, માપ વગેરે સારાં જળવાઇ રહે તે જોવાનું કાર્ય રાજ્યનું હતું. એમને લગતા અધિકારીઓ નિમાતા ઘરાકને દુકાનદાર કે વેચનાર છેતરે નહિ તે રાજ્ય જોતું. ( ૮-૨૦૩, ૮-૪૦૩, ૯-૨૫૭, ૨.૮૬–૭ વગેરે ) આવા અધિકારીઓને **सभ्य पुरूष** ( ૮-૪૦૩ ) કહ્યા છે.

વજન–તોલ–માપ ( **मान, कुंभ, द्रोण** ૮-૧૨૬ ), લંબાઈ ( **પ્ર**તિમાન ) રાજ્ય પ્રમાણિત કરતું–તપાસતું. ઓછું આપવું એ ગુનો હતો. તેની શિક્ષા થતી ( ૭-૧૨૦, ૮-૪૦૩ ).

નાણામાં-નિષ્ક, સોના, ચાંદી તથા તાંબાના ( **कार्षापण, पण** ) સિક્કા વપરાતા. વળી અનાજ, ઢોર આદિદ્વારા વિનિમય પણ થતો.

ઉત્પાદન–વેચાણ પર શુલ્ક લેવાતું. સ્થળ અને જળમાર્ગો પર પણ શુલ્ક–દાણ લેવાતું. આયાત–નિકાસ ( निर्गम–आगम, ૮-૪૦૩ ) પર પણ શુલ્ક લેવાતું.

આયાત–નિકાસ કરનાર વેપારીના ' કુલ ' ( પેઢી ) કે ' મહાજનો ' રહેતા. ( ૮-૨૦૧ ) કુલ પાસે આવેલ માલનો સોદો થતાં ખરીદનારને કાયદેસરની માલિકી અપાતી. ( ૮-૨૦૧ ) કે કેટલાક માલના ઈજારા રાજ્ય પોતે ધરાવતું. જમીન, ખાણ, મીઠું, વગેરે ( ૮-૩૯૯ ) આ અંગે વખતો વખત જાહેરાત પણ તે કરતું. ( ૯–૨૮૬–૭ ).

રાજા દર પખવાડિયે કે પાંચ દિવસે વેપારીઓની હાજરીમાં બજારના ભાવ નિશ્ચિત કરતો ( ૮-૪૦૨ ), જકાત શુલ્ક પણ રાજા, વેપારી, અધિકારી વગેરે ભેગા મળીને નક્કી કરતા. (મનુ. ૮-૩૯૮). દુષ્કાળમાં અનાજની નિકાસ પર રાજ્ય અંકુશ રાખતું. ( ૮-૩૯૮ ).

મનુસ્મૃતિનું વલણ સમાજના જુદા જુદા વર્ગો તરફ કેવું હતું, કઈ આર્થિક નીતિ ત્યારે સ્વીકારાતી, તેનો ખ્યાલ તેના શુલ્ક અંગેના નીચેના ઉલ્લેખો પરથી સારી રીતે આવે છે. મનુએ નદી ઊતરવાના રાજ્ય શુલ્કના દરનો ખ્યાલ આપ્યો છે, અને તે રાજ્ય કાયદાઓના વ્યવહારનું સ્વરૂપ પણ સૂચવે છે. તેમાં શિષ્ટાચાર, સ્ત્રીદાક્ષિણ્ય અને સંસ્કારિતા જોવા મળે છે.

( ૧ ) યાન–રથ જેવાં વાહનો માટે-૧ શુલ્ક પણ ( કાર્ષાપણ )
( ૨ ) માલ વગરનું ગાડું – ૧ પણ
( ૩ ) ભાણ્ડપૂર્ણયાન – માલના મૂલ્ય પ્રમાણે શુલ્ક
( ૪ ) વજન સાથે માણસ–$\frac{1}{2}$ પણ

(૫) વજન વગરનો પુરુષ/સ્ત્રી–૨ પણ
(૬) સામાન સાથે પોષિત્ સ્ત્રી–૪ પણ
(૭) ગરીબ માણુસ–જે કંઈ આપી શકે તે.
(૮) ગર્ભવતી સ્ત્રી, સાધુ, સંન્યાસી, અને બ્રહ્મચારી (વિદ્યાર્થી) વિના શુલ્ક.

આ બધા ઉલ્લેખો સમૃદ્ધ વિશાળ વેપાર–ઉદ્યોગ અને વાણિજ્યને સૂચવે છે. તે દ્વારા પ્રજા વૈભવશાળી સુખી જીવન ગુજારતી હશે.

આવા વેપાર-ધંધા અને સમૃદ્ધિના સૂચક અન્ય ગ્રંથોમાંથી જે પરંપરા–રિવાજ મળે છે, તે અહીં ઉલ્લેખનીય લાગશે. મનુએ વર્ષે એક વાર હિસાબ ચોખ્ખો કરવાનો, અને નવી વહી કરવાનું જણાવ્યું છે. (૮–૧૫૩-૫) ધનનો દેવ કુબેર–ધનદ, અને તેની યક્ષિણી ‘ લક્ષ્મી-માયા–એ યક્ષયક્ષિણીનું પૂજન શારદા લક્ષ્મી પૂજન અને ધનદ પૂજન દ્વારા ચાલ્યું આવે છે, તે નોંધનીય પરંપરા છે. કુબેર ભંડારીના ગણો તે પદ્મનિધિ, શંખનિધિ એ સાર્થવાહ આદિ વેપારી કોમોમાં જૈન બૌદ્ધ જાતકોમાં પુજાતા જોવા મળે છે. મણિભદ્ર યક્ષ, સામુદ્રિક વેપારને સૂચવતા. તામિલ પ્રદેશમાં સમુદ્રની દેવી તરીકે મણિમેખલાઈની પૂજા થતી. તેનું મહાકાવ્ય પણ છે. લક્ષ્મી એ જ બૌદ્ધોની ‘માયા’ દેવી છે. આજે પણ ધનસંપત્તિને “માયા” કહેવામાં આવે છે. વિષ્ણુ સાથે લક્ષ્મી, પદ્મ અને શંખને આજે જોડવામાં આવે છે; છતાં વહીપૂજન એ જ લક્ષ્મી અને શારદા પૂજન છે, એ માન્યતા વધુ દૃઢ છે. અસ્તુ.

# કણિષ્કનો સમય*

રસેશ જમીનદાર

ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિ ભાતીગળ છે. એક તરફ એનું આ ભાતીગળપણું આકર્ષણ ઊભું કરે છે, તો બીજી બાજુ એમાંથી ઉદ્ભૂત પ્રશ્નો મૂંઝવણ ઊભી કરે છે. ટૂંકમાં ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના પ્રશ્નો પણ ભાતીગળ છે. આવા પ્રશ્નોમાંથી કેટલાક ઉકેલાય છે, કેટલાક ઉકેલાવાની દિશામાં છે, જ્યારે કેટલાક સદાય ચર્ચ્ય રહે છે. આવા ચર્ચ્ય રહેતા પ્રશ્નોમાં એક છે કુષાણવંશ વિશેનો. કુષાણવંશના પ્રશ્નો પણ ભાતીગળ છે. આમાં એક પ્રશ્ન છે કુષાણવંશના સમયનિર્ણયનો. એમાં પણ વિશેષ ચર્ચ્ય પ્રશ્ન છે કણિષ્કના સમયનિર્ણયનો. કણિષ્કના સમયનો પ્રશ્ન બીજાંકુર ન્યાય જેવો છે. કણિષ્કને કેન્દ્રમાં રાખીને ઉત્તર અને પશ્ચિમ ભારતના ઘણા રાજકીય પ્રશ્નો ઉકેલવાના પ્રયત્નો થયા છે. કણિષ્ક જ શક સંવતનો પ્રવર્તક છે એવી પ્રસ્થાપિત પરંપરાને ધ્રુવકેન્દ્ર ગણીને અન્ય સમકાલીન રાજકીય પ્રશ્નોનો ઉકેલ શોધવાના પ્રયત્નો થયા છે. પરિણામે ડૉ. રમેશચંદ્ર મજમુદાર કહે છે તેમ Established traditions, though originally based on insufficient evidence, die hard and are the greatest obstacles to the establishment of truth.[૧] કણિષ્ક અને શક સંવતના પ્રશ્નને આ નિરીક્ષણ બંધ બેસે છે.

કણિષ્કના સમય અંગેનો પ્રશ્ન છેલ્લી સદીથી વિશેષ ચર્ચ્ય રહ્યો છે, અને હજી ચર્ચ્ય રહેશે; જ્યાં સુધી વિશેષ પુરાવા અને સાધનો પ્રાપ્ત થાય નહીં. અત્યારે તો જે કંઈ સાધનો છે તેનું પુનરીક્ષણ અને પુનર્મૂલ્યાંકન જ થાય છે, અને થતું રહેશે. કણિષ્કનો સમય નિશ્ચિત કરવા માટે એક અધિવેશન યોજવામાં આવ્યું હતું, જેમાં એક મુદ્દા ઉપર સહમતિ રહી હતી કે અત્યારે પ્રાપ્ત સામગ્રીને આધારે કણિષ્કનો સમય નિર્ણિત કરી એકમતી સાધવી એ મુશ્કેલ કાર્ય છે.[૨] કુષાણોના સમયની સાહિત્યિક અને પુરાવશેષીય સામગ્રી પણ પ્રશ્નોના ઉકેલમાં સહાયભૂત થતી નથી; કારણ કે (૧) કુષાણ સમયના અભિલેખો કોઈ અનિર્ણિત સંવતના વર્ષોમાં લખાયા હતા. (૨) કુષાણવંશી રાજાઓના સિક્કા મિતિ વિનાના છે. (૩) ચીની ધાર્મિક ગ્રંથો, જે મુખ્યત્વે ભારતીય બૌદ્ધ ગ્રંથોના અનુવાદો છે, આખ્યાયિકાઓ અને કલ્પિત કથાઓથી ભરપૂર હોઈ તેમાંથી ઐતિહાસિક સામગ્રી તારવવી મુશ્કેલ છે. (૪) ચીની તવારીખકારો જે કુષાણ રાજાઓ વિશે લખે છે તેમનાં નામ ભાગ્યે જ આપે છે. (૫) 'રાજતરંગિણી'માંની કુષાણોના કાલક્રમ અંગેની વિગતો વિશેષ શ્રદ્ધેય નથી. (૬) ગ્રીક સાધનો કુષાણો અંગે મૌન છે. (૭) ચીની બૌદ્ધ સાહિત્ય કણિષ્કના

---

* ગુજરાત ઇતિહાસ પરિષદના વડનગર (નવેમ્બર ૧૯૭૭) અધિવેશનમાં વાંચેલો નિબંધ; પરિષદના સૌજન્યથી.

૧ મજુમદાર રમેશચંદ્ર, રીડિંગ્સ ઈન પોલિટિકલ હિસ્ટરી ઓફ ઈન્ડિયા, (એન્શિયન્ટ, મીડિયેવલ, મોડર્ન) દિલ્હી, ૧૯૭૬, પૃ. ૬૯.

૨ એજન, પૃ. ૬૬.

રાજ્યારોહણ વિશે વિરોધાભાસી અહેવાલ આપે છે. (૮) ભારતીય અને તિબેટી સાહિત્ય આ અંગે કશી શ્રદ્ધેય અને ઉપયોગી સામગ્રી આપતું નથી. આથી કણિષ્કના સમયને નિશ્ચિત કરવાનો પ્રશ્ન ચર્ચાસ્પદ રહ્યો છે. છતાં કેટલાંક વિશિષ્ટ અર્થઘટનોના સંદર્ભમાં પ્રસ્તુત મુદ્દા અંગે ચર્ચા કરવાનો એક વધુ પ્રયાસ અહીં કર્યો છે.

કુષાણોના શાસન-અમલને બે રીતે નિશ્ચિત કરવાના પ્રયત્ન થયા છે: (૧) એક પ્રયત્ન બૃહદ્ અભિગમનો છે, જે અનુસાર મૌર્ય–શુંગ સામ્રાજ્યના અંત (આશરે ઈશુ પૂર્વે ૧૫૦) અને ગુપ્ત સામ્રાજ્યના આરંભ (ઈશુ પછી ૩૨૦)ની વચ્ચે કુષાણોના રાજ્યને ગોઠવવાનો પ્રયાસ થયો છે. (૨) બીજો પ્રયત્ન શક સંવતના સંદર્ભમાં છે, જે મુજબ કણિષ્કને ઈસ્વી-સન ૭૮થી આરંભાતા શક સંવતનો પ્રવર્તક માની કુષાણોને ઇશુની પ્રથમ અને દ્વિતીય સદીમાં મૂકયા છે. તેવી જ રીતે કણિષ્કના શાસન-અમલને માટે મુખ્ય બે-પ્રવાહો પ્રચલિત છે: (૧) પશ્ચિમના વિદ્વાનો કણિષ્કને ઈશુની બીજી સદીમાં મૂકે છે. (૨) ભારતીય વિદ્વાનો એને શક સંવતનો પ્રવર્તક ગણે છે. જો કે બંને પ્રવાહોમાં અપવાદ જરૂર છે.[૩]

કણિષ્કના વર્ષ ૯ના લેખમાં આરંભની પંક્તિ છે 'સિદ્ધં મહારાજસ્ય કણિષ્કસ્ય રાજ્યસંવત્સરે,[૪] આથી સ્પષ્ટ થાય છે કે કણિષ્કના સમયના અભિલેખોમાં નિર્દિષ્ટ વર્ષો રાજ્યકાલનાં ન હતાં પણ નિશ્ચિતપણે કોઈ સંવતના સંદર્ભમાં હતાં, જે પછીથી એના અનુગામીઓએ સળંગક્રમે ચાલુ રાખ્યા હતાં. જોકે વાસિષ્કના વર્ષ ૨૪ના, હુવિષ્કના વર્ષ ૫૦ના અને વાસુદેવના વર્ષ ૮૪ના લેખોમાં પણ 'રાજ્યસંવત્સરે'નો પ્રયોગ છે.[૫] પરન્તુ આ ત્રણેયે જુદો સંવત ચલાવ્યો હોય એવું તો અનુમાન થઈ શકે નહીં. સંભવ છે કે ત્રણેયે પ્રસ્તુત શબ્દખંડ ભિન્ન ભાવથી વાપર્યો હોય. કણિષ્કના કે એના અનુગામીઓના લેખોમાં કયાંય સંવતનું નામ પાડેલું જોવું પ્રાપ્ત થતું નથી. પરન્તું કેવળ આ શબ્દખંડને આધારે કણિષ્કે કોઈ સંવત ચલાવ્યો હતો એમ સ્વીકારી લઈ વિદ્વાનોએ એના નામ અંગે ભિન્ન મતો દર્શાવ્યા છે. આ મતો એટલા બધા ભિન્ન સ્વરૂપના છે કે પરિણામે કણિષ્કના શાસનનો સમય નિશ્ચિત કરવા લૌકિક સંવતથી કલ્ચુરિચેદી સંવત સુધીના સંવતોનો સહારો લેવામાં આવ્યો છે. આ બધા મતોની વિગતે ચર્ચા ઘણી જગ્યાએ થઈ છે.[૬] તેથી અહીં માત્ર તેમાંથી કેટલાકનો નિર્દેશ કર્યો છે.

લૌકિક સંવતની રજૂઆત ઓવર્સે[૭] અને સ્મિથે[૮] કરેલી, જો કે સ્મિથે પછીથી આ મત છોડી દીધેલો. એમની ગણતરી મુજબ કણિષ્ક ઈ. સ. ૧૩૦માં સત્તાધીશ હતો. કનિંગહમ[૯]

---

૩ પુરી, બૈજનાથ, ઈન્ડિયા અંડર ધ કુષાણ્સ, મુંબઈ, ૧૯૬૫, પૃ ૪૯.

૪ આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા રીપોર્ટ, પુસ્તક ૩, પૃ. ૩૧ અને પટ્ટ ૧૩

૫ જુઓ બૈજનાથ પુરીનો ઉપર્યુક્ત ગ્રંથ, પરિશિષ્ટ બી, ક્રમાંક ૧૦૦ (પૃ.૨૪૮), ક્રમાંક ૬૦ (પૃ. ૨૪૨) અને ક્રમાંક ૮૯ (પૃ. ૨૪૬) અનુક્રમે.

૬ જુઓ બૈજનાથ પુરીનો પ્રસ્તુત ગ્રંથ, પૃ. ૩૮ થી ૫૦ તથા બલદેવકુમારનો ગ્રંથ, 'ધ અર્લી કુષાણ્સ, ૧૯૭૩, પૃ. ૫૮ થી ૭૭.

૭ જર્નલ ઑફ રૉયલ એશિયાટિક સોસાયટી, ૧૯૦૩, પૃ. ૧ થી ૬૪.

૮ અર્લી હિસ્ટરી ઑફ ઈન્ડિયા, પૃ. ૨૫૮.

૯ કૉઈન્સ ઑફ ધ ઈન્ડો–સીથિયન્સ, ૧૮૮૮, પૃ. ૫૭, પટ્ટ ૧.

સેલ્યુસીડ સંવતના પ્રવર્તક હતા. સેલ્યુસીડ સંવતનો આરંભ ઈશુ પૂર્વે ૩૧૨માં થયો હતો અને આ સંવતમાં ૪૦૦ની સંખ્યા અધ્યાહત રહેતી હોઈ કણિષ્કના અમલના ૫ મું વર્ષ બરોબર ઈ. સ. ૯૩ આવે. તેથી કનિંગહમ ઈશુ પછી ૮૯માં કણિષ્કનો રાજ્યારોહણ મૂકે છે. થોમસ[૧૦] પણ સેલ્યુસીડ સંવતની રજૂઆત કરે છે, પરન્તુ ૧૦૦ની સંખ્યા અધ્યાહાર માની ગણતરી કરે છે. થોમસ પહ્લવ સંવતનું સમર્થન કરે છે. તે સંવત ઈશુ પૂર્વે ૨૪૮માં શરૂ થયો હતો. રા. ગો. ભાંડારકર[૧૧] શક સંવતનો મત દર્શાવી ૨૦૦ની સંખ્યા અધ્યાહાર ગણે છે. પરન્તુ શતકની સંખ્યા અધ્યાહાર રાખી સંવતનો પ્રયોગ કરવાની પદ્ધતિ તો છેક ૯મી–૧૦મી સદીમાં ભારતમાં પ્રચારમાં આવી.[૧૨] તેથી કુષાણો કે કણિષ્કના સમયનિર્ણય માટે આ પ્રકારની ગણતરી હકીકતમાં ભ્રામક છે.

કણિષ્ક ઈશુની બીજી સદીમાં થયો હતો એવું માનનારા અધ્યેતાઓમાં મુખ્ય છે : ઈ. સ. ૧૨૦નો મત સ્મિથ[૧૩] અને રાજબલી પાણ્ડેયનો[૧૪] છે. ઈ.સ. ૧૨૫નો સિદ્ધાન્ત જ્હોન માર્શલનો[૧૫] છે. સ્ટેન કોનો[૧૬] ત્રણ નિર્દેશો આપે છે—ઈ.સ. ૧૨૮–૨૯, ૧૩૪ અને ૨૦૦. ઘીર્શમેન[૧૭] ઈ.સ. ૧૪૪ની રજૂઆત કરે છે. ડોલરરાય માંકડ[૧૮] ઈ.સ. ૧૫૦નો મત રજૂ કરે છે. કિમૂર[૧૯] ઈ.સ. ૧૪૦ અને ૧૮૦ વચ્ચેનું કોઈ વર્ષ ગણતરીમાં લેવાનું સૂચવે છે.

આમાં માર્શલ તક્ષશિલાના ચીરસ્તૂપના ઉત્ખનનનો આધાર લે છે. અહીંથી પ્રાપ્ત ઇમારતોની બાંધકામશૈલી ઉપરથી માર્શલ કણિષ્કનો સમય નિર્ણિત કરે છે. પરન્તુ બાંધકામશૈલીને આધારે થતો સમયનિર્ણય ચોક્કસ અને શ્રદ્ધેય ગણાતો નથી. આ પ્રકારનો આધાર બૃહદ સમયની જાણકારી માટે ચાલી શકે. તેથી માર્શલની દલીલ સ્વીકાર્ય બનતી નથી. સ્ટેન કોનો ખગોળવિદ્યા મુજબની ગણતરીનો આધાર લે છે. ઝેદ અને ઉણ્ડના લેખોમાં નક્ષત્રોનો ઉલ્લેખ છે અને તે આધારે કોનો કણિષ્કને ઈશુ પછી ૧૨૮–૨૯માં મૂકે છે. સ્વાભાવિક જ એ લેખો ત્યારે અસ્તિત્વ ધરાવતા નક્ષત્રનો ઉલ્લેખ કરે. નક્ષત્રથી વર્ષનો કોઈ ચોક્કસ કાલખંડ જરૂર જાણી શકાય, પરન્તુ કોઈ ચોક્કસ વર્ષની જાણકારી કેવી રીતે થાય, કારણ નક્ષત્રની ઘટના તો પ્રત્યેક વર્ષે બનતી હોય છે.

---

૧૦ જર્નલ ઓફ રોયલ એશિયાટિક સોસાયટી, ૧૯૧૩, પૃ. ૯૮૦–૮૧.

૧૧ જર્નલ ઓફ ધ બોમ્બે બ્રાન્ચ ઓફ ધ રોયલ એશિયાટિક સોસાયટી, પુ, ૨૦, ૧૯૦૦, પૃ. ૩૫૬.

૧૨ બળદેવકુમાર, ધ ' અર્લી કુષાણ્સ ', ૧૯૭૩, પૃ. ૬૨.

૧૩ એન્શિયન્ટ એન્ડ હિન્દુ ઈન્ડિયા, ઓકસફર્ડ, ૧૯૩૪, પૃ. ૧૨૭.

૧૪ ઈન્ડિયન પેલિયોગ્રાફી, બનારસ, ૧૯૫૨, પૃ. ૧૯૫.

૧૫ ગાઈડ ટુ તક્ષશિલા, દિલ્હી, ૧૯૧૮, પૃ. ૨૨.

૧૬ અનુક્રમે કોપર્સ ઇન્સ્ક્રિપ્શનમ ઇન્ડિકેરમ, પુ. ૨, ભાગ ૧, ૧૯૨૯, પૃ. ૯૩, ઇન્ડિન હિસ્ટોરીકલ કવાર્ટરલી, ૧૯૨૬, પૃ. ૨, પૃ ૧૮૦, ઇન્ડિયન એન્ટીકવેરી પૃ. ૧૯૫.

૧૭ બે ગ્રામના ઉત્ખનનો અહેવાલ, જર્નલ એશિયાટિક, નં. ૨૩૪, ૧૯૩૪, ૪૫, પૃ. પછી

૧૮ પુરાણિક ક્રોનોલોજી, આણંદ, ૧૯૫૧, પૃ. ૧૬૨.

૧૯ ઈન્ડિયન હિસ્ટોરિકલ કવાર્ટરલી, ૧૯૨૬, પુ. ૨, પૃ. ૧૭૭.

ટૂંકમાં, કણિષ્ક ઈશુની બીજી સદીમાં સત્તાધીશ હતો એવી દલીલ કરનારા વિદ્વાનોએ પશ્ચિમી ક્ષત્રપ રાજા રુદ્રદામાના ગિરિનગરના શૈલલેખની અવગણના કરી જણાય છે. કણિષ્કનો વર્ષ ૧૧ સૂઈ વિહારનો લેખ[૨૦] બહાવલપુર વિસ્તાર (રાજસ્થાન) એની હકૂમત હેઠળ હોવાનું જણાવે છે. રુદ્રદામાનો શૈલલેખ પણ સિંધુ–સૌવીરના પ્રદેશો પશ્ચિમી ક્ષત્રપોના હાથમાં હોવાનું જણાવે છે. તો એક જ વિસ્તાર ઉપર બે રાજાની હકૂમત કેવી રીતે સંભવી શકે? વિશેષમાં રુદ્રદામાએ બહાવલપુર નજીક રહેતા શક્તિસંપન્ન યૌધેયોને જબરજસ્ત શિકસ્ત આપી હતી એવો ઉલ્લેખ ગિરિનગરના શૈલલેખમાં છે જ.[૨૧] આમ, સૂઈ વિહાર અને ગિરિનગરના લેખોની વિગતો સામસામી અથડાય છે. એવું જ છે સાંચી ઉપરના કણિષ્કના પ્રભુત્વનું. રુદ્રદામાના શૈલલેખમાં પણ આકર (પૂર્વ માળવા) અને અવન્તી (પશ્ચિમ માળવા) ઉપર પશ્ચિમી ક્ષત્રપોના પ્રભુત્વનું અસંદિગ્ધ સૂચન છે જ. રુદ્રદામા ઈ.સ. ૧૩૦ અને ૧૫૦ વચ્ચે ઉપર્યુક્ત પ્રદેશો ઉપર પ્રભુત્વ જમાવતા હતા એ પુરવાર થયેલી હકીકત છે; કારણ કે પશ્ચિમી ક્ષત્રપોના લેખોમાં નિર્દિષ્ટ વર્ષો શક સંવતનાં હોવા વિશે કોઇ શંકા રહેલી નથી. આથી કણિષ્ક ઈશુની બીજી સદીના પૂર્વાર્ધમાં શાસન કરતા હોવાનું સ્વીકાર્ય બનતું નથી.

કણિષ્ક વિક્રમ સંવતનો પ્રવર્તક હોવાની માન્યતા પણ કેટલાક વિદ્વાનોએ વ્યક્ત કરી છે; જેમાં સૌ પ્રથમ કનિંગહામ છે,[૨૨] જેણે તે મત પછીથી છોડી દીધેલો. તે પછી ફ્લિટ[૨૩] આ મતના હિમાયતી બન્યા. આ મતના અન્ય સમર્થકો હતા: કેનેડી,[૨૪] લ્યૂડર્સ,[૨૫] ફ્રેન્કે,[૨૬] બારનેટ[૨૭], ડાઉસન[૨૮], અને મુખરજી.[૨૯]

ફ્લિટ અને કેનેડી અનુક્રમે બૌદ્ધ પરંપરા અને ચીની સાધનોના આધારે પ્રસ્તુત મત વ્યકત કરે છે. પરન્તુ આપણે અગાઉ જોયું તેમ આ બંને સામગ્રી પ્રમાણભૂત ગણાતી નથી. યુઆન શુઆંગે નોંધેલી કાશ્મીર અને ગંધારની બૌદ્ધ પરંપરાઓનો આધાર લઈ ફ્લિટ કણિષ્કને બુદ્ધનિર્વાણ પછી (ફ્લિટના મતે બુદ્ધનું નિર્વાણ ઈશુ પૂર્વે ૪૮૩માં) ૪૦૦ વર્ષ મૂકે છે. પરન્તુ ફ્લિટ જેમના આધારે આવો મત વ્યકત કરે છે તે યુઆન શુઆંગ પોતાની નોંધોમાં સંગત નથી.

---

૨૦ જર્નલ ઑફ ધ એશિયાટિક સોસાયટી ઑફ બેંગાલ, ૧૮૭૦, પૃ. ૩૯. પૃ. ૬૫ થી, ઈન્ડીયન એન્ટીક્વેરી, પૃ. ૧૦, ૧૮૮૧, પૃ. ૩૨૪ થી.

૨૧ એપિગ્રાફિકા ઈન્ડિકા, પુ. ૮, પૃ. ૪૨ થી પંક્તિ ૧૧ અને ૧૨.

૨૨ આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડિયા રીપોર્ટ, પુ. ૨. પૃ. ૬૮ અને પુ. ૩, પૃ. ૩૦.

૨૩ જર્નલ ઑફ ધ રૉયલ એશિયાટિક સોસાયટી, ૧૯૦૩, પૃ. ૩૩૩ ઉપરાંત ૧૯૦૫ થી ૧૯૦૮ અને ૧૯૧૨ થી ૧૯૧૫ના જર્નલના અંકોમાં પણ (હવે પછી જરૉએસો.).

૨૪ જરૉએસો, ૧૯૧૨, પૃ. ૬૬૫, ૯૮૧; ૧૯૧૩, પૃ. ૩૬૯, ૬૬૧, ૧૦૫૪.

૨૫ Bruchstucke Buddhistischer Dramen, Berlin, 1971, p. 11.

૨૬ BF, Berlin, 1904, p. 99.

૨૭ જરૉએસો. ૧૯૧૩, પૃ. ૯૪૨–૪૫.

૨૮ સંદર્ભ, ઈન્ડિયન હિસ્ટોરીકલ કર્વાર્ટલી, ૧૯૨૮, પૃ. ૭૬૦–૬૪.

૨૯ ઈન્ડિયન કલ્ચર, પૃ. ૪૭૭ (૧૯૩૫).

વસુબંધનું ચરિત્ર આલેખતાં યુઆન શુઆંગ નોંધે છે કે કનિષ્ક [બુદ્ધનિર્વાણ પછી] ૫૦૦ વર્ષે થયો. Song-Yunના નિર્દેશ મુજબ ૩૦૦ વર્ષ પછી, ખોતાનની એક નોંધ મુજબ ૧૦૦ વર્ષ પછી અને 'સંયુકત રત્નપિટક' અનુસાર ૭૦૦ વર્ષ પછી કનિષ્ક થયો હોવાનું જણાયું છે.[૩૦] હેલેનીઝમનો તથા કુષાણ સિક્કાઓમાંના ગ્રીક અક્ષરનો આધાર લઈ કેનેડી કનિષ્કને ઈશુ પૂર્વે ૧લી સદીમાં મૂકે છે. પરન્તુ અફઘાનિસ્તાનમાં અને ભારતના વાયવીય પ્રાન્તોમાં ત્યારે ગ્રીકભાષા બોલાતી સમજાતી હોઈ તેનો ઉપયોગ સ્વાભાવિક ગણાય. તે વડે સમયનિર્ણય કરવાનું કાર્ય સર્તક નથી. વળી ઈશુ પૂર્વે ૫૦માં ગંધાર ઉપર Yin-mo-fu નું રાજ્ય અસ્તિત્વમાં હતું.[૩૧] આથી આ સમયે ગંધાર ઉપર કનિષ્કનું પ્રભુત્વ હોઈ શકે નહીં. આથી કનિષ્ક વિક્રમ સંવતનો પ્રવર્તક હોવાનો સિદ્ધાન્ત ટકી શકતો નથી.

સૌથી વધુ પ્રચલિત મત છે કે શકસંવતનો પ્રારંભ કરનાર કનિષ્ક હતો. ફર્ગ્યુસન[૩૨] અને ઓલ્ડનબર્જ[૩૩] આ મતના મુખ્ય સમર્થકો છે. ઉપરાંત થોમસ,[૩૪] રેપ્સન,[૩૫] રાખાલદાસ બેનરજી,[૩૬] વાડેલ,[૩૭] ટાન,[૩૮] હરિશચન્દ્રરાય ચૌધરી,[૩૯] હરિચરણ ઘોષ[૪૦] અને દિનેશચંદ્ર સરકાર[૪૧] છે. ફર્ગ્યુસન અને ઓલ્ડનબર્જની દલીલો જ તે પછીના વિદ્વાનોએ સ્વીકારી છે, અને પોતપોતાના મતની છાપ મારી છે. આ નિબંધલેખકે આ વિશે અન્યત્ર વિગતવાર નોંધ કરી છે, અને સાપેક્ષ સાધનોના આધારે સાબિત કર્યું છે કે કનિષ્ક શક સંવતનો પ્રવર્તક હતો નહી.[૪૨] આ સંવતનો આરંભ કર્યો હતો પશ્ચિમી ક્ષત્રપ રાજા ચાષ્ટને. આથી શક સંવતનો પ્રવર્તક કનિષ્ક હતો એવું મંતવ્ય હાલના તબક્કે સ્વીકાર્ય બનતું નથી. તેથી કનિષ્ક ઈશુની પહેલી સદી દરમ્યાન સત્તાધીશ હોવાની શકયતા પણ ટકી રહેતી નથી.

---

૩૦ બલદેવકુમાર, ઉપર્યુક્ત. પૃ. ૬૯-૭૦.

૩૧ આધાર, હરિચરણ ઘોષ, ઈન્ડિયન હિસ્ટોરીકલ ક્વાર્ટર્લી, ૧૯૨૮, પૃ. ૭૬૦-૬૪.

૩૨ જરોએસો, પુ. ૧૨, પં. ૨૫૯-૮૫ (૧૮૮૦).

૩૩ ઈન્ડિયન એન્ટીક્વેરી, ૧૮૮૧, પુ. ૨૧૩-૧૬.

૩૪ જરોએસો, ૧૯૧૩, પૃ. ૬૨૭-૩૦.

૩૫ કેમ્બ્રિજ હિસ્ટરી ઓફ ઈન્ડિયા, ભાગ ૧, પૃ. ૫૮૩, ૭૦૩.

૩૬ ઈન્ડિયન એન્ટીક્વેરી, ૧૯૦૮, પૃ. ૫૧, ૭૮.

૩૭ જરોએસો, ૧૯૧૩, પૃ. ૯૪૫-૫૨.

૩૮ ગ્રીક્સ ઇન બેક્ટ્રિયા એન્ડ ઇન્ડિયા, પૃ. ૩૫૨.

૩૯ પોલિટિકલ હિસ્ટરી ઓફ એન્શિન્ટ ઈન્ડિયા, પૃ. ૨૯૭-૯૮.

૪૦ ઈન્ડિયન હિસ્ટોરિકલ ક્વોર્ટરલી, ૧૯૨૮, પૃ ૭૬૦-૬૪, ૧૯૨૯, પૃ. ૪૯-૮૦.

૪૧ ધ એજ ઓફ ઇમ્પિરિયલ યુનિટી, પૃ. ૧૪૪-૪૫.

૪૨ જુઓ, રસેશ જમીનદાર, ઇતિહાસ સંશોધન, ૧૯૭૬, પ્રકરણ-૬ અને ક્ષત્રપકાલનું ગુજરાત, ૧૯૭૫, પૃ. ૩૯ થી.

કણિષ્ક ત્રૈકૂટક કલ્ચુરિચેદી સંવતનો પ્રવર્તક હતો એવી દલીલ ડૉ. રમેશચંદ્ર મજુમદારે[૪૩] કરી છે. એમનો મુખ્ય આધાર છે Fan Yeના[૪૪] ગ્રંથ Hou Han Shu. આ ગ્રંથમાં Fan Ye, ઈ. સ. ૨૫ થી ૨૨૦ સુધીની ઘટનાઓનું વર્ણન કરે છે. ભારતના સંદર્ભમાં વર્ણન કરતાં લખે છે કે At this time all these Indian kingdoms were subject to the Guch-chih. ફાન યેના આ વિધાનના સમર્થનમાં મજુમદાર Yu Huanના ગ્રંથ Wei Luchનો[૪૫] આધાર લે છે. આ ગ્રંથ મુજબ તાહિયા (બેક્ટ્રિયા) કાઓ–ફુ (કાબુલ) અને તિયેન–ચુ (ભારત) બધાં યુએચીને તાબે હતાં. તેથી રમેશચંદ્ર મજુમદાર કણિષ્કને ઈ.સ. ૨૨૦ની આસપાસ સત્તાધીશ ગણે છે. આ માટે તેઓ આભિલેખિક, પોલિયોગ્રાફિક, અને સિક્કાકીય આધારો પણ ટાંકે છે. આમ ડૉ. રમેશચંદ્ર મજુમદાર કણિષ્કના સત્તાકાલને ઈશુની ત્રીજી સદીના મધ્યથી આરંભ થયેલો ગણે છે. પરન્તુ કણિષ્કના પુરોહિત સંઘરક્ષકના ગ્રંથ "मार्ग भूमि सूत्र"નો ચીની અનુવાદ Anshi-kao (ઈ.સ. ૧૪૮–૧૭૦) એ કર્યો હતો.[૪૬] એટલે કે કણિષ્ક ઈ.સ. ૧૭૦ સુધીમાં સત્તાધીશ હોય એમ માની શકાય. આથી ડૉ. મજુમદારનું મંતવ્ય સ્વીકાર્ય બનતું નથી. જો કણિષ્કના સત્તાકાલને કલ્ચુરિચેદી સંવત (ઈ. સ. ૨૪૮–૪૯) સાથે સાંકળીએ તો કણિષ્ક જૂથના છેલ્લા રાજા વાસુદેવ (વર્ષ ૬૭ થી ૯૮ના લેખો પ્રાપ્ત થયાં છે) ને આપણે (૨૪૮ + ૬૭[૪૭] =૩૧૫ થી ૨૪૮+૯૮[૪૮] = ૩૪૬) ઈ. સ. ૩૧૫ થી ૩૪૬ની વચ્ચે શાસન કરતો ગણવો પડે. પરન્તુ ગુપ્તોનું મથુરા ઉપરનું આધિપત્ય સ્થપાયું[૪૯] તે અને તે પૂર્વે મથુરા ઉપર નાગવંશી સાત રાજ્યોનું પ્રભુત્વ હતું[૫૦] તે હકીકતો સાથે બંધ બેસે નહીં. આથી પણ મજુમદારનો કલ્ચુરિચેદી સંવતનો સિદ્ધાન્ત કણિષ્કના સંદર્ભમાં સ્વીકારી શકાય નહીં.

ઉપર્યુક્ત વિવરણથી એટલું સ્પષ્ટ થાય છે કે કણિષ્કનો વિક્રમ, શક કે કલચુરિ સંવત સાથે કોઈ સંબંધ હતો નહીં; એટલું પણ અનુમાની શકાય કે કણિષ્કનો સત્તાકાલ અને તે દ્વારા કુષાણવંશનો સત્તાકાલ પશ્ચિમ ક્ષત્રપ રાજા મહાક્ષત્રપ રુદ્રદામાના શાસનાંત પછી જ આરંભાયો સંભવે છે. આ માટેના પુરાવા અને દલીલો હવે ચકાસીએ.

---

૪૩ ઈન્ડિયન એન્ટીક્વેરી, ૧૯૧૭, પૃ. ૨૬૧થી, ઉપરાંત જુઓ: રમેશચંદ્ર મજુમદાર, રીડિંગ્સ ઇન પોલીટિકલ હિસ્ટરી ઑફ ઈન્ડિયા, દિલ્હી, ૧૯૭૬, પ્રકરણ–૧૧.

૪૪ Fan yeનું અવસાન ઈ.સ. ૪૪૯માં થયું, તે દષ્ટિએ એમનો આધાર શ્રધ્ધેય બને નહીં.

૪૫ Wei Luch ગ્રંથ ઇ.સ. ૨૩૯ અને ૨૬૫ વચ્ચે રચાયો હતો.

૪૬ બલદેવકુમાર, ઉપર્યુક્ત, પૃ. ૭૧.

૪૭ મથુરાની બુદ્ધપ્રતિમા લેખ વર્ષ ૬૭નો, પ્રોસિડિંગ્સ ઑફ ઇન્ડિયન હિસ્ટરી કોંગ્રેસ, હૈદરાબાદ બેઠક, પૃ. ૧૬૩.

૪૮ મથુરા જૈન લેખ વર્ષ ૯૮નો, જુઓ, એપિગ્રાફિકા ઇન્ડિકા, પુ. ૨, પૃ. ૧૦૮, નં. ૨૪.

૪૯ ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યનો વર્ષ ૬૧નો (ગુપ્ત સંવતનો) મથુરા સ્તંભ લેખ (જુઓ: દ. બા. ડિસ્કલકર, એનાલ્સ ઑફ ભાંડારકર ઓરિયેન્ટલ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, પુ. ૧૭, પૃ. ૧૬૬) પરન્તુ તે પૂર્વે સમુદ્રગુપ્તના સત્તાકાળ દરમિયાન મથુરા ઉપર ગુપ્તોનું પ્રભુત્વ સ્થપાઇ ચૂક્યું હતું.

૫૦ જુઓ, પરમેશ્વરીલાલ ગુપ્ત, કોઇન્સ, પૃ. ૪૧; ઉપરાંત વાયુપુરાણ પણ મથુરા ઉપર નાગવંશની સત્તાનો નિર્દેશ કરે છે.

મથુરા ઉપર ગુપ્તોની સત્તા સ્થપાઈ સમુદ્રગુપ્તના સત્તાકાલ દરમ્યાન (ઈ. સ. ૩૩૦ થી ૩૭૦). તે પૂર્વે ઇશુની બીજી સદી દરમ્યાન નાગવંશી શાસકોનો મથુરામાં ઉદય થયો અને ચોથી સદીના પ્રથમ ચરણ સુધી ૧૨ જેટલા નાગ રાજાઓએ સત્તા સંભાળી. આ દૃષ્ટિએ ગુપ્તોનું મથુરા ઉપર પ્રભુત્વ સ્થપાયું હોય ઈસ્વીસન ૩૫૦ આસપાસ. તે પૂર્વે નાગવંશના ૧૨ રાજાઓએ આશરે એક સૈકા સુધી રાજ્ય કર્યું હોય, એટલે ઈસ્વીસન ૨૫૦ થી ૩૫૦ સુધી નાગશાસકો મથુરા ઉપર રાજ્ય કરતા હોવા જોઈએ. તદનુસાર કુષાણવંશના મથુરામાંથી પ્રાપ્ત લેખોના આધારે તે પૂર્વે તેમની ત્યાં સત્તા પ્રવર્તતી હોય એટલે કે ઈ. સ. ૧૫૦ અને ૨૫૦ વચ્ચેના ગાળા દરમ્યાન કુષાણોએ મથુરા ઉપર પ્રભુત્વ જમાવ્યું હોય. આ દૃષ્ટિએ કણિષ્ક પશ્ચિમી ક્ષત્રપ રાજા રુદ્રદામાના અવસાન પછી જ રાજ્ય સંપાદન કરી શક્યો હોય તે વધારે સંભવિત લાગે છે.

ગ્રીક રાજાઓએ ઈશુ પૂર્વે ૧૩૦ કે ૧૨૦માં બેક્ટ્રિયા ઉપરનું પ્રભુત્વ ગુમાવ્યા પછી હિન્દુકુશ ગિરિમાળા અને સિંધુ નદીના વચ્ચેના વિસ્તારો ઉપર રાજ્ય કર્યું હોવાના સિક્કાઓના પુરાવા પ્રાપ્ત થયા છે.[૫૧] અહીં ત્યારથી આશરે ૨૦થીય વધારે ગ્રીક રાજાઓએ રાજ્ય કર્યું હતું એવી સાબિતી તેમના સિકકાઓએ પૂરી પાડી છે. આ એ જ વિસ્તાર કે જ્યાં કુષાણવંશના આરંભના બે રાજાઓ–કુજુલ અને વીમ–નું રાજકીય પ્રભુત્વ હતું. આ જ વિસ્તારો ઉપર આ જ સમય દરમિયાન શક–પહ્લવોની બે શાખાઓનાં આશરે વીસ જેટલા શાસકોએ સત્તાનાં સૂત્રો સંભાળ્યાં હતાં. આ હકીકત પણ સિક્કાઓથી પુરવાર થયેલી છે.[૫૨]

આથી સ્પષ્ટ. અનુમાન કરી શકાય કે આ વિસ્તારો ઉપર ઈ. પૂ. ૧૩૦થી લગભગ ત્રણ સદી સુધી ગ્રીક; શક, પહ્લવ શાસકો પ્રભુત્વ ધરાવતા હોઈ કુષાણોની હકૂમત તે વિસ્તારો ઉપર ત્યારે સંભવી શકે નહીં. વિદેશી પ્રજાઓના, મધ્યએશિયામાં થયેલી ઉથલપાથલનાં સંદર્ભમાં,[૫૩] ભારત આગમનની પ્રક્રિયાના ક્રમનું નિરીક્ષણ કરતાં પણ સ્પષ્ટ થાય છે કે કુષાણો-ગ્રીક, શક, પહ્લવ પ્રજાના આગમન પછી જ ભારતમાં આવ્યા. આ બધી દૃષ્ટિએ વિચારતાં એવું સ્પષ્ટ અનુમાન થઈ શકે કે ભારતના વાયવ્ય પ્રાન્તોમાં કુષાણોનું રાજકીય પ્રભુત્વ ઈશુની બીજી સદી દરમ્યાન સ્થપાયું હોય. આ સંદર્ભમાં કણિષ્કનું રાજ્યારોહણ બીજી સદીના ઉત્તરાર્ધમાં થયું હોવા સંભવે છે.

જ્યાંથી કણિષ્કકુલના સિક્કાઓ અને અભિલેખો મળ્યા છે તે મથુરા અને કૌશામ્બી ઉપર વીસ વીસ જેટલા રાજાઓ અને ક્ષત્રપોની વણતૂટી સત્તા કુષાણો પૂર્વે હોવાનું મંતવ્ય પરમેશ્વરીલાલ ગુપ્તે રજૂ કર્યું છે.[૫૪] આ દૃષ્ટિએ આ વિસ્તારો ઉપર ત્રણેક સૈકા સુધી આ રાજાઓની હકૂમત હતી. મૌર્યો-શુંગોની સત્તાના અંત પછી એટલે કે ઈશુ પૂર્વે ૧૫૦ પછી ત્રણ સૈકાનો સમય ગાળો મૂકતાં ઈ. સ. ૧૫૦ પછી મથુરા-કૌશામ્બી ઉપર કણિષ્કની સત્તા સ્થપાઈ હોય.

---

૫૧ સંદર્ભ માટે જુઓ પાદ નોંધ ૧ મુજબનો ગ્રંથ પૃ. ૬૬-૬૭.

૫૨ એજન.

૫૩ જુઓ, રસેશ જમીનદાર, ઇતિહાસ સંશોધન, પ્રકરણ-૧૨.

૫૪ સંદર્ભ માટે જુઓ, રમેશચંદ્ર મજુમદાર, ઉપર્યુક્ત, પૃ. ૬૭.

પશ્ચિમી ક્ષત્રપ રાજાઓની ભાગૌલિક મર્યાદા રુદ્રદામાના સમયમાં અતિ વિસ્તૃત હતી.[૫૫] એ દૃષ્ટિએ પણ ઈશુની બીજી સદીના પૂર્વાર્ધમાં કણિષ્ક સત્તાધીશ હોવાનું સાબિત થતું નથી.

પ્રાચીન લિપિવિદ્યાના કેટલાક પુરાવા પણ ઉપર્યુક્ત મંતવ્યને સમર્થન આપે છે. કુષાણો અને ગુપ્તોના અભિલેખોના અક્ષરો વચ્ચેનું સામ્ય બ્યૂહલરે[૫૬] સાબિત કરી બતાવ્યું છે. કણિષ્કના વર્ષ ૧૪ના મથુરાના પીઠિકાલેખમાંના[૫૭] અક્ષરો સમુદ્રગુપ્તના અલ્લાહાબાદના સ્તંભલેખમાંના[૫૮] અક્ષરો સાથે ગાઢ સામ્ય ધરાવે છે; તેવી જ રીતે કુષાણોના મથુરાના અભિલેખોમાંના અક્ષરો ચંદ્રગુપ્ત-વિક્રમાદિત્યના વર્ષ ૬૧ના મથુરાના લેખ[૫૯] સાથે ઘણું સામ્ય ધરાવે છે. સ્મિથ[૬૦] દર્શાવે છે તેમ વજન, પ્રકાર, પદ્ધતિ અને પેલિયોગ્રાફીની બાબતમાં પણ ગુપ્ત સમ્રાટોના સિક્કાઓ અને કણિષ્ક, હુવિષ્ક વાસુદેવના સિક્કાઓ વચ્ચે ગાઢ સંબંધ હોવાનું મનાય છે. કુષાણ સિક્કાઓની કેટલીક અસર ગુપ્ત સિક્કાઓ ઉપર જોવી પ્રાપ્ત થાય છે. જો કુષાણો અને ગુપ્તો વચ્ચે, વિક્રમ કે શક સંવત આધારિત સમયનિર્ણય કરીએ તો, લગભગ દોઢ બે સદીનું અંતર પડે. કાલગ્રસ્ત વંશના સિક્કાઓનું અનુકરણ ગુપ્તો જેવા શક્તિસંપન્ન સમ્રાટો કરે ખરા ? આથી એવું કહી શકાય કે કુષાણો અને ગુપ્તો વચ્ચે ઝાઝું અંતર હોઈ શકે નહીં. આમ, સિક્કાઓ અને શિલાલેખોની દૃષ્ટિએ કુષાણો અને ગુપ્તોનો સમય પરસ્પરની નજીકનો હોવાનું કહી શકાય. બૈજનાથપુરી[૬૧] અને બલદેવકુમાર[૬૨] કણિષ્કના રાજ્યારોહણને ઈ. સ. ૧૪૪ની આસપાસ મૂકે છે. હિન્દુકુશની દક્ષિણે યુએચી સત્તાના પ્રભાવના દસ્તાવેજો ત્રીજી સદી પૂર્વેના થતા નથી.[૬૩] સમુદ્રગુપ્તના અલ્લાહાબાદના સ્તંભલેખમાં ‘દેવપુત્ર શાહાનુ શાહીનો ઉલ્લેખ દર્શાવે છે કે ચોથી સદીમાં ઉત્તરકાલીન કુષાણો (કુષાણવંશના ત્રીજા કુલના શાસકો) ભારતમાં સત્તાધીશ હતા. ઈ. સ ૩૦૧ થી ૩૦૯ દરમિયાન સસાની રાજા હોર્મિસદાસ (Hormisdas) ૨ જાને કોઈ કુષાણ રાજાએ પોતાની કુંવરી પરણાવી હતી.[૬૪]

---

૫૫ રાજ્યવિસ્તાર માટે જુઓ : રસેશ જમીનદાર, ક્ષત્રપકાલનું ગુજરાત, પૃ. ૭૮ અને પ્રકરણ ૫, નકશો, નં. ૨.

૫૬ સંદર્ભ માટે જુઓ પાદ નોંધ ૫૪ મુજબ, પૃ. ૬૮.

૫૭ એપિગ્રાફિકા ઈન્ડિકા, પુ. ૧૯, પૃ. ૯૬.

૫૮ જએસોબે, પુ. ૩, પૃ. ૧૧૮.

૫૯ એપિગ્રાફિકા ઈન્ડિકા, પુ. ૨૧, પૃ. ૧.

૬૦ જરોએસો, ૧૯૦૩, પૃ. ૩૫, ઉપરાંત ‘કેટલૉગ ઑફ કોઈન્સ ઈન ધ ઈન્ડિયન મ્યુઝિયમ,’ ભાગ ૧, પૃ. ૯૭.

૬૧ ઈન્ડિયા અન્ડર ધ કુષાણ્સ, પૃ. ૪૯–૫૦.

૬૨ ધ અર્લી કુષાણ્સ, પૃ. ૭૪–૭૫.

૬૩ મજુમદાર રમેશચંદ્ર, ઉપર્યુક્ત, પૃ. ૬૯.

૬૪ એજન.

આ બધા પુરાવાઓથી કહી શકાય કે કુષાણ સમ્રાટ કણિષ્કે ઈશુની બીજી સદીની ઉત્તરાર્ધમાં સત્તા સ્થાપી અને વિસ્તારી, ખાસ કરીને પશ્ચિમી ક્ષત્રપ રાજા રુદ્રદામાના અવસાન પછીથી. આ માટે કોઈ ચોક્કસ વર્ષનો નિર્દેશ કરવો હાલના તબક્કે શક્ય નથી. કણિષ્કે કયો સંવત શરૂ કર્યો હતો તે પણ પ્રાપ્ત પુરાવાઓ ઉપરથી સાબિત થતું નથી. પરન્તુ એટલું જ સૂચવી શકાય કે પશ્ચિમી ક્ષત્રપ રાજા રુદ્રદામાના અમલના અંત પછી અને મથુરા ઉપરના નાગવંશી રાજાઓના અમલ પૂર્વે કણિષ્કજૂથના રાજાઓએ રાજ્ય કર્યું હોય તે વધારે સંભવિત જણાય છે.

---

૬૫ ઈ. સ. પૂ. ૧૦ની આસપાસ હિયૂંગનુના હાથે યુએચીનો પરાજય થયો. તેથી યુએચીઓ તાહિયામાં સ્થિર થયા, અને પાંચ વિભાગમાં વહેંચાઈ ગયા, જેમાં એક વિભાગ કુષાણ નામે ઓળખાયો. આ પછી આશરે ૧૦૦ વર્ષે કુષાણનેતા ચલુગે અન્ય ચાર જૂથો ઉપર આક્રમણ કર્યું અને પોતાનામાં ભેળવી દીધા પછી તે સમ્રાટ બન્યો. તે પછી પાર્થિયા ઉપર આક્રમણ કર્યું. કાબુલ ઉપર કબજો જમાવ્યો. કિપિન જીત્યું અને ૮૦ની વચ્ચે અવસાન પામ્યો. એનો પુત્ર રાજા બન્યો અને એણે ભારત જીત્યું. આ સમયથી યુએચીઓ શક્તિસંપન્ન બન્યા. આ દૃષ્ટિએ પણ કહી શકાય કે કણિષ્ક: ઈશુની બીજી સદીના ઉત્તરાર્ધમાં સત્તાધીશ થયો હોય.

# માણિક્યસુંદરસૂરિકૃત પૃથ્વીચંદ્રચરિત્ર

બિપિન ઝવેરી

**પ્રાસ્તાવિક :**

ડૉ. ભોગીલાલ સાંડેસરાએ કહ્યું છે તેમ, જૈન ભંડારોમાં બૃહત્કાવ્યદોહનના સોથીયે વધુ વૉલ્યૂમો થાય એટલું ગદ્યસાહિત્ય ભરેલું પડયું છે. આમાંનું બહુ જ ગણુતર ગદ્ય ' મુગ્ધાવબોધ ઔક્તિક,' ' પ્રાચીન ગુજરાતી ગદ્ય સંદર્ભ ' વગેરેમાં પ્રગટ થયું છે.

એ રીતના પ્રકટ–અપ્રકટ ગદ્યસાહિત્યમાં માણિક્યસુંદરસૂરિ–વિરચિત પૃથ્વીચંદ્રચરિત્ર નામની કલ્પિત ધર્મકથા, ખાસ કરીને તેના સાહિત્યિક મૂલ્યને કારણે, મોખરાનું સ્થાન ધરાવે છે.

**કર્તા :**

' પૃથ્વીચન્દ્રચરિત્ર 'ના કર્તા માણિક્યસુંદરસૂરિ અંચલગચ્છના મેરુતુંગના શિષ્ય છે. તેમનો વિશેષ પરિચય મોહનલાલ દલીચંદ દેસાઈ—સંપાદિત " જૈન ગુર્જર કવિઓ "ના ત્રીજા ભાગના પહેલા ખંડમાં—બત્રીસમા કવિ તરીકે પૃ. ૪૪૩ ઉપર અને અલ્પાંશે તે જ બૃહદ્ ગ્રંથના પહેલા ભાગમાં પાંત્રીસમા કવિ તરીકે આપેલો છે. જિજ્ઞાસુઓને ત્યાં જોઈ લેવા વિનંતી છે.

**વાર્તાનું મૂળ**

પૃથ્વીચંદ્રની કથા આમ તો માણિક્યસુંદરસૂરિએ ઉપજાવી કાઢી છે. એ રીતે એ ઐતિહાસિક નહિં પણ કલ્પિત ધર્મકથા છે. જેણે આવી જાતજાતની કથાઓ સાંભળી હોય, વાંચી હોય, તેને આવી કથા સ્ફુરવાનું સરળ છે.

વસ્તુમાં એવી કોઈ અસાધારણ વિશેષતા પણ નથી. છતાં વસ્તુબીજનાં પગેરાં શોધવાં જ હોય તો આપણને સૌથી વધુ સામ્ય ' કથાસરિત–સાગર 'ના અલંકારવતી લંબકમાં જોવા મળે છે. એ લંબકના પહેલા તરંગમાં પ્રતિષ્ઠાન નગરનો રાજા પૃથ્વીરૂપ મુક્તિપુરની રાજકન્યા રૂપલતાને વરે છે. અહીં પ્રતિષ્ઠાન નામ તે તેનું તે જ છે. પૃથ્વીરૂપ નામ પૃથ્વીચંદ્રને મળતું છે.

પૃથ્વીરૂપ જ્યારે લગ્ન કરવા જાય છે, ત્યારે ત્યારે તેની સેનાને અટવીમાં ભીલો સાથે યુદ્ધ કરવું પડે છે. આપણી આ કથામાં યુદ્ધ ભલે ન હોય, અટવીમાં ભીલોની આસન્નતા તો છે જ.

પૃથ્વીરૂપ, અને પૃથ્વીચંદ્ર લગ્ન પછી થોડો સમય સાસરે રહે છે, પણ આ સામ્ય ભાગ્યે જ એકબીજા પરની અસર ગણી શકાય ; કારણ કે પ્રાચીન રાજવીઓમાં આમ થતું. અર્જુન પણ પોતાને સાસરે લાંબા વખત સુધી રહ્યો હતો.

---

* મુંબઈ મહાવીર જૈન વિદ્યાલયની સુવર્ણજયંતી વખતે, વિદ્વત્સભા સમક્ષ વંચાયેલ નિબંધ

કંઈક સામ્ય ' કથા–સરિતાસાગર 'ના–અલંકારવતી લંબકના પાંચમા તરંગમાં પણ દેખાય છે. ત્યાં એક ભયંકર સ્ત્રી રાજાના બાળપુત્રને લઈને તળાવમાં અલોપ થાય છે, તો અહીં હંસ રત્નમંજરીને લઈને તળાવમાં પેસી જાય છે.

અલંકારવતી લંબકના ચોથા તરંગમાં શ્રીયતિની કથાને મળતું વસ્તુ છે. તેમાં સમુદ્રશૂરનું વહાણ ભાગે છે; તે મડદા પર બેસીને કિનારે પહોંચે છે ( પાટિયા ઉપર નહીં ), અને મૃતદેહનાં રત્નો મેળવી લે છે. આથી રાજાના સૈનિકો તેને ચોર ગણે છે. ત્યાં તેનો બચાવ આકાશવાણી વડે થાય છે.

## વસ્તુ વિવરણ

આપણી વાર્તામાં પૃથ્વીચંદ્ર અને રત્નમંજરી નાયક–નાયિકા છે અને તેમનાં લગ્ન એ મુખ્ય કથા છે. રત્નમંજરીનું હરણ અને છ મહિના પછી તેનું પુનરાગમન એ પેટા–કથા મૂળ કથાને વધુ રળિયામણી બનાવે છે. ધર્મનાથ માટેનો વિસ્તાર જરા આડકથા જેવો લાગે છે, પણ કર્તાને જૈનધર્મનો પ્રચાર કરવો હોવાથી તેઓ આમ કરે તે સ્વાભાવિક છે. એમાં તેમના શ્રોતા–વર્ગને સહેજ પણ વિષયાંતર ન લાગે. પૂર્વ-જન્મની વાતો ચમત્કૃતિ અને ધર્મપુષ્ટિ એ બન્ને લાભ એક સાથે સાધી આપે છે.

કથામાં જ્યાં જ્યાં તક મળી ત્યાં લેખકે લાંબી યાદીઓ આપી છે. આવી યાદીઓને ' વર્ણક ' કહે છે. તે જમાનાના ઉંમર ૨૦ ઉપરના અને કદાચ તે નીચેના શ્રોતાઓને પણ આવાં વર્ણકો સાંભળવામાં સારો રસ પડતો હશે જ તેમ લાગે છે. મધ્યકાલીન શ્રોતાઓ, તેમની માનસકક્ષા અને જ્ઞાનપ્રાપ્તિનાં તે કાળનાં અતિ મર્યાદિત સાધનો યાદ કરીએ તો આ વાત આપણને સહેલાઈથી સમજાય.

સાવ છેલ્લા ભાગમાં લેખકે વાર્તાને, ગમે તે કારણે, બહુજ ઝડપથી સમેટી લીધી છે. વસ્તુ-સંકલનાની દૃષ્ટિએ આ એક ત્રુટિ ગણી શકાય. કૃતિના અંતિમ ભાગમાં લેખકનો વર્ણક–શોખ અને વર્ણન–શોખ બંને ઘટી જાય છે. અમુક ચાતુર્માસ [ એક શહેરમાં સ્થાયીવાસમાં ] કથા પૂરી કરવાનું પ્રયોજન આ ઉતાવળની પાછળ કામ કરી રહ્યું હોય એ અસંભવિત નથી.

કવિએ ૨૪ તીર્થંકરોમાંથી ધર્મનાથને શા માટે પસંદ કર્યા, તેનું કારણ કલ્પવું મુશ્કેલ છે. તે કાળે પેંઠણમાં ધર્મનાથનું દેરાસર મુખ્ય હોય તે અશક્ય નથી અને માટે કર્તાએ તે તીર્થંકરની કથા મૂળ કથામાં સાંકળી લીધી એવો તર્ક કરી શકાય.

## ધર્મબોધ–જૈનબોધ

ગ્રંથ ધર્મ ઉપદેશ માટે જ લખાયેલ છે. લગ્ન થતાં પહેલાં જે અદ્ભુત રસ આવે છે તે ધર્મપોષક છે.

પૂરા દોઢ ઉલ્લાસ સુધી તીર્થંકર ધર્મનાથના જન્મથી કેવળ–જ્ઞાન સુધીની કથા કહેવામાં આવી છે. તે ઇતિહાસને કથા સાથે કશો સીધો સંબંધ નથી. નાયકને કેવળ જ્ઞાન થાય છે. ઉડતા જૈન મુનિ આવે છે, જેને ચારણ મુનિ કહે છે. પુણ્યની મહત્તા વિસ્તારથી કહેવામાં આવી છે.

ધ્યાનમાં શુકલધ્યાન, જ્ઞાનમાં કેવળ–જ્ઞાન અને દર્શનમાં જૈન-દર્શનને ઉત્તમ કહ્યાં છે. જૈન ધર્મ જ સાચો છે, અન્ય ધર્મ મિથ્યા છે અને ખોટા છે એવું વિધાન કથામાં મળે છે. કથાના પ્રારંભમાં સંસ્કૃત શ્લોકમાં ખાસ જુદી જૈન સરસ્વતી કલ્પીને વંદન કર્યું છે. "પૃથ્વીચંદ્ર જૈનધર્મ આચરે છે માટે રત્નમંજરીને વરવા યોગ્ય છે" એવું વિધાન છે. કથાના અંતમાં ઉલ્લેખાયેલો કથા–શ્રવણ દ્વારા પ્રાપ્ત થતો ધર્મલાભ મહત્ત્વનો છે.

રત્નમંજરીનું અપહરણ થાય છે ત્યારે બ્રાહ્મણ ભાગે છે એવો ઉલ્લેખ કદાચ જૈન સંભવતઃ વણિક કવિનો જૈનેતર પ્રત્યેનો, મશ્કરીયુક્ત તિરસ્કાર દર્શાવે છે. આ કથામાં નિરૂપાયેલી, શ્રદ્ધા દરેક ભારતીય દર્શનમાં જોવા મળે છે, માત્ર જૈન દર્શનમાં નહિ.

## ગદ્યનો વિકાસ

"गद्यं कवीनां निकषं वदन्ति।"

ભારતમાં સૌથી પહેલું ગદ્ય તે યજુર્વેદ. તે પછી આવે છે યાસ્ક અને પતંજલિનાં, ગદ્યમાં લખાયેલાં, ભાષ્યો. આ જ કાળમાં, બૌદ્ધ જાતક કથાઓ પણ ગદ્યમાં લખાયેલી છે.

શંકરાચાર્યનું શાંકરભાષ્ય પ્રભાવશાળી ગદ્યનો ઉત્તમ નમૂનો છે. પંચતંત્ર અને હિતોપદેશ સરળ બોલચાલની સંસ્કૃત ભાષાના કથાસાહિત્યના ઉત્તમ નમૂના છે. એથી ઊલટું કાદંબરી પ્રચુર સમાસ અને કઠિન શબ્દયુક્ત ગદ્યની પરિસીમા દર્શાવે છે.

પ્રાકૃતમાં પણ ગદ્યની ઉત્તમ પરંપરા જોવા મળે છે. જૈન આગમનું પ્રાકૃત ગદ્ય ઉત્તમ છતાં સરળ છે.

બૌદ્ધોના ગ્રંથોમાં પ્રારંભમાં સરળ અને પાછળથી આલંકારિક પ્રાકૃતનાં દર્શન થાય છે.

જૈનોના કેટલાક અપભ્રંશો પાછલા કાળમાં આલંકારિક વિકસિત ગદ્યના નમૂનારૂપ છે.

અપભ્રંશ મૂકીને જૂની ગુજરાતીમાં આવતાં, મોટાભાગનું ઉપલબ્ધ ગદ્ય જૈનોનું છે, તેની હજારો કૃતિઓ જૈન ભંડારોમાં પડેલી છે. એને વિશે ડૉ. ભોગીલાલ સાંડેસરા લખે છે કે, "અત્યારે ઉપલબ્ધ થતું જૂનું ગદ્ય પણ એટલું વિપુલ છે કે એનું પ્રકાશન કરવામાં આવે તો 'બૃહત્ કાવ્ય દોહન'ના સુપ્રસિદ્ધ ગ્રંથો જેવડા ઓછામાં ઓછા ૧૦૦ ગ્રંથો તો સહેજે ભરાય..." આ વિધાનમાં સંભવ અલ્પોક્તિનો છે.

શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જૂની ગુજરાતીના ગદ્ય વિશે લખે છે—"૧૩મા શતકથી ૧૬મા શતક સુધીમાં ગુજરાતી ગદ્યનાં ત્રણ સ્વરૂપો જોવામાં આવે છે. બાલાવબોધના પહેલા પ્રકારમાં બાળકો અને મુગ્ધજનને પ્રવેશ કરાવે એવાં રોચક કથાનકો છે, અને ત્રીજામાં કાવ્યની સમીપ આવી જતું સોહાગી કસબી ગદ્ય છે." આપણો ગ્રંથ આ ત્રીજા પ્રકારનો છે.

## શૈલી ઇત્યાદિ

માણિક્યસુંદરસૂરિએ ગ્રંથનું નામ "પૃથ્વીચંદ્રચરિત્ર વાગ્વિલાસ' એવું રાખ્યું છે. સાચે જ આ કૃતિ ઉત્તમ વાગ્વિલાસ છે. હજારો મધ્યકાલીન ગદ્યોમાં આવું ઉત્તમ મધ્યકાલીન ગુજરાતી ગદ્ય ભાગ્યે જ પ્રાપ્ત થાય.

લેખકે મુખ્ય આધાર વર્ણ–ચમત્કૃતિ અને શબ્દ–ચમત્કૃતિ ઉપર રાખેલો છે. ઝડ–ઝમક, આંતરયમક, પ્રાસાનુપ્રાસ ઇત્યાદિ સૌ રીતિઓનો તેમણે પુરતો ઉપયોગ કરેલો છે. એમાં તે જ શૈલી ધરાવતી ડિંગલ ભાષાનાં લક્ષણો પણ સુસ્પષ્ટપણે દેખાય છે. આ સૌને કારણે એને પદ્ય–કલ્પ–ગદ્ય પણ કહી શકાય.

આ કૃતિમાં શબ્દો પુરતા પ્રમાણમાં વપરાયેલા છે! —સમાસોની સખ્યાં પણ સારી છે, અને કોઈ કોઈ સમાસો તો ઠીક ઠીક લાંબા છે. આમ ભાષામાં બોલચાલની ગુજરાતી અને શિષ્ટ–સાહિત્યની ગુજરાતી બંનેનો સમન્વય થયો છે.

## વર્ણન

પુસ્તકમાં નીચેનાં વર્ણનો ધ્યાન ખેંચે છે: પૃથ્વીચંદ્રની રાજસભા, અયોધ્યા નગરી, અટવી, યુદ્ધ, સ્વયંવર, વર્ષા, દરિયાનાં તોફાન, પ્રભાત, વસંત, સજ્જન, દુર્જન, કુભાર્યા, સુભાર્યા.

## યાદીઓ

નીચે દર્શાવેલા વિષયોનાં વર્ણન કરતાં દીર્ઘ નામાવલી જોવાં વિશેષ છે: પૃથ્વી પરનાં સમુદ્ર, દ્વીપ; નગરનાં ચૌટાં; રત્નો; ચોસઠ કળાઓ; બહોતેર વિજ્ઞાનો; બ્રાહ્મણો; પુરાણો, સ્મૃતિઓ; વાજિંત્રો; વાજિંત્રો વગાડવાની રીતો; હાથી, ઘોડા; હથિયારો; ૮૮ ગ્રહો.

## વંશો અને જ્ઞાતિઓ

તેમાં નવીનતા નવ ગ્રહને બદલે ૮૮ ગ્રહ કલ્પ્યા છે. આ ગ્રહનાં ઘણાં નામ પોતે ઉપજાવેલાં લાગે છે.

## ભાષા

આ ગ્રંથમાં શબ્દકોષ ઠીક મૂલ્યવાન છે. તે કાળની સાહિત્યની અને બોલચાલની ભાષાનું પરિશીલન કરતાં એનો ઠીક ઠીક ખ્યાલ આવી શકે છે. ભવિષ્યમાં આને આધારે તે કાળની ભાષાનું ૧૦૦–૧૫૦ પાનાંનું વ્યાકરણ લખવા ધારું છું— જો કોઈ સંસ્થા સોંપે તો.

## રસો

સામાન્ય રીતે લેખકે કોઈ એક રસ લઈને તેને બહેલાવવા સભાન પ્રયત્ન નથી કર્યો. મુખ્યત્વે તો કથારસ પ્રત્યે લેખકે લક્ષ–સંધાન કરેલું છે. છતાં નીચેનાં સ્થળે ચમત્કાર–જનિત અદ્ભુત રસ જોવા મળે છે:

(૧) મંજરીને હંસ પાંખમાં ઘાલી ઉપાડી જાય છે. (૨) આખા સરોવરમાં હંસ જડતો નથી. (૩) રત્નમંજરી કમળમાંથી નીકળે છે. (૪) આકાશવાણી. (૫) પૃથ્વીચંદ્રની સેના આકાશમાર્ગે અટવી પાર કરે છે. (૬) સમરકેતુ સાથેના યુદ્ધમાં કોઈ દૈવી વીર સહાય કરે છે. (૭) ધૂમકેતુદેવના મંત્રની આરાધના–તેથી થતો વૈતાલનો જન્મ, ફેલાવવામાં આવેલો અંધકાર. (૮) દિવ્યશ્રીને આવવા માટે ધરતીકંપ અને પૃથ્વીનું ફાટવું. (૯) દિવ્યશ્રીનું આગમન અને અંતે પૃથ્વી સંધાઈ જવી. (૧૦) તીર્થંકરભાષિત પૂર્વભવની કથા. (૧૧) સ્વયંવર

જોવા માટે દેવોનું આગમન. (૧૨) જંગલમાં વૈતાલ. (૧૩) ધર્મનાથની માતાને, જૈન પરંપરા મુજબ આવેલાં નિશ્ચિત ચૌદ સ્વપ્નો. (૧૪) તીર્થંકરના જન્મથી માંડીને ઇન્દ્રનું આસન ડોલવું, દિક્કુમારીઓ, પંચરૂપધારી ઇન્દ્ર, મેરુશિખર પર બાળ તીર્થંકરને લઈ જવા વગેરે જૈન પરંપરાને માન્ય ચમત્કારો. (૧૫) ઉડીને આવતા જૈન ચારણમુનિ.

## સમાજ–દર્શન

આમ તો કથા કલ્પિત છે. સ્થળકાળ પ્રાગૈતિહાસિક કાળનાં છે. છતાં ૫૦૦ વર્ષ પહેલાં ભારત અને ગુજરાતમાં શી સ્થિતિ પ્રવર્તતી હતી તેનો આ પુસ્તક પરથી ઠીક ઠીક ખ્યાલ આવે છે.

## અધ્યાત્મવૃત્તિ–ધર્મવૃત્તિ

રાજા અને લોકોએ પરબો, વાવો, કૂવાઓ ખોદાવેલાં છે. રાજાએ પોતે, મુખ્યત્વે જનકલ્યાણ અર્થે, સરોવર ખોદાવેલું છે.

સભારંજનની શક્તિ ધરાવતા કર્તાએ વારંવાર ધર્મ–સાધનાનો ઉલ્લેખ કર્યો છે. પ્રજાને અધ્યાત્મમાં કશી રુચિ ન હોય તો કવિ ધર્મ વિષે આટલા વિસ્તારથી ભાગ્યે જ લખી શકે.

સદાવ્રતો પણ દાનપ્રિયતા દર્શાવે છે. પુસ્તક પરથી ખ્યાલ આવે છે કે પ્રજામાં પુણ્યની અને તેનાં ફળની આકાંક્ષા હતી. આમ પુણ્ય તે માત્ર આત્મહિતાય–મોક્ષહિતાય નહીં, માત્ર કલ્યાણાર્થે નહિ, સુખાર્થે, લાભાર્થે પણ હોય એવી છાપ પણ પુસ્તકમાંથી કોઈ કોઈ સ્થળે ઊઠે છે. જેમ કે દ્રવ્યોપાર્જન માટે વિવિધ દેવ-દેવીઓની આરાધના; મધ્યકાલીન પ્રજાને એવી આકાંક્ષા હોય તે અસંભવિત નથી. આજે ય એવો વર્ગ ક્યાં ઓછો છે ?

## અતિમાનુષ તત્ત્વોમાં શ્રદ્ધા

લોકો જ્યોતિષમાં માને છે, શુભ મુહૂર્તમાં માને છે, ગ્રહશાંતિમાં માને છે. સ્વપ્ન અને તેનાં ફળમાં શ્રોતાઓને શ્રદ્ધા છે. શકુનશાસ્ત્રી પણ આ પુસ્તકમાં દેખા દે છે–સ્વપ્ન પાઠકની જેમ જ.

એક નવી વસ્તુ એ જોવા મળે છે કે પાણિયારી ઉપરાંત વિદ્યાર્થીનાં શુકન પણ શુભ ગણવામાં આવ્યા છે.

## પ્રજાનો ઉલ્લાસ

પ્રજા સુખી હોય એવી છાપ પુસ્તક વાંચતાં ઊઠે છે, જોકે આ છાપ સમાજની યથાતથ આરસી તો ન જ ગણી શકાય. પણ એ કાળમાં વસંતનો ઉલ્લાસ લોકોમાં ઘણો હતો. એમ ઇતર ગ્રંથો ઉપરથી જે માન્યતા બંધાય છે તેને આ ગ્રંથમાંથી પુષ્ટિ મળે છે. વસંતના આનંદ ઉલ્લાસ અને ક્રીડાનો સ્પષ્ટ ઉલ્લેખ માણિક્યસુંદર સૂરિએ કરેલો છે.

ભરાયેલું સરોવર જોવાનો ઉલ્લાસ પણ તે સમયની પ્રજામાં દેખાતો હશે એમ આ ગ્રંથ ઉપરથી લાગે છે.

પુસ્તકમાં આપણે ન જાણતા હોઇએ એવાં અનેક વસ્ત્રો અને અનેક વાજિંત્રોનો ઉલ્લેખ આવે છે. આ વસ્ત્રો અને અને વાજિંત્રો ઘરેડિયા યાદીમાંથી નહીં પણ સમકાલીન યાદીમાંથી લીધેલા લાગે છે. ઘરેણામાં પણ કેટલુંક નાવીન્ય છે. વસ્ત્રોનાં નામો ઇત્યાદિ તો ઉપયોગી સંશોધનનો એક સ્વતંત્ર વિષય બની રહે છે. સાથે સાથે સદાવ્રતનો પણ ઉલ્લેખ છે. એટલે પ્રજામાં સદાવ્રત ઉપર નભનારા માનવી તે કાળે પણ હશે.

## આર્થિક સ્થિતિ

કરોડપતિઓ, લખપતિઓ, ૮૪ ચૌટાં, નગરની આર્થિક સમૃદ્ધિ સૂચવે છે. આમાંનું કેટલુંક વર્ણન ગતાનુગતિક પણ હશે. છતાં પણ કેટલુંક સ્વાનુભૂત પણ લાગે છે. બ્રિટીશોનાં આગમન પહેલાંનાં ગૃહઉદ્યોગના એ સુખી કાળમાં આવાં ચૌટાં, આવા લત્તા, આવાં પરાં, મોટાં શહેરોમાં અશકય નથી. ત્યાં ઉત્પન્ન થતી વસ્તુઓમાંની કેટલીકની નિકાસ થતી હોય તે અશકય નથી.

આ જ રીતે કુભાર્યા, દુર્જન ઇત્યાદિનાં વર્ણનો સાવ કલ્પિત નહિ હોય—એવી વ્યક્તિઓ પણ સમાજમાં અસ્તિત્વ ધરાવતી હશે. અલબત્ત સમર્થ લેખકે એ ભાગો પણ પાનો ચઢાવીને લખ્યા છે. અલબત્ત, કુભાર્યાનું વર્ણન વધુમાં વધુ આચાર્યના મુખમાં શોભે, તીર્થંકરના મુખમાં આવી વાણી કંઈ નહીં તો, Profane લાગે છે.

## સ્વયંવર

માણિકયસુંદરસૂરિના કાળમાં સાચેસાચ સ્વયંવર થતા હોય એમ લાગતું નથી. છતાં પણ સ્વયંવર માટેની વિગતો તેમણે નીચે પ્રમાણે આપેલી છે, તે નોંધપાત્ર છે :

સૌભાગ્યવતી સ્ત્રીઓ ધોળ અને મંગલ ગાતી, કન્યાને સુગંધી જળથી સ્નાન કરાવતી અને સફેદ કપડાં પહેરાવતી. લગ્ન થયાં ન હોવા છતાં પણ સેંથીમાં સિંદૂર ભરાતું. મુખમાં પાનનું બીડું મુકાતું અને કન્યા નાનકડા સાગૈયા સાથે વરમાળા લઈને મંડપે જતી.

## લગ્ન :

લગ્નની વિધિ લગભગ અત્યારના જેવી જ છે. પૃથ્વીચંદ્ર રાજા છે માટે ઘોડાને બદલે હાથી ઉપર ચઢીને તોરણે આવે છે.

જન્મની વધામણી વખતે ગોળધાણા નહીં પણ ઘી-ગોળની લાણી કરવામાં આવે છે.

## રાજાની દિનચર્યા :

રાજાની દિનચર્યાનો સાચો અને લગભગ ઐતિહાસિક ખ્યાલ મળે છે. રાજસભાનાં અને તેમાં બેસનારાનાં વર્ણન પણ માત્ર કલ્પનામૂલક તો નથી લાગતાં.

# વસિષ્ઠ-અરુન્ધતી—એક સાંસ્કૃતિક અધ્યયન

મધુસૂદન મા. પાઠક

ભારતની પ્રાચીન સંસ્કૃતિએ માનવજીવન માટે અનેક આદર્શો આપ્યા છે. અનેક પ્રાતઃસ્મરણીય મહાપુરુષો અને સ્ત્રીઓ એવાં થઈ ગયાં છે કે જેમનાં જીવન ત્રણે ય કાલ માટે, જનજીવન માટે આદર્શ-રૂપ બન્યાં છે. અનેક પુરાણો, મહાભારત, રામાયણ અને શ્રુતિમાં જેમના વિષેના ઉલ્લેખો ઢેર ઢેર જોવામાં આવે છે તે મહર્ષિ વસિષ્ઠ અને તેમનાં પત્ની ભગવતી અરુન્ધતી—એ યુગલ એવું જ એક આદર્શ યુગલ હતું. પ્રસન્ન દામ્પત્યના એક ઉત્કૃષ્ટ અને અદ્વિતીય ઉદાહરણ રૂપે આ યુગલનું નામ ભારતીય જનસમાજની એક મહામૂલી સાંસ્કૃતિક મૂડી છે. પ્રસ્તુત લેખમાં આ બેઉ આદર્શ પતિ-પત્ની વિષયક ઉલ્લેખો જે સમગ્ર પ્રાચીન ભારતીય સાહિત્યમાંથી મળી આવે છે તેમના વિષે એક અભ્યાસમૂલક સાંસ્કૃતિક સમીક્ષણ રજૂ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ભારતમાં છેક પ્રાચીન કાલથી વિવાહ સંસ્કારના એક વિધિ તરીકે નવવિવાહિત યુગલને નભોમંડળમાંના સપ્તર્ષિઓના તારકવૃંદમાં સૌથી છેવટનો તારો અને તેની સાથેની નાની તારલી દર્શાવવામાં આવે છે. આ તારક અને તારિકાને અનુક્રમે મહર્ષિ વસિષ્ઠ અને ભગવતી અરુન્ધતીનું નામ આપવામાં આવ્યું છે. તેમનું દર્શન નવપરિણીત યુગલને કરાવવા પાછળનો આશય એ જ છે કે તેઓ પણ પ્રાચીન કાલના આ આદર્શ દમ્પતી જેવો, મહાકવિ ભવભૂતિ કહે છે[1] તેમ વૃદ્ધાવસ્થામાં પણ જેમાંનો રસ ન્યૂન થતો નથી તેવો પ્રેમ સિદ્ધ કરી શકે.

મહર્ષિ વસિષ્ઠ પોતે તો સપ્તર્ષિઓમાંના એક હોવાથી સપ્તર્ષિમંડલના તારકવૃન્દમાં સ્થાન પામ્યા છે, પણ તેમાં અન્ય કોઈ ઋષિપત્નીનું સ્થાન નથી. જ્યારે મહર્ષિ વસિષ્ઠનાં અર્ધાંગના ભગવતી અરુન્ધતીનું સ્થાન આમ ચિરકાલ માટે સ્થાપિત થઈ ચૂક્યું છે એ શું દર્શાવે છે ? આ પ્રશ્નનો ઉત્તર એ જ છે કે ભગવતી અરુન્ધતીએ પોતાની નિઃસીમ પતિભક્તિના તપથી અર્જિત શક્તિ વડે જ પતિની સાથે આવું ચિરકાલીન સમાનાધિકરણ્ય પ્રાપ્ત કર્યું છે.

હવે પ્રથમ મહર્ષિ વસિષ્ઠ વિષયક નિર્દેશો તરફ વળીએ તો સમગ્રતયા જોતાં લાગે છે કે ‘વસિષ્ઠ’એ નામ કોઈ વ્યક્તિગત ઋષિનું જ હોય તેવું નથી, પણ સંભવતઃ આખા ગોત્રનું નામ છે, અને આથી જ પ્રાચીન સાહિત્યમાં લગભગ બારેક જેટલા મહર્ષિઓ આ નામના થઈ ગયા છે. એ સર્વ ઋષિઓએ પોતપોતાના જીવનકાલ દરમ્યાન જે મહાન્ કાર્યો કર્યાં તે વસિષ્ઠના નામે જ ચઢયાં અને તેથી તેમના નામનો આવો મહાન પ્રભાવ ઉદ્ભવ્યો. આમ છતાં આ બાર વસિષ્ઠોમાંથી કેટલાક એટલા બધા તો પ્રસિદ્ધ થયેલા છે કે તેમને માટે નિશ્ચત રીતે જાણી શકાય એમ છે.

---

1 जरसा यस्मिन्नहार्यो रसः ।

ઉત્તરરામચરિત ( મહાજન બુક ડીપો, અમદાવાદની આવૃત્તિ ), ૧, ૩૯.

વસિષ્ઠ ગોત્રના આદિપુરુષ મહર્ષિ વસિષ્ઠ જેમના નામે વસિષ્ઠ એ સંજ્ઞા વાળો બ્રાહ્મણ વંશ ચાલ્યો તેઓ સ્વાયંભુવ મન્વન્તરમાં ઉત્પન્ન થયેલા બ્રહ્માજીના દશ માનસપુત્રોમાંના એક છે. આ બ્રાહ્મણવંશે શતાબ્દીઓ સુધી અયોધ્યાના ઇક્ષ્વાકુ વંશના રાજાઓના પુરોહિતનું પદ સંભાળ્યું છે.

વસિષ્ઠ બ્રહ્માજીના પ્રાણવાયુ (સમાન)થી ઉત્પન્ન થયા હતા તેવો ઉલ્લેખ ભાગવત[૨] પુરાણમાં છે. તેમનું લગ્ન દક્ષ પ્રજાપતિની ઊર્જા નામની કન્યા સાથે થયુ હતું. આમ તેઓ દક્ષના જમાઈ અને ભગવાન શંકરના સાઢુ હતા. પ્રસિદ્ધ દક્ષયજ્ઞ વખતે જ્યારે તેની પુત્રી સતીએ દેહોત્સર્ગ કર્યો ત્યારે તેથી ક્રુદ્ધ થયેલા ભગવાન્ શંકરે વીરભદ્ર નામનો ગણ ઉત્પન્ન કર્યો અને તેને દક્ષના એ યજ્ઞનો વિધ્વંસ કરવાની આજ્ઞા આપી. એ આજ્ઞાના પાલનમાં દક્ષની સાથે સાથે વસિષ્ઠનો પણ વધ કરવામાં આવ્યો.

વસિષ્ઠને બે પત્નીઓ હતી. એક પત્નીનું નામ ઊર્જા હતું જે દક્ષ પ્રજાપતિની પુત્રી હતી અને બીજી અરુન્ધતી જે પ્રજાપતિ કર્દમની નવ કન્યાઓમાં આઠમી કન્યા હતી. આ બે સિવાય તેમને શતરૂપા નામની ત્રીજી પત્ની પણ હતી એવા ઉલ્લેખો મળે છે.

ઉપર જણાવ્યું છે તેમ લગભગ બાર ઋષિઓ 'વસિષ્ઠ'ના નામથી પ્રસિદ્ધ છે, અને તેઓ વસિષ્ઠ ગોત્રના જ મહાપુરુષો છે. પહેલા વસિષ્ઠ દેવરાજ જેઓ અયોધ્યાના ત્ર્યારુણ, ત્રિશંકુ અને હરિશ્ચન્દ્ર એ રાજાઓના વખતમાં થઈ ગયા. બીજા પુરુષ તે વસિષ્ઠ આપવ જેઓ માહિષ્મતીના હૈહયવંશના પ્રસિદ્ધ રાજા કાર્તવીર્ય સહસ્રાર્જુનના વખતમાં હતા. આ ગોત્રના ત્રીજા પુરુષ તે વસિષ્ઠ અથર્વનિધિ પહેલા તરીકે જાણીતા છે, જેઓ અયોધ્યાના રાજા બાહુના સમકાલીન હતા. ચોથા વસિષ્ઠ શ્રેષ્ઠભાજ અયોધ્યાના કલ્માષપાદ સૌદાસ રાજાના વખતમાં તેના પુરોહિત હતા. પાંચમા વસિષ્ઠ તે વસિષ્ઠ અથર્વનિધિ દ્વિતીય તરીકે ઓળખાય અને તેઓ અયોધ્યાના રાજા દિલીપ ખટ્વાઙ્ગના પુરોહિત અને ગુરુ હતા. આ રાજા નિઃસંતાન હતો તેથી તેને સ્વર્ગની કામધેનુ સુરભિની પુત્રી નંદિનીની સેવા કરવાનો તેના ગુરુ વસિષ્ઠે આદેશ આપ્યો હતો, અને તેની પરિચર્યામાં રાજા દિલીપને હિમાલય પર કુંભોદર નામના ભગવાન્ શંકરના ગણનો તેણે સિંહનું રૂપ લઈ નંદિનીનું ભક્ષણ કરવા તરાપ મારવા જતાં સામનો કરવો પડયો હતો. છેવટે નંદિની તેની સેવાથી પ્રસન્ન થઈ તેને પુત્ર પ્રાપ્તિનું વરદાન આપે છે તે પ્રસંગ કવિકુલગુરુ મહાકવિ કાલિદાસના રઘુવંશમાં બીજા સર્ગમાં ખૂબ હૃદયંગમ રીતે નિરૂપિત થયો છે. છઠ્ઠા વસિષ્ઠ તો રામ અને તેમના પિતા દશરથના સમકાલીન હતા એટલે તેઓ વિષે વધુ ચર્ચા અનાવશ્યક છે. સાતમા વસિષ્ઠ મૈત્રાવરુણ થઈ ગયા જેઓ ઉત્તર પાંચાલ પ્રદેશના રાજા પૈજવન સુદાસના વખતમાં હતા અને તેમનો નિર્દેશ ઋગ્વેદાદિ વૈદિક ગ્રંથોમાં મળે છે. આ કુલના આઠમા વસિષ્ઠ સંજ્ઞક પુરુષ તે વસિષ્ઠ શક્તિ એ નામથી પ્રસિદ્ધ છે. નવમા પુરુષ વસિષ્ઠ સુવર્ચસ એ નામથી પ્રખ્યાત છે. તેઓ હસ્તિનાપુરના રાજા સંવરણના સમકાલીન

---

૨ उत्सङ्गान्नारदो जज्ञे दक्षोऽङ्गुष्ठात्स्वयम्भुवः ।
प्राणाद् वसिष्ठः सञ्जातो भृगुस्त्वचि करात् क्रतुः ॥

ભાગવત (ગોરખપુર આવૃત્તિ), ૩.૧૨.૨૩

હતા. દશમા વસિષ્ઠ અયોધ્યના રાજા મુચકુંદના વખતમાં થઈ ગયા, અને અગિયારમા વસિષ્ઠ હસ્તિનાપુરના રાજા હસ્તિનના સમકાલીન હતા. બારમા વસિષ્ઠ વસિષ્ઠસ્મૃતિ નામના ધર્મશાસ્ત્ર વિષયક ગ્રંથના રચયિતા ગણાય છે.

મંત્રકાર તરીકે આ કુળના વસિષ્ઠોનો ઉલ્લેખ વાયુ, મત્સ્ય અને બ્રહ્માંડ એ પુરાણોમાં મળે છે. વાયુ (૫૯–૧૦૫–૧૦૬, મત્સ્ય, ૧૪૫, ૧૦૯–૧૧૦ બ્રહ્માંડ ૨, ૩૨, ૧૧૫–૧૧૬) આમાંથી પ્રાપ્ત થતી નામાવલિ નીચે મુજબ છે ઈન્દ્રપ્રતિમ, કુંડિન, પરાશર, બૃહસ્પતિ, ભરદ્વસુ, ભરદ્વાજ, મૈત્રા વારુણિ, વસિષ્ઠ, શક્તિ, સુદ્યુમ્ન.

રામાયણમાં જે વસિષ્ઠનો ઉલ્લેખ છે તેઓ રાજા દશરથ અને રામના પુરોહિત હતા. તેઓનું નીતિવિશારદ, મંત્રી અને પુરોહિતના–રૂપમાં ચિત્રણ વાલ્મીકિ રામાયણમાં જોવા મળે છે. તેઓ સર્વશ્રેષ્ઠ બ્રહ્મજ્ઞાની તથા તપસ્વીઓમાં શ્રેષ્ઠ હતા.[3] પોતાની તપસ્યાના બળે તેમણે બ્રહ્મર્ષિપદ પ્રાપ્ત કર્યું હતું. તેઓ અત્યંત શાંતિસંપન્ન, ક્ષમાશીલ અને સહિષ્ણુ હતા. દશરથ રાજાના પુરોહિત હોવાથી તેઓ તેમના પુત્રકામેષ્ટિ યજ્ઞમાં મુખ્ય ઋત્વિજ હતા. રામ અને લક્ષ્મણનું નામ કરણ પણ તેમણે કર્યું હતું.

વસિષ્ઠ એક મહર્ષિ હતા અને તેઓ માંધાતાના પુત્ર મુચુકુંદના રાજપુરોહિત હતા.

મહર્ષિ વસિષ્ઠ રાજા શ્રાદ્ધદેવના પુરોહિત હતા તેવો ઉલ્લેખ પણ મળે છે. રાજા શ્રાદ્ધદેવને કોઈ સંતાન ન હતું, આથી તેમણે મિત્રવરુણોને પ્રસન્ન કરવા એક યજ્ઞ કર્યો. શ્રાદ્ધદેવની પત્ની શ્રદ્ધાની ઇચ્છા હતી કે તેને કન્યા રત્નની પ્રાપ્તિ થાય તો સારું. તેની ઇચ્છાનુસાર એ યજ્ઞ દ્વારા તેને પુત્રી થઈ તેનું નામ ઈલા પાડવામાં આવ્યું. પણ શ્રાદ્ધદેવને પોતાને પુત્રની ઇચ્છા હતી. આથી તેમણે આ પુત્રીનું સુદ્યુમ્ન નામના પુત્રમાં રૂપાંતર કર્યું.[4]

મહર્ષિ વસિષ્ઠ અને રાજા નિમિનો કલહ પણ ખૂબ પ્રસિદ્ધ છે. નિમિ અયોધ્યાપતિ રાજા ઈક્ષ્વાકુનો બારમો પુત્ર હતો અને તેણે 'વિદેહ' પ્રદેશના રાજ્યની સ્થાપના કરી હતી. એક વાર

---

૩ एवमुक्तो महातेजा वसिष्ठो जपतां वरः ।
आजुहाव ततः प्रीतः कल्माषी धूतकल्मषः ॥
રામાયણ (પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરાની આવૃત્તિ), ૧.૫૧.૨૦

૪ (i) अप्रजस्य मनोः पूर्वं वसिष्ठो भगवान् किल ।
मित्रावरुणयो रिष्टिं प्रजार्थमकरोत् प्रभुः ॥
तत्र श्रद्धा मनोः पत्नी होतारं समयाचत ।
दुहित्रर्थमुपागम्य प्रणिपत्य पयोव्रता । ભાગવત ૯–૧, ૧૩–૧૪

(ii) होतुस्तद्व्यभिचारेण कन्येला साभवत् ।
तां विलोक्य मनुः प्राहः नातिहृष्टमना गुरुम् ॥ ભાગવત ૯-૧, ૧૬

(iii) एवं व्यवसितो राजन् भगवान् स महायशा ।
अस्तौषीदादिपुरुषमिलायाः पुंस्त्वकाम्यया: ॥
तस्मै कामवरं तुष्टो भगवान् हरिरीश्वरः ।
ददाविलाभवत् तेन सुद्युम्नः पुरुषर्षभः । ભાગવત ૯, ૧, ૨૧-૨૨

તેણે હજાર વર્ષ સુધી જેનું સત્ર ચાલ્યા કરે એવા એક મહાયજ્ઞનું આયોજન કર્યું. સ્વાભાવિક રીતે જ આ યજ્ઞના આચાર્યપદ માટે તેણે પોતાના કુલગુરુ વસિષ્ઠને નિમંત્રણ આપ્યું. વસિષ્ઠ તે વખતે બીજા એક મોટા યજ્ઞમાં રોકાયેલા હતા એટલે તેમણે રાજા નિમિને પાંચસો વર્ષ રાહ જોવા કહ્યું ને પોતે ઈન્દ્રના યજ્ઞમાં ગયા. ઈન્દ્રનો યજ્ઞ સમાપ્ત થતાં તેઓ રાજા નિમિ પાસે આવ્યા. પણ તેણે તો મહર્ષિ ગૌતમના આચાર્યપદે એ યજ્ઞ ક્યારનો યે શરૂ કરી દીધો હતો. ઈન્દ્રનો યજ્ઞ પૂરો થયા પછી મહર્ષિ વસિષ્ઠ નિમિ પાસે આવ્યા. ત્યારે તેમને ખબર પડી કે નિમિએ તો યજ્ઞ શરૂ કરી દીધો હતો, એટલુંજ નહીં પણ ગૌતમને પોતાના મુખ્ય ઋત્વિજ પણ બનાવી લીધા હતા. આથી ક્રોધે ભરાઈને તેમણે પર્યંક પર સૂઈ રહેલા નિમિને શાપ આપ્યો કે "તારા દેહથી છૂટો પડી જઈ તું વિદેહ થઈ જશે." નિમિ આ સાંભળતાં જ એકાએક જાગી ગયો અને તેને આ શાપની જાણ થઈ. પણ ઊંઘી રહેલા પોતાને આમ શાપ આપતા ગુરુ પર તેને ખૂબ રોષ ચઢયો અને તેણે પણ ગુરુને એવો જ શાપ આપ્યો.[૫] રાજા નિમિના શાપથી વિદેહ થતાં વસિષ્ઠના આત્માએ મિત્રાવરુણના તેજમાં પ્રવેશ કર્યો.[૬] મિત્ર અને વરુણ જેઓ ઉગ્ર તપ કરી રહ્યા હતા તેમની પાસે ઈન્દ્ર દ્વારા પ્રેષિત સ્વર્ગની અપ્રતીમ લાવણ્યવતી અપ્સરા ઉર્વશીને જોતાં જ તેઓનું વીર્ય સ્ખલિત થઈ ગયું, તેને તેમણે એક કુંભમાં સંઘરી રાખ્યું. તેમાં પ્રવેશ કરવાથી વસિષ્ઠ મૈત્રાવારુણિ કહેવાય છે, અને તેમનું બીજું અભિધાન કુંભયોનિ આ જ કારણથી પડેલું છે.

પેલી તરફ રાજા નિમિના નિશ્ચેષ્ટ, પ્રાણહીન શરીરને ઋષિઓએ સુગંધિત તૈલ આદિના પ્રયોગથી સ્વચ્છ અને સદ્યમૃત જેવું રાખ્યું હતું. નિમિનો યજ્ઞ સમાપ્ત થતાં યજ્ઞનો હવિર્ભાગ સ્વીકારવા દેવતાઓ સ્વયં ઉપસ્થિત થયા. તેમણે એ યજ્ઞના આરાધનથી–પ્રસન્ન થઈ નિમિને કંઈ આશીર્વાદ માગવા કહ્યું.[૭] નિમિએ કહ્યું, "શરીર અને પ્રાણના વિયોગ જેવો અન્ય કોઈ દુઃખદ પ્રસંગ દુનિયાભરમાં નથી. એક વાર વિદેહ થયા પછી હું પુનઃ શરીરના બંધનમાં રહેવા

---

૫ समाप्ते चामरपतेर्यागे त्वरया वसिष्ठो निमियज्ञं करिष्यामीत्याजगाम ॥ तत्कर्मकर्तृत्वं च गौतमस्य दृष्ट्वा स्वपते तस्मै राज्ञे मां प्रत्याख्यायैतदनेन गौतमाय कर्मान्तरं समर्पितं यस्मात्तस्मादयं विदेहो भविष्यतीति शापं ददौ ॥ प्रबुद्धश्चासाववनिपतिरपि प्राह । यस्मान् मामसम्भाष्याज्ञानत एव शयानस्य शापोत्सर्गमसौ दुष्टगुरुश्चकार तस्मात्तस्यापि देहः पतिष्यतीति शापं दत्त्वा देहमत्यजत् ॥

विष्णुपुराण ( ગોરખપુર આવૃત્તિ ) ૪, ૫, ૭–૧૦.

૬ तच्छापाच्च मित्रावरुणयोस्तेजसि वसिष्ठस्य चेतः प्रविष्टम् । उर्वशीदर्शनादुद्भूतबीजप्रपातयोस्तयोस्सकाशाद्वसिष्ठो देहमपरं लेभे । निमेरपि तच्छरीर-मतिमनोहरगन्धतैलादिभिरुपसंस्क्रियमाणं नैव क्लेदादिकं दोषमवाप सद्यो मृत इव तस्थौ ।

વિષ્ણુપુરાણ, ૪, ૫, ૧૧–૧૩

૭ यज्ञसमाप्तौ भागग्रहणाय देवानागतानृत्विज ऊचुर्यजमानाय वरो दीयतामिति । देवैश्च छन्दितोऽसौ निमिराह । भगवन्तोऽखिलसंसारदुःखहन्तारः । न ह्येतादृग् अन्यद् दुःखमस्ति यच्छरीरात्मनोर्वियोगे भवति । तदहमिच्छामि सकललोकलोचनेषु वस्तुं न पुनश्शरीरग्रहणं कर्तुमित्येवमुक्तैर्देवैरसावशेषभूतानां नेत्रेष्ववतारितः । ततो भूतान्युन्मेषनिमेषं चक्रुः ।

વિષ્ણુપુરાણ—૪, ૫, ૧૪–૧૯

ઇચ્છતો નથી જ, પણ જગતમાં પ્રત્યેક વ્યક્તિની આંખોમાં મારી સ્થાપના કરવામાં આવે જેથી માનવદેહથી હું હંમેશા અવિભક્ત જ રહું."

નિમિની આ પ્રાર્થના પરથી દેવોએ તેની સ્થાપના માનવીની આંખોમાં કરી. આંખોમાં રહેલા નિમિના કારણે તે પ્રસંગ પછી મનુષ્યોની આંખો પટપટવા લાગી, અને એટલે જ આ પલક મારવાની ક્રિયાને 'નિમિષ' એવી સંજ્ઞા આપવામાં આવી.

આ પ્રસંગ જેમ પ્રતાપી મહર્ષિ વસિષ્ઠનો વિનાકારણ ક્રોધ કેવું અનિષ્ટ પરિણામ લાવનારો બન્યો તે દર્શાવે છે તેમ ભાનભૂલેલા ગુરુને ઠેકાણે લાવી શકે તેવું શક્તિશાળી તપસ્તેજ ધરાવનાર રાજવીઓ પણ ભારતના પ્રાચીન ઇતિહાસ કાલમાં થઇ ગયા હશે તે પણ સિદ્ધ કરે છે.

આવો જ બીજો એક સુપ્રસિદ્ધ પ્રસંગ મહર્ષિ વસિષ્ઠ અને વિશ્વામિત્રના વૈમનસ્યનો આપણા પ્રાચીન સંસ્કૃત સાહિત્યમાં નોંધાયેલો છે. મહર્ષિ વસિષ્ઠ દેવરાજને લગતો આ પ્રસંગ છે. તેઓ અયોધ્યાના ત્રય્યારુણ, સત્યવ્રત ત્રિશંકુ અને હરિશ્ચન્દ્રના પુરોહિત હતા. હરિશ્ચંદ્રના યજ્ઞમાં તેઓ 'બ્રહ્મા' હતા. (ઐતરેય બ્રાહ્મણ, ૭. ૧૬; સાંખ્યાયન શ્રૌત સૂત્ર–૧૫. ૨૨. ૪; શતપથ બ્રાહ્મણ–૧૨. ૬. ૧. ૪૧; ૪. ૬. ૬. ૫.) તેમનો ત્રિશંકુ રાજાને લીધે વિશ્વામિત્ર સાથે થયેલો સંઘર્ષ પ્રાચીન ભારતીય ઇતિહાસમાં વિખ્યાત છે. ત્રિશંકુના રાજ્યકાલમાં શરૂ થયેલો તેમની અને ઋષિ વિશ્વામિત્ર વચ્ચેનો સંઘર્ષ ત્રિશંકુના પુત્ર હરિશ્ચન્દ્ર અને તેના પૌત્ર રોહિતના સમયમાં પણ ચાલુ રહ્યો. ત્રિશંકુના સદેહે સ્વર્ગારોહણ પછી તેના પુત્ર રાજા હરિશ્ચન્દ્રે વિશ્વામિત્રને પોતાના પુરોહિત તરીકે નીમ્યા. પણ તેના રાજસૂય યજ્ઞમાં વિઘ્ન ઊભું કરીને વસિષ્ઠે પોતાનું પુરોહિત–પદ પાછું મેળવી લીધું.

સ્વર્ગની ગાય કામધેનુ અંગે આ બે મહર્ષિઓ વચ્ચે થયેલો કલહ સુપ્રસિદ્ધ છે. (વાલ્મીકિ રામાયણ [સમીક્ષિત આવૃત્તિ] ૧, ૫૦–૫૫.) આ પ્રસંગમાં જ્યારે અનેક પ્રલોભનો આપ્યા છતાં મહર્ષિ વસિષ્ઠ તેમની પાસેથી કામધેનુ રાજા વિશ્વામિત્રને આપવા તૈયાર ન થયા ત્યારે વિશ્વામિત્ર પોતે રાજા હતા અને મૃગયા કરવા માટે નીકળેલા હોવાથી એક અક્ષૌહિણી જેટલી સેના તેમના સાથમાં હોવાથી તેઓ પોતાના સૈન્યના યોદ્ધાઓની સહાયથી કામધેનુને જોરજુલમથી લઇ જવા પ્રયત્ન કરે છે, ત્યારે તેની જવાની નામરજી હોવાથી તે મહર્ષિ વસિષ્ઠ આગળ ધા નાંખે છે. તેની આર્ત અને પીડિત પુકારના પ્રત્યુત્તરમાં મહર્ષિ વસિષ્ઠ તેને વિશ્વામિત્રના સૈન્યના યોદ્ધાઓનો પ્રતીકાર કરવા યોદ્ધાઓનું સર્જન કરવા પ્રેરે છે તે આખો સંદર્ભ[૮] સાંસ્કૃતિક માહિતીની દૃષ્ટિએ ખૂબ જ અગત્યનો છે. રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકિએ આ જગાએ કામધેનુએ ઉત્પન્ન

---

૮ ततस्तानाकुलान् दृष्ट्वा विश्वामित्रास्त्रमोहितान् ।
वसिष्ठश्चोदयामास कामधुक्सृज योगतः ॥
तस्या हुम्भारवाज्जाताः काम्बोजा रविसंनिभाः ॥
ऊधसस्त्वथ संजाता पह्लवाः शस्त्रपाणयः
योनिदेशाच्च यवनाः शकृद्देशाच्छकास्तथा ।
रोमकूपेषु म्लेच्छाश्च हारिताः सकिरातकाः ॥ રામાયણ બાલકાંડ, ૫૪.૧-૩

કરેલા યોદ્ધાઓની જાતિનો ઉલ્લેખ પણ કર્યો છે. આથી આ ઉલ્લેખ સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ પણ ખૂબ જ મહત્ત્વનો છે. કામધેનુએ કામ્બોજ, પહ્લવ, યવન, મ્લેચ્છ, શક અને કિરાત જાતિના યોદ્ધાઓ પેદા કર્યા. આ જુદી જુદી જાતિના યોદ્ધાઓ કામધેનુએ પોતાના શરીરના જુદા જુદા અવયવોમાંથી ઉત્પન્ન કર્યા એમ વર્ણવવામાં આવ્યું છે. તેના હુંકારમાંથી કામ્બોજ યોદ્ધાઓ, આંચળમાંથી બર્બર જાતિના વીરો, તેની યોનિમાંથી યવનો અને ગુદામાંથી શકો, રોમ-માંથી મ્લેચ્છો અને કિરાત યોદ્ધાઓ ઉત્પન્ન થયા. આ વર્ણનને ભલે રૂપકાત્મક ગણીએ પણ તેનાથી ઓછામાં ઓછું એટલું તો સિદ્ધ થાય જ છે કે રામાયણના રચનાકાલમાં આર્યેતર હોય એવી આટલી બધી જાતિઓ હતી અને આર્યો તેનાથી જ્ઞાત હતા. એટલે રીતસરના ઈતિહાસ-કાળમાં જેમ આપણે જાણીએ છીએ તેમ યવનો, શકો, મ્લેચ્છો એ બધી ટોળીઓ બહારથી, પરદેશથી ભારત પર આક્રમણ કરવા આવી હતી તે માન્યતા સંપૂર્ણ સત્ય નથી પણ એક ઐતિહાસિક ભ્રમ છે. વધુમાં વધુ આ ઉલ્લેખ એટલું તો દર્શાવે છે જ કે એ બધી જાતિઓ પણ મૂળથી જ ભારતમાં વસતી હોવી જોઈએ.

વસિષ્ઠે સુદાસ પૈજવન રાજાને સોમના વિશેષ સંપ્રદાયની દીક્ષા આપી, જેના કારણે સુદાસને સમસ્ત રાજર્ષિઓમાં ઊંચું પદ પ્રાપ્ત થયું.

એકવાર એ ત્રણ દિવસ સુધી ભૂખ્યો રહ્યો. ચોથા દિવસે પોતાની ક્ષુધાને શાંત કરવા માટે એણે વરુણના ભોજનગૃહમાં ઘુસવાનો પ્રયત્ન કર્યો. પરન્તુ રસોઈઘરના દ્વાર પર કૂતરાઓ હતા જેમણે એને અંદર આવવાની મના કરી. એ રક્ષક કૂતરાઓને સુવડાવી દેવા માટે એણે કેટલીક ઋચાઓ કહી. ઋગ્વેદની આ જ ઋચાઓ 'નિદ્રાસૂક્ત' નામથી પ્રસિદ્ધ છે ( ઋગ્વેદ. ૭.૫૫ ) ઋગ્વેદમાં પ્રાપ્ત સુવિખ્યાત 'મહામૃત્યુંજય' મંત્રની રચના પણ વસિષ્ઠના દ્વારા જ થયેલી છે ( ઋગ્વેદ. ૭.૫૯.૧૨).

મિત્રાવરુણોથી ઉત્પન્ન થવાના કારણે, એને પોતાનું ગોત્ર ન હતું એ કારણે એણે પૈજવન સુદાસ રાજાના 'તૃત્સુ' ગોત્રને જ અપનાવી લીધું. એ જ કારણે, ઋગ્વેદમાં એને ઘણીવાર 'તૃત્સુ' કહ્યો છે ( ઋગ્વેદ ૭.૬૩.૮ ) આ તેમ જ એના વંશના લોકો જમણી બાજુ શિખા રાખતા હતા.

ઋગ્વેદમાં 'રાક્ષોદન' સૂક્ત નામના સૂક્તના પ્રણયનનું શ્રેય પણ વસિષ્ઠને આપવામાં આવ્યું છે (ઋગ્વેદ ૭. ૧૦૪). એ સૂક્તમાં વસિષ્ઠ પોતાના પર ગંદા આક્ષેપ કરનાર લોકોને ગાળો દઈ રહ્યો છે. એવી એ સૂક્તની કલ્પના છે. બૃહદેવતાના અનુસાર, એ સૂક્તનો સંદર્ભ વસિષ્ઠ-વિશ્વામિત્રના વિરોધ સાથે જોડવામાં આવ્યો છે ( બૃહદેવતા ૬.૨૮–૩૪ ).

તૈત્તરીય સંહિતામાં પ્રાપ્ત 'એકોન પંચાશદ્રાત્રયાગ'નો જનક વસિષ્ઠ માનવામાં આવ્યો છે ( તૈત્તરીય સંહિતા ૭.૪.૭ ) એ જ સંહિતામાં પ્રાપ્ત સ્તોત્રભાગ' નામના મંત્રોનો પ્રવર્તક પણ એ જ છે. ( તૈત્તરીય સંહિતા. ૩.૫.૨ ) આ ઉપરાંત ઋગ્વેદના સાતમા મંડલનું કર્તૃત્વ વસિષ્ઠનું ગણાય છે.

મહર્ષિ વસિષ્ઠનાં સહધર્મચારિણી ભગવતી અરુન્ધતીનું માહાત્મ્ય પણ ખૂબ જ ઉદાત્ત પ્રકારનું છે. તેઓ સ્વાયંભુવ મન્વન્તરમાં કર્દમ પ્રજાપતિ અને દેવહૂતિનાં પુત્રી હતાં, અને તેમનું લગ્ન વસિષ્ઠ સાથે થયું હતું. બીજી એક પૌરાણિક સામગ્રી પ્રમાણે તેઓ મહર્ષિ કશ્યપનાં કન્યા

હતાં અને તેમને નારદ તથા પર્વત નામના બે ભાઈઓ હતા. નારદે જ તેમનું લગ્ન વસિષ્ઠ સાથે કરાવ્યું હતું. (વાયુ. ૭૧, ૭૯, ૮૩; બ્રહ્માંડ. ૩. ૮. ૮૬; લિંગ. ૧, ૬૩, ૭૮–૮૦; કૂર્મ. ૧. ૧૯. ૨૦; વિષ્ણુધર્મ. ૧. ૧૧૭). તેમણે વસિષ્ઠને પોતાના વર તરીકે પ્રાપ્ત કરવા માટે ગૌરીવ્રત કર્યું હતું. (ભવિષ્યપુરાણ, બ્રાહ્મપર્વ. ૨૧.)

ત્રીજી માન્યતાનુસાર તેઓ મહર્ષિ મેધાતિથિની પુત્રી હતાં. મેધાતિથિ એ જ્યોતિષ્ટોમ યજ્ઞ કર્યો હતો ત્યારે યજ્ઞકુંડમાંથી તેમની ઉત્પત્તિ થઈ હતી. તેમના પૂર્વજન્મમાં તેઓ બ્રહ્માજીનાં સંધ્યા નામનાં માનસપુત્રી હતાં. ચંદ્રભાગા નદીના તટ પર તપોવનમાં મેધાતિથિ ઋષિના આશ્રમમાં તેમનો ઉછેર થયો. પાંચ વર્ષની ઉંમર થઈ જતાં તેઓ એક વખત ચંદ્રભાગા નદી પર ગયાં હતાં ત્યારે બ્રહ્માજીએ વિમાનમાંથી આ બાલિકાને જોઈ અને તે જ ક્ષણે મેધાતિથિ ઋષિ જે તેની સાથે હતા તેમને કહ્યું કે, "આને સાધ્વી સ્ત્રીઓની સોબતમાં જ રાખો." બ્રહ્માજીના આદેશ મુજબ મેધાતિથિ સાવિત્રી પાસે ગયા અને કહ્યું, "માતા, મારી આ કન્યાને ઉત્તમ શિક્ષણ આપો."

સાવિત્રીએ તેમની પ્રાર્થના સ્વીકારી; તેમણે અરુન્ધતીને પોતાની પાસે રાખી. અરુન્ધતી સાવિત્રી પાસે સાત વર્ષ સુધી રહી, આમ બાર વર્ષની વય થયા બાદ એક વાર તે સાવિત્રી તથા બહુલાની સાથે માનસ પર્વતના ઉદ્યાનમાં ગઈ, જ્યાં તેણે તપસ્યા કરતા ઋષિ વસિષ્ઠને જોયા. ઋષિ વસિષ્ઠે પણ અરુન્ધતીને જોઈ આમ ઉભયની 'મળી દૃષ્ટોદૃષ્ટ' એમ થતાં બંનેમાં કામવાસના જાગી ગઈ. છતાં પણ મનોનિગ્રહ કરી બંને પોતપોતાના સ્થાને ગયાં. સાવિત્રીને આ વાતની જાણ થઈ ગઈ એટલે તેમણે તરત જ આ બંનેનું લગ્ન કરાવી દીધું.

આમ અરુન્ધતી વર્તમાન વૈવસ્વત મન્વન્તરના મહર્ષિ મૈત્રાવરુણિ વસિષ્ઠનાં ધર્મપત્ની બન્યાં. ઋષિઓ દ્વારા પૂછવામાં આવતાં[૯] શ્રદ્ધા, આતિથ્ય તથા ગોશૃંગ-સ્નાનનું માહાત્મ્ય તેમણે જણાવ્યું હતું તેની પ્રાચીન કથા ભીષ્મ પિતામહે યુધિષ્ઠિરને કહી હતી. આ ઉલ્લેખ પરથી ભગવતી અરુન્ધતીની મહત્તા સ્પષ્ટ રીતે જણાય છે. તેઓ વયોવૃદ્ધ નહીં પણ તપોવૃદ્ધ હતાં અને મહર્ષિ વસિષ્ઠ જેવા પ્રતાપી ઋષિનાં સમાનશીલા ધર્મપત્ની હતાં. તેથી આ ઋષિઓ તેમને ધર્મના રહસ્યો પૂછી રહ્યા હતા. આમાં તેમણે વર્ણવેલું ગોશૃંગ સ્નાનનું વ્રત ખૂબ અગત્યનું છે. ભગવતી અરુન્ધતી ઋષિઓને જણાવે છે,[૧૦] ને આ જ પ્રસંગમાં

---

૯ ततस्त्वृषिगणाः सर्वे पितरश्च सदेवताः ।
अरुधन्तीं तपोवृद्धामपृच्छन्त समाहिताः ॥
समानशीलां वीर्येण वसिष्ठस्य महात्मनः ।
त्वत्तो धर्मरहस्यानि श्रोतुमिच्छामहे वयम् ।
यत्ते गुह्यतमं भद्रे तत् प्रभाषितुमर्हसि ॥
મહાભારત, અનુશાસન પર્વ (ગોરખપુર આવૃત્તિ), ૧૭૦, ૧–૯

૧૦ अहन्यहनि यो दद्यात् कपिलां द्वादशीः समाः ।
मासि मासि च सत्रेण यो यजेत सदा नरः ॥
गवां शतसहस्रं च यो दद्याज्ज्येष्ठपुष्करे ।
न तद्धर्मफलं तुल्यमतिथिर्यस्य तुष्यति ॥ મહાભારત, અનુશાસન પર્વ, ૧૩૦, ૬–૭

તેઓ અતિથિ-ધર્મ પાળવાનું મહત્વ પણ સમજાવે છે. બાર વર્ષ સુધી પ્રતિદિન કોઈ મનુષ્ય કપિલા ગાયનું દાન કરે અને પ્રત્યેક માસે યજ્ઞસત્રનું આયોજન કરે અથવા પુષ્કર તીર્થમાં બ્રાહ્મણોને એક લાખ ગાયોનું દાન કરે તો જે ફલ મળે તેવું અને તેટલું ફલ જેનાથી એક અતિથિને સંતોષ થાય તેવું આતિથ્ય કરનારને મળે છે. આમાં અતિથિ સત્કારનું કેવું અપૂર્વ માહાત્મ્ય છે તે બહુ જ સુંદર રીતે તેમણે દર્શાવ્યું છે. આ જ પ્રસંગમાં તેઓ આગળ ચાલતાં ઋષિઓને ગોશૃંગસ્નાન વ્રતનો વિધિ અને તેનું પુણ્યફલ દર્શાવે છે.[૧૧] આ સ્થળે તે ઓ જણાવે છે કે ત્રણે લોકનાં તીર્થોમાં સ્નાનનું જે સમગ્ર ફલ છે તે કેવળ ગોશૃંગસ્નાનથી મળે છે.

આમ આ ધર્મરહસ્યોનું ઉદ્ઘાટન ભગવતી અરુન્ધતીએ ઋષિઓ સમક્ષ કરતાં તેમણે બધાએ ખૂબ જ આદર અને ભક્તિપૂર્વક તેમની પૂજા કરીને સન્માન આપ્યું.[૧૨] તેઓ અત્યંત તપસ્વી અને પતિપરાયણ હતાં. આના લીધે જ અગ્નિદેવનાં પત્ની સ્વાહા અન્ય છ ઋષિઓની પત્નીઓના રૂપ ધારણ કરી શકી હતી પણ ભગવતી અરુન્ધતીનું રૂપ ધારણ કરી શકી ન હતી.[૧૩]

એકવાર અરુન્ધતીને બદરપાચનતીર્થમાં રાખી સપ્તર્ષિઓ હિમાલયમાં કંદ, મૂલ, ફલ ઇત્યાદિ લેવા ગયા. ત્યારે બાર વર્ષ સુધી અવર્ષણ થયું ત્યારે બધા ઋષિઓ ત્યાં જ વસી ગયા. આ બાજુ અરુંધતીના કઠિન તપની પરીક્ષા લેવા, શંકર બ્રાહ્મણનો વેશ લઇને ભિક્ષા માગવા પધાર્યા પાસે કશું ન હોવાના કારણે, એણે કેટલાક ( લોઢાના ) બોર તેને આપ્યા. બ્રાહ્મણે તેને રાંધવા કહ્યું. ત્યારે એણે બોરને પકવ કરવા અગ્નિ પર રાખ્યા તથા અનેક વિષયો પર તે બ્રાહ્મણની સાથે

---

૧૧ श्रूयतां चापरो धर्मो मनुष्याणां सुखावहः ।
श्रद्दधानेन कर्तव्यः सरहस्यो महाफलः ॥

कल्यमुत्थाय गोमध्ये गृह्य दर्भान् सहोदकान् ।
निषिञ्चेत गवां शृङ्गे मस्तकेन च तज्जलम् ॥

प्रतीच्छेत निराहारस्तस्य धर्मफलं शृणु ।
श्रूयन्ते यानि तीर्थानि त्रिषु लोकेषु कानिचित् ॥

सिद्धचारणजुष्टानि सेवितानि महर्षिभिः ।
अभिषेकः समस्तेषां गवां शृङ्गोदकस्य च ॥ મહાભારત, અનુશાસન પર્વ, ૧૩૦.૮-૧૧

૧૨ साधु साध्विति चोद्दिष्टं दैवतैः पितृभिस्तथा ।
भूतेश्चैव सुसंहृष्टैः पूजिता साप्यरून्धती ॥ મહાભારત, અનુશાસન પર્વ, ૧૩૦ ૧૨

૧૩ सप्तानामपि सा देवी सप्तर्षीणां महात्मनाम् ।
पत्नीसरूपतां कृत्वा कामयामास पावकम् ॥

दिव्यरूपमरुन्धत्याः कर्तुं न शक्तिं तया ।
तस्यास्तपप्रभावेण भर्तृशुश्रूषणेन च ॥ મહાભારત, વનપર્વ, ૨૨૫, ૧૩-૧૫.

ચર્યા પ્રારંભ કરી. ચર્યા થતાં થતાં બાર વર્ષ ક્યારે પૂરાં થઈ ગયા તેની જાણ પણ ન થઇ. હિમાલય ગયેલા સપ્તર્ષિ ફળમૂળ લઈને પાછા આવ્યા ત્યારે શંકરે પ્રગટ થઇને, અરુન્ધતીની કઠોર તપસ્યાનું વર્ણન તેમની પાસે કર્યું તથા તેની ઇચ્છાનુસાર, તે તીર્થ પવિત્ર સ્થાન બનીને પ્રસિદ્ધ થવાનું વરદાન આપ્યું. (મહાભારત, શલ્યપર્વ, ૪૮) આકાશમાં સપ્તર્ષિઓમાં વસિષ્ઠની પાસે આનો ઉદય થાય છે. એનો પુત્ર શક્તિ (બ્રહ્માંડપુરાણ, ૩. ૮.૮૬. ૨૭) એ નામથી સુપ્રસિદ્ધ છે.

આમ ચરિત્ર-ચિત્રણની દૃષ્ટિએ સમગ્ર ભારતીય પ્રાચીન સાહિત્યમાં આ દમ્પતીના જે ઉલ્લેખો છે તે ખૂબ મહત્ત્વના છે અને એમ નિઃશંક રીતે કહી શકાય કે સમગ્ર દેશના નવસંક્રાન્તિ કાળ સમા આ સાંપ્રત સમયમાં આવાં પ્રાચીન યુગલોનો આદર્શ ભાવિજીવનની કેડી પર સાચે જ એક પ્રખર જ્યોતિર્ધરનું કામ આપી શકે તેવો છે.

# લેખપદ્ધતિમાં ગુજરાત

નવીનચંદ્ર આચાર્ય

સોલંકીકાલ એ ગુજરાતના પ્રાચીન ઇતિહાસનો સુવર્ણકાલ મનાય છે. આ સમયના રાજ્યતંત્રનો કેટલોક ખ્યાલ આપણને એ સમયના ઉપલબ્ધ લેખો પરથી આવે છે. સોલંકીકાલીન વહીવટી તંત્રને લગતું કોઈ પુસ્તક ઉપલબ્ધ નથી. પરંતુ લેખપદ્ધતિ નામના એક અજ્ઞાતકર્તૃક સંસ્કૃત સંગ્રહગ્રંથમાંથી સોલંકીકાલીન રાજશાસનના લેખોના વિવિધ નમૂના મળી આવે છે. આ ગ્રંથમાં જુદી જુદી બાબતોને લગતા શાસન લેખો છે અને અન્ય પ્રકારના દસ્તાવેજી નમૂનાઓ આપવામાં આવેલ છે. આ સર્વે નમૂનાઓ ગુજરાતને લગતા છે. એના સંગ્રહ કરનારનું નામ જાણવા મળતું નથી. પરંતુ એમાં આપેલી મિતિઓ પરથી આ સંગ્રહ પંદરમી સદીમાં તૈયાર થયો હોય તેમ લાગે છે. આ દસ્તાવેજો પૈકી ૧૪ દસ્તાવેજોમાં વિ. સં. ૮૦૨ની, ૬૯ દસ્તાવેજોમાં વિ. સં. ૧૨૮૮ની અને ૮ દસ્તાવેજોમાં વિ. સં. ૧૫૩૩ની મિતિ આપેલ છે. જ્યારે વિ. સં. ૧૩૩૨, ૧૩૬૫, ૧૩૬૬, ૧૩૯૯, ૧૪૦૭, ૧૪૩૨, ૧૫૮૩, ૧૭૦૭, ૧૭૧૫ અને ૧૭૨૪, વગેરેના એકેક નમૂના છે. આ પરથી ફલિત થાય છે કે આ લેખસંગ્રહ વિ. સં. ૧૫૩૩ કે એ પછી તૈયાર થયો હોવો જોઈએ. એની હસ્તલિખિત પ્રતોમાંની એક પ્રત વિ. સં. ૧૫૩૩ ના જેઠ સુદ ૮ ને મંગળવારે લખાઈ છે. આ લેખમાંના આ વર્ષમાં પણ એજ મિતિ આપેલી છે. આ પરથી લાગે છે કે એ પ્રતની નકલ તથા એ સંગ્રહની રચના એ જ દિવસે થઈ હોવી જોઈએ. અને તો એ પ્રત લખનાર સુંદણા શ્રીરામનો પુત્ર હરિદાસ એ આ લેખસંગ્રહનો કર્તા હોઈ શકે. આ પ્રત એણે નરસંડા ગામ (હાલ તા. નડિયાદ જિ. ખેડા)માં લખી હતી. તેથી એ ત્યાંનો વતની કે રહેવાશી હશે. એ સમયે રાણા શ્રી જગમાલનું રાજ્ય હોવાનું એ પ્રતની પુષ્પિકામાં જણાવ્યું છે. એ જગમાલ કયા વંશનો અને ક્યાંનો રાજા હશે એ એક પ્રશ્ન છે. ઈડરના રાઠોડ વંશમાં ત્યારે નારાયણદાસ (ઈ.સ. ૧૪૨૮–૮૧) રાજ્ય કરતો હતો પણ એના વંશમાં રણમલ, સૂરજમલ, ભારમલ વગેરે નામ પ્રચલિત હતાં. સંભવ છે કે જગમાલ કદાચ આ રાઠોડ વંશની કોઈ શાખાનો હોય.[૧]

આ સંગ્રહ ખરી રીતે તો વિવિધ વિષયોને લગતા દસ્તાવેજી નમૂના રૂપે છે. અને તેથી એમાં જણાવેલી કેટલીક વિગતો પણ નમૂનારૂપે હોવાનું જણાય છે. અર્થાત્ એમાંની કેટલીક વિગતો વાસ્તવિક છતાં કલ્પિત હોવાનો સંભવ છે. લેખોમાં જણાવેલ સંવતો પણ નમૂના તરીકે ગણવાની છે.[૨]

---

૧ શાસ્ત્રી હ. ગં. : 'લેખપદ્ધતિ,' "પથિક," દીપોત્સવી અંક, વર્ષ ૨૦૩૨, સપ્ટે.-ઑક્ટો. ૧૯૭૬, પૃ. ૬૯–૭૨

૨ લેખમાં એક જ મિતિના બે જુદા જુદા વારવાળી મિતિ જોવા મળે છે.

આ ગ્રંથની ચાર હસ્તપ્રત મળી છે. તે પરથી આ સંગ્રહના બે ભાગ પડે છે. એક ભાગમાં રાજકીય લેખો આપેલા છે અને બીજા ભાગમાં ૨૩ જેટલા લૌકિક લેખો છે. **પ્રથમ** વિભાગની શરૂઆતમાં આપેલ ૧૦ શ્લોકના **પ્રથમ** શ્લોકમાં ગુરુના આદેશને માન આપી બોધ આપવાના હેતુથી આ ગ્રંથની શરૂઆત કરું છું તેમ જણાવી શરૂઆતના શ્લોકોમાં ગ્રંથમાં આવેલા લેખોના વિષયોની સૂચિ આપીને ( શ્લો. ૨ થી ૫ ) પછીના શ્લોકોમાં રાજવહીવટને લગતાં બત્રીસ ખાતાં વર્ણવ્યાં છે. ( શ્લો. ૬ થી ૧૦ ) રાજકીય લેખોની સંખ્યા લગભગ ૫૦ ની છે.

લેખપદ્ધતિમાં જુદા જુદા પ્રકારના ખતો અને દસ્તાવેજોના નમૂના આપવામાં આવેલ છે. **પ્રથમ** પત્રનો નમૂનો રાજાના આદેશનો છે. તેમાં દંડનાયકનું મહત્ત્વ સમજાવ્યું છે. દાનને લગતા રાજશાસનોના નમૂના તામ્રપત્ર રૂપે આપેલ છે. રાજા ગામ બક્ષિસ આપે ત્યારે એને માટે જે બક્ષિસનામું લખવામાં આવતું તેને ' ભૂર્જપત્તલા ' કહેતા. દેશોત્તારમાં વેપારી માલ સાથેનાં અમુક વાહનોને પસાર થવા દેવાની પરવાનગી આપવામાં આવેલ છે. આ પરવાનાથી વણજાર દેશમાં એક સ્થાનેથા બીજા સ્થાને વેપાર કરવા મુક્ત હેરફેર કરી શકતી. ગ્રામપટ્ટકમાં પંચકુલ રાજાને ગ્રામપટ્ટક આપે છે. પટા પેટે લેવાની રકમ અને હપ્તા તથા એને ભરવાની મુદત વગેરેનો ઉલ્લેખ છે. અપરાધીના દંડને લગતી વ્યવસ્થામાં પણ આવો જ પ્રબંધ કરેલ છે. રાજહુંડિકામાં હુંડીના નમૂના છે. ન્યાયવાદમાં મુકદ્દમાના ચુકાદા છે. ઉત્તરાક્ષરામાં રાજ્યને મદદ કરનાર વેપારીઓને ઓછા દરે ગામનો વહીવટ આપવામાં આવે છે. નિરૂપણમાં અધિકારીની નવી નિમણૂકને લગતી વિગતો આપેલ છે. તેમાં નોકરીની બદલીનું ફરમાન છે. ત્યારબાદ અશ્વવિક્રય, ગુણાક્ષર ટિપ્પનક વગેરેમાં રાજ્યને ભરવાના કરોનો ઉલ્લેખ છે. દાણને લગતી વિગત ગુણાક્ષરમાંથી મળે છે.

ન્યાયવાદમાં મુકદ્દમાના ચુકાદા છે. ધર્મચીરિકામાં દેવ સમક્ષ પ્રતિજ્ઞાપૂર્વક નિવેદન કરવામાં આવે છે. ગુણપત્ર એટલે ગણોતનામુ તેમાં વસ્તુઓ ગીરો મૂકીને લીધેલાં નાણાં, તેનું વ્યાજ વગેરેનો ઉલ્લેખ છે. ' ડોહલિકા 'માં હકને ફરીથી પ્રસ્થાપિત કરવાને લગતી વિગતો છે. વિશુદ્ધિ અક્ષરમાં કર પેટે ભરેલી રકમની પહોંચની વિગતો છે. ગરાસ જપ્ત કરવાના પત્રને ગ્રાસલોપન કહેતા. ઋણને લગતા ખતપત્રને લગતી વિગતો વ્યવહારપત્રમાં છે. વલિતપત્રમાં વળત દાણ ખતની બાબતો, અફાણકપત્રમાં ઘર ઘોડો, ખેતર વગેરે ગીરો મૂકવાની બાબતોનો સમાવેશ થયેલ છે. ગીરોખતને આધિપત્ર પણ કહેતા. ' રાજવિજ્ઞપ્તિક ' પત્રમાં સિદ્ધરાજ જયસિંહને આશાપલ્લીનો મહામાત્ય વિજ્ઞપ્તિ કરે છે. તેમાં યુદ્ધ વખતે મદદ માગવાની વિનંતી છે. ગૃહવિક્રય વિધિમાં ઘરના વેચાણને લગતી વિગતો આપેલ છે.

દાસીપત્રમાં ગુલામીને લગતી બાબતો આપેલ છે. વિભંગપત્રમાં મિલકતના ભાગલા પાડવાને લગતી વિગતો વર્ણવી છે. ધર્માધિકરણમાં કોર્ટનો ચુકાદો માથે ચડાવવાનો આદેશ છે. ગર્દભપત્રમાં જણાવ્યું છે કે ' હું ન્યાયાધીશો અને રાજકુલને ન્યાય કરતાં કંઈ હરકત કરું તો ગદર્ભ કે ચાંડાલના મોતે મરું. બે પક્ષો વચ્ચે કોઈ તકરારનું સમાધાન કરી આપવામાં આવે તેને આ લગતું લખાણ શીલપત્રમાં આપેલ છે. છૂટાછેડાને લગતી વિગતો ઢૌકન પત્રમાં આપેલ છે.

સમાજમાં ખરાબ ચાલચલગત ધરાવનારનું નામ કૃષ્ણાક્ષરે લખાતું. આગળ જતાં તેની ચાલચલગત સારી થયાની ખાત્રી થતાં એને ઉજ્જવલાક્ષર નામનું ખત મળતું. આવાં બે ખત કૃષ્ણાક્ષર અને ઉજ્જવલાક્ષર લેખપદ્ધતિમાં છે.[૩]

ટૂંકમાં લેખપદ્ધતિમાં પ્રથમ વિભાગમાં આપેલ ખતપત્રોમાંથી રાજવહીવટને લગતી ઘણી વિગતો સાંપડે છે.

બીજા વિભાગમાં જુદી જુદી વ્યક્તિઓને કેવી રીતે વિનયપૂર્વક પત્રો લખાય તેના નમૂના આપેલ છે. તેમાં ગુરુ, મિત્ર, લગ્નપત્રિકા, સ્વામી, પત્ની, ભાઈ, પિતા, પુત્ર, માતા, શ્વસુર, જમાઈ વગેરેને પત્રો કેવી રીતે લખાય તેના નમૂના છે. આ પછી પાંચ પરિશિષ્ટ આપેલ છે. પ્રથમ પરિશિષ્ટમાં જમીન, ગૃહણુક, વિભંગ, ગૃહટ્ટાણુકને લગતા દસ્તાવેજોના નમૂના, બીજામાં રાજાનું વર્ણન, રાજસભાનું વર્ણન, સંદેશપત્ર વગેરેની વિગતો આપેલ છે. ત્રીજામાં ધર્મશાસન, અભયદાન શાસન વગેરે બાબતો ચર્ચી છે. ચોથા પરિશિષ્ટમાં ક્ષેમેન્દ્રના લોકપ્રકાશમાંથી લીધેલી કેટલીક વિગતો આપેલી છે. પાંચમાં પરિશિષ્ટમાં લેખક, રાજલેખક, કલમ, મષી, કાયસ્થનિન્દા વગેરેને લગતી વિગતો આપેલ છે.

## વિભાગ ૨ : ગુજરાત દર્શન

મુઘલકાલ પહેલાંના દસ્તાવેજો હાલમાં ઉપલબ્ધ નથી ત્યારે આ રાજશાસનના નમૂનાના લેખો પણ તત્કાલીન સમયનો સાંસ્કૃતિક ઇતિહાસ મેળવવા માટે મહત્ત્વના થઈ પડે છે. આ નમૂનાઓ પરથી તે તે પ્રાચીનકાલના અધિકારીઓ, વહીવટી વિભાગો, રાજાધિરાજો, સામંતો, વિવિધ શાસનલેખોની પદ્ધતિ, સામાજિક રિવાજો, આર્થિક બાબતો વગેરે ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસને લગતી ઘણી ઉપયોગી માહિતી મળે છે.

### રાજકીય ઇતિહાસ

સમગ્ર ગ્રંથનું અવલોકન કરતાં જણાય છે કે ગુજરાતના કોઈ પણ પ્રાચીન રાજવંશનો સળંગ ઇતિહાસ તારવવો શક્ય નથી. તેમ છતાં તેમાંથી કેટલાક સોલંકી રાજવીઓ, કેટલાક વાઘેલા સોલંકી વંશના રાજવીઓ, તથા તે પછીના સલ્તનતકાલના ગુજરાતના છૂટા છૂટા પ્રદેશોના કેટલાક રાજવીઓને લગતી વિગતો આ ગ્રંથમાંથી મળે છે.

### રાજા

વિ. સં. ૮૦૨ના કારતક સુદ ૧૧ ને ગુરુવારના શાસનપત્ર નામના લેખમાં 'શ્રી વણરાજ'નો ઉલ્લેખ છે. તેની સત્તા પાટણમાં હતી. પણ અહીં તેના નામ આગળ જે ગર્જનિકાધિરાજ, અભિનવસિદ્ધરાજ ચક્રવર્તિ જેવાં બિરુદો પ્રયોજાયેલ છે તે જોતાં આ 'વણરાજ' કાલ્પનિક હોવાનો સંભવ છે. પાટણના ચાવડા રાજવી વનરાજનું કોઈ તામ્રપત્ર મળેલ નથી

૩ શાસ્ત્રી, હ. ગં. તથા પરીખ ર. છો. (સં.), "ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ" 'સોલંકીકાલ'—ખંડ ૪, પૃ. ૨૨૩–૨૨૪.

તેમજ તેના રાજ્યમાં 'શીલણ' નામે માહામાત્ય હોવાનો ઉલ્લેખ આજ સુધી અન્ય કોઈ ઠેકાણેથી મળ્યો નથી.[૪]

વિ.સં. ૧૨૮૮ના વૈશાખ સુદ ૩ ને ગુરુવારના તામ્રશાસન પત્રમાંથી ચૌલુક્ય રાજવીઓની વંશાવળી મળે છે. તેમાં અણહિલ પાટણમાં સત્તાપર આવેલ રાજવીઓ મહારાજાધિરાજ મૂલરાજદેવ, ચામુંડ, વલ્લભદેવ, દુર્લભદેવ, ભીમદેવ ૧ લો, કર્ણદેવ, જયસિંહદેવ, કુમારપાલ, અજયપાલ, મૂલરાજ ૨જો, ભીમદેવ ૨જો વગેરેનો ઉલ્લેખ છે.[૫]

એક સંવત વગરના કારતક સુદ ૧૫ ને ગુરુવારના લેખમાં વાઘેલા રાજવી સારંગદેવનો ઉલ્લેખ છે.[૬]

આમ લેખપદ્ધતિમાંથી કેવળ સોલંકી અને વાઘેલા સોલંકી રાજવીઓનો ઉલ્લેખ મળે છે.

## રાજબિરુદો

સોલંકીકાલીન અભિલેખોમાં ચૌલુક્ય રાજવીઓનાં જે બિરુદો જણાવેલ છે. તે જ બિરુદો આ ગ્રંથમાંથી પણ મળી આવે છે. આથી લેખની સત્યતાની પ્રતીતિ થાય છે. અહીં ઉલ્લેખેલ સોલંકી રાજવીઓના નામની આગળ પરમેશ્વર, પરમભટ્ટારક, સમસ્ત રાજાવલી સમલંકૃત મહારાજાધિરાજ, ચક્રવર્તી જેવાં સામાન્ય બિરુદો પ્રયોજાયેલ જોવા મળે છે. તે સાથે કેટલાક રાજવીઓનાં વિશિષ્ટ બિરુદો પણ અહીંથી મળી આવે છે. દા.ત. સિદ્ધરાજ જયસિંહદેવના નામ આગળ બર્બરકજિષ્ણુ, ત્રિભુવનગંડ, અવંતિનાથ, કુમારપાલના નામની આગળ શાકંભરી ભૂપાલ, માલવાધીશબલિ બલ્લાલ, ભીમદેવ ૨જાના નામની આગળ અભિનવ સિદ્ધરાજ, અજયપાલના નામની આગળ સપાદલક્ષ લક્ષ્મીપાલ, સારંગદેવના નામની આગળ સપ્તમચક્રવર્તી વગેરે.[૭] આ સર્વ બિરુદો જે તે રાજવીઓના લેખો માંથી મળી આવે છે.[૮]

સામંતોના નામની આગળ राणक, राणा વગેરે બિરુદો પ્રયોજાતાં.[૯]

વિ.સં. ૮૦૨ના કાતરક સુદ ૧૧ ને ગુરુવારના એક તામ્ર શાસનમાં 'વણરાજ'ના નામની આગળ 'षड्विंशदण्डायुद्धप्रयुज्जने' શબ્દ પ્રયોજાયેલ જોવા મળે છે.[૧૦]

---

૪ લેખપદ્ધતિ : સં. દલાલ સી. ડી. અને શ્રી ગોંડેકર ગજાનન પૃ. ૨.

૫ એજન, પૃ. ૨ થી ૫.

૬ એજન, પૃ. ૨૯.

૭ લે. ૫, પૃ. ૫.

૮ આચાર્ય, ગિ. વ, ગુજરાતના ઐતિહાસિક લેખો, ભાગ. ૨-૩, આચાર્ય નવીનચંદ્ર, ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ, પૃ. ૨૦૭-૨૦૮.

૯ લે. ૫, પૃ. ૫. ૨૬-૧૮૦.

૧૦ આ છત્રીસ પ્રકારનાં હથિયારો નીચે પ્રમાણેનાં છે:

चक्र-पास-मोगरु-गदा-घन-तोमर-तीरह ।
सकाति-सूल-त्रिसूल-वज्र-कातर-करडंडह ॥
पटुकटारी-कंत-सरसी-धडु-अवाजी ।
कणीउ-छुरी-खड्ग-नाली-गोला नाराजी ॥

## મહામંડલેશ્વરો-સામંતો

મહામંડલેશ્વરો પાટણના ચૌલુક્ય રાજવીનું આધિપત્ય સ્વીકારીને પોતાના પ્રદેશ ઉપર સત્તા ભોગવતા. તેઓ જીતેલા રાજવીઓ ઉપદ્રવી ન બને તેની ખાસ કાળજી રાખતા. મોટે ભાગે તેઓ રાજકુલના સભ્યો હતા. લેખપદ્ધતિમાંથી આવા કેટલાક મંડલેશ્વરોનાં નામ મળે છે. તેમના નામની આગળ મંડલેશ્વર, મહારાણક જેવા શબ્દો પ્રયોજાયેલ છે. દા. ત. (૧) મહારાણક શ્રી મંડલિકદેવ,[૧૧] (૨) રાણકશ્રી આનલદે[૧૨] (૩) મહામંડલેશ્વર મહારાણક શ્રી લાવણ્યપ્રસાદદેવ[૧૩] (૪) મહામંડલેશ્વર શ્રી ધારાવર્ષ[૧૪] (૫) રાણા શ્રી રિણુમલ્લદેવ[૧૫] વગેરે.

## મહામાત્ય

મહામાત્યનું સ્થાન રાજ્યમાં રાજાથી સહેજ ઊતરતું મનાતું. તે રાજ્યનો વરિષ્ઠ અધિકારી મનાતો. તે રાજાનો સાચો હિંતચિંતક તેમ જ માર્ગદર્શક મનાતો. મહામાત્ય પાસે રાજ્યની મહામુદ્રા રહેતી તેના નામની આગળ શ્રી કરણાદિ સમસ્ત મુદ્રાવ્યાપારાન્ પરિપંથયતિ શબ્દો પ્રયોજાયેલ છે.[૧૬] લે. પ.માંથી મહામાત્ય શીલણ,[૧૭] ભાભૂય,[૧૮] માલદેવ,[૧૯] નાગડ,[૨૦] આલિગ,[૨૧] અને ધરણીધર[૨૨] નાં નામ મળે છે.

---

षांडुं षपुक्र मुंसलहल सींगणि फरसी गुपति गणि ।
निषंग शांगि अंकुश गुरुज कुहक बाण छत्रीस मणि ॥

પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ. (ગા. ઓ. સિ. નં. ૧૮), પૃ. ૧૦૬-૭

આમાં ઘણાં હથિયારોનો ઉલ્લેખ અન્યત્ર મળે છે. દ્વયાશ્રયના ટીકાકારે જે છત્રીસ પ્રકારનાં આયુધો ગણાવ્યાં છે તેમાં આમાંનાં ઘણાંખરાં આવી જાય છે. દ્વયાશ્રય-સર્ગ ૧૧, શ્લો. ૫૧; મોદી રા. ચુ., મધ્ય ગુજરાતની સામાજિક સ્થિતિ, પૃ. ૩૪; આચાર્ય ન. આ. ગુ. સો. ઈ., પૃ. ૨૮૮.

૧૧ લે. પ., પૃ. ૨

મંડલિકદેવ વણરાજના સમયમાં ભીમપલ્લી મંડલનો સામંત હોવાનો લે. પ., માં ઉલ્લેખ છે. પણ વનરાજના સમયમાં આ મંડલ અસ્તિત્વમાં ન હતું. આ મંડલિકદેવ ડુંગરપુર - વાંસવાડાના ભીલી પ્રદેશમાં અર્થૂણામાં સત્તા ધરાવતો હોવાનો સંભવ છે.ગુ. રા. સાં. ઈ.; ગ્રં ૪, સોલંકીકાલ, પૃ. ૧૭૫.

૧૨ આનલદે વાઘેલા સોલંકી શાખામાં થયેલ અર્ણોરાજનું નામ છે. લે. પ., પૃ. ૫.

૧૩ લે. પ., પૃ. ૫. લાવણ્યપ્રસાદદેવ તે ધોળકાના રાણા લવણપ્રસાદનું બીજું નામ છે. તે ઉપર જણાવેલ અર્ણોરાજનો પુત્ર થાય. ભીમદેવ રાજાના સમયમાં તે ધોળકામાં સત્તા ઉપર હતો.

૧૪ લે. પ., પૃ. ૧૫-આ મંડલેશ્વર આબુમાં સત્તા ધરાવતો હતો.

૧૫ એજન, પૃ. ૧૮. આ વિરમગામ પાસે આવેલ માંડલ પ્રદેશમાં સત્તા ધરાવતો હોવાનો સંભવ છે.

૧૬ લે. પ., પૃ. ૨, શ્રી કરણાદિ .....પંથયતિ શબ્દની ચર્ચા માટે જુઓ : પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી, 'ઐતિહાસિક લેખ સંગ્રહ', પૃ. ૨૯૭, આચાર્ય, નવીનચંદ્ર, ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ; પૃ. ૨૯૪, પાદટીપ ૨૯.

૧૭ લે. પ., પૃ. ૨. ૧૮ એજન, પ. ૫. ૧૯ એજન, પૃ. ૧૨.

૨૦ એજન, પૃ. ૧૩, ૨૧ એજન, પૃ. ૨૩, ૫૪ ૨૨ એજન, પૃ. ૩૦

આ સર્વમાં ભીમદેવ રજાના સમયમાં ભાભૂય મહામાત્ય હતો એમ લે. પ. ઉપરથી જાણવા મળે છે પણ અન્યત્ર કોઈ લેખમાંથી તેનો ઉલ્લેખ મળતો નથી. ધરણીધર અને શીલણ કયા રાજવીના સમયમાં મહામાત્યપદે હતા તે જાણવા મળતું નથી. અન્ય મહામાત્યોમાં 'નાગડ' એ વાઘેલા રાજવી વીસલદેવના સમયમાં, માલદેવ વાઘેલા રાજવી અર્જુનદેવના સમયમાં મહામાત્યપદે હતા એમ ઉપલબ્ધ અભિલેખો પરથી જાણવા મળે છે.[૨૩]

## મુખ્ય અધિકારીઓ

મહામાત્યો ઉપરાંત રાજ્યના અન્ય અધિકારીઓનાં નામ લેખપદ્ધતિમાંથી મળે છે. તેમાં મુખ્યત્વે દંડનાયક, સાંધિવિગ્રહિક દેશતલાર, ગ્રામ તલાર, હિંડીપક, વેલાપિક, ભટ્ટપુત્ર, મહાબલ-રક્ષક વગેરે નામો મળે છે.

## દંડનાયક

દંડનાયક એટલે બલાધ્યક્ષ–સેનાધ્યક્ષ એવો અર્થ ઉદ્દિષ્ટ છે. આ અધિકારીઓ રાજ્યના જુદા જુદા પ્રદેશની વ્યવસ્થા જાળવતા પ્રાંતોનો વહીવટ દંડનાયકને સોંપવામાં આવતો. લે. પ.માંથી દંડનાયક, સાંગણ અને માધવનાં નામ મળે છે.[૨૪] લે. પ.માં 'સાંગણ'ને વણરાજના રાજ્યમાં મંડલકરણમાં મહારાણશ્રી મંડલીકદેવે નીમ્યો હોવાનું જણાવેલ છે. જ્યારે શ્રી માધવને લાવણ્યપ્રસાદે નિયુક્ત કર્યો હોવાનું જણાવેલ છે.

## સાંધિવિગ્રહિક

એ સંધિ અને વિગ્રહને લગતા કરણોનો વડો હતો. લે.પ.માંથી મુહડાસા નિવાસી રાવલશ્રી વાઘપાદના અણધૂરે પ્રદેશના શ્રી જયતાકનો સાંધિવિગ્રહિક તરીકેનો ઉલ્લેખ મળે છે.[૨૫] આ અણધૂરે ગુજરાતમાં કયાં આવ્યું તે જાણવા મળતું નથી.

દેશતલાર-દેશઠક્કુર, ગ્રામતલાર, હિંડીપક, પ્રતિસારક-વેલાપિક વગેરે નાના અધિકારીઓનો ઉલ્લેખ લે. પ.માંથી મળે છે.[૨૬] તલારનો અર્થ કોટવાલ થાય છે. દેશતલાર એ પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ હોવાનો સંભવ છે. ગ્રામતલારનો અર્થ ફોજદાર એવો અભિપ્રેત છે. હિંડીપક એ જમીન મહેસૂલ ખાતાનો અધિકારી હોવાનો સંભવ છે. પ્રતિસારક એ કરવેરા ઉઘરાવનાર અધિકારી, અથવા ટોલ નાકાનો અધિકારી હોય તેમ લાગે છે. આ અધિકારીઓનાં નામ લે. પ.માંથી મળતાં નથી.

ઠક્કુરના દેશઠક્કુર અને ગ્રામઠક્કુર એવા બે પ્રકાર હતા. દેશઠક્કુર એટલે દેશાધિપ અને ગ્રામઠક્કુર એટલે ગ્રામપતિ. વેલાપિક એટલે વાટમાં સંભાળ રાખનાર વળાવિયો. તેને મહેનતાણું આપવામાં આવતું. કેટલીક વાર ગામનો મુખ્ય અધિકારી બલાધિકૃત કહેવાતો. શીલપત્રમાં ખેતમંત્રીનો ઉલ્લેખ છે.[૨૭] દાનમંડપિકામાં માંડવી, પથકીયક અને ઉપરહીંડીયા

---

૨૩ આચાર્ય, ગિ. વ.; ગુજરાતના ઐતિહાસિક લેખો, ભા. ૩; પૃ. ૨૧૬, ૨૧૭.

૨૪ લે. પ., પૃ. ૨, ૫.

૨૫ એજન, પૃ. ૨૬.

૨૬ એજન, પૃ. ૮.

૨૭ લે. પૃ., ૫૦.

(Tax Inspector) નો ઉલ્લેખ મળે છે.[૨૮] માંડવી એ દાણ લેનાર અધિકારી હતો, પથકીયક એ માર્ગ ઉપરનો વેરો ઉઘરાવતો અને ઉપરહીંડીયા કર ઉઘરાવનાર ઉપર દેખરેખ રાખતો. આ કોઈનાં નામ મળતાં નથી.

## રાજ્યનાં વિવિધખાતાં

લે. પ.માં શરૂઆતના શ્લોકોમાં રાજ્યનાં નીચેનાં ૩૨ કરણ ( ખાતાં ) ગણાવેલ છે.

શ્રીકરણ ( નાણાંખાતુ ), વ્યયકરણ ( ખર્ચખાતુ ), ધર્માધિકરણ ( ન્યાયખાતુ ), મંડપિકા-કરણ ( માંડવીખાતુ ), વેલાકુલકરણ ( બંદરખાતુ ), જલપથકરણ ( જલમાર્ગ અને સ્થળમાર્ગને લગતું ખાતું ), ઘટિકાગૃહકરણ, ટંકશાલાકરણ, દ્રવ્યભાંડારકરણ, અંશુકભાંડારકરણ, ( વસ્ત્રભંડાર ), વારિગૃહકરણ, દેવવેશ્મકરણ ( રાજમહેલને લગતું ખાતું ), ગણિકાકરણ, હસ્તિ-શાલાકરણ, અશ્વશાલાકરણ, કલભશાલાકરણ ( ઊંટને લગતું ખાતુ ), શ્રેણીકરણ, વ્યાપારકરણ, તંત્રકરણ ( રાજકીય ખાતું ), કોષ્ટાગારકરણ, ઉપક્રમકરણ, કર્મકરણ, સ્થાનકરણ ( જાહેર બાંધ-કામ ખાતું ), દેવકરણ ( મંદિરોને લગતું ખાતું ), સંધિવિગ્રહકરણ, મહાક્ષપટલકરણ ( દફતર ખાતું ), મહાનસકરણ ( રસોડાને લગતું ખાતું ), જયનશાલાકરણ ( આયુધાગાર ખાતું ), સત્રાગારકરણ. ( સદાવ્રત ખાતું ), અંતઃપુરકરણ. અને સુવર્ણકરણ.[૨૯]

સોલંકી રાજ્યના અભિલેખો અને હસ્તલિખિત ગ્રંથોમાંથી આ પૈકીનાં શ્રીકરણ, વ્યયકરણ, વ્યાપાર, દેવકરણ, મંડપિકા, મહાક્ષપટલ, સંધિવિગ્રહ અને શ્રેણીનો ઉલ્લેખ મળે છે. આથી લેખપદ્ધતિમાં જણાવેલ ખાતાંની યાદી સોલંકીઓના રાજ્યતંત્રને લાગુ પડતી હોવાનો પૂરેપૂરો સંભવ છે.[૩૦]

## પંચકુલ

લે. પ.માં કેટલેક ઠેકાણે 'પંચકુલ'નો ઉલ્લેખ મળે છે. 'પંચકુલ' મુખ્ય સભાના નામે ઓળખાતું તેથી લે. પ.માં 'अमुकाक प्रभृति पंचकुल' એમ લખેલ છે.[૩૧] પંચકુલ મૂળમાં પાંચ અધિકારીઓનું બનતું. તે મહેસૂલ, યાત્રાવેરો, બાંધકામ, જીવહિંસાની મનાઈ, રાજરસોડું વગેરે ઉપર ધ્યાન આપતું. પંચકુલની નિયુક્તિ રાજા કરતો.

## નગરવહીવટ

નગરનો વહીવટ પંચકુલને સોંપાતો સોમનાથ પાટણમાં અર્જુનદેવના સમયમાં અભયસિંહ પ્રભૃતિ પંચકુલ હતું. ગૃહવિક્રય અને દાસીવિક્રય અંગે પંચકુલને ફરજિયાત જાણ કરવી પડતી.[૩૨] ધર્મમીરિકાના પત્રમાં અનપરાધિતાનું પ્રતિજ્ઞાપૂર્વક નિવેદન પંચમુખ નગર સમક્ષ કરવું પડતું.[૩૩]

---

૨૮ એજન, પૃ. ૫૪. અહીં જણાવેલ શબ્દોના અર્થ માટે જુઓ લેખપદ્ધતિના અંતે ગ્લોસરી.

૨૯ લે. પ., પૃ. ૧.

૩૦ ખાતાંઓને લગતી વિગતે ચર્ચા માટે જુઓ : આચાર્ય ન. 'ગુજરાતનો સોલંકીકાલીન ઇતિહાસ'. રાજ્યતંત્ર, પ્રકરણ ૧૧.

૩૧ લે. પ., પૃ. ૧૫, ૧૬.

૩૨ એજન, પૃ. ૩૫-૪૪ ૩૩ એજન, પૃ. ૧૭.

## ગ્રામવહીવટ

લેખપદ્ધતિ પરથી ગ્રામવહીવટનો કેટલોક ખ્યાલ આવે છે. ગ્રામ વહીવટના કેટલાક અધિકારીઓ જેવાકે ગ્રામઠક્કુર, પ્રતિસારક, વેલાપિક, ખેતમંત્રી વગેરેના ઉલ્લેખો મળે છે. બે ગામ વચ્ચે ક્યારેક તકરાર થતી તો બંને પક્ષોને માન્ય નિર્ણય કરીને તેનું કરારનામું કરવામાં આવતું. આવા કરારનામાને શીલપત્ર કહેતા.[૩૪]

## વહીવટી વિભાગો

સોલંકી રાજ્યને જુદા જુદા વહીવટી વિભાગો અને પેટા-વિભાગોમાં વહેંચી નાખવામાં આવેલ. રાજ્યના મોટા વિભાગો મંડલ તરીકે અને નાના વિભાગો પથક તરીકે ઓળખાતા. લે. પ.માંથી આવાં મંડલો અને પથકોનો ઉલ્લેખ મળે છે; જેવાં કે, ભીમપલ્લી મંડલ, મંડલીકરણ, ખોટકધાર પથક, અરલૂઆ પથક, વર્ધમાન પથક, દંડાહી પથક, ચંદ્રાવતી કરણ[૩૫] વગેરે.

સોલંકીકાલના અભિલેખો અને સાહિત્યમાંથી આમાંના કેટલાકનો ઉલ્લેખ મળે છે.

ભીમપલ્લી મંડલ, મંડલીકરણ, ચંદ્રાવતી કરણ એ કોઈ વિશાળ વહીવટી વિભાગો નથી પણ નાનકડાં ગ્રામ છે. ભીમપલ્લી રાધનપુર તાલુકામાં આવેલ છે. ખેટકધાર મંડલનો ઉલ્લેખ લે. પ.માંથી મળે છે.[૩૬] એની અંદર ચતુરત્તર (ચરોતર) તથા ચતુરાસિકા (ચોરાશી)નો સમાવેશ થતો. એના પેટા વિભાગમાં પેટલાઉદ્દપુર આવેલું હતું. આ મંડલનું વડું મથક હાલનું ખેડા હતું. એમાં સાબરકાંઠા જિલ્લાના મોડાસાનો સમાવેશ થતો હતો.

દંડાહી પથકમાં મહેસાણા, વીસનગર તાલુકાથી માંડીને કડી-કલોલ તાલુકાના ઉત્તર ભાગનો સમાવેશ થતો. અહીં દંડાહી પથકમાં આવેલું 'બાલુઆ'.[૩૭] કલોલ તાલુકાના ઉત્તરપૂર્વ ભાગમાં આવેલું 'બાલવા' હોઈ શકે.

અરલૂઆ, વર્ધમાન પથક વિષે કોઈ માહિતી મળતી નથી. સંભવ છે કે તે નાનાં ગામડાં હશે.

## રાજ્યની આવકનાં સાધનો

પરંપરાથી ચાલી આવતી પ્રણાલિકા પ્રમાણે રાજા રાજ્યનો માલિક ગણાતો. તે ખેડૂતો પાસેથી મહેસૂલ વસૂલ કરતો. લેખપદ્ધતિમાં ગ્રામપટ્ટકમાં જણાવ્યા પ્રમાણે સરકાર અને વ્યક્તિ વચ્ચે થયેલ કરાર પ્રમાણે મહેસૂલ વસૂલ કરવામાં આવતુ.[૩૮] આ પદ્ધતિ હાલની રૈયતવારી પદ્ધતિને કેટલેક અંશે મળતી આવે છે. કરની રકમ વર્ષમાં ત્રણ હપ્તે વસૂલ કરવામાં આવતી. પ્રથમ હપ્તો ભાદરવા મહિનામાં, બીજો હપ્તો કાર્તિક માસમાં અને ત્રીજો હપ્તો અક્ષય તૃતીયા ઉપર લેવામાં આવતો.[૩૯] ગામડાનું મહેસૂલ ઉચ્ચક નક્કી કરવામાં આવતું. આ પ્રકારના કરને 'સમકર ઉદ્ગ્રામપટ્ટક'ના નામે ઓળખવામાં આવતો. આમાં ગામડાના લોકોને ૪,૦૦૦

---

૩૪ એજન, પૃ. ૫૦–૫૧.

૩૫ એજન, પૃ. ૨, ૫, ૧૪, ૧૮, ૨૪, ૩૩.

૩૬ એજન, પૃ. ૧૭.

૩૭ એજન, પૃ. ૩૪.

૩૮ લે. પ., પૃ. ૮, ૯.

૩૯ એજન, પૃ. ૯.

દ્રમ કર પેટે આપવાના નક્કી કરવામાં આવતા. આ કરાર મંડલેશ્વરના હાથ નીચેના પંચકુલ અને વ્યક્તિ વચ્ચે થતો.[૪૦]

રાજ્યનું મહેસૂલ જમીનની જાત પ્રમાણે નક્કી થતું. 'ગ્રામસંસ્થા' નામના પત્રમાં જણાવ્યા પ્રમાણે જમીનની જાત અને મહેસૂલ પંચકુલ નક્કી કરતા.[૪૧]

લે. પ.માં જણાવ્યા પ્રમાણે મહેસૂલનો દર નીચે પ્રમાણે હોવાનો સંભવ જણાય છે.[૪૨]

(૧) સમકર ભૂમિ પર દરેક વિંશોપકે[૪૩] ૨૪ દ્રમ.
(૨) પોચલ ભૂમિ પર દરેક વિંશોપકે ૨૦ દ્રમ.
(૩) ખેડાયા વગરની ભૂમિ પર દરેક વિંશોપકે ૧૬ દ્રમ.
(૪) બહારથી આવેલા ખેડૂતની ખેડાણુ માટેની જમીન ઉપર દરેક વિંશોપકે ૧૦ દ્રમ.
(૫) અનાડિયક[૪૪] ઉપર ૩ દ્રમ.

ગોચર જમીન ઉપરનો કર અધિકારી પોતે નકકી કરતો. આવી જમીન ઉપરનો કર નીચે પ્રમાણે લેવાતો.[૪૫]

(૧) ગાયો અને ભેંસો ચરાવવા માટે ૨ દ્રમ.

(૨) બળદ ચરાવવા માટે ૧ દ્રમ. ખેતીમાં ઉપયોગમાં લેવાતા બળદ ચરાવવા માટે કોઈ કર લેવાતો નહિ.

(૩) ઘેટાં બકરાં ચરાવવા માટે $\frac{૧}{૨}$ દ્રમ.

નીચેના જેવા ગુનાના દંડ રૂપે પણ રાજ્યને કેટલીક આવક થતી.[૪૬]

(૧) કોઈનું માથું ફોડવા માટે ૬ દ્રમ.
(૨) બીજાની જમીન ખેડવા માટે ૬ દ્રમ.
(૩) ચામડાની ચોરી કરવા માટે ૩ દ્રમ.
(૪) અનાજના ખેતરમાં ઢોરને ચરાવવા બદલ ૧ દ્રમ.
(૫) આજ્ઞાના ભંગ બદલ ૫ દ્રમ.

આ ઉપરાંત નાકાવેરો, યાત્રાળુવેરો, દારૂના વેચાણુ ઉપરનો કર વગેરે દ્વારા રાજાને આવક થતી.[૪૭]

રાજાના આદેશનો ભંગ કરનાર ગામ માલિકોનાં ગામ જપ્ત કરવામાં આવતાં.[૪૮]

---

૪૦ એજન, પૃ. ૧૦. ૪૧ એજન, પૃ. ૧૬.

૪૨ લે. પ., પૃ. ૧૬.

૪૩ વિંશોપક એ જમીનનું માપ હોવા સંભવ છે. ૧ વિંશોપક=૨૦ વસા. ગ્લોસરી, પૃ. ૧૦૬.

૪૪ અનાડિયક એટલે જ્યાં માલ વેચવા માટે ગાડાં ઊભાં રહે તે જગા.

૪૫ લે. પ., પૃ. ૧૬. ૪૬ એજન, પૃ ૧૬.

૪૭ એજન, પૃ. ૧૪. ૪૮ એજન, પૃ. ૧૬.

## સમાજજીવન

સોલંકીકાલીન સમાજ જીવન વિશેની કેટલીક વિગતો લેખપદ્ધતિમાંથી તારવી શકાય છે.

અગાઉથી ચાલી આવતી ચાતુર્વર્ણ્યની પ્રથા એ સમયે પ્રચલિત હતી.[૪૯] પણ આ સમયે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર એમ દરેક વર્ણમાં પેટાજ્ઞાતિઓ પડી ગઈ હતી. લે. પ.માંથી જુદી જુદી જ્ઞાતિઓ જેવી કે નાગર,[૫૦] મોઢ, શ્રીમાલ, પ્રાગ્વાટ,[૫૧] ઓસવાલ,[૫૨] વગેરે જ્ઞાતિઓનો ઉલ્લેખ મળે છે. આ ઉપરાંત લે. પ.માંથી સમાજમાં પ્રચલિત એવી કેટલીક અટકો જેવી કે દ્વિવેદી,[૫૩] વ્યાસ,[૫૪] ભટ્ટ,[૫૫]સંઘવી[૫૬] વગેરેનો ઉલ્લેખ મળે છે. કારીગર વર્ગમાં સોની, કડિયા સૂત્રધાર, લુહાર, કુંભાર, સાલવી વગેરેનો ઉલ્લેખ મળે છે.[૫૭] સોની લોકો ટંકશાળના ઉપરી તરીકે કાર્ય કરતા હોવાનું જણાય છે.[૫૮]

આ સર્વ ઉપરથી જણાય છે કે વર્ણોમાં વિવિધ પેટા જ્ઞાતિઓ સંપૂર્ણપણે આકાર પામી ચૂકી હતી. સમાજનું વલણ ધીરે ધીરે સંકુચિત બનતું જતું હતું.

## મકાન

મકાનો ઇંટ અને પથ્થરનાં પાકાં બંધાતાં. તેમાં લાકડાનો વિશેષ ઉપયોગ કરવામાં આવતો. મોટાં મકાન મજલાવાળાં હતાં. કેટલાક ઉપર નળીયાનું છાપરું બનાવવામાં આવતું. કેટલાક ઉપર અગાશી કાઢવામાં આવતી. મકાનોની આગળ ખુલ્લી જગા, વંડી, પડશાળ તથા અંદરના ભાગમાં રસોઇઘરની વ્યવસ્થા રહેતી. (पट्टशालारसवतीसमन्वितं)[૫૯] પીવાના પાણીના અલગ કૂવા હતા. મકાનમાંથી ગંદુપાણી કાઢવા માટે ખાળ કૂંડી હતી.[૬૦] મકાનમાં અનાજ રાખવાના કોઠાર રહેતા.[૬૧]

## રાચરચીલું

લે. પ.માંથી ઘર ઉપયોગની વિવિધ ચીજોનો ઉલ્લેખ મળે છે. વાસણોમાં વાટકી, કાંસિયા, કડાઈ, તાંબડી, દેગડી, પડઘા, બૂજારુ, ધૂપદાની, પાણીનો જગ(કરવો), વટલોઈ, લોઢી, વગેરેનો ઉલ્લેખ છે. આ ઉપરાંત, સેજવટ, ચાર્ઇપાઇ, કુંભણી (કુંભ), ગુંડા, કોઠી, નીશા, ઘંટી, હીંડોલી (હિંચકો), પરોણી, હલ, દાતરડું, કોદાળી, કુહાડો, પાવડો, વાહીની, છકડા, બળદગાડું, લાંગડી (એક પ્રકારનું ગાડું) વગેરે વિવિધ ઘર વપરાશની ચીજોની નોંધ મળે છે. આમાં ઘણી વસ્તુઓનાં નામ આજે પણ પ્રચલિત છે.[૬૨]

---

૪૯ લે. પ., પૃ. ૧૭.
૫૦ એજન, પૃ. ૩૫.
૫૧ એજન, પૃ. ૧૯.
૫૨ એજન, પૃ. ૩૩.
૫૩ એજન, પૃ. ૨૩.
૫૪ એજન, પૃ. ૩૩.
૫૫ એજન, પૃ. ૨૦.
૫૬ એજન, પૃ. ૨૫.
૫૭ એજન, પૃ. ૧૯, ૩૨.
૫૮ એજન, પૃ. ૩૨.
૫૯ લે. પ., પૃ. ૧૦.
૬૦ એજન, પૃ. ૪૪-૪૫.
૬૧ એજન, પૃ. ૩૮.
૬૨ એજન, પૃ. ૪૮.

### અનાજ

ઘણાં લોકો ખેતી કરતાં. સોલંકીકાલમાં પ્રચલિત અનાજનાં નામ લે. પ.માંથી મળે છે. દા.ત. જુવાર, તુવેર, ઝીલર, ચૂલા (ચોખા), માલ (એરંડા) અડદ વગેરે. ગોળ, ખાંડ, ઘી, તેલ, મધ વગેરે નો ઉલ્લેખ પણ મળે છે.[૬૩]

### પોશાક

લે. પ.માંથી વિવિધ અલંકારો અને પોશાકનાં નામ મળે છે જેવાં કે કચકડાની બંગડીઓ, બલૈયાં, ચુબની (ચૂડીઓ), ચનડી, ઘાટડી, મોતીનો હાર, વગેરેનો ઉલ્લેખ છે.[૬૪]

### છૂટાછેડાની પ્રથા

લેખપદ્ધતિમાંથી લગ્ન પ્રથા વિષે ખાસ માહિતી મળતી નથી પણ છૂટાછેડા વિષે કેટલીક માહિતી મળે છે. લેખપદ્ધતિના ઢોકન પત્રમાં જણાવ્યું છે કે 'મેહર ચાઈઆ એ મેહર તુણીયાક પાસેથી એમની દીકરી છોડાવડાવી. પછી મેહર ચાઈઆ એ રાજકુલમાંથી ઢોકન પત્ર લઈ તથા સ્વજનોની મંજૂરી મેળવીને પોતાની પુત્રી આભીર ધઉલીઆક ને આપી. આને લઈને એ સ્ત્રી ઉપર અગાઉના પતિનો કોઈ અધિકાર રહ્યો નહિં.[૬૫] આ એક નમૂનાનું પત્ર છે પણ એના દ્વારા છૂટા છેડા અને પુનર્લગ્નની પ્રથા સમાજમાં પ્રચલિત હશે. પણ આ પ્રથા સમાજના ઉપલા વર્ગે સ્વીકારી હશે કે કેમ તે જાણવા મળતું નથી. લગ્નવિચ્છેદનો આ એક જૂનો દસ્તાવેજ છે. છૂટા-છેડાની મંજૂરીનો વિધિ પંચકુલની રૂબરૂ કરવામાં આવ્યો હોવા છતાં તેના માટે રાજઆજ્ઞા મેળવવી જરૂરી હતી એમ આના ઉપરથી લાગે છે. આ ઉપરથી સમાજ ઉપર રાજ્યની કેવી પકડ હતી તેનો ખ્યાલ આવે છે.

### ગુલામીની પ્રથા

અન્ય પ્રદેશોની માફક ગુજરાતમાં પણ, પ્રાચીન સમયમાં ગુલામીની પ્રથા પ્રચલિત હતી. રાજવીઓ યુદ્ધ કેદીઓને ગુલામ તરીકે વેચતા. તેમ છતાં તેમના તરફ માનભર્યું વર્તન થાય તેની કાળજી રાખવામાં આવતી. આ માટે રાજ્ય તરફથી ચોક્કસ પ્રકારના કાયદા ઘડવામાં આવ્યા હતા.

લે. પ. માંથી પુરુષને ગુલામ તરીકે વેચ્યાનો કોઈ દાખલો મળતો નથી પણ સ્ત્રીને ગુલામ તરીકે વેચ્યાનો દાખલો મળે છે. અહીં આપેલ દાસીપત્ર ઉપરથી દાસના પ્રકારો અને ફરજો વિશેની માહિતી મળે છે. દાસીપત્રમાં જણાવ્યા પ્રમાણે પ્રથમ રાજ-આજ્ઞા મેળવ્યા પછી કન્યાને વેચવામાં આવતી. દાસી તરીક ખરીદેલ સ્ત્રી પાસેથી ઘરકામ કરાવી. શકાતું પણ તેના પર વ્યભિચાર કે અત્યાચાર થઈ શકતો નહિ. માલિકે તેને પોતાની શક્તિ અનુસાર ખાધા-ખોરાકી પૂરી પાડવી પડતી. સમાજમાં એવી માન્યતા પ્રચલિત હતી કે જો દાસી આપઘાત કરે તો તે ગધેડી, ભૂંડણ કે ચાંડાલ થઈ અવતરે છે. આથી ખરીદનારે તે આપઘાત ન કરે તેની ખાસ

---

૬૩ એજન, પૃ. ૪૮. ૬૪ એજન, પૃ ૩૨.

૬૫ લે. પ., ૫૨, અહીં ઢોકનનો અર્થ છૂટાછેડા મેળવવા એવા ઘટાવવામાં આવ્યો છે. લે. પ. ગ્લોસરી.

કાળજી રાખવી પડતી, અને જો કદાચ કરે તો માલિકે પ્રાયશ્ચિત કરવું પડતું. દાસી તરીકેની સર્વ શરતો પાળવવામાં આવે છે કે નહિ તેની રાજ્ય તરફથી કાળજી રાખવામાં આવતી. બીજા દાસી-પત્રમાં રાણા વીરધવલે મહારાષ્ટ્ર ઉપર ચડાઈ કરી ત્યારે પકડી આણેલી કેટલીક સ્ત્રીઓને ૬૦ દ્રમમાં વેચ્યાનો ઉલ્લેખ છે.[૬૬] કેટલીક વાર સ્ત્રીઓ સ્વેચ્છાએ દાસી તરીકે વેચાવા આવતી હોવાના ઉલ્લેખો પણ લે. પ. માંથી મળે છે. આ સર્વ ઉપરથી જણાય છે કે સોલંકીકાલમાં ગુલામીની પ્રથા પ્રચલિત હતી. પણ રાજ્ય તરફથી તેના ઉપર સખ્ત નિયંત્રણ રહેતું.

## મિલકતની વહેંચણી

મિલકતના ભાગ પાડવાને લગતી વિગતો વિભંગપત્રમાંથી મળે છે. એમાં પુત્રો ઉપરાંત વિધવા પત્નીનો ભાગ હોવાનો ઉલ્લેખ છે. 'સ્વહસ્તાક્ષરાણિ' પત્રમાં જણાવ્યું છે કે પિતા-પુત્ર વચ્ચે થયેલી લેવડદેવડ જો મિલકતની વહેંચણી થતા સુધીમાં ન પતે તો મિલકતની વહેંચણી વખતે તે રકમ મજરે લેવામાં આવતી. તેના પર વ્યાજ લેવાનું જાણવા મળતું નથી. આ ઉપરથી એમ જણાય છે કે સામાન્ય રીતે સોલંકીકાલમાં મિલકતની વહેંચણી મિતાક્ષરા પ્રમાણે થતી હશે.[૬૭]

## ચારિત્ર્યનું ધોરણ

શુદ્ધ ચારિત્ર્ય માટે સમાજમાં ખાસ આગ્રહ રાખવામાં આવતો. ગુનેગાર માણસ વારંવાર કહ્યા છતાં ન સુધરે તો તેનો બહિષ્કાર કરવામાં આવતો. લે. પ. માંના કૃષ્ણાક્ષર ઉજ્જ્વલાક્ષર વિધિ નામના પત્ર પરથી જાણવા મળે છે કે "પુનાક નામનો માણસ વારંવાર ચેતાવ્યા છતાં ન સુધરતાં તેના માતાપિતાએ રાજ-આજ્ઞા મેળવીને તેનો બહિષ્કાર કર્યો, અને તેની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ન રાખવાની સમાજને વિનંતી કરી". જો તે ભવિષ્યમાં સુધરે તો રાજ-આજ્ઞા મેળવીને તેને કુટુંબમાં પાછો લેવાતો. રાજ્ય ગુનેગારની ચાલચલગતથી સંતોષ પામે તો તેને 'ઉજ્જ્વલાક્ષર'નું ખત મળતું.[૬૮]

દુરાચારના આરોપસર જો કોઈને સજા થાય તો તેની પાસે આ ચુકાદાથી આઘાત પામીને પોતે આપઘાત નહિ કરે એમ લખાવી લેવામાં આવતું. આ પ્રકારના ખતને ગર્દભપત્ર કહેતા.

સામાન્ય રીતે ઝઘડાનો નિકાલ સમાધાન પદ્ધતિથી કરવામાં આવતો. સમાધાન થતાં લખાણ થતું. લખાણ રાજ્યની મંજૂરી માટે રજૂ કરવું પડતું. આને શીલપત્ર કહેતા.

સમાજમાં વડીલો સાથે કેવું વર્તન રાખવું, તેમની સાથે કેવો વ્યવહાર રાખવો, કેવી રીતે પત્રવ્યવહાર કરવો વગેરેનો ઉલ્લેખ લે. પ.માંથી મળે છે. લે. પ. વિ. ૨માં આચાર્ય, ગુરુ, સ્વામી, સેવક, મિત્ર, પત્ની, ભાઈ, પિતા, પુત્ર, માતા, સાસુ, સસરા, જમાઈ વગેરે ઉપરના પત્રોના નમૂના આપેલ છે.

સારા લેખક થવા માટે શું કરવું, રાજલેખક કોને કહી શકાય, સારા અક્ષરો માટે કેવી કલમ અને શાહી વાપરવાં તેની વિગતો લે.પ. ના પરિશિષ્ટમાંથી મળે છે[૬૯]

---

૬૬ લે. પ., પૃ. ૪૪-૪૫. ૬૭ એજન, પૃ. ૫૬. ૬૮ એજન, પૃ. ૫૩.
૬૯ એજન, પૃ. ૯૪-૯૫.

આમ સમાજમાં નીતિનું ધોરણ ટકાવવાના ઉત્તમ પ્રયત્નો થતા.

## આર્થિક સ્થિતિ

લે. પ. ઉપરથી તત્કાલીન સમાજની આર્થિક સ્થિતિનો થોડોક ખ્યાલ આવે છે. મોટા ભાગના લોકો ખેતી કરતા. વિવિધ પ્રકારનું અનાજ જેવું કે ઘઉં, ચોખા, જુવાર, તુવેર, વાલ, ચોળા, તેલીખીયાં વગેરે પકવતા.[૭૦] ખેડૂતો ઘઉંનો પાક છેક જેઠ સુદ પુનમ સુધી લેતા. કેટલાક લોકો સુથાર, લુહાર, કડિયા, મોચી વગેરેનું કાર્ય કરતા. કેટલાક ચામડાં પકવવાનું કાર્ય કરતા.[૭૧]

## ધીરાણપ્રથા

સોલંકીકાલમાં થતી પૈસાની લેવડદેવડ અંગેની કેટલીક વિગતો લે.પ.માંથી મળે છે. આ અંગેની માહિતી આપતા ત્રણ પત્રો વલિતપત્ર, વૃદ્ધિફલપત્ર, અને ગૃહડાણકપત્રમાં જણાવ્યું છે કે વણિકો મકાન, આંબાવાડિયાં, ઢોર, વગેરે ઉપર ધીરધાર કરતા. ગીરો રાખેલ મકાનનું સમારકામ કરજદારના જોખમે કરવામાં આવતું. મકાનને આગ, વરસાદ કે ભૂકંપથી નુકસાન થાય તો કરજદારે લેણદારને નુકસાની ભરપાઈ કરી આપવી પડતી; પણ જો લેણદાર મકાનમાં અનાજનો કે મીઠાનો કોઠાર કરે તો તેનાથી મકાનને થતું નુકશાન લેણદારે કરજદારને આપવું પડતું. ગીરો રાખતી વખતે હાલની માફક દસ્તાવેજ થતા. અનાજ ઉપર ધીરાણ કરવામાં આવતું. આ વખતે રાજભાગને નુકસાન ન થાય તેની ખાસ કાળજી રાખવામાં આવતી. જાત ઉપર કરજ લઈ શકાતું. માનવીના વચન ઉપર વિશ્વાસ રાખી ધીરધાર કરવાની પ્રથા પ્રચલિત હતી.[૭૨] ધીરધાર કરનાર પોતાની રકમની સલામતી માટે જામીન રાખતો.

## વ્યાજનો દર

આ સમયે વ્યાજનો દર સામાન્ય રીતે ઊંચો હોય તેમ લાગે છે. લે. પ.માં વ્યવહારપત્ર નામના ખતમાં વ્યાજનો દર માસિક ૨ ટકા એટલે કે વાર્ષિક ૨૪ ટકા હોવાનું જણાવેલ છે. સંભવ છે કે વ્યાજનો દર સમય અને વ્યક્તિ જોઈ નક્કી થતા હશે. લેણદારને દેવાદાર પાસેથી લેણું વસૂલ કરવા કેટલીક વાર રાજ્યની મદદ લેવી પડતી. તે રાજ્ય મારફતે જરૂર પડે સજા પણ કરાવી શકતો.[૭૩]

## સિક્કા

સોલંકીકાલીન કેટલાક સિક્કાઓનાં નામ લે. પ.માં મળે છે. દા.ત. દ્રમ, વીસલપ્રિય દ્રમ, વિશ્વમલ્લપ્રિયદ્રમ, ભીમપ્રિયદ્રમ વગેરે.[૭૪]

## ટંકશાળ

શ્રીમાલની ટંકશાલ નો આધારભૂત ઉલ્લેખ લે. પ.માંથી મળે છે. સંભવ છે કે આ સમયે શ્રીમાલ એક મહત્ત્વનું કેન્દ્ર હશે.[૭૫]

---

૭૦ એજન, પૃ. ૨૧, ૪૮ ૭૧ એજન, પૃ. ૧૫. ૭૨ એજન, પૃ. ૩૪–૩૬.

૭૩ એજન, પૃ. ૩૩.

૭૪ લે. પ., પૃ. ૩૩, ૩૪, ૩૫

૭૫ એજન, પૃ. ૩૪, ૩૫, ૩૭, ૩૯, ૪૧, ૪૨, ૪૩.

## તોલમાપ

લે. પ.માંથી તોલમાપને લગતી કેટલીક વિગતો મળે છે. અનાજના માપ માટે 'माणि' શબ્દ પ્રયોજાતો. આનો અર્થ ૭ મણ એમ ગ્લોસરીમાં ઘટાવેલ છે. બીજો એક શબ્દ સપાદિકા મળે છે. તેનો અર્થ ૧/૪ એટલે કે પાંચ મણ એમ જણાવેલ છે. અનાજના માપ માટે બીજો એક શબ્દ 'મુડા' મળે છે. અહીં ૧ મુડા બરાબર ૧૦૦ મણ એવો અર્થ ઘટાવેલ છે.[૭૬]

## વિનિમય

આ સમયે બદલાની પ્રથા પ્રચલિત હશે એમ લે. પ.માંના વૃદ્ધિધાન્યાક્ષરાણિ પત્ર ઉપરથી જાણવા મળે છે.[૭૭]

## ધર્મદાય

સમાજમાં દાનનો મહિમા સવિશેષ હતો. લોકોમાં ગ્રહણ, સોમપર્વ વગેરે દિવસોએ દાન આપવાનો મહિમા ઘણો હતો. તીર્થસ્થાનોમાં જઈ દાન આપવાની પ્રથા પ્રચલિત હતી. દાનના બે પ્રકાર લે. પ.માં જોવા મળે છે. ૧ દેવદેય, ૨ બ્રહ્મદેય. દેવદેય એટલે દેવને આપેલું દાન અને બ્રહ્મદેય એટલે બ્રાહ્મણને આપેલું દાન. દાનમાં આપેલ વસ્તુ પાછી લઈ શકાતી નહિ. ભૂમિદાનનો ઉપભોગ વંશપરંપરાનો મનાતો લે. પ.માંથી ભૂમિદાનને લગતાં તામ્રશાસનોના નમૂના મળેલ છે.[૭૮]

## દેવપૂજા

સમાજમાં પ્રચલિત પંચોપચારની પૂજાના કેટલાક ઉલ્લેખો લે. પ. માંથી મળે છે. આ સમયે વિવિધ દેવો જેવા કે બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર વગેરેની પૂજા વધારે પ્રચલિત હતી.[૭૯] ગંગાજળ પવિત્ર મનાતું. દેવ સમક્ષ પ્રતિજ્ઞા લેતી વખતે હાથમાં ગંગોદક લેવામાં આવતું.[૮૦] બ્રાહ્મણોની જમીનને નુકસાન ન થાય તેની કાળજી રાખવામાં આવતી.

## ભાષા

લે. પ.માં આવેલ ખતપત્રો સંસ્કૃત ભાષામાં લખાયેલ છે. પરંતુ એ સંસ્કૃત ભાષા ઉપર સલ્તનતકાલીન ગુજરાતી ભાષાની અસર વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. એમાં સંખ્યાબંધ દેશી કે તળપદી ભાષાના શબ્દો આવે છે, એટલું જ નહિ પણ ઘણીવાર ગુજરાતી ધાતુઓ, કૃદંતો કે રૂપોનું કૃત્રિમ સંસ્કૃતીકરણ જોવા મળે છે. દા. ત. ઘોટક ( ઘોડો ), વાલયિત્વા ( વાળીને ), પોત્તક ( પોતુ ), ફલહિક ( ફળિયું ), ચટાપક ( ચઢાવો ), પોચિલ ( પોચી ), ઢૌર ( ઢોર ), ચુનડી ( ચુંદડી ), છોટનીય ( છોડી દેવું ), જોવારિ ( જુવાર ), તુવરિ ( તુવેર ), ઝીલર ( વાલ ), ચુલા ( ચોળા ), પાવડા, કુહાડા, કડાઈ ( તાંબડી ) વગેરે.[૮૧]

---

૭૬ એજન, પૃ. ૨૧ ગ્લોસરી પૃ. ૧૧૦. ૭૭ એજન, પૃ ૨૧

૭૮ એજન, પૃ. ૬, ૭, ૧૯. ૭૯ એજન, પૃ. ૨.

૮૦ લે. પ., પૃ. ૧૭.

૮૧ શાસ્ત્રી, હ. ગ.નો 'લેખપદ્ધતિ' ઉપરનો લેખ. પથિક, વર્ષ ૧૯૭૬, સપ્ટે–ઑકટો. દીપોત્સવી અંક.; ગુજરાતનાં જૂનાં ખતપત્ર, દસ્તાવેજો ગ્રંથ અને ગ્રંથકાર, પુ. ૬, ડૉ. સાંડેસરાનો લેખ, પૃ. ૪૨–૫૮.

**સ્થળનામો :**

લે. પ.માંથી પ્રાચીન ગુજરાતનાં કેટલાંક ગામોનાં નામ મળે છે. અહીં કેટલાક નમૂના આપેલ છે. સ્થળસંકોચને લીધે બધાં નામ અત્રે આપી શકાય તેમ નથી. પણ એ સર્વ નામ જોતાં જણાય છે કે તેમાંનાં ઘણાં સ્થળનામ સહજ ફેરફાર સાથે આજે પણ પ્રચલિત છે. લે. પ.ના ખતપત્રોમાં દ. ગુ., ઉ. ગુ., સાબરકાંઠા જિલ્લો, સૌરાષ્ટ્ર, કચ્છ વગેરે પ્રદેશોનાં ગામોનાં નામ મળે છે. નીચે કેટલાંક નમૂનાનાં સ્થળનામો આપેલ છે.

| પ્રાચીનનામ | હાલનું નામ |
|---|---|
| અણુધુર ( પૃ. ૨૬ ) | ઐથોર |
| અણુહિલ્લપત્તન ( ૫૪ ) | અનાવડા ( ઉ. ગુ. પાટણ પાસે ) |
| આતરસુંબક ( ૨૭ ) | આતરસુંબા ( જિ. ખેડા ) |
| આશાપલ્લી ( ૧૬ ) | અસારવા |
| ઉના ઉઆ ( ૪૩ ) | ઉનાવા ( ઉ. ગુ. ) |
| ओडा ( २९ ) | ઓડ |
| खेटकधारपथक ( ५ ) | ખેડા |
| घोघावेलाकुल ( २७ ) | ઘોઘાબંદર |
| चतुसत्तर ( १७ ) | ચરોતર |
| जाम्बुग्राभ ( ५२ ) | જાંબુઘોડા. |
| डीसा ( ५० ) | ડીસા |
| डेडाद्रा ( ५० ) | ( ? ) |
| नागसारिका ( ८ ) | નવસારી |
| पेटलाउद्र ( १५ ) | પેટલાદ |
| प्रह्लादनपुर ( ३३ ) | પાલનપુર |
| मुहडासा ( २६ ) | મોડાસા. |
| વર્ધમાનપુર ( ૧૪ ) | વઢવાણ |
| संखारी ( १९ ) | સંખારી |

**સામાન્ય સમીક્ષા :**

આમ સમગ્ર ગ્રંથનો અભ્યાસ કરતાં જણાય છે કે આ ગ્રંથનું ઐતિહાસિક મહત્ત્વ વિશેષ છે. ખતપત્રોની ભાષા જોતાં જણાય છે કે તેમાં આપેલી વિગતો ગુજરાતમાં મુસ્લિમ વહીવટની સ્થાપના પહેલાંના ગુજરાતને સ્પર્શે છે. એટલે સંભવિત રીતે એમ માની શકાય કે તેમાં ઘણીખરી વિગતો સોલંકીકાલને લગતી હશે.

આ લેખ લેખપદ્ધતિનું ઐતિહાસિક મહત્ત્વ સમજાવવાના હેતુથી તૈયાર કરવામાં આવ્યો છે. એક જ ગ્રંથનો તલસ્પર્શી અભ્યાસ કરવાથી કેટલી ઐતિહાસિક વિગતો તારવી શકાય છે તેનો આછો ખ્યાલ આપવાનો મારો આ નમ્ર પ્રયાસ છે. તેનાથી ગુજરાતના સંપૂર્ણ ઇતિહાસનું ચિત્ર ઉપસી આવતું નથી અને તે ઉપસાવવાનો મારો દાવો પણ નથી. આ પહેલાં ઘણા વિદ્વાનોએ લેખપદ્ધતિ વિશે લખ્યું છે. તેમના લેખોનો અત્રે કેટલેક ઠેકાણે આધાર લેવામાં આવેલ છે. તે સર્વનો હું ઋણી છું.

---

# ગ્રહનામધારી અવકાશી શિલાઓ

છોટુભાઈ સુથાર

સૂર્યની આજુબાજુ ગ્રહો, ઉપગ્રહો, ધૂમકેતુ અને ઉલ્કાઓ ઘૂમે છે. અત્યાર સુધીમાં જ્ઞાત મુખ્ય ગ્રહોની સંખ્યા નવ છે. એ પૈકી ચાર ગ્રહો મોટા કદના છે જયારે બાકીના પાંચ નાના કદના. મોટા ગ્રહોને સૌર ગ્રહો અને નાના ગ્રહોને પાર્થિવ ગ્રહો કહેવામાં આવે છે. આજથી બસો વર્ષ પહેલાં માત્ર બે જ મોટા ગ્રહો ગુરુ અને શનિ જાણીતા હતા. યુરેનસની શોધ ઈ.સ. ૧૭૮૧માં થઈ હતી અને તે પછી ગ્રહો શોધવાની કામગીરી આજ પર્યંત ચાલુ છે. યુરેનસ પછી શોધાયેલો મુખ્ય ગ્રહ નેપચ્યુન છે પણ તેની શોધ યુરેનસ શોધાયા બાદ ૬૫ વર્ષ પછી થઈ હતી. નેપચ્યુન મોટો ગ્રહ છે પણ એની શોધ થતાં પહેલાં, એનાથી ઘણા નાના લઘુગ્રહો (Asteroids)ની શોધ થઈ છે. લઘુગ્રહો રૂપી અવકાશી શિલાઓની શોધ ખગોળ જગતની આગવી સિદ્ધિ છે.

અત્યાર સુધીમાં મળેલી માહિતી અનુસાર જાણીતા બનેલા લઘુગ્રહોની સંખ્યા લગભગ બે હજારની છે. ગ્રહોના સૂર્યથી અંતર-ક્રમના હિસાબે લઘુગ્રહોનું સ્થાન મંગળ અને ગુરુ ગ્રહો વચ્ચેનું છે. મંગળ અને ગુરુ નરી આંખે દેખાતા ગ્રહો છે પણ લઘુગ્રહો તેવા નથી. અત્યંત નાના કદવાળા હોવાના કારણે એમનાં દર્શન વિશિષ્ટ દૂરબીનો દ્વારા જ શક્ય છે. કદાચ એ કારણે એમની શોધ બહુ મોડેથી—દૂરબીન વપરાતું થયું તેનાં લગભગ ૨૦૦ વર્ષ પછી—થઈ હતી. દૂરબીન દ્વારા પ્રથમ શોધાયેલો લઘુગ્રહ સીરીસ છે. ઈ.સ. ૧૮૦૧ના જાન્યુઆરીની પહેલી તારીખે એ જડ્યો હતો. ત્યાર બાદ ૭ વર્ષના ગાળા દરમિયાન ત્રણ લઘુગ્રહો (પેલાસ, જ્યુનો અને વેસ્તા) શોધાયા હતા. પાંચમો લઘુગ્રહ છેક ૧૮૪૫ની સાલમાં શોધાયો હતો. નેપચ્યુનની શોધ તે પછીના વર્ષની–ઈ. સ. ૧૮૪૬ની છે. દૂરબીનોની ઉત્તમતાને કારણે ઈ. સ. ૧૮૯૦ સુધીમાં કુલ ૩૦૦ જેટલા લઘુગ્રહો શોધાયા હતા. ઈ. સ. ૧૮૯૧માં દૂરબીનો સાથે કૅમેરા જોડાયા અને તે પછી વધુ ને વધુ લઘુગ્રહો શોધાતા ગયા. લઘુગ્રહો શોધાયા અંગેનો ઈ. સ. ૧૯૭૭ની આખરનો છેલ્લો આંકડો ૨૦૪૨ છે. આ બધા ગ્રહો જેમનાં કક્ષાઓ નિશ્ચિતરૂપે જાણી શકાઈ છે તે પ્રકારના છે. અનિશ્ચિત કક્ષાઓવાળા એટલે કે જે ગ્રહો શોધાયા પછી ખોવાઈ ગયા છે યા ફરી જડ્યા નથી તેમની સંખ્યા પણ લગભગ તેટલી મોટી–બે હજાર જેટલી–છે. પણ આનો અર્થ એ નથી કે લઘુગ્રહોની કુલ સંખ્યા ૪ થી ૫ હજાર જેટલી જ છે. ખગોળશાસ્ત્રીઓનું કહેવું છે કે દૂરબીન વડે ન દેખાતા તેમજ જેમના ફોટા લેવાનું શક્ય બન્યું નથી એવા લઘુગ્રહોની સંખ્યા લગભગ પોણા ચાર લાખ છે.!! સંખ્યાની દૃષ્ટિએ ઘણા વધુ લાગવા છતાંય આ લઘુગ્રહો કદમાં સાવ નાના છે: એકાદ બે કિલોમિટર વ્યાસના યા તેથી પણ નાના. અસ્તિત્વ ધરાવતા આ ક્ષુદ્ર લઘુગ્રહોનું કુલ દળ પણ ઘણું ઓછું છે. સૌથી મોટા લઘુગ્રહ સીરીસના દળના હિસાબે એ કેવળ બે ગણું છે! પૃથ્વી દળના હિસાબે એ અઢી હજારમાં ભાગનું છે.

સમગ્ર લઘુગ્રહોમાં સીરીસ સૌથી મોટો ગ્રહ છે. એનો વ્યાસ ૧૦૦૦ કિલોમિટરનો છે. સીરીસથી નાનો ગ્રહ પેલાસ છે. એનો વ્યાસ ૬૦૦ કિલોમિટર છે. અન્ય લઘુગ્રહો તેનાથી પણ નાના છે. લઘુગ્રહોમાં લઘુરૂપ અને મોટી સંખ્યા, એ બધા ગ્રહો કોઈ એક મુખ્ય ગ્રહના (જે મંગળ અને ગુરુની વચ્ચે આવેલો હશે તેના) તૂટી જવાને કારણે ઉત્પન્ન થયેલા છે એમ આજ સુધી માનવામાં આવતું હતું. અને એવી માન્યતા ધરાવવા પાછળ એક વિશિષ્ટ કારણ પણ હતું. યુરેનસ ગ્રહની શોધ થઈ નહોતી તેવા સમયે, ઈ.સ. ૧૭૭૨માં ટિશિયસ નામના જર્મન ખગોળશાસ્ત્રીએ ગ્રહોનું સૂર્યથી અંતર કેવી રીતે મેળવાય તે અંગેની ગણતરી દર્શાવી હતી. પાછળથી બોડ નામના ખગોળશાસ્ત્રીએ એનો વિશિષ્ટ ઉપયોગ કર્યો અને તે બોડના નિયમ તરીકે જાણીતી થઈ હતી. ઉક્ત ગણતરી અનુસાર ગ્રહોનાં અંતર મેળવવા પ્રથમ ૦; ૩; ૬; ૧૨; ૨૪; ૪૮; ૯૬; ૧૯૨ એમ શ્રેણી લખી એ શ્રેણીના દરેક અંકમાં ૪ ઉમેરી બીજી શ્રેણી તૈયાર કરવામાં આવે છે. પાછળની આ શ્રેણીના દરેક આંકડાને ૧૦ વડે ભાગવામાં આવે છે અને એ રીતે પ્રાપ્ત થતી શ્રેણીના આંકડા ગ્રહાનુક્રમે તેમનાં સૂર્યથી આકાશી એકમ ( સૂર્ય પૃથ્વી અંતર = એક આકાશી એકમ )માં અંતર છે. ઉક્ત ગણતરી અનુસારનાં અંતર તેમજ ગ્રહો અંગેની વિગતો નીચે અનુસાર છે :

| ગ્રહ | ટિશિયસ ગણતરી | | આધુનિક ગણતરી | |
|---|---|---|---|---|
| બુધ | ૦.૪ | આકાશી એકમ | ૦.૩૯ | આકાશી એકમ |
| શુક્ર | ૦.૭ | ,, | ૦.૭૨ | ,, |
| પૃથ્વી | ૧.૦ | ,, | ૧.૦૦ | ,, |
| મંગળ | ૧.૬ | ,, | ૧.૫૨ | ,, |
| — | ૨.૮ | ,, | ૨.૬૫ | ,, |
| ગુરુ | ૫.૨ | ,, | ૫ ૨૦ | ,, |
| શનિ | ૧૦.૦ | ,, | ૯.૫૪ | ,, |

પાઠક જોઈ શકશે કે ૧.૬ આકાશી એકમવાળા મંગળના સ્થાન પછી ૨.૮ આકાશી એકમ દર્શાવતો કોઈ મુખ્ય ગ્રહ નથી. એ સ્થળે લઘુગ્રહો આવેલા છે અને તેથી કલ્પના કરવામાં આવેલી કે લઘુગ્રહો મંગળ અને ગુરુ વચ્ચેના કોઈ એક ગ્રહના ટુકડા છે. ગ્રહના ટુકડા શી રીતે થયા હશે એ સમજાવવું પણ મુશ્કેલ હતું એટલે એમ મનાવવામાં આવ્યું કે મંગળ અને ગુરુ વચ્ચેનો ઉક્ત ગ્રહ બંધાઈ શકેલો નહીં ; પરિણામે એનું દ્રવ્ય લઘુગ્રહોમાં પરિણત થઈ ગયું.

*લઘુગ્રહો વાસ્તવમાં કોઈ મુખ્ય ગ્રહનો ભંગાર છે ખરા ?*

આજનું વિજ્ઞાન તેમ માનવાની ના પાડે છે, અને છતાં આ લઘુગ્રહોની ઉત્પત્તિ વિષે તે ચોક્કસ વિગતો દર્શાવી શકતું નથી. કારણો ન દર્શાવી શકવાના મૂળમાં લઘુગ્રહોના વિશિષ્ટ અભ્યાસની ઊણપ રહેલી છે. સંશોધનની દૃષ્ટિએ છેક ઈ. સ. ૧૯૭૦ સુધી લઘુગ્રહો સાવ ઉપેક્ષિત રહ્યા હતા. પણ હવે પરિસ્થિતિમાં ફરક પડ્યો છે જેના પરિણામે લઘુગ્રહોનાં વિશિષ્ટ રહસ્યો પ્રકટ થવા લાગ્યાં છે.

લઘુગ્રહોની એક વિશિષ્ટ બાબત એમના પિંડ ગોળાકાર ન હોવાની છે. ખરબચડા તૂટેલા ખડક જેવા એમના આકાર છે. એમના વ્યાસ—કહો કે લંબાઈ પહોળાઈ વિભિન્ન છે. વળી સીધી માપપદ્ધતિ દ્વારા તે મેળવવા મુશ્કેલ છે. સૌથી મોટા ચાર લઘુગ્રહોના વ્યાસ સીધી માપપદ્ધતિ દ્વારા મેળવ્યા પછી, અન્ય ગ્રહો માટે બીજી પદ્ધતિઓ હવે ( ઈ. સ. ૧૯૭૦ પછી ) અખત્યાર કરવામાં આવી છે. એ પૈકીની એક પદ્ધતિ લઘુગ્રહોનાં વિવિધ પાસાં દ્વારા પરાવર્તિત થતા સૂર્યપ્રકાશના ધ્રુવણ ( Polarization ) અંગેની છે જ્યારે બીજી પદ્ધતિ દૃશ્ય તેમ જ ઇન્ફ્રારેડ પ્રકાશમાં લઘુગ્રહની તેજસ્વિતા માપવા અંગેની છે. આ બંને પદ્ધતિઓ એકબીજાથી સ્વતંત્ર છે અને એમની રીતે લઘુગ્રહનો ધવલાંક ( Albedo ) શોધી તેના આધારે ગ્રહની લંબાઈ પહોળાઈ વગેરે શોધી કાઢવામાં આવે છે.

લઘુગ્રહ દ્વારા પરાવર્તિત થતા સૂર્યપ્રકાશની માત્રા એક સરખી હોતી નથી. એમ થવાનું કારણ ગ્રહનો અનિયમિત આકાર છે. ધરીભ્રમણ કરતો ગ્રહ ક્યારેક પોતાનો વધુ પૃષ્ઠભાગ સૂર્યસમ્મુખ દાખવે છે તો ક્યારેક સાવ ઓછો. લઘુગ્રહોના આકાર અનિયમિત પ્રકારના છે. સુપ્રસિદ્ધ એરોસ લઘુગ્રહની લંબાઈ, પહોળાઈ અને જાડાઈ અનુક્રમે ૩૨, ૧૬ અને ૮ કિલોમિટરની છે !

બસો જેટલા લઘુગ્રહોનાં સર્વેક્ષણ પરથી માલૂમ પડ્યું છે કે તે બધા ૦.૦૧૯ થી ૦.૩૭૭ સુધીના ધવલાંક દર્શાવે છે. મતલબ કે નિસ્તેજ ગ્રહ તેને મળેલા સૂર્યપ્રકાશનું માત્ર ૨ ટકા જેટલું પરાવર્તન કરે છે જ્યારે તેજસ્વી ગ્રહ ૩૭ ટકા જેટલું. આ સંદર્ભમાં ખ્યાલમાં રાખવું ઠીક રહેશે કે આપણો ચંદ્ર તેને મળેલા સૂર્યપ્રકાશના ૭ ટકાનું પરાવર્તન કરે છે જ્યારે શુક્રગ્રહ ૬૧ ટકા જેટલું. લઘુગ્રહોના ધવલાંક પરથી તારવવામાં આવ્યું છે કે લઘુગ્રહો સંરચનાની દૃષ્ટિએ બે પ્રકારના છે. ઓછા ધવલાંકવાળા ગ્રહોની સપાટીનું દ્રવ્ય કાર્બન સભર છે જ્યારે અન્યનું સિલિકન યા રેતીતત્ત્વવાળું છે. લઘુગ્રહોમાં વધુ પ્રમાણ કાર્બનમય સપાટીવાળા ગ્રહોનું છે. મંગળગ્રહ તરફ આવેલા ગ્રહપટમાં તેમની સંખ્યા ૫૦ ટકા જેટલી છે જ્યારે ગુરુ તરફના ગ્રહપટમાં તે ૯૫ ટકા જેટલી છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે લઘુગ્રહો પૈકીના ૮૮ ટકા ગ્રહો કાર્બનમય સપાટીવાળા છે.

એક બીજી રીતે લઘુગ્રહો ચિંતન મસાલો અર્પે છે.

અવકાશી પિંડોના અંદરના ભાગે રેડિયોધર્મી પદાર્થો અસ્તિત્વ ધરાવતા હોય છે. લઘુગ્રહો આવા પદાર્થોને કારણે આંતરિક ગલન અનુભવે અને તેના ફળસ્વરૂપ તેમનાં આંતરબાહ્ય સ્વરૂપ અને સંરચના બદલાય એમ બનવું સ્વાભાવિક છે. વળી આ પ્રકારની શક્યતા મોટા કદવાળા લઘુગ્રહો માટે વધુ છે જ્યારે ક્ષુદ્ર કદવાળા માટે તે નહીંવત્ લેખાય. સમગ્ર ગ્રહપિંડના ગલન અને વિભેદન થવાની પરિસ્થિતિમાં તે ગ્રહના અંતરાળમાં પથ્થરિયા લોહ આવરણવાળો ધાતવીય ગર્ભભાગ હશે અને તેની ઉપર, બહારના ભાગે, જાડું બેસાલ્ટનું પડ હશે. પણ આ બાબત બધા લઘુગ્રહો માટે સંભવિત નથી. મોટા ભાગના ગ્રહોનું ગલન આંશિક રૂપનું હશે અને તે કારણે તેમના અંતરાળમાં બંધાતો ધાતુપિંડ નાનો હશે. અલબત્ત આ પિંડની ફરતે મોટું પથ્થરિયું લોહ આવરણ હશે અને તેને પરિવેષ્ટિત સિલિકનનું આવરણ હશે. સંભવિત છે કે ઉલ્કા સિલિકનના

આવરણની આજુબાજુ, લઘુગ્રહો મૂળે જે કાર્બનમય પદાર્થના બનેલા છે તેનું આદિમ કાલિન આવરણ અક્ષુણ્ણ રૂપમાં આવેલું હશે.

ઉક્ત કલ્પના એ હિસાબે કરવામાં આવી છે કે લઘુગ્રહો જ્યારે ઉત્પન્ન થયા હશે ત્યારે તેમની સંખ્યા સાવ ઓછી હશે. એમ બન્યું હોવાનો પૂરો સંભવ છે કે મૂળે પચાસેક જેટલા મોટા દળવાળા લઘુગ્રહો બંધાયા હશે અને બાદમાં એકબીજાનાં આકર્ષણ ખમવા જતાં અરસ-પરસ અથડાઈ તેમના ટુકડા થતાં નાના લઘુગ્રહો ઉત્પન્ન થયા હશે. તે સાથે એમ પણ બનવાનો સંભવ છે કે કેટલાક લઘુગ્રહો આપસની અથડાઅથડીથી બચી જઈ પોતાનું મૂળ રૂપ જાળવી રહ્યા હોય. પૃથ્વી પર જેવાં ઘસારાનાં બળ છે તેવાં આ ગ્રહો પર અસ્તિત્વ ધરાવતાં ન હોવાથી કેટલાક લઘુગ્રહો આદિમ પદાર્થની સંરચનાવાળા હોવાના.

લઘુગ્રહોના વર્ણપટના અભ્યાસ પરથી સમજાયું છે કે ૪૦ કિ.મિ. થી ૨૦૦ કિ.મિ. વ્યાસ ધરાવતા લઘુગ્રહો પૈકી રેતીલી સપાટીવાળા ગ્રહો રતુમડા રંગવાળા છે. કેટલાક ખગોળ-શાસ્ત્રીઓ એવા ગ્રહોને આંતરિક વિકિરણથી ગલિત થયેલા લઘુગ્રહોના પ્રસ્તરીય લોહવાળા ગર્ભ-ભાગ હોવાનું માને છે. અલબત્ત એવા ભાગોની આજુબાજુનું જાડું આવરણ એકબીજા સાથેની અથડામણ વેળા ઉક્ત ગ્રહોએ ગુમાવી દીધું હશે. ગ્રહના ગર્ભભાગ અત્યંત કઠોર હોવાથી તેમના તૂટી જવાની શકયતા નથી. આવા ગ્રહો લઘુગ્રહપટના મધ્યભાગમાં વિશેષે કરીને આવેલા હોવાનું જણાયું છે.

પણ આનો અર્થ એ નથી કે પૂર્ણગલન પામેલા બધા લઘુગ્રહોનો ઉકત રીતે લોપ થઈ ગયો છે. વેસ્તા અને બીજા થોડા ગ્રહો હજીયે મૂળરૂપમાં અકબંધ રહેલા છે. તેમની આ વિશિષ્ટતાને કારણે સંશોધન કાર્યમાં તેમનો ઉચિત ઉપયોગ થઈ રહ્યો છે.

બધા જ લઘુગ્રહોની કક્ષાઓ મંગળ અને ગુરુની વચ્ચે સીમિત છે એવું પણ નથી. કોઈ કોઈ ગ્રહ મંગળ કક્ષાને અતિક્રમી પૃથ્વીની કક્ષા સુધીનું ભ્રમણ કરતા જણાયા છે. આવા ગ્રહોની સંખ્યા બે-ચારની નહીં પણ વીસ જેટલી છે. આ ગ્રહો સામાન્યપણે જોવા મળતી કોન્ડ્રિટિક ( Chondritic ) ઉલ્કાઓ જેવા છે. એમની ઉત્પત્તિ વિષે એમ માનવામાં આવે છે કે લઘુગ્રહો બંધાતા હતા તે વેળાનો, તેઓ, લઘુગ્રહપટમાંથી બહાર ફેંકાયેલો ભંગાર છે ! એક અન્ય કલ્પના અનુસાર તેઓ અલ્પકાલિન કક્ષાવાળા ધૂમકેતુઓની નિર્વાપિત ( Extinct ) આશ્મિક નાભિના ટુકડા છે. કોન્ડ્રિટિક પ્રકારના આ ગ્રહો સુધી પહોંચવું હવે અશકય નથી. ચંદ્રની જેમ તેમની પર પણ અવકાશયાન દ્વારા ઉતરાણ કરી શકાય તેમ છે. એપોલો અવકાશયાનની સાધન-સામગ્રીમાં ઘટતા ફેરફાર કરી ઉક્ત ગ્રહો પર સમાનવ ઉતરાણ કરવું મુશ્કેલ નથી.

લઘુગ્રહોનું એક જૂથ ટ્રોજનગ્રહોના નામે ઓળખાય છે. આ જૂથના ગ્રહો ઘેરા રંગવાળા છે અને તેમની કક્ષા ગુરુની કક્ષાને મળતી આવે છે. ઈ સ. ૧૯૭૪ સુધીમાં ઉક્ત ગ્રહોની જાણીતી સંખ્યા ૧૬ની હતી. ૯ અને ૭નાં બે જૂથમાં આ ગ્રહો સૂર્ય અને ગુરુ સાથે સમબાજુ ત્રિકોણ રચે છે. આમ બે જૂથ બે ત્રિકોણ રચે છે. એક જૂથ ગુરુકક્ષામાં ગુરુની આગળ આવેલું છે જ્યારે બીજું જૂથ ગુરુની પાછળ આવેલું છે. મતલબ કે ગુરુ એ બંને જૂથ વચ્ચે રહી કક્ષાભ્રમણ કરે છે. ઉક્ત બંને ટ્રોજન જૂથો વચ્ચેનું કક્ષીય અંતર ૧૨૦ અંશનું છે.

અતિ જાણીતા ટ્રોજનજૂથોનું વિશેષ નિરીક્ષણ કરતાં જાણવા મળ્યું છે કે ટ્રોજન ગ્રહોની સંખ્યા કેવળ ૧૬ની નહીં પણ હજારોની છે. અલબત્ત ઉક્ત ૧૬ ટ્રોજનગ્રહો સિવાયના અન્ય ગ્રહો અત્યંત નાના અને ઝાંખા છે. લઘુગ્રહોના મુખ્ય પટવાળા ગ્રહોના હિસાબે આ ગ્રહો વધુ ઘેરા અને રાતા દ્રવ્યની સપાટીવાળા છે. એ રીતે અન્ય લઘુગ્રહો કરતાં તે જુદા પડે છે. એમ પણ કહી શકાય કે ટ્રોજન ગ્રહોના કલેવર અત્યંત પ્રાચીન આદિમ દ્રવ્યનાં બનેલાં છે.

ઉપર્યુક્ત ચર્ચા પરથી એક તારણ એવું નીકળે કે સૂર્યમંડળની રચનાકાળે, આદિ સૂર્ય-મંડળનાં ધૂળ અને વાયુનાં વાદળ સંઘનિત બનવા માંડયાં હશે ત્યારે તે સમયના આદિમ દ્રવ્યનો કેટલોક ભાગ લઘુગ્રહોમાં પરિવર્તિત થઈ, તે રૂપે, આજ સુધી ટકી રહ્યો છે. લઘુગ્રહો સુધી સમાનવ તેમજ અમાનવ અવકાશયાનો મોકલી તેમની જમીનના નમૂના મેળવવાની યોજના અત્રે વિચારાઈ રહ્યાનું જાણવા મળે છે. કાર્બનયુક્ત સપાટીવાળા લઘુગ્રહોના અને વિશેષ કરીને ટ્રોજનગ્રહોની ભૂમિના નમૂના અભ્યાસીઓ માટે ખૂબ મહત્ત્વના લેખાશે. એમનાં નિરીક્ષણ, પરીક્ષણ દ્વારા સૌરમંડળના શરૂઆતના દિવસોની સર્જન કેડીની ઝાંખી થશે અને એ રીતે નવી માહિતી પ્રાપ્ત થતાં ખગોળજ્ઞાનમાં કીમતી વધારો થશે.

# છેલ્લાં બસો વર્ષની
# ગુજરાતી કવિતામાં રાધા-કૃષ્ણ*

સુભાષ દવે

ગુજરાતી સાહિત્યના સંદર્ભમાં છેલ્લાં બસો વર્ષનો સમયગાળો સાહિત્યના પ્રમુખ એવા બંને યુગોને સ્પર્શે છે. આ યુગો તે મધ્યકાલીન અને અર્વાચીન. ૧૯મી સદીનો પૂર્વાર્ધ, ૧૫મી સદીથી શરૂ થયેલ મધ્યકાલીન સાહિત્યનો છેલ્લો કાળખંડ છે. તો એનો ઉત્તરાર્ધ અને પછીનો આજપર્યન્તનો સમય અર્વાચીન સાહિત્યનો કાળખંડ છે. આ વિભિન્ન યુગોમાં, સર્જાતા સાહિત્યમાં, સવિશેષ કરીને કવિતામાં રાધા–કૃષ્ણવિષયક કવિતા–ધારા કેવીક વહે છે, એનું સ્વરૂપ કેવું છે, એ વિશેની અવલોકન–નોંધ અહીં પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ છે. છેલ્લાં બસો વર્ષની આ ધારાની કવિતામાં રાધા–કૃષ્ણનો સંદર્ભ યુગપરત્વે જોતાં વિલક્ષણ રીતે જુદો પડે છે. મધ્યકાલીન સાહિત્યમાં રાધા–કૃષ્ણનો સંદર્ભ પ્રાય: પ્રેમલક્ષણાભક્તિની કવિતાધારાના અનુલક્ષમાં જ ઉપસ્થિત થયેલો છે, જ્યારે અર્વાચીન સાહિત્યમાં ઉમાશંકર જોષીનાં નિરીક્ષણને યાદ કરી કહીએ તો લોકપરિચિત રાધા–કૃષ્ણના માધ્યમ દ્વારા કવિ પોતાના મનોગતને સર્વસાધારણ અનુભવની બિનઅંગત વસ્તુ જાણે બનાવવા ઇચ્છતો હોય છે.

પ્રેમલક્ષણાભક્તિની ગુજરાતી કવિતાધારાનો આદિ સ્રોત આપણને ૧૫મી સદીમાં નરસિંહની કવિતામાં જોવા મળે છે, અને ઓગણીસમી સદીના પૂર્વાર્ધમાં દયારામમાં એ સ્રોત વિશાલ સરોવરનું રૂપ ધારી રહેલ લાગે છે. અર્વાચીન સાહિત્યમાં કહો કે નવતર પ્રેમલક્ષણાભક્તિનો સ્રોત ફૂટે છે નાનાલાલની રસાવલિઓમાં અને એ વિશાલ સરોવરનું રૂપ ધારે છે પ્રિયકાન્ત–હરીન્દ્ર-'ઉશનસ્'ની ગીતમાધુરીમાં. મધ્યકાલીન સાહિત્યમાં તો આ ધારાને પોષણસમૃદ્ધ કરનારા નાના-મોટા અનેક કવિઓ થઈ ગયા છે: એ કવિઓમાંનાં સુપ્રસિદ્ધ નામો આ રહ્યાં: ભીમ, કેશવદાસ, કાયસ્થ મીરાં, ભાલણ, પ્રેમાનંદ, ભાણદાસ, રામકૃષ્ણ, રાજે, રત્નો, રણછોડ, ગિરધર, થોભણદાસ, નરભેરામ, પ્રીતમદાસ, 'પ્રેમસખી' પ્રેમાનંદ, બ્રહ્માનંદ, કવિ ભૂખણ, મયારામ, મીઠો, મોતીરામ, રઘુનાથદાસ, વલ્લભદાસ, શાંતિદાસ, શોભામાજી (હરિદાસ), ઋષિરાજ વગેરે. અખો, ગોપાલ, નરહરિ, ધીરો, ભોજો, નિરાંત, ભાણ, મોરાર, રવિ અને જીવણ જેવા જ્ઞાનમાર્ગી કાવ્યધારાના કવિઓએ પણ ઓછેવત્તે અંશે પ્રેમલક્ષણાભક્તિનું નિરૂપણ તેમની રચનાઓમાં કર્યું છે, એ ઘટના પણ અહીં ઉલ્લેખપાત્ર છે. અર્વાચીન સાહિત્યમાં પણ ઉપર નિર્દિષ્ટ નામો ઉપરાંત 'સુન્દરમ્, રાજેન્દ્ર, નિરંજન, બાલમુકુંદ દવે, નંદકુમાર પાઠક, જયન્ત પાઠક, વેણીભાઈ પુરોહિત, પિનાકિન ઠાકોર, 'અનામી', મકરન્દ દવે, માધવ રામાનુજ,

* સાહિત્ય અકાદમી તરફથી નવે., ૭૭માં વડોદરા ખાતે ઉજવાયેલી દયારામ દ્વિશતાબ્દીમાં વાંચેલો નિબંધ

બ્રહ્મલીન સંતકવિ રંગઅવધૂત, યોગાચાર્ય કૃપાલ્વાનંદ જેવા અનેક કવિઓથી આ ધારાની કવિતા સમૃદ્ધ બનેલી છે. પ્રેમલક્ષણાભક્તિની આ અવિચ્છિન્ન વહેતી કવિતાધારાનો પરિચય આપતો એક પ્રતિનિધિ સંગ્રહ તૈયાર કરવાનો સમય પાકી ગયો છે, એવું અહીં નિર્દેશવું પ્રસ્તુત લાગે છે.

મધ્યકાલીન અને અર્વાચીન સાહિત્યમાં પ્રેમલક્ષણાભક્તિનો આ કવિતાપ્રવાહ પ્રેમલક્ષણાભક્તિનું કેવુંક સ્વરૂપ ઉપસાવે છે? 'પ્રેમલક્ષણાભક્તિ' અને 'નવતર પ્રેમલક્ષણાભક્તિ' સંજ્ઞાઓથી આપણને શું અભિપ્રેત છે? મધ્યકાલીન સાહિત્યનાં પ્રેમલક્ષણાભક્તિધારાના કવિઓએ માહાત્મ્યજ્ઞાનપૂર્વકની કૃષ્ણભક્તિ ઉપરાંત કૃષ્ણચરિત્રની ગોકુળલીલાના પ્રસંગો પર આધારિત કૃષ્ણ અને રાધા યા ગોપીઓની શૃંગારલીલાની રસસૃષ્ટિ સર્જી છે. પ્રેમલક્ષણાભક્તિની આ કાવ્યધારાનું મૂળ 'શ્રીમદ્‌ભાગવત' છે. હિન્દુધર્મનો આ આદરણીય ગ્રંથ છે. એમાં શ્રીકૃષ્ણની ગોકુળલીલાના કથાવિષયમાં કૃષ્ણ–ગોપીઓનો લીલાખેલ સમગ્ર કથાના એક અંશરૂપે આલેખાયો છે. કૃષ્ણ પ્રત્યેની ગોપીઓની અદમ્ય આસક્તિ, પ્રત્યક્ષ મિલન માટેની આરઝૂ, એના પ્રત્યેનો નિષ્કપટ અને નિઃસંકોચ સમર્પણ ભાવ—આવી ભાવસ્થિતિઓ વડે આ કથાંશ હૃદયસ્પર્શી બની રહે છે. ગોપીહૃદયનાં આવાં સ્નેહ અને સમર્પણનાં સંવેદનોમાં પ્રેમલક્ષણાભક્તિનું સ્વરૂપ મૂર્ત બની રહે છે. શ્રીકૃષ્ણની શ્રીમદ્‌ભાગવતકથિત આ કથા ક્ષેમેન્દ્રને હાથે તેના **दशावतार** ગ્રંથમાં વિસ્તરે છે. **गाहा सतसई** જેવી પ્રાકૃત રચનાઓમાં રાધા–કૃષ્ણની લીલાઓનો જે નિર્દેશ મળે છે, તેમ જ એવા અન્ય લોકસાહિત્યમાંથી સંભવતઃ પ્રેરણા લઈ ક્ષેમેન્દ્રે **दशावतार**માં ગોપીઓ સાથે રાધાનું પાત્ર પણ મૂક્યું. શ્રીકૃષ્ણની પ્રધાન પ્રેયસી તરીકે એનું વ્યક્તિત્વ અહીં નિરૂપાયું છે.

આ પછી જયદેવના **गीतगोविन्द**માં કૃષ્ણ–રાધા વા ગોપીઓની પ્રેમમસ્તીનું હૃદયસ્પર્શી લીલાગાન કલાવિધાન પામે છે. પછી તો જયદેવના પંથે વિદ્યાપતિ, કવિ ચંડીદાસ, બંગાળના ગૌડીય વૈષ્ણવ કવિઓ અને વલ્લભાચાર્ય અને વિઠ્ઠલનાથજીના અષ્ટસખાના નામથી સુપ્રસિદ્ધ શિષ્યકવિવૃંદને હાથે આ પ્રેમલક્ષણાભક્તિની કાવ્યધારા ભક્તસાધકોની હૃદયસાધનાના જાણે આવિષ્કારો બની રહે છે. ગુજરાતમાં આ ધારાનું પ્રેરણાસ્થાન ભલે **श्रीमद्भागवत** હોય, આ ધારાને વેગવંત બનાવનાર મહત્ત્વના પરિબળરૂપે તો શ્રી વલ્લભાચાર્ય અને શ્રી વિઠ્ઠલનાથજી-પ્રસ્થાપિત પુષ્ટિસંપ્રદાયને જ ગણવાનું મન થાય છે. શ્રી. વિઠ્ઠલનાથજીપ્રસ્થાપિત શિષ્યવૃંદની રાધા–કૃષ્ણકાવ્યપરંપરાનો ગુજરાતના મધ્યકાલીન સાહિત્યની આ ધારાના કવિઓને સઘન પરિચય હતો. રામકૃષ્ણ, 'પ્રેમસખી' પ્રેમાનંદ, દયારામ, ગિરધર વગેરે કવિઓની રચનાઓ જોતાં આ વાત નિઃસંદેહ બની રહે છે.

પ્રેમલક્ષણાભક્તિની દૃષ્ટિએ કૃષ્ણ પરમાત્મા છે અને રાધા કે ગોપી આત્મા છે. ગોપીઓની કૃષ્ણ પ્રત્યેની ભક્તિ પરાભક્તિ છે, સર્વશ્રેષ્ઠ ભક્તિ છે. શ્રીમદ્‌વલ્લભાચાર્યે **संन्यासनिर्णय** ગ્રંથમાં ગોપિકાઓ માટે કહ્યું છે : **गोपिकाः गुरवः प्रोक्ताः।** ઋષિરૂપા ગોપીઓ અજ્ઞાની જેવી ગણાય છે. પરંતુ તે અજ્ઞાની નથી. તે કૃષ્ણને પરબ્રહ્મ પરમેશ્વર માનીને વર્તે છે. પરબ્રહ્મ શ્રીકૃષ્ણની સમક્ષ આત્માસ્વરૂપ ગોપી વા રાધા આત્મસમર્પણ કરે છે. આમ ગોપી કે રાધા આદર્શ ભક્ત તરીકે પ્રેમલક્ષણામાં પ્રતીક બને છે. એથી કૃષ્ણના કૃપાપાત્ર બનવું હોય તો ભક્તે

પોતાના વ્યક્તિત્વને ઓગાળી દઈને રાધા કે ગોપી બનીને કૃષ્ણપ્રેમમાં આસક્ત બનવું પડે. ગોપીભાવ કે રાધાભાવ ધારણ કરીને ભક્ત પોતાના અહં, ઈર્ષ્યા, ક્રોધ, સ્નેહ, ઝંખના જેવી માનવસહજ વિભિન્ન લાગણીઓનું કેન્દ્ર કૃષ્ણને બનાવે છે, કારણ કે કૃષ્ણ પ્રત્યે વાળીને આ લાગણીઓનું ઊર્ધ્વીકરણ રચી પ્રેમસમાધિમાં કૃતાર્થતાનો આનંદ પમાય છે, એવી એને શ્રદ્ધા હોય છે. કૃષ્ણ–ગોપી–રાધાની આ પ્રીતને જારપીત તરીકે ઓળખાવાઈ છે. આ જારપીત પ્રેમલક્ષણાભક્તિનું મુખ્ય લક્ષણ ગણાય છે.

ગુજરાતી મધ્યકાલીન સાહિત્યની પ્રેમલક્ષણાભક્તિધારાની કવિતા આ આદર્શથી સર્જાઈ લાગે છે. છેલ્લાં બસો વર્ષના ગાળામાં આ ધારાના ત્રણ મોટા કવિઓ છે: દયારામ, 'પ્રેમસખી' પ્રેમાનંદ અને ગિરધર. દયારામ અને ગિરધર વૈષ્ણવધર્મના પુષ્ટિસંપ્રદાયના આરૂઢ અનુયાયીઓ હતા, જ્યારે 'પ્રેમસખી' પ્રેમાનંદ સ્વામિનારાયણ સંપ્રદાયના સંનિષ્ઠ સેવક હતા. બંને સંપ્રદાયોમાં શ્રીમદ્‌ભાગવત એક શાસ્ત્રગ્રંથની પ્રતિષ્ઠા પામેલો ગ્રંથ છે તેથી એ ગ્રંથમાંથી પ્રેરણા લઈ તેમ જ સ્વસંપ્રદાયની વિચારસરણીમાંથી પોષણ મેળવી પ્રેમલક્ષણાભક્તિની છોળો આ કવિઓએ છલકાવી છે. વ્રજભાષાના અષ્ટછાપ કવિઓની રાધા-કૃષ્ણવિષયક કવિતા-પરંપરાના સંસ્કારો પણ પ્રબળ રીતે એઓએ ઝીલ્યા છે.

ત્રણે કવિઓની રચનાઓમાં કૃષ્ણ અને રાધા કે ગોપીઓનાં રૂપ કેવાં ઉપસે છે? ત્રણે કવિઓને મન કૃષ્ણ પરબ્રહ્મરૂપ છે, પરમાત્મા છે. રાધા યા ગોપી જેમ સ્નેહ અને સમર્પણ-ભાવે કૃષ્ણમય બની પ્રેમસમાધિ માણે છે તેમ આ કવિઓની હૃદયભાવના કૃષ્ણસાક્ષાત્કારની હોઈ, પ્રેમલક્ષણાને અભિપ્રેત એવો ગોપીભાવ-રાધાભાવ ધારણ કરે છે. પોતાના પુરુષ-વ્યક્તિત્વને જાણે ઓગાળી દઈ ગોપી બની જઈ અંતઃકરણની સઘળી વૃત્તિઓને કૃષ્ણમાં કેન્દ્રિત કરે છે. આ દૃષ્ટિએ આ કવિઓ અને આ ધારાના અન્ય કવિઓ પણ જાણે પ્રેમભક્તિપંથના સાધકભક્તો તરીકે આપણી સમક્ષ ઉપસી રહે છે.

રાધા-ગોપીમાં હતી એવી કૃષ્ણ પ્રત્યેની અનન્યનિષ્ઠાના ઉદ્‌ગારો આ કવિઓમાં સહજ-રીતે સંભળાયા કરે છે: દયારામ ગાય છે: "એક વર્યો ગોપીવલ્લભ, નહીં સ્વામી દૂજો." ગિરધરનો ઉદ્‌ગાર છે: "વહાલા રે મારા નિર્લજ થઈને અમે ભજીએ, સુન્દર વરને કયમ તજીએ રે", તો 'પ્રેમસખી' પ્રેમાનંદ કહે છે "હું તો વારી રે ગિરધર લાલ, મોલીડે તારે રે. × "મારા પ્રાણતણાં છો પ્રાણ, મુજને વહાલા રે; × × તારા મુખ પર શ્યામ તનમન વારું રે." નરભેરામને સાંભળો: 'તમે સ્વામી છો નરભેરામના રે.'

રાધા–કૃષ્ણની પ્રેમમસ્તીનું દીપ્તિસભર લીલાગાન કરતી આ કવિઓની રચનાઓ ગુજરાતી સાહિત્યનું અનેરું આભૂષણ છે. સ્નેહ-સમર્પણભાવની ગોપીહૃદયની ભાવસૃષ્ટિ રાધા કે ગોપીને અને તેમને પોતાને પણ આપણી સમક્ષ આમ તો પરકીયાના રુપમાં પ્રકટ કરે છે. આ પરકીયાની જાત આ કવિઓએ 'પદ્મિની'ની વર્ણવી છે.

"શુદ્ધ પદ્મિની રાધિકા, કૃષ્ણપ્રિયાજગજ્જનિ" (દયારામ) પદ્મિનીરાધિકા નખશિખ રૂપવતી, સુકુમાર, લજ્જાવતી, પ્રસન્નવદના અને પદ્મસુગંધિત તનવાળી હોય. દયારામે રાધિકાનું વર્ણન કર્યું છે. તેમાં એના નખશિખ રૂપલાવણ્યને અલંકારયુક્ત બાનીમાં વર્ણવ્યું છે

રાધે ! રૂપાળી રસીલી તારી આંખડી જો,
જોડી કૃષ્ણસમાન છબી ફાંકડી જો,
ઉપમાએ અધિક નહીં તું'થી મૃગલોચની જો,
વિના અંજન મનરંજન ભવમોચની જો,
તારું ચંદ્રવદન કહેતાં લાજુ તારુણી ! જો.
એક તો કલંકી વિષબિન્દુ વારુણી જો, (દ. રસસુધા–ગ.૪૯)

આ પદ્મિની રાધિકા કે ગોપીની મુગ્ધાવસ્થાથી પ્રગલ્ભાવસ્થાપર્યન્તની કે પૃથક્ પૃથક્ ભાવછબીઓ રમણીય રીતે દયારામ, 'પ્રેમસખી' પ્રેમાનંદ, ગિરધર, કવિભૂખણ, શોભામાજી, મીઠો વગેરેની રચનાઓમાં આલેખાઈ છે. કૃષ્ણ–રાધા કે ગોપીનાં પરસ્પરનાં અનુરાગ, કામણ, આકર્ષણ, ઇર્ષ્યા, મજાક–મશ્કરી, રિસામણાં–મનામણાં, ઘેલી ગોપીઓનાં પ્રણયનિવેદન કરવા માટેનાં કૃષ્ણને નિમંત્રણ વિરહસંતપ્તસ્થિતિમાં તેમના સ્નેહસંદેશા, ઉપાલંભ, નિરાધારતાના અનુભવે ઊઠતા આર્તપોકારો–આવી ભાવસૃષ્ટિની આ કવિઓની રચનાઓ આપણને પ્રેમભક્તિ-રસથી ભીંજવી શકે છે.

આ શૃંગારભક્તિની ભાવસૃષ્ટિના આલેખનમાં 'પ્રેમસખી' પ્રેમાનંદ અને ગિરધર જેવ કવિઓ કરતાં દયારામ કંઈક વિશેષ પ્રગલ્ભ જણાય છે. તેથી દયારામમાં કૃષ્ણ–રાધાનાં ચિત્રો માનવીય સવિશેષ લાગવાનો સંભવ રહે છે. શ્રી કનૈયાલાલ મુનશીએ દયારામને ભક્ત કવિઓની પંક્તિમાં નહીં બેસાડતાં પ્રણયકવિઓની પંગતમાં સ્થાન આપ્યું હતું. તેમાં આ પ્રગલ્ભ પ્રણયચિત્રો જ મોટું કારણ જણાય છે. પરંતુ આ ચિત્રોની સાથે કૃષ્ણ–રાધા પ્રત્યેનો એમનો ઉપાસ્યભાવ નિરૂપતાં પદ-ગરબી-ગરબો અને સિદ્ધાંતવિષયક ગ્રંથોનો અભ્યાસ કરતાં સ્પષ્ટ થાય છે કે એ પ્રણયચિત્રો 'દયાસખી' કે દયાગોપીની અંતઃકરણની લાગણીઓનું ઊર્ધ્વીકરણ કરવાની પ્રક્રિયાનો સંદર્ભ પામતાં અનુભવી શકાય છે.

'પ્રેમસખી' પ્રેમાનંદની રાધા યા ગોપીમાં પ્રણયભક્તિની ખુમારી છે, સ્વાર્પણનો કેફ છે, આત્મત્યાગની ઊંડી અનુભૂતિ છે. મીરાંની જેમ યૌગિક પરિભાષાનો સંદર્ભ પણ એના ઉદ્ગારોમાં સંભળાય છે. 'હો કહાના તેરે કારન વૈરાગન ભઈ હું રે' જેવી ઉક્તિમાં એનું જોગણરૂપ પણ ઉપસે છે. ગિરધરની ગોપીમાં દયારામની ગોપીની ચતુરાઈ કે માનવવૃત્તિ ઓછી જોવા મળે. ગિરધરમાં વૈરાગ્યવૃત્તિનું પ્રાબલ્ય હતું. એથી જ કદાચ એના ગોપીભાવમાં પણ આધ્યાત્મિકભાવની પ્રગટ પદાવલીઓ વિશેષ મળે છે. વશકરણી વાંસળી સાંભળીને દયારામની રાધા કે ગોપી શુધ–બુધ વિસરે છે, દરદમાં ગરદ મળી જાય છે, ઘરકામ એને સૂઝતું નથી, ચિત્તથી એ ચળી ગઈ છે, એવી લોકનિંદાની એ ભોગ બની છે, પણ એને એની કોઈ પરવા નથી. પ્રેમનો પયોધિ સ્વામી મળ્યો છે, એને તો પુરવતણી પ્રીતડી ફળ્યાનો આ ક્ષણ–મંગલ પ્રસંગ ગણીને એ આનંદવિભોર બની રહે છે. ગિરધર પણ આવી જ ભાવદશાનું એક શબ્દચિત્ર આપે છે ખરો, પણ ત્યાં એ આવી શબ્દાવલિ પણ મૂકયા વિના રહી શકયો નથી : 'નાદતણી, ધ્વનિ શ્રવણે સુણતાં વિશ્વની વાસના ત્યાગી, ગિરધર પ્રભુ ઉત્કંઠા પ્રગટી મલવાને શ્યામ સોહાગી રે, ત્યારે આપણને પેલા અનાહતનાદની અનુભૂતિના સંદર્ભનું પ્રકટ સૂચન મળતું જ લાગે છે.

આ પ્રેમીભકતો કવિપદના કોડીલા હોય એમ લાગતું નથી. જીવનની સાર્થકતા કૃષ્ણપ્રભુની પ્રાપ્તિમાં ગણીને પ્રેમ–સમર્પણભાવે એનો મેળાપ આ કવિઓએ ઝંખ્યો છે. એમ છતાં આ સંવેદનોનો લોકહૃદયની જ પદાવલિઓમાં અનાયાસ આવિષ્કાર એમનું કવિત્વ પ્રગટ કરે છે. માધુર્ય અને પ્રસાદ ગુણયુક્ત તેમ જ પરંપરાપુષ્ટ અલંકારયુકત બાનીને સ્ત્રોસહજ ઉદ્ગારોરૂપે લોકઢળોમાં ઢાળીને આ કવિઓએ તેમની રચનાઓનું ગુજરાતની પ્રજાને ઘેલું લગાડેલું છે. ઊર્મિ-ઉછાળ ઉપાડો, ભાવની એકાગ્રતા, ભાવનાં ઉદય, સંધિ અને શબ્દલત્વ તેમ જ વિશિષ્ટ નાટ્યત્વ જેવાં કસબતત્વોનો અનુભવ કરાવતી દયારામની રચનાઓ પ્રત્યે સહૃદયો આજે ય અદકેરું આકર્ષણ અનુભવી શકે છે.

અર્વાચીન કવિતામાં રાધા–કૃષ્ણ અનુસંધાન પામે છે, પણ વિલક્ષણ રીતે; પ્રેમીભકતોના ઉપાસ્યસ્વરૂપે નહિ. દેશ–કાળની બદલાયેલી પરિસ્થિતિ જોતાં રાધા–કૃષ્ણને પરમ ઈષ્ટ ગણી એમની ઉપાસનારૂપે સાંપ્રદાયિક ભક્તિકાવ્યોની સરજત ભાગ્યે જ આજનો કવિ કરે. યોગાચાર્ય કૃપાલ્વાનંદ કે બ્રહ્મલીન સંતકવિ રંગઅવધૂત જેવા ગુજરાતની ભૂમિમાં પ્રગટ-અપ્રગટ સ્વરૂપે પારમાર્થિક દૃષ્ટિએ જ સર્જન કરનારા છે, એવા વિરલ યોગીભકતોનું અહીં સ્મરણ થાય છે. યોગાચાર્ય કૃપાલ્વાનંદનાં ‘ પ્રેમધારા –ભાગ ૧માં ગોપીભાવનો પ્રેમભક્તિનો આવિષ્કાર છે તો ‘ અવધૂતી આનંદ ’માં સંતકવિ રંગ અવધૂત કયારેક સૂફીવાદીરીતિએ તો કયારેક મીરાં જેવી જોગણનો ભાવ પ્રગટાવીને પરમતત્ત્વની સાધનાના ઉદ્ગારો સંભળાવે છે. ‘ સુન્દરમ્ ’ અને મકરન્દની કવિતામાં રાધા યા ગોપીનો સંદર્ભ શાશ્વતી વેદનાનું પ્રતીક બનીને આવે છે. મકરન્દનો જીવાત્મા ગોપીભાવે પૂર્ણ એવા પરમાત્માને ‘ જીવણ ’ કહીને આમંત્રે છે. ‘ આવો હે આવો જીવણ ! આમના ’. ‘ કાહેકો રતિયા બનાઈ ? ’ જેવાં ગીતોમાં સુન્દરમ્ જમુનાના પ્રેમજલથી જીવનઘટને ભરવાની પોતાની ઉત્કટ અભીપ્સા સંતોષાતી નથી, એવી ઉપાલંભની વાણી બોલે છે: ‘ ઐસો ઘટ કયાં તુમને દિયો ? ’ ‘ ઉશનસ્ ’નો ‘ વ્યાકુળ વૈષ્ણવ ’ રાધાનો જ અવતાર છે ખરો. પરંતુ આ વ્યાકુળ વૈષ્ણવ સખીનો પ્રિયતમ નામધારી કૃષ્ણરૂપે કાવ્યોમાં પ્રગટવાને બદલે બહુધા ‘પ્રિયતમ’, ‘ પિયુ ’. ‘પ્રીતમ’ છે તો કયારેક કયારેક ‘ સિન્ધુ ’, ‘ અંતર્યામી ’, ‘સ્વામી ’, ‘મહારાજ’ જેવા પરમ તત્ત્વના નિર્દેશક વિશેષણોથી સંબોધાયો છે. ‘ સોનપરીનો વાળ ’ના પ્રતીકથી પણ એનો નિર્દેશ થયો છે. વૈષ્ણવ ગોપી વ્યાકુળ છે. પ્રભુમિલનની એની ઝંખના ઉત્કટ છે. એનું વિરહિણી રૂપ ‘ ઉશનસે ’ કંડાર્યું છે. મધ્યકાલીન કવિઓના હાથે વિરહિણીના હૃદયભાવોના આલેખનમાં જે રિસામણાની ઉપાલંભની કટાક્ષની સૃષ્ટિ સર્જાય છે, તેનું પણ અહીં ક્વચિત્ અનુસંધાન પમાય છે; એને કશું ના, તો મારે યે એના નામની બાધા શ્યામની જો હઠ, તો મારે યે; હું ય પછી છું રાધા. પણ એની ચિત્તસ્થિતિ તો પેલી દયાસખીના જેવી જ છે: મૂય ટેવ આ, વઢવા મિષે અભાવમાં પણ આમ ! નથી લેવું, ને શીદ આવે ચિત્ત એ નિષ્ઠુરનું નામ ? ( પૃ. ૬૧ ) ગોપીનો પ્રભુવિરહ અહીં ‘ પરી ’ તરીકે પણ નિરુપાયો છે. લુખ્ખાં લોચનિયામાં લીલોતરી બનીને લપકવાની પણ અહીં ગોપીની પ્રાર્થના છે. પ્રિયકાન્તનાં કૃષ્ણરાધાનાં ગીતોમાં પણ બૃહદ્ ભાવપરિમાણોને ખ્યાલમાં લેતાં પ્રતીકો રૂપે કૃષ્ણ–રાધા આવે છે. તેમનું ખૂબ પ્રસિદ્ધ પામેલું પેલુ ગીત–આ નભ ઝૂકયું તે કાનજી ને ચાંદની તે રાધા રે’ એમની રાધા - કૃષ્ણ વિષયક ગીત સૃષ્ટિમાં રાધા–કૃષ્ણને એમણે ભાવપ્રતીકો તરીકે કેવાં બૃહદ્ ભાવપરિમાણો સર્જનારાં પ્રયોજ્યાં છે

તેનો ઈશારો આપે છે. અહીં મરાઠી કવિ રેગેની 'ત્રિધા રાધા'નું પણ સ્મરણ થાય છે. કશીય તત્ત્વચર્ચાના ભાર વિના પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પંચતત્ત્વોને સ્પર્શતાં નિર્દેશો મૂકી અભેદોર્મિની એક ક્રાન્તદર્શી ઝલક જાણે એ ગીતમાં કરાવી છે.

અર્વાચીન કવિતામાં રાધા-કૃષ્ણવિષયક કાવ્યધારાનું આ અવલોકન એમાં પ્રગટતા રાધા-કૃષ્ણના પ્રેમમસ્તીના ભાવોને લક્ષમાં લેતાં પેલી પ્રેમભક્તિ કાવ્યધારા સાથે અનુસંધાન પામી છે એ અર્થમાં એ પ્રેમલક્ષણા. પરંતુ મધ્યકાલીન પ્રેમભક્તોનો ઉપાસ્યભાવ અહીં ન રહેતાં રાધા-કૃષ્ણને લોકપ્રસિદ્ધ પ્રતીકો લેખે ખપમાં લઈ આત્મલક્ષી હૃદયભાવોને ભાવોત્કટતાના પરિમાણો અર્પવાની કલાદૃષ્ટિનો વિનિયોગ કરતા હોવાથી એ નવતર પ્રેમલક્ષણા એવી સંજ્ઞા આ કાવ્યધારાના સંદર્ભમાં પ્રયોજવાનું મન થાય છે.

પરધર્મીઓના પીડનથી ત્રાસી ગયેલી હિન્દુ પ્રજા માટે આશ્વાસનરૂપ સેવા ને ઉપાસનાના જે માર્ગો મળ્યા હતા તેમાંનો એક તે પ્રેમલક્ષણાભક્તિનો માર્ગ. શ્રીકૃષ્ણની બાળલીલા–ગોકુળલીલાનું સ્મરણ-કીર્તન કરતાં કરતાં માનસિક અને આધ્યાત્મિક બળ પ્રેમી-ભક્તોએ મેળવ્યું હશે. આજે વિજ્ઞાન અને ભૌતિક પિપાસાના યુગમાં આ ધારા કેટલે અંશે બળપ્રવર્તક બની રહે, એ પ્રશ્ન છે. અને એથી જ કદાચ અર્વાચીન કવિતામાં રાધા–કૃષ્ણ પેલા ઉપાસ્ય સ્થાને રહ્યાં નથી, પણ વેદના, અભીપ્સા મસ્તી જેવા હૃદયભાવોને મૂર્ત પરિમાણ આપનારાં ભાવપ્રતીકો જ બની રહે છે. વળી આ પરંપરપ્રાપ્ત પ્રતીકો મધ્યકાલીન કવિઓની બાનીનો જ સંદર્ભ લઈને અર્વાચીન કવિતામાં આવે છે. આથી પરિસ્થિતિ એવી લાગે છે કે પ્રેમભક્તકવિઓના ઉપાસ્યો અહીં ભૂલાં તો નથી પડી ગયાં ને ? રાધા-કૃષ્ણનાં પ્રતીકોની અનિવાર્યતા સાંપ્રત કવિતામાં કેટલે અંશે ચરિતાર્થ થઈ છે એ ધ્યાનાર્હ પ્રશ્ન બની રહે છે.

# વિવિધ ભીલોડી ગીતો–૧

કુમુદ પરીખ

પછાત અવસ્થામાં અને અજ્ઞાનતામાં જીવન વ્યતીત કરતા આધુનિક સંસ્કૃતિની અસરથી લગભગ અલિપ્ત રહેતા, ખેતી અને જંગલની પેદાશો પર આધારિત ધંધાઓથી આજીવિકા મેળવતા પંચમહાલ જિલ્લાના 'ગિરિજનો'–ભીલોની વસ્તી ૫,૦૩,૨૧૪[૧] છે.

સામાન્ય રીતે તેઓ વર્તમાન સમાજથી અલગ રહેતા આવ્યા છે. શહેરો અને ગામડાંઓથી દૂર દૂર આવેલા ડુંગરોના ઢોળાવો, ટોચો અથવા તો જંગલોથી ઘેરાયેલાં મેદાનોવાળા ભાગોમાં છૂટાંછવાયાં ઝૂંપડાં બાંધીને રહે છે અને વર્ષોથી ચાલી આવતી જૂની સંસ્કૃતિ અને પરંપરાને અનુરૂપ જીવન ગુજારે છે. ભૂતકાળમાં તેઓ સભ્ય સમાજથી અલિપ્ત રહેતા હતા. પરંતુ આજે તેઓ બીતાં બીતાં અને થોડાઘણા સંકોચથી સમાજના અન્ય વર્ગો સાથે ભળે છે.

'ભીલ' શબ્દ દ્રાવિડિયન શબ્દ 'Bille'–બિલ ઉપરથી આવ્યો છે.[૨] કેટલાકને મતે તે તામિલ શબ્દ Bil–બિલ–માંથી આવ્યો છે. બંને શબ્દનો અર્થ 'બાણ' અથવા 'તીર' થાય છે. ભીલો પ્રાચીન કાળથી બાણ પોતાની સાથે જ રાખતા અને આજે પણ રાખે છે. એ ઉપરથી 'બિલ' તરીકે ઓળખાયા હશે. સમય જતા તે શબ્દનું અપભ્રંશ રૂપ 'ભીલ' શબ્દ પ્રચલિત બન્યો. સંસ્કૃતમાં 'ભીલ' શબ્દનો અર્થ 'કાપવું' થાય છે. એક માન્યતા એવી પ્રચલિત છે કે આ લોકો જંગલોમાં ઝાડ વ. કાપતા હોવાથી તેઓ 'ભીલ' શબ્દથી ઓળખાયા.

ભીલોનો સૌ પ્રથમ ઉલ્લેખ 'કથાસરિત્સાગર'માં મળે છે. ઋગ્વેદમાં તેઓ 'દસ્યુ' નામથી ઓળખાયા છે. 'રામાયણ'માં શબરીનો ભીલબાઈ તરીકેનો ઉલ્લેખ મળે છે. આમ ભીલ પ્રજા પ્રાચીનકાળમાં હતી એમ કહી શકાય.

તેઓમાં લગભગ દોઢસો ઉપરાંત ઉપજ્ઞાતિઓ છે, જેમ કે ડામોર, પરમાર, વસૈયા, હાથીલા, રાઠોડ, સોલંકી, મહીડા, વસાવા વ.[૩] પંચમહાલ જિલ્લામાં આ લોકો મોટેભાગે દાહોદ, ઝાલોદ, લીમખેડા, સંતરામપુર અને બારીઆ તાલુકામાં મળે છે.

સામાન્ય રીતે ભીલો દેખાવમાં કાળા, સુદૃઢ બાંધાવાળા અને મધ્યમ કદના છે.

પુરુષો ત્રણ હાથ લાંબો અને હાથેક પહોળો લંગોટ પહેરે છે. માથે નાનું ફાળિયું બાંધે છે અને શરીરે પછેડી ઓઢે છે. પટેલિયા શરીરે બંડી પહેરે છે અને માથે મોટું સફેદ રંગનું પાઘડી

---

૧ પટેલ, શાંતિભાઈ—ભારતના આદિવાસીઓ–પૃ. ૧૦

૨ મલકાણ, જયંતીલાલ—પંચમહાલના આદિવાસીઓ–પૃ. ૨૯

3 District Gazetteer-Panchmahals-p. 209

જેવું ફાળિયું બાંધે છે. સામાન્ય ભીલોની જેમ કાને મોતી અને ફાડિયાં પહેરવાને બદલે તેઓ ચાંદીનાં ઘરેણાં પહેરે છે.

સ્ત્રીઓ કાછડો મારી શકાય તેવો ઘેરા લાલ અથવા ભૂરા રંગનો ઘાઘરો પહેરે છે. બદન ઉપર લાલ અથવા ભૂરા રંગની છાંટવાળી ઓઢણી અને નીચે દેશી કાંચળી પહેરે છે. આ થયો તેમનો બહાર જવાનો પોષાક : બાકી ઘરમાં તો તેઓ કેવળ ઘાઘરો અને કાંચળી જ પહેરે છે.

સ્ત્રીઓ હાથે તેમ જ પગે કથીરનાં પુષ્કળ ઘરેણાં પહેરે છે. તે ઘણાં વજનદાર હોવાથી કામકાજમાં, હાલતાંચાલતાં અડચણરૂપ બને છે, પરંતુ મોહને લીધે તે બધું જ સહન કરે છે. પટેલિયા કોમની સ્ત્રીઓ લાખની બંગડી ઉપર જડાવેલી ચાંદીની ચીપોવાળી ચૂડીઓ પહેરે છે. લોળિયા, મેહલી, સુડલો, હાંકળી, ઝાંઝરા, મશરૂ, નાથેડી, ભોરીડાં, કઠોડાં, કંદુરો, ટીલડો, તોડીલાં, કાંટો, વાળી, વીંટી, નેવરી, દોરીડો, માદળી વ. વિવિધ પ્રકારનાં તેમનાં અલંકારો છે.

તેમની ભાષા 'ભીલોડી' નામથી ઓળખાય છે. જો કે તે ગુજરાતી ભાષાની જ એક બોલી છે. તેના ઉપર અન્ય પ્રાદેશિક અને કેટલીક વિદેશી ભાષાની અસર જોવા મળે છે, જેમ કે અરબી, ફારસી, મરાઠી, હિંદી તેમ જ દેશ્ય શબ્દો જોવા મળે છે.[૪] કેટલાક અશુદ્ધ ઉચ્ચારણવાળા શબ્દો પણ તેમાં જોવા મળે છે, તો કેટલાક ગુજરાતી ભાષામાં નવાઈ પમાડે તેવા શબ્દો પણ મળે છે. ઉ. ત. આંગુડો=એકલો

ઉંદાળી જવું = લૂંટી લેવું.
આંસુ કંજીર = નિર્મળ જળ
દોદડી = માછલી
વાહદી = દીવાસળી, અગ્નિ
રબરિયું = ખટારો, ટ્રક–વ.

આ આદિવાસીઓને પોતાની આગવી સંસ્કૃતિ છે. પરંપરાગત ચાલી આવેલો ધર્મ, રીતરિવાજો અને રૂઢિઓ છે; આગવા તહેવારો, ઉત્સવો અને મેળાઓ છે અને એને ગાતાં ગીતો છે. આ ગીતોએ જ તેમનું જીવન જીવંત અને રસમય બનાવ્યું છે. તેમના નૈસર્ગિક જીવનની નરી અને નગ્ન વાસ્તવિકતા તેમાં છતી થાય છે. કંઠોપકંઠ ઊતરી આવેલાં અને હૃદયધબકાર સંભળાવતાં આ ભીલી ગીતોમાં શબ્દોની ભભક જોવા નથી મળતી, પણ શબ્દોની પાછળ તાલ, લય અને જીવનની નિર્બંધતા જોવા મળે છે. તળપદી ભાષામાં રચાયેલાં તળપદા સંસ્કાર મૂર્ત કરતાં આ ગીતો તેમના જીવનના અનેક પાસાંઓ ઉપર પ્રકાશ ફેંકે છે,[૫] તેમની એષણાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ, આશાનિરાશાઓ, સુખદુઃખ વ્યક્ત કરે છે. આ ગીતોએ જમાનાઓની સફર કરી એમની આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાઓ જાળવી છે. તેમના વ્યક્તિજીવન, કુટુંબજીવન. અને સમૂહજીવનનો ખ્યાલ આપે છે.

---

૪ જો કે આજે તે બહારની પ્રજાના સંસર્ગને લીધે વધુ શુદ્ધ અને વ્યવસ્થિત બનતી જાય છે.

૫ શ્રી આનંદશંકર ધ્રુવે 'ભીલોડી ગીત'ની સમીક્ષા કરતાં લખ્યું છે : 'ગીતો ભીલ લોકોના ગૃહસંસાર ઉપર, તેમજ એમના સામાજિક અને આર્થિક જીવન તથા રીતરિવાજ ઉપર બહુ સારું અજવાળું પાડે છે. —દિગ્દર્શન–પૃ. ૩૪૮

ભીલોમાં માબાપની પસંદગીના લગ્ન, પ્રેમલગ્ન, પુનર્લગ્ન, નાતરું, અપહરણ તથા છૂટાછેડા પ્રચલિત હોય છે.

યુવકયુવતીઓ ઢોર ચરાવતાં, જંગલની પેદાશ એકઠી કરતાં, સામાજિક કે ધાર્મિક ઉત્સવોની ઉજવણી વખતે અતિનિકટના સંબંધમાં આવતાં પ્રેમસંબંધ બંધાય છે. માબાપની સંમતિ મળતાં લગ્ન ગોઠવાય છે. કન્યાશુલ્ક–દહેજ આપવાની પ્રથા હોય છે. માબાપની સંમતિ ન મળતાં અપહરણ પણ કરવામાં આવે છે. હરણ કરવાની પ્રથાને ' ઉદાળ ' અથવા ' ગીહી ' જવું કહેવામાં આવે છે.

જો યુવક દહેજ આપવાને અશક્તિમાન હોય તો તે કન્યાના બાપને ૫ થી ૭ વર્ષ સુધી સેવા આપે છે. મુદત પૂરી થયે કન્યાનો બાપ પોતાની દીકરીનાં તેની સાથે લગ્ન કરાવી આપે છે. આ પ્રથાને ' ખંધાડિયું ' અથવા ' ઘરજમાઈ ' કહે છે.

વિધવાવિવાહની પ્રથા હોવાને કારણે વિધવા સ્ત્રી પોતાના દિયર સાથે પરણી શકે છે.

જો માબાપ પોતે જ પસંદગી કરી દીકરા–દીકરીને પરણાવે તો તેમાં વિધિસર લગ્ન થાય છે. સાથે ખર્ચ પણ વધારે થાય છે.

સામાન્ય રીતે ૧૩ થી ૧૮ વર્ષની ઉમરનાં છોકરાછોકરીઓનાં લગ્ન થાય છે. બંનેની ઉમર વચ્ચે બેત્રણ વર્ષનો ફેર હોય છે. લગ્ન માબાપની પસંદગીથી કરવામાં આવતાં હોવાથી, વરકન્યાને પસંદગી અંગે કશી સ્વતંત્રતા આપવામાં આવતી નથી.

પહેલાં સગાઈ કરવામાં આવે છે અને તે સગાઈનું ચોકઠું તૈયાર કરનાર વચ્ચે એક ભાંજગડિયો ( ગોર ) પણ હોય છે. ત્યારપછી જ વરપક્ષવાળા કન્યાપક્ષવાળાને ત્યાં માગું નાખવા જાય છે. ભીલો કુદરતથી પર એવા કોઈક તત્ત્વમાં માને છે. તેથી જ્યારે તેઓ કન્યાને ત્યાં માગું નાખવા જાય છે ત્યારે કાગડો, કાનાહડો કે સારસ પક્ષી પૈકી કોઈ પક્ષી ડાબાજમણી બોલે તો તે ઉપરથી શુકન–અપશુકન પારખે છે. શુકન થવાથી કન્યાને ઘેર પરોણા જાય છે. તે વખતે કન્યાપક્ષની સ્ત્રીઓ ગાય છે :

' હકન થાય તો રામ રામ ઝેલજો, નૈ તો વેવાઈ પાસારે ફેરો
હકન થાય તો ઢોલીડા ઢળાવજો, નૈ તો વેવાઈ પાસારે ફેરો
હકન થાય તો સોકલા ખંડાણજો, નૈ તો વેવાઈ પાસાર ફેરો
હકન થાય તો હુકલા રે ભરજો, નૈ તો વેવાઈ પાસારે ફેરો '

આ પ્રસંગે અત્યાર સુધી ભીલો પોતાની સાથે દારૂ લઈ જતા અને કન્યાવાળાને પાતા. હવે દારૂને બદલે ઘી અને ગોળ વપરાય છે, જોકે ચોરીછૂપીથી દારૂ પણ વપરાય છે. આ વખતે કન્યાવાળા વરપક્ષને મિજબાનીમાં બકરો આપે છે. પછી વરપક્ષવાળા દહેજની રકમ ચૂકવે ત્યારે સગાઈ પાકી થઈ કહેવાય.

પછી લગ્નનો દિવસ બંને પક્ષની સંમતિથી નક્કી કરવામાં આવે છે. લગ્ન માટે ખાસ મુહૂર્ત જોવડાવવામાં આવતું નથી પરંતુ ગુરુવાર અને શુક્રવારને પવિત્ર દિવસ માની તે જ દિવસોમાં પ્રસંગો ગોઠવવામાં આવે છે. આ ભીલોમાં તિથિને બદલે વારને મહત્ત્વ આપવામાં આવે છે.

લગ્નની પૂર્વ તૈયારીરૂપે ઝૂંપડાને માટીથી લીંપી, તે ઉપર ચણા અને ચોખાના લોટને પાણીમાં ભેળવી, તે લોટની ગૂઠી વડે છાપો પાડવામાં આવે છે. તેને તેઓ ' ચકલા ' કહે છે.

લગ્નને દિવસે વહેલા અંધારામાં કે આગલા દિવસે મંડપ બાંધવામાં આવે છે. મંડપમાં સ્તંભ રોપવામાં આવતો નથી, પણ તેને બદલે ' સાલેડાં ' એક ઘનફૂટ જેટલી ચોરસ જગામાં રોપવામાં આવે છે. આ સાલેડાંની આજુબાજુ ચોરી બાંધવામાં આવે છે.

લગ્ન પહેલાં વાનાં ભરવાનો રિવાજ હોય છે. જેટલાં વાનાં ભરવાનાં હોય તેટલાં પૂરાં થયાં પછી જ લગ્ન થાય છે. સામાન્ય રીતે ૯ થી ૧૧ વાનાં ભરવામાં આવે છે. એક વાનું એક દિવસમાં પૂરું થાય છે. તે માટે ખાસ વિધિ હોય છે.

કોઈ પણ શુભ કામ ગણેશની સ્થાપના વિના ન થાય તેથી જ આ ' ધરતીનાં બાળ ' સૌ પ્રથમ વરને ત્યાં ગણેશ બેસાડી વાનાં ભરે છે. ઉપરાંત તેઓ ' સારદામાતા, ધરમીરાજા, કાળકા, ઓખા, ઘોડાજા, ઝાંપડી, સુદાઈ, બીરબાજ, ઈંદરાજ, કચુંબર, વગાજો, કાહાજો, હાદરજો, મનાતો, મોઝીંદા વ. અનેક દેવદેવીઓને માને છે અને લગ્ન જેવા શુભકામમાં ગણેશની સાથે તેમને પણ નોંતરે છે.

' મેં તો જાઈ રે વાડયાંનો ભમર નાંતેર્યા
ભમર જાજે ગણેહ ઘેર નાંતેરાં, વાડયાના ભમર નાંતેર્યા
જાઈ રે ગણેહને નાંતરો, વાડયાના ભમર નાંતેર્યા
ભમરા જાજે સારદા ઘેર નાંતેરાં, વાડયાના ભમર નાંતેર્યા
સારદામાતા નાતેરાં વેળાવેલાં આવો રે, વાડયાના ભમર નાંતેર્યા

આમ તેઓ કાળકા, ઘોડાજા વ. દેવીઓને નોંતરે છે. ઉપરાંત સ્વજનોને પણ એ આનંદમાં સહભાગી થવા નોંતરવામાં આવે છે. તેથી જ તેઓ ગાય છે.

' ભાઈને માંડવડે સુનાનું તોરણ, ભાયનો માંડવડો હાસો રે બન્યો
ભાઈને માંડવડે બુનુની ધમરોળ, ભાયનો માંડવડો હાસો રે બન્યો
ભાઈને માંડવડે ભાયુંની ધમરોળ, ભાયનો માંડવડો હાસો રે બન્યો
ભાઈને માંડવડે કાકાની ધમરોળ, ભાયનો માંડવડો હાસો રે બન્યો

'ધમરોળ' શબ્દથી સ્વજનો જે ઊલટ અને ઉમંગથી લગ્નમાં આવ્યાં છે તેનો ખ્યાલ આવે છે.

આ બધાં સ્વજનોમાં બેન-બનેવીનો ખાસ આદર-સત્કાર કરવામાં આવે છે :

નોતર્યા ને નોતર્યા પેથાપોર ગામ રે,
લીલે પીળે સુડીલે હીરકીબેન આવે,
કીકલો રમાડતી વાલી બેનાં આવે રે,
ઘોડીલા રમાડતો હડયો જમાઈ આવે.[૬]

આ સ્વજનોમાં સાસરી-પિયર બંને પક્ષના સ્વજનોનો ઉલ્લેખ કરવામાં આવે છે:

૬ ગુજરાતી લોકસાહિત્યમાળા-મણકો પહેલો-પૃ. ૧૩૩-૧૩૪

આવ્યા રે ચુવાડિયા લોક, ઝાંપે મોર બોલ્યો,
નીકળી રે મારી હીરકીબેન, ઝાંપે મોર બોલ્યો,
આવ્યા રે પીયરિયા લોક, ઝાંપે મોર બોલ્યો,
નીકળ્યો રે મારો હડયો જમાઈ, ઝાંપે મોર બોલ્યો,
આયા રે હાહરિયા લોક, ઝાંપે મોર બોલ્યો,
ઢોલીડા ઢળાવ, હુકલા ભર, ઝાંપે મોર બોલ્યો,
સુકલા રાંદ, પાથરણાં પાથર, ઝાંપે મોર બોલ્યો,

વર અથવા કન્યાને ત્યાં ગણેશ બેસાડે ત્યારે પૂજા કરતાં :

'કયા રે પૂજારો પૂજતાં ની આવડે
રામસીંગ પૂજારો થાયો, પૂજતાં ની આવડે
ઘીના રેલા ઉતારો રે પૂજારા, પૂજતાં ની આવડે
કંકુના રેલા ઉતારો રે પૂજારા, પૂજતાં ની આવડે
સોકાના સોક પૂરાવો રે પૂજારા, પૂજતાં ની આવડે
ગણેહનાં મુરતા ઉતારો રે પૂજારા, પૂજતાં ની આવડે

જ્યારે વરપક્ષ તરફથી કન્યાપક્ષને વાનાં ભરવાનું કહેણુ મોકલવામાં આવે છે, ત્યારે તે સાથે બરુ અથવા રાડાનો તીરનો સળિયો અને જેટલા દિવસ વાનાં ભરવાનાં હોય, તેટલા હળદરના ગાંઠિયા મોકલવામાં આવે છે. તેને કન્યાવાળા ઘીના દીવાથી વધાવી લે છે. તે વખતે ગવાતું ગીત :

પોરિયું આયું ને હું લાયું સાહેલડી...
માથા ઉપેર ગાગરી મેલી આયું સાહેલડી...
મડિયું આયું ને હું લાયું સાહેલડી...
માથા ઉપર ગાઠા બાંધી આયું સહેલડી[૭]...

* * *

ભમરો એકે વધાવો ભમરો અડીરીયો...
ભમરો દીવલડે વધાવો ભમરો અડીરીયો...
ભમરો સોકલડે વધાવો ભમરો અડીરીયો[૮]...

હળદરના દરેક ગાંઠિયાને ભીલ લોકો દોરી વડે ઉપર ટીંગાડી રાખે છે. દર વાને એક એક ગાંઠિયો 'ભરાડી ગોત્રજ 'થી છોડે છે. વરકન્યા બંને પક્ષે આ વિધિ કરવામાં આવે છે.

ભીલ પુરુષો વાનામાં ગાઈ 'મૂડો' રચે છે
'પાળે લીંબડો સોપાડું વેવાણુદારી લીંબઝરિયું,
વેવાણી આવતી જાતી પાણી હીંસે, વેવાણુદારી લીંબઝરિયું,
લીંબડો બે પને થયો, વેવાણુદારી લીંમઝરિયું,
વેવાણી આવતી જાતી પાણી હીંસે, વેવાણુદારી લીંબઝરિયું,

---

૭ એજન, પૃ. ૧૨૪
૮ એજન, પૃ. ૧૨૩

પછી ગણેશપૂજનની વિધિ કરવામાં આવે છે. આ પ્રસંગે વર અથવા કન્યાને ખાંડણિયા પાસે બેસાડી, તેના ઉપર એક કપડામાં ડાંગર મૂકી, મૂશળથી સાત વાર ખાંડવાની વિધિ ત્રણ છોકરાઓ અને ચાર છોકરીઓ પાસે કરાવવામાં આવે છે. તેને 'ઘાણુ ભર્યો' એમ કહે છે.

'ઘાણુ ભરીયો રે હવામૂણુનો રે
વેવાણી પૂસે રે કીતરો ભર્યો
વેવાણી ઘણો નથી ભર્યો
વેવાણી થોલો નથી ભર્યો
ઘાણુ ભરીયો રે હવા મૂણુનો રે.'[૯]

પછી વર અથવા કન્યાને નવડાવી 'ભરાડીએ' એટલે ગોત્રજ પાસે લાવવામાં આવે છે. ત્યાં હળદર વડે ગણેશ, સૂરજ, ચંદ્ર અને તારાનાં ચિત્રો દોરેલાં હોય છે. ત્યાં ઘીની ધાર કરવામાં આવે છે. આ સ્થળે લગ્ન થતાં સુધી રોજ બેસવાનું હોય છે. ત્યાં મકાઇના લોટના લાડાલાડી પણ બેસાડવામાં આવેલા હોય છે.

વાનાંના દિવસોમાં વરકન્યાને સ્નાન કરાવી દિવસમાં બે વાર પીઠી ચોળવામાં આવે છે. વરની પાસે કેવળ તેની કાકા, મામા, ફોઈ વ. ની થઈ કુલ સાત બેનો બેસે છે અને તે ગીતો ગાતી પોતાના ભાઈને પીઠી ચોળે છે. આ વિધિને તેઓ 'મહાવણા' અથવા 'ચંદ્રણિયો' કહે છે. આ વખતે ગવાતું ગીત :

'લાડા તારો પીઠીરો કૈની બેનાં સોળે
સોળહે ને સોળહે, દીતલી બેનાં સોળહે.'

* * *

'લાડી તારો પીઠીરો કૈની બાંગડ સોળહે
સોળહે ને સોળહે, દહરી વેવાણી સોળહે.'

* * *

'લાડા તારી હળદી હમાળ, હળદી તારી નહિ લીધી,
લાડા તારો દારૂડો હમાળ, દારૂ તારો નથી પીધો.'

* * *

'હળદી માળવડે સંભળાયાં રે હળદી એખલાં
હળદી વાટકડે ઘુંટાયા, રે હળદી એખલાં
હળદી લાડીબાઈને હાથે, રે હળદી એખલાં
હળદી તાકડિયે તોળાઈ, રે હળદી એખલાં'

વાનાને દિવસે રાત્રે ભીલ લોકો વરકન્યાને ખાંધે લઈને ખૂબ નાચેકૂદે છે, ગીતો ગાય છે, ઢોલનગારાં વગાડી ખૂબ આનંદ લૂંટે છે.

---

૯ એજન, પૃ. ૧૨૪

કન્યાને ગણેશ પાસે બેસાડતાં પહેલાં કથીરનાં ઘરેણાંથી ખૂબ શણગારવામાં આવે છે. છેલ્લે વાને સગાવહાલાં ચાંદલો આપે છે. છેલ્લો વાનો પૂરો થયા બાદ વરને લાલ રંગની પાઘડી, જામો અને ધોતિયું પહેરાવવામાં આવે છે. આ પાઘડી અને જામો ભાડેથી લાવવામાં આવે છે. વરકન્યાના મોડની જોગવાઈ વરપક્ષને જ કરવાની હોય છે. જો વર કે કન્યાના માથા પરથી લગ્નવિધિ પ્રસંગે મોડ ખસી જાય તો અપશુકન માનવામાં આવે છે.

સામાન્ય રીતે ભીલોમાં લગ્નવિધિ વહેલી સવારે અંધારુ હોય તે પ્રસંગે કરવામાં આવે છે. ક્યારેક સૂર્યાસ્ત પછી પણ થાય છે. જાન લગ્નને આગલે દિવસે વરપક્ષને ત્યાંથી રવાના થઈ કન્યાને ત્યાં આવે છે. શરૂઆતમાં વરને ખાંધે બેસાડવામાં આવે છે. આ આખો વખત વરરાજાને મૌન પાળવું પડે છે.

જાન ઉઘલે ત્યારે ગવાતું ગીત :

'લીલુડો ઘુંડો ને રાતાં પલાણું
પાવડિયે પોગ દૈને સડો લાડાભાયા
પરણ્યા વના કીમ રો
બાપોસે દલનો ભોળો લાડાભાયા, પરણ્યા વન કીમ રો
બાપો પરણાવે ને પરણો લાડાભાયા, પરણ્યા વન કીમ રો

વરરાજાને લગ્ન માટે કપડાં પહેરાવી તૈયાર કરવામાં આવે છે ત્યારે ગવાતું ગીત :

'લીલો માંડવો રોપાડો, પીળી પાગડી બંદાડો, મારા રાજ......
એમના મામા તેડાવો, એમની મામીઓ તેડાવો, મારા રાજ......
એમના કાકા તેડાવો, એમની કાકીઓ તેડાવો, મારા રાજ......'

'પોપટ પાંજરામાં રેલો રે પોપટ રૂપાળો રે
પોપટ બાપાને બોલાવે રે પોપટ રૂપાળો રે
પોપટ માડીને બોલાવે રે પોપટ રૂપાળો રે',

રસ્તામાં યુવતીઓ આ ગીત ગાતી ગાતી ચાલે છે. વરને પોપટના રૂપમાં ગાય છે:

હુડીયું મેલનું રેવાસી રે, હુડીયું સાલવા ની દે
હુડીયું કઈના ભાઈનો હાળો રે, હુડીયું સાલવા ની દે
હુડીયું હીરકા ભાઈનો હાળો રે, હુડીયું સાલવા ની દે
હુડીયું કાળી વઉનો વીરો રે, હુડીયું સાલવા ની દે
હુડીયું નાનડિયાંનો મામો રે, હુડીયું સાલવા ની દે[૧૦]

* * *

'પીયુ પીયુ બોલે મારો પોપટડો
કઈને ગામ જાહે ભાઈની જાનેડી
રણીયાર ગામ જાહે ભાઈની જાનેડી.'[૧૧]

---

૧૦ એજન, પૃ. ૧૩૩
૧૧ એજન, પૃ. ૧૨૭

નદી કિનારે ઊંચો કેળ મારા વાલા રે
એ કેળને ચેવાં ચેવાં પાન મારા વાલા રે
એ કેળને લીલાં પીળાં પાન મારા વાલા રે
એ કેળને ચેવાં ચેવાં કેળ મારા વાલા રે
એ કેળને લીલાં પીળાં કેળ મારા વાલા રે
એ કેળ તો કેન કને જોઇએ મારા વાલા રે
એ કેળ તો લાડેણાને જોઈએ મારા વાલા રે[૧૨]

'ધોળો ઘોડો ને રાતી જુલો રે ભાઈ મારા ધીરેસીંગ રાજા
કેદાડાના પેણું પેણું ઝંખતાતા ભાઈ મારા ધીરેસીંગ રાજા
આજે કેમ ચીંડી વાંહે પેઠા રે ભાઈ મારા ધીરેસીંગ રાજા
કેદાડાના રાંમાભાઇ પુંમાતા રે ભાઈ મારા ધીરેસીંગ રાજા
આજે કેમ સુલા વાંહે પેઠા રે ભાઇ મારા ધીરેસીંગ રાજા'

બીજા એક ગીતમાં વરરાજા હળદરથી પીળા રંગાઇને સ્વજનોના ધમકારા સાથે હોંશભેર કન્યાઘેર આવી પહોંચે છે ત્યારે રાયમલડી લાડી બરાબર જાગે છે કે નહિ, એવું વરપક્ષની સ્ત્રીઓ પૂછે છે :

'પીળા રે પોચ્યાનો મારો રાયમલ આવે, રાયમલડી હૂતી હે કે જાગે
હળદીનો ભરેલો મારો રાયમલ આવે, રાયમલડી હૂતી હે કે જાગે
બેનોને ધમ્મકારે મારો રાયમલ આવે, રાયમલડી હૂતી હે કે જાગે
ભાયાને ધમ્મકારે મારો રાયમલ આવે, રાયમલડી હૂતી હે કે જાગે.

જાન જંગલો અને ડુંગરોમાં થઈને જાય છે, તેથી બધાંને પગે ચાલીને જવું પડે છે, તેથી બધાં વરરાજાને ચીડવે છે :

મોટા મોટા ડુંગરા રે લાડાભાઈ
આના ડુંગરામાં હુકા લાયા રે, લાડાભાઈ,
લાડણીનો ગરજ્યો રે મારી બેની,
તેના હારુ તેડી લાયો રે.

જાન કન્યાને ઘેર પહોંચતાં વરપક્ષવાળાં ગાય છે :

'તારી અળિયો ને ગળિયો ભૂલી ગ્યાં રે, હરિયાળી બની આવા દે,
તમે તેડચાં ને હમે આયાં રે, હરિયાળી બની આવા દે,
તારે બાપે તેડચાં ને હમે આયાં રે, હરીયાળી બની આવા દે,
તારી માડીએ તેડચાં ને હમે આયાં રે, હરિયાળી બની આવા દે,

અહીં ઘર અને જીવનને સુખસમૃદ્ધિથી ભરી દેનાર લાડી માટે વપરાયેલો શબ્દ 'હરિયાળી બની' કેટલો અર્થવાહક છે!

---

૧૨ એજન, મણકો બીજો, પૃ. ૧૫૬

જાનને કન્યાના ગામને પાદરે એક મોટા ઝાડની નીચે આશરો આપવામાં આવે છે. દૂરથી આવેલી જાનની આવતાસ્વાગતામાં કંઈ થોડી મણા રહે છે !

'ભાયા મારા ઘોડીલા બાંધ્યાની જગા જોતો રે, દુર્યાંનાં સાજન આવે
બાપા રે મારા ઘોડીલા બાંધ્યાની જગા જોતો રે, દુર્યાંનાં સાજન આવે
માડી મારી રૂડાંભૂડાં ભોજનિયાં કરી આલો રે, દુર્યાંનાં સાજન આવે

વરની જાન આવે છે ને આ બાજુ કન્યા રાહ જુએ છે :

તારે માથે કલંગિયો મોડ રે, હરિયાળા બના,
તારી હળદી ભરેલી જુએ વાટ રે, હરિયાળા બના,
તારા નાકયાં પપોળે જુએ વાટ રે, હરિયાળા બના,

વરને તેલ ચઢાવતી વખતે આ ગીત ગવાય છે :

ધોળી તલીના તેલ રે બાળક બના, ઘરમાં ઈજવાળાં હોરિયાં,
તારા ભાયા સાથે વાતું કર રે નાનેરા લાડા, ઘરમાં ઈજવાળાં હોરિયાં,
કાળી અરેંડીના તેલ રે ડાહી લાડી ઘરમાં ઈંદારા હોરિયાં.

*   *   *

'ધોળી તલીના તેલ રે વાણિયાના લાડા
ઘેરમાં ઈજવાળાં વહી રીયાં રે......
કાળી તલીના તેલ રે સમરાની લાડી,
ઘેરમાં ઈંદારાં વહી રીયાં રે......
કે કે વાણિયાના લાડા તેલ કાંથુ લાયો રે
દહેવદોથુ[૧૩] લાર્યું મોભડે સરકાવ્યું......
મોભડે સડાવ્યું સોંટીથો સડાયું......[૧૪]

કન્યાપક્ષ તરફથી આવેલી હળદર ચોપડયા પછી વર કન્યાને માંડવે જાય છે. ત્યારે કન્યાનો ભાઈ વરને ખભે ઊંચકીને લઈ જાય છે. માંડવે બાંધેલા આંબાના તોરણને વરરાજા પોતાની તલવારથી અડચા પછી મંડપમાં ચોરી પાસે આવે છે. કન્યાની મા વરને પોંખે છે. પછી કન્યાને તેના ડાબા હાથ તરફ જોડાજોડ ઊભી રાખવામાં આવે છે. લગ્નની વિધિ મોટે ભાગે વરનો બનેવી જ કરાવે છે અથવા કોઈ અનુભવી ભીલ કરાવે છે. તે વરકન્યાના છેડા ગાંઠી કુલ સાત ફેરા ફેરવે છે. પહેલા ચાર ફેરા વખતે વરને આગળ રાખવામાં આવે છે. પછીના ત્રણ ફેરા વખતે કન્યને આગળ રાખવામાં આવે છે.

આખી લગ્નવિધિ દરમ્યાન બંને પક્ષવાળાં તરફથી ઢોલનગારાં ઘણા જ જોરશોરથી વગાડવામાં આવે છે સ્ત્રીઓ ગીતોની રમઝટ બોલાવે છે.

---

૧૩ દાહોદથી
૧૪ ગુજરાતી લોકસાહિત્યમાળા-મણકો પહેલો, પૃ. ૧૨૩

માંડવામાં વેવાઈપક્ષને ઉદ્દેશીને વરપક્ષવાળા ગાય છે:

'માંડવો ફીયે વીરે રોપેલો, માંડવો અચ્છો રે શોભીતો
માંડવો ગલાલ વીરે રોપેલો, માંડવો અચ્છો રે શોભીતો
માંડવે કયો વેવાઈ ઊભેલો, માંડવો નહિ રે શોભીતો
માંડવે સમજી વેવાઈ ઊભેલો, માંડવો નહિ રે શોભીતો
— — —
માંડવે અંબાજીન ઊભેલાં, માંડવો અચ્છો રે શોભીતો
માંડવે વરકન્યા પરણેલાં, માંડવો અચ્છો રે શોભીતો.'[૧૫]

પણ લગ્નમાં સામસામી ગીતોની રમઝટ ના જામે તો તેનો આનંદ જ ક્યાં રહે? કન્યા-પક્ષવાળાં ગાય છે:

'નાવો રે લાડી નાવો રે લાડી વાવડિયુંના પાણી, તારે બાપે વાવડી ગણાવી.'

જ્યારે લાડાને નસીબે તો ખાબોચિયાંનું પાણી જ રહે છે:

'નાવો રે લાડા, નાવો રે લાડા ડાબરિયુંનાં પાણી
તારા બાપે ડાબરી ખોદાવી.'

આની સામે વરપક્ષવાળા ગાય છે:

'વીરાને બાપે વાવડી ગોડાવી, વાવલડીનું પાંણી રે
લાડેણીને બાપે ડોબેણું ડોળાવ્યાં, ડોબેણાનો રગડો રે.'[૧૬]

* * *

'કુંણી કુંણી ઝીઝડો મોરીલો રે નાના લાડા
ને જાય રે લાડીને દેહ
લાડણીનો દેહસે કટાળો રે રૂપાળા લાડા
ને જાય રે લાડીને દેહ
વીરાને બાપે બંગલા બનાવ્યા, બંગલાનો વાસો રે
વેડીને બાપે ઝૂંપડા બનાવ્યાં, ઝૂંપડાનો વાસો રે.'

* * *

'લાડી આકડાનું ડાળ હાથ નાસે રે,
લાડો આંબલાનું ડાળ હાથ નાસે રે.

સામે કન્યાપક્ષવાળાં જાય તેવાં થોડાં છે?

'લાડી બેનડિયાંને ઝૂલખે નાસે રે
લાડો સમરિયાંને ઝૂલખે નાસે રે
લાડો ઠાલે માંડવડે નાસે રે
લાડી ભર્યે માંડવડે નાસે રે.'

---

૧૫ ગુજરાતી લોક સાહિત્યમાળા—મણકો બીજો, પૃ. ૧૬૦
૧૬ એજન, પૃ. ૧૫૭

અને આવી લાડીનું ‘મૂલ’!

‘ભરી ભરી રે બજારમાં હાથણી વેસાય
ઈના હાથણીનાં મૂલ મારી મોતીબાઈનાં મૂલ’

અને આવી મોંઘી ‘મોતીબાઈ’ની નગરીના લોક કેવા છે?

હજુ ની આયા તારી નંગરીના લોક, જોઉં તારો માંડેવડો,
એનાં ધૂતીને ખાનારા તારી નંગરીના લોક, જોઉં તારો માંડેવડો,

લગ્નમાં વેવાઈ–વેવાણની મીઠી મશ્કરી તો હોય જ :

આંમલા હેટે તળાવ, સમદર હેલા મારે રે,
વેવાણી પાણી નથી જાય, દેડકો દાબી દેહે રે,

પાણી એ તેમના પ્રદેશની અને તેમના જીવનની સમૃદ્ધિનું પ્રતીક બની રહે છે :

‘લીલું લીલું રે તળાવ લીલવાડું
વેવાણ આવ રે મારે દેહ લીલવાડું
વેવાણ રૈ જા મારે દેહ લીલવાડું
તારો કટાળો હે દેહ લીલવાડું
કકરા ડુંગરા તારે દેહ લીલવાડું

* * *

‘સતુરી આવ રે મારે દેહ લીલવાડું
આંબા મહુડા મારે દેહ લીલવાડું
કેરીઓ ખાહું મારે દેહ લીલવાડું
લીલા લેર હે મારે દેહ લીલવાડું
શીતળ સાયા મારે દેહ લીલવાડું
રળીયામણી આપણી જોડ લીલવાડું
મઝા કરહું મારે દેહ લીલવાડું

* * *

‘મેં તો જાણ્યું વેવાઈ ઢોલ્યો ઢાળ રે, વાલાની વાગે વાંહળી
ઢોલીડો તે કાંથો વેવાઈ હાંતરો રે, વાલાની વાગે વાંહળી
મેં તો જાણ્યું વેવાઈ લાડુવા કરહે રે, વાલાની વાગે વાંહળી
લાડુવા કાંથી વેવાઇ ડાળિયા રે, વાલાની વાગે વાંહળી

* * *

'વેવાઈનાં ખાતરુ પડયાં મારા રામ, કુકડલો જટ બોલે
વેવાઈ તો સાતીમાંથાં કૂટે મારા રામ, કુકડલો જટ બોલે
વેવાઈ તો પાયરું કાઢે મારા રામ, કુકડલો જટ બોલે

બંને વેવાઈની સરખામણી તો જુઓ !

'સીંડીયે બેઠા સાર જણા મારા વેવાઈડા,
સોરે બેઠા પાંસ જણા મારા વીરાને પરખાવો;
'હીલો બેઠો હીરકો ઠાકોર ભમર ભોરીયાં,
હેલો બેઠો રામલો વેવાઈ ખાંડાં નખોરાંવાળો'૧૭

અને વેવાણી કેવી છે !

'સીંડીયે બેઠી સાર જણી મારી વેવાણી પરખાવો
સોરે બેઠી પાંસ જણીઓ મારી બેનાંને પરખાવો
સીંડિયે બીઠી સમુડી વેવણ ખાંડાં નખોરાંવાળી
હેલી બીઠી પીળી સુડીલાવાળી હીરકી બેનાં'૧૮

બંને વેવાઈના ઘરની સરખામણી કેવી કરી છે !

'ઊગતે દાડેનાં મેલાં ઝળકે હો રસિયા
હીરકો ભાઈ તે મેલાં સણાવે રે હો રસિયા
દલુ તો ઇટડી સણાવે રે હો રસિયા
વાયરે વદારૂ ભાઈનાં મેલાં હો રસિયા

* * *

ઊગતે દાડેનાં મેલાં ઝળકે હો રસિયા
ડૂબતે દાડેની ઈટડી ખરે હો રસિયા'૧૯

લગ્નને બીજે દિવસે જાન કન્યાને લીધા વગર જ વર સાથે પોતાના ઘર તરફ રવાના થાય છે. જાન ગયાને બીજે દિવસે વહેલી સવારે કન્યાને લઈને તેનાં સગાંવહાલાં કન્યાને સાસરે વળાવવા જાય છે ત્યારે ગાય છે :

'કોહેલ આંબા વળિયા, કોહેલ કાંરે જાઓ
કોહેલ ભાયા તેડાવતી, ઘોડીલે રમાડતા, કોહેલ કાં રે જાઓ'

* * *

'માળવડેની ધરતીમાં હું રે ધાન પાકે રે
માળવેની ધરતીમાં ગુવેર સણા પાકે રે
માળવેની ધરતીમાં વાલી બેનાં દીધાં રે

૧૭ ગુજરાતી લોકસાહિત્યમાળા-મણકો પહેલો-પૃ. ૧૨૯
૧૮ એજન, પૃ. ૧૨૯
૧૯ એજન, પૃ. ૧૩૩

ધનધાન્યથી સમૃધ્ધ દેશમાં દીકરી સુખી થાય એ જ માબાપની વાંછના હોય ને ! માળવાના ભીલો સાથે પંચમહાલના ભીલોને લગ્નસંબંધ હશે એમ આ ઉપરથી લાગે છે.

'જાઓ બેનાં, જાઓ બેનાં હાઉ હાની વાર રે
પરણાયાં પટાયાં હવે હાની વાર રે
હેરી લગણુ તારી સિયેરો વોળાવે રે
ધાંટી લગણુ તારા ભાયા વોળાવે રે.'

દીકરીને સાસરે વળાવતાં માબાપના ઘરમાં કેવો તો સૂનકાર વ્યાપી જાય છે !

'ઘોરમાં ભરાઉં બેનાં ઘોરું હૂનાં પડયાં રે, ઓ બેનાં ઘોરુમાં કાગડા પડે
સુલા હામુ ભાળ બેનડી સુલા હૂના પડયા રે, ઓ બેનાં રોટલા કુણ કરહે
ઘંટી હામું ભાળ બેનડી ઘંટી હૂની પડી રે, ઓ બેનાં દૈયણાં કુણ દળહે

છતાં ય દીકરીને તો માબાપનો પ્રેમ છોડવો જ પડે છે :

'ગુજરી મેલ્યાં મેલ્યાં બાપાના ખોળા ગુજરી રણુઝણુ
જાઈ લીદા સાસુડીના ખોળા ગુજરી રણુઝણુ
ગુજરી મેલ્યાં મેલ્યાં ભાયુંનાં રાજું રે ગુજરી રણુઝણુ
ગુજરી જાઈ લીદાં હાહરાનાં રાજું રે ગુજરી રણુઝણુ

દીકરી સાસરે જતાં સાસરિયાં સાથેના સંબંધનું એક નવું વર્તુળ રચાય છે, જેમાં નાનાંમોટાં બધાં જ પોતાનાં સ્વજનો લાગે છે.

'તારા બાપા સરીખા હાહરો નૈરે નાનેરી લાડી, પાવડિયે પોગરોળે
તારી માડી સરખી હાહુ નૈરે નાનેરી લાડી, પાવડિયે પોગરોળે
તારાં ભાયાં સરીખાં જેઠજી નૈરે નાનેરી લાડી, પાવડિયે પોગરોળે
તારી ભાભી સરખી જેઠાણી નૈરે નાનેરી લાડી, પાવડિયે પોગરોળે

માબાપને દીકરીનાં લગ્નનો અવસર સોનાના સૂરજ જેવો લાગે છે :

'દુનિયામાં થાયાં રે ઈજવાળાં, મારા રાજ
લાડી તારી બેનો જગાડી, મારા રાજ
સુના જેવા સૂરજ ઉગ્યો મારા રાજ.'

× × ×

આવા વિધિસરના લગ્નમાં વરપક્ષે દહેજની ઠરાવેલી રકમ કન્યાપક્ષને આપવી પડે. આમાં રૂ. ૨૦૦ થી રૂ. ૩૦૦ સુધીનો ખર્ચ આવે છે. પણ મોટાભાગના ભીલો આવો ખર્ચ કરવા શક્તિમાન હોતા નથી. તેથી આવાં લગ્નો કરતાં 'ઉદાળ જવાની' તથા 'ગીંડી લઈ જવાની' પ્રથા વધુ પ્રચલિત થઈ છે. કેટલીક વખત પૈસાના અભાવે કોઈ કન્યાની છોકરા તરફથી માગણી કરવામાં ન આવે તો મજકુર છોકરી કોઈક સાથે પ્રેમમાં પડી નાસી જાય છે :

'ઊંચો લેણું રે રંગે પાતેળો રે
ઊંટાના ઊંટેડા ઠાકોર ચાં વેર્યા રે
વેર્યા રબારીને હાટ, એની સાદડીએ મારાં દલે રોળ્યાં રે
ઊંચો લેણું રે રંગે પાતેળો રે
કેડયના કંદોરા ઠાકોર ચાં વેર્યા રે
વેર્યા સોનીડાને હાટ, એની સાદડીએ મારાં દલે રોળ્યાં રે.'[20]

× × ×

'ગોંદી શી રૈણ તારાં રૈણાં શેલ લૂંજા, ગોંદી શી રૈણ તારાં રૈણાં રે લોલ.
કાચાં ખાદાં તે તૂરા લાગે શેલ લૂંજા. કાચાં ખાદાં તે તૂરાં લાગે રે લોલ
પાખાં ખાતે તે માયા લાગી શેલ લૂંજા, પાકાં ખાતે તે માયા લાગી રે લોલ
જતાં રેવાનાં દલ થીઆં શેલ લૂંજા, જતાં રેવાનાં દલ થીઆં રે લોલ.

— — —

દને જહું તો દનિયા દેખે શેલ લૂંજા, દને જહું તો દનિયા દેખે રે લોલ.
પીળી પરબાતે ટીકાં શેલ લૂંજા, પીરી પરબાતે ટીકાં રે લોલ.'[21]

× × ×

'સાંપાવાળે કૂવે પાણી ગૈતી હું કેમ કરું દૈ રે.
કાલનો પાતળિયો હેરી આવી હું કેમ કરું દૈ રે.
બાબરિયાં પટાંનો દેખી આવી હું કેમ કરું દૈ રે
જાતીરું જાતીરું એમ લાગે હું કેમ કરું દૈ રે
માડી રે બાપાનું ઘણું લાગે હું કેમ કરું દૈ રે.'

માબાપનું ઘણું લાગે છતાં પ્રણય તેને ઉન્મત્ત બનાવે છે. 'નાનહકડો જીવડો 'લલચાયા સિવાય રહેતો નથી :

'કુવા કરનાર કેવડો સોંપો નથી, મારો નાનહકડો જીવડો લલસાવો નથી
સોંપ્યો રો પણ પાણી નહિ ઢીસો, મારો નાનહકડો જીવડો લલસાવો નથી

અને તેથી જ 'વાંહવાડાની સીરિયાંમાં દલ લાગ્યા 'ની વાત પણ કર્યા વિના કેમ ચાલે ?

જોખના તને આંખુંને સાબવે ઊભો રાખું રે, મારેડો દલ લાગ્યો રે ભલાં મોજી
જોખના તને ઝાબેની કળમાં દળકાવું રે, મારેડો દલ લાગ્યો રે ભલાં મોજી
જોખના તને કાપડીની કોહમાં રળકાવું રે, મારેડો દલ લાગ્યો રે ભલાં મોજી
જોખના તને લૂંગડાની કોરમાં સરકાવું રે, મારેડો દલ લાગ્યો રે ભલાં મોજી

ક્યારેક બાપના ઘરનો ધંધો અને મા–ભાભીનાં મ્હેણાંટોણાં સહન નથી થતાં ત્યારે :

---

૨૦ ગુજરાતી લોકસાહિત્યમાળા–મણકો બીજો–પૃ. ૧૬૮
૨૧ એજન, પૃ. ૧૫૫–૧૫૬

માળામાંનાં મરીઆં મને વેણાય નઈ રે વેણાય નઈ
જાતીરું જાતીરું મને જવાય નઈ રે જવાય નઈ
રંગલો વાટડી જુએ મને જવાય નઈ રે જવાય નઈ
બાપાને ઘેરનો ધંધો મને અળગે[૨૨] ને રે અળગે ને
માંડી કેરાં મીણું[૨૩] મને હંબળાય નઈ રે હંબળાય નઈ
ભાભી કેરાં તાના મને હંબળાય નઈ રે હંબળાય નઈ[૨૪]

પળે પળે તનમનમાં વ્યાપી રહેલા પ્રીતમને પણ એ ઉછાળા સ્પર્શ્યા સિવાય રહે કે ?

'જાલમ પરેની જાલમ જાટોડી રે, જાટોડીનાં નયણાં વખાણિયે રે જાલમ જાટોડી
જાલમનાં મુખ વખાણિયે જાલમ જાટોડી
જાણે જાણે પૂનમિયો ચાંદ
મારું દિલ હરિયું રે જાલમ જાટોડી'

*    *    *

'કાળા મે'ણુ નાંદુકણુ જેલી મારા લાલ, કાચી કેરીનો મુંગેરો[૨૫]
પેલી સાંકેળાવાળીનું મન મોયું મારા લાલ, કાચી કેરીનો મુંગેરો
પેલી ચૂડેલાવાળીનું મન મોયું મારા લાલ, કાચી કેરીનો મુંગેરો[૨૬]

×    ×    ×

'કાળી કથાર કાળાંજાળાં રે સાલ સોરી
કથાર ખાવેનું મન થાયુ રે સાલ સોરી
કથાર ખાદાંને માયા લાગી રે સાલ સોરી
માયા લાગીને જાતાં રીયે રે સાલ સોરી
જાતાં રેહું ને હું ખાહું રે સાલ સોરી
જાહું ઉન્જાણી પાલે રે સાલ સોરી

'લોલ શેંલીયાનું દરપણુ ઘેર રહી જ્યું જોવનડી
લોલ શાંને દેખીને શેલ મારું જોવનડી
લોલ કાળી બંગડી ને ઉપર ટીલડી જોવનડી
લોલ શેંલીયાની કાંસકી ઘેર રહી જઈ જોવનડી.'[૨૭]

કેટલીકવાર સગાંવહાલાંની ઉપરવટ થઈને પણ પ્રેમલગ્નો થતાં :

'ઈનાં સાંમરાંને માંડવે ને જાય રે ભાય ને જાયે
ઈની સવડેલી લાડીને ને પરણીએ રે ને પરણે.'

---

૨૨ ગમે
૨૩ મહેણાં
૨૪ ગુજરાતી લોકસાહિત્યમાળા–મણકો બીજો–પૃ. ૧૫૩–૧૫૪
૨૫ મોર, મરવો.
૨૬ ગુજરાતી લોકસાહિત્યમાળા–મણકો બીજો–પૃ. ૧૫૩
૨૭ એજન, પૃ. ૧૭૦.

પણ—

'ભાયો ને માન્યો રે મે માન્યો.'

ક્યારેક માબાપ બતાવે તે છોકરો ન ગમતો હોય ત્યારે એની સ્પષ્ટતા કરી પોતાના 'મનમાનેલા'ની વાત પણ કહી દેવાતી :

'એ મને પાલનું ભીલડું નથી ગમતું, નથી ગમતું
એ મને સોરાહીને ભીલડે રેડ્યો[૨૮] લાગી રે
એ મને પાલની શૈયેરો નથી ગમતી, નથી ગમતી
એ મને સોરાહીની શૈયેરો રેડ્યો લાગી રે'.[૨૯]

ક્વચિત્ કન્યા મોટી ને વર નાનો એવું કજોડું થતું :

'બાર વરહની કન્યા ને અઢી વરહનો વાર, મારી કરમદી રે લોલ
વાહેદાં રોળું તેરાં વાંહે વાંહે આવે મારી કરમદી રે લોલ
વાંહે વાંહે આવે તેરાં ટોપલું ધમકાયું મારી કરમદી રે લોલ
ટોપલું ધમકાયું તેરાં દડબડ દડબડ નાઠું મારી કરમદી રે લોલ
રોટલાં કરું તેરાં સૂલા કને આવે મારી કરમદી રે લોલ
સૂલા કને આવે તેરાં તવીતો ધમકાયો મારી કરમદી રે લોલ
તવીતો ધમકાયો તેરાં દડબડ દડબડ નાઠુ મારી કરમદી રે લોલ'.

અહીં રમૂજી રીતે કજોડાની વેદના ગાવામાં આવી છે; તો સામે છેડે ક્વચિત પંદર વર્ષની છોકરીનાં લગ્ન ૫૦–૫૫ વર્ષના વર સાથે થતાં, ત્યારે તેની સહિયરો તેને છોડી નાસી જવાની સલાહ આપે છે. :

'બેનાં સાંદા સુરજ કેવાં સાંદેણાં રે બેનાં દીવલો
બેનાં દેહ મેળ્યો કામ નથી મેલો રે બેનાં દીવલો
બેનાં ઝાલોદમાં ડોહીલાંનો સાથ રે બેનાં દીવલો
બેનાં ઝાલોદમાં કેમ કરી રેહો રે બેનાં દીવલો
બેનાં ટડસાંને કટકું નથી ખોટા રે બેનાં દીવલો
બેનાં ટડસાંને પાયને બાંદી આવજો રે બેનાં દીવલો
બેનાં દહેવદમાં દાડો ઉગાડજો રે બેનાં દીવલો
બેનાં આવી ખાજો ભાભીયુંના રુટલા રે બેનાં દીવલો.'

કેટલીકવાર એક ઉપર બીજી પત્ની થતી હશે એમ 'સોક'ના ઉલ્લેખ પરથી લાગે છે.

'ધાણુ ભરિયો રે હવા રે માણીનો,
મારી સોક પૂસે રે કેતરો ભર્યો
તારા ધણિયે ભરિયો રે હવા રે માણીનો.

---

૨૮ મનનું આકર્ષણ થવું
૨૯ ગુજરાતી લોકસાહિત્યમાળા–મણુકો બીજો, પૃ. ૧૭૪

બીજા એક ગીતમાં

'હું તમને પુસું મારા રાજવી, તમે કાંથી લાવ્યા સારણી હો રાજ
હું ગ્યોતો ગ્યોતો રણુપર હાર, મારી લાર્યા આવી સારણી હો રાજ
સારણીનાં લાંબાં લાંબાં કેસ, મારી લાર્યા આવી સારણી હો રાજ
સારણીના રંગિયાસંગિયા દાંત મારી લાર્યા આવી સારણી હો રાજ
ગોરી મારી ઢોલીડા ઢળાવો, થાકેલી આવી સારણી હો રાજ
ગોરી મારી સોકલિયા ખંડાડો, ભૂખેલી આવી સારણી હો રાજ

અનેક પત્નીના રિવાજને કારણે બાર પત્નીઓના પતિની શી દશા થાય છે, તે એક ગીતમાં રમૂજી રીતે કહેવાયું છે :

તલવાડામાં નાનજી ડામોર ઝમકુડી રે
નાનજીને છે બાર બૈયરો ઝમકુડી રે
એક બૈયર ટૂંટી[30] બૈયર ઝમકુડી રે
ટૂંટાં બૈયર કડલું માગે ઝમકુડી રે
ખાનપુર જવાતું નથી કડલું લવાતું નથી...ઝમકુડી રે[31]

આદિવાસીઓમાં સામાન્ય રીતે ૧૩ થી ૧૮ વર્ષની ઉમરે લગ્ન થાય છે, પણ કવચિત બાળલગ્નો પણ થતાં હશે. તેથી જ એક ગીતમાં તેનો ઉલ્લેખ મળે છે :

'મુખજીડું સપાઈડું ખુસણુ પૂસે રે સોરી વાલકી
સોરી તમો પરણ્યાં કે કુંવારા સોરી વાલકી
જાયને મારા બાપાજીને પૂસું રે સોરી વાલકી
બાપા હમુ પરણ્યાં કે કુંવારાં સોરી વાલકી
બેટા તમોને નાનાંથાં પરણાયાં રે સોરી વાલકી

[ક્રમશઃ]

---

૩૦ પગે લંગડી
૩૧ ગુજરાતી લોક સાહિત્યમાળા-મણકો બીજો-પૃ. ૧૭૫

# ભોજની વાવનો શિલાલેખ

ર. ના. મહેતા અને સુરેશચંદ્ર ગો. કાંટાવાળા

ભોજ ( તાલુકા પાદરા, જિ. વડોદરા ) ગામની પૂર્વ ભાગોળ પર એક ઈંટ અને પથ્થરની બાંધેલી વાવ છે. એ વાવની પૂર્વ તરફની ભીંત પર આરસપહાણની ચકતી પર દેવનાગરી લિપિમાં પડીમાત્રાનો ઉપયોગ કરીને એક લેખ કોતરેલો છે.

લેખની ભાષા સંસ્કૃત છે. તેમાં જણાવ્યા પ્રમાણે સંવત્ ૧૫૫૪ આષાઢાદિ, શાકે ૧૪૨૦ અર્થાત્ ઈ. સ. ૧૪૯૮માં આ વાવ તૈયાર થઈ. આ વાવના લેખ પરથી કેટલીક અગત્યની માહિતી પ્રાપ્ત થાય છે. આ વર્ષમાં પાદરા તાલુકામાં મહમૂદ રાજા હતો. પરંતુ તેની નીચે ચાહમાન ( ચૌહાણ ) વંશના ભાણુનો પુત્ર મહીયાત્મજ (= મહીયનો પુત્ર અર્થાત્ કાજ ) આ પ્રદેશ પ્રદેશ અધિકાર ભોગવતો હતો. તેની નીચે વૃદ્ધભોયજમાં ૮૪ ગ્રામાધિપતિ ભૂપનારાયણ હતો

આ વખતે દીશાવલ જ્ઞાતિનો મહાચતુર વ્યાપારી અમાત્ય હતો, તથા લલાટ જ્ઞાતિના શેઠ વીરાત્મજ (=વીરનો પુત્ર) તથા ભલાના વંશના શેઠ આજા, તેના ભાઈ રાજા, ભત્રીજો ફોકા અને પુત્ર લાલા કેશવ હતા અને બીજા ઘણા ( દાનવીર ) હતા. માતામહ શેઠ સાંગા તથા તેમની પુત્રીઓ સમરી, ઢુંબડી, હેમા અને ઢેમીએ દાન આપ્યું હોવાનું અનુમાન થાય છે શેઠ આજા તથા કાજરાજે અહીં વાવ તૈયાર કરાવી હતી. આ શિલાલેખ પંદરમી સદીના અંતભાગમાં ચાંપાનેરના ચૌહાણરાજયવંશનો અંત આવ્યો ત્યાર બાદ ચૌદ વર્ષે લખાયેલો છે. આ જ અરસામાં ચાંપાનેર નજીકથી પ્રાપ્ત થયેલો મલીક સંદલ સુલતાનીનો લેખ સરખાવવા જેવો છે.[1]

ગણપતિને વંદન કરીને સંદલ સુલતાનીના લેખની શરૂઆતમાં, જ્યોતિષાદિની ગણતરી બાદ વાવ, મસીદ અને હજીરા માટે બે હળ ભૂમિદાનમાં આપ્યાનો ઉલ્લેખ છે. ચાંપાનેરની રાજધાનીની સંસ્કૃતિને ભોજના લેખની સંસ્કૃતિ સાથે સરખાવવા જેવી છે. પાદરા તાલુકામાં મહમૂદના રાજ્યના અસ્તિત્વનો સ્વીકાર કરીને ગણપતિ, સરસ્વતી અને બ્રહ્માને પ્રાર્થના કરીને, જ્યોતિષની પછી સ્થાનિક રાજકીય પરિસ્થિતિનો પરિચય આપીને વિવિધ દાતાઓની મદદથી ઇષ્ટાપૂર્તિ રૂપે વાવ બંધાવનાર પાદરા તાલુકાની પ્રવૃત્તિનો આ લેખમાં સ્પષ્ટ ખ્યાલ આપેલો છે.

આ બન્ને લેખો પરથી સ્પષ્ટ થાય છે કે રાજ્યના અમીરો તરફથી તથા પ્રજા તરફથી જલાશયો બાંધવાની પ્રવૃત્તિ પંદરમી સદીમાં થતી હતી. આ પ્રવૃત્તિથી બંધાયેલાં જળાશયો પૈકી કેટલાંક અદ્યાપિ ઉપયોગમાં છે.

---

૧ સોનવણે, વિશ્વાસરાવ, ચાંપાનેર માંડવી વાવનો, સંવત ૧૫૧૪, શક સંવત ૧૪૨૦નો શિલાલેખ, સ્વાધ્યાય, પુ. ૧૨, અંક ૪, જન્માષ્ટમી અંક, સં. ૨૦૨૮, પૃ. ૪૩૩.

પંદરમી સદીના અંતમાં પાદરા તાલુકામાં સુલતાનનાં રાજ્યનો ઔપચારિક સ્વીકાર થયો હોય એમ લાગે છે, જ્યારે સ્થાનિક કક્ષાએ ચૌહાણો અને તેમના હાથ નીચેના ભૂપનારાયણ, જેવા નાના મોટા રાજાઓ કે ઠાકોરો હતા. તેમની સાથે કુશળ વ્યાપારીઓ અને શેઠ-શાહુકારો ગામની ઉન્નતિમાં રસ લઈને વિવિધ પ્રકારનાં જાહેર બાંધકામો કરાવતા હતા.

## ભોજની વાવનો શિલાલેખ

१ स्वस्ति श्रीश्रीश्रीपातसाहमहम्मूदविजयराज्ये यो देव किल पूर्वसर्गसमये संस्मर्यते ब्रह्मणा यस्या

२ दौ सुरसिद्धदैत्यमनुजैरभ्यर्थते कर्म्मणां। विघ्नव्रातविघातजातकठिनं कंठं कुठारं करे बिभ्राणं तमु

३ पास्महे गजमुखं सिद्धेः परं कारणं ॥ १ ॥ वंदे विश्वनतां पितामहसुतां वाग्देवतामेव तां यस्याः पुण्य पद

४ प्रसादलिता( ढा ) शेषोग्रजास्थाजनः ॥ उद्यत्पार्वणचंद्रसांद्रितसुधापाथोधिवीदिच्छटा

५ निर्णक्ता ननु वर्णवाक्यनीकैर्विद्वत्सु संदीव्यति ॥ २ ॥ तमादिदेवं जगतामधीशं चतुर्मुखं ध्यानजुरतं प्रपद्ये चराचरं यस्मर

६ णाद्भुव विद्यास्तथाष्टदश यन्मुखेभ्यः ॥ ३ ॥ स्वस्ति संवत् १५ आषाढादि ५४ वर्षे शाके १४२० प्रवर्तमाने द

७ क्षणायनगते सूर्ये शरदर्त्तौ महन्मांगल्यदाता अश्वनमासे शुक्लपक्षे १३ त्रयोदश्यां

८ रेवती नक्षत्रे शुभनाम्नि योगे गरकरणे मीनराशिस्थिते चंद्रे तुलाराशिस्थिते सवितरि मीनस्थिते देवगुरौ ॥

९ शेषेषु ग्रहेषु यथास्थानस्थितेषु सत्सु ॥ स्वस्ति श्रीवृद्धभोयजप्रमुखचतुर्विंशति ग्रामाधिपतिमहाराजाधिराजभू

१० पनारायण सकलकलाकुशलरिपुवदनवनदहनदावानलमंडलिकमुकुटमणिनीराजित चरणकमलश्री

११ श्रीश्रीचाहमानषड्त्रिंशराजान्वयप्रमुखश्रीभाणतदंगजश्रीमहीयात्मज( : ) । श्रीकृष्ण-दास( : ) परिपालितः तेजसांराध्ये आ

१२ -मात्य( : ) दीशवलज्ञातीयमंत्री गणीय( : ) तथा महं( हान ) चतुर( : ) व्यापारे ॥ श्रीवृद्धभायज वास्तव्य( : ) श्रीललाटज्ञातीयश्रेष्ठि

१३ श्रीवीरात्मज (:) श्रेष्ठिमलान्वयमुकुटमणिश्रीनारायणचरणपूजकपरमभागवत श्रेष्ठिकाजानुज भ्रातृराजा तथा

१४ भ्रातृज( : ) फोका तथा सुत ( : ) लालाकेशव। तथा भूखराभीमासुतनोहासण( : )। तेषां अन्ये अनेक शसंति परं विस्तार मा

१५ यान्न प्रविच्यते । तथा मातामहश्रेष्ठिसांगा। सूताबाईश्रीसमरी सूताबाईढुंबडी बाईहेमा, बाईढेमी ॥

१६ अथकर्तृवर्णन। द्विजन्मक्षेत्रविन्यस्तधनबीजसमुद्भवा।

काजराजयशोवल्लि भाति ब्रह्मांडमंडपे ॥ १ ॥ सौभाग्येक

१७ निधिर्मह्यजलधिः सद्बुद्धिभाजावधिः। शौर्येकावधीः मन्मथप्रतिनिधिः प्रौढप्रभावधिः ॥(२) सन्मार्गे प्रणधिः सतामनु

१८ पधिः द्रव्यप्रदातावधिः

प्रादुर्भूतगुणैक सन्निधि(:) खलु काजाभिधः बृहत्श्रुतधीः ॥

यदुक्तं कनकं कुबेरसमतं नीता भूवो देवता(:)

१९ यत्प्रौढैसुरगैश्चवंदितय[:] यो राज च भाजकृताः । यद्विस्मैर्हुतदान होमविधिभिः प्रीता परं ब्राह्मणाः यैंनोच्चैर्वच

२० नैश्च सत्यवचनैः सम्यक्प्रजापालिताः । ३ गण्यते गगनांगणे गुरुत्तरे उद्यतहतास्तारकः गण्यं गगनापगा प

२१ रिसरोसंगे यदा वालुका (:) ॥

कथ्यंतेचचराचरात्मकर्तनोविस्मर्यादाः वाचकाः ज्ञायंते गुण काजराजनितरां प्रीतास्तथा

२२ याचकाः ॥ ४

आकल्पं कल्पवल्ली कमलवसतिना कल्पितालप यंत्रादेषा दारिद्रदुःखप्रमथितमनसामर्थिनामर्थि

२३ ताभ्यै । (आभ्यः)

यस्या पुण्यान्यमुन्यखिलजनसुखः संपदः प्रकृताः पुण्यं कीर्तिस्वरूपं विलसति फलमयार्थि-मानर्थीसिद्धि (:)

२४ सा (सः) कौशल्यचरणं यदुकुलतिकं देवकीं चाभिरामं संपूर्णदेहजातं मदनवपुधरं कीर्ति लक्ष्मी प्रयुक्तं पुत्रं चंद्राभकीर्ति गुणगुण

२५ सहितं युग्मावतंसं

मंत्री भक्तेन जातं जगति यशधरं श्रेष्ठिकाजाभिधानं । अनेकशृंगसोपानवातायनविभूषिता वापी

२६ यं श्रुश्रुमे

लोके स्थेयादाचंद्रतारकं ॥

अथ चा इयं वापी न्यायार्जितधन निष्पन्नापुण्यालहादिकालप्रारब्ध पतितादिखनीता दो

२७ ष रहिता शुद्ध मिष्टोदुकपूरिता राजीवादिसौवर्णमयमस्य गता अन्यैश्च चलचर जीवादि भिकल्लोलिः कृता ब्रह्माविष्णु, प्रतिमाधिवा

२८ सिता अधिदैवक आधिभूतिक

आध्यात्मिकतापत्रयनाशिनी वरुणधिष्टात्रि, ब्राह्मणादिक्रीडाकरणादि अन्येषां लोकानां चतुष्पदादि सौख्यार्थं वापीय उकरीता ॥

२९ तथा सूत्रधारः सू आशासूत गेला सू मेरासुतानाथा । सू भीमासत रत्ना सु राग मीमा ॥
श्रीगणेशाय । कं

## ભોજની વાવના શિલાલેખનું ભાષાંતર

સ્વસ્તિ શ્રી પાદશાહ મહમ્મૂદના વિજયી રાજ્યમાં જે દેવનું સર્ગ (ઉત્પત્તિ) વખતે બ્રહ્મા પ્રથમ સ્મરણ કરે છે, જેની સુરુસિદ્ધ, દૈત્ય, અને મનુષ્યો કામની શરૂઆતમાં અભ્યર્થના કરે છે, તે સિદ્ધિના પરમ કારણરૂપ વિઘ્નોના સમૂહનો નાશ કરનાર તીવ્ર ધારવાળી પણ ખાંડી થયેલી ફરસી હાથમાં ધારણ કરનાર ગણપતિની અમે ઉપાસના કરીએ છીએ. ૧

વિશ્વવંદ્ય પિતામહસુતા વાગ્દેવતાને અમે વંદન કરીએ છીએ. તેના પુણ્ય પદ પ્રસાદથી મનુષ્યો શેષોગ્રજસ્થાન અર્થાત્ વિષ્ણુપદને પામે છે. પૂર્ણિમાના ઊગતા ચંદ્ર જેવી જેમની કાંતિ છે તે વિદ્વાનોમાં વર્ણમાળાની હારમાળારૂપ લખાણોથી દેદીપ્યમાન છે ૨

જેમનાથી ચરાચર વિશ્વ ઉત્પન્ન થયું છે અને જેમના મુખથી અઢાર વિદ્યાઓ ઉત્પન્ન થઈ છે એવા ધ્યાનમગ્ન આદિદેવ જગતના અધિપતિ ચતુર્મુખ બ્રહ્માનું (અમે) શરણ લઈએ છીએ. ૩

સ્વસ્તિ ! આષાઢાદિ સંવત્ ૧૫૫૪, શક સંવત્ ૧૪૨૦ ચાલુ હતી ત્યારે સૂર્ય દક્ષિણાયનમાં હતો, શરદઋતુ (હતી) અને મહામંગળદાતા આસો માસના શુકલ પક્ષની તેરસની તિથિએ શુક્રવારે રેવતી નક્ષત્રમાં, શુભ યોગમાં, ગરકરણમાં, મીન રાશિના ચંદ્રમાં, તુલાના સૂર્ય વખતે અને મીન ગુરુ હતો તથા બીજા ગ્રહો યથાસ્થાને હતા ત્યારે (આ વાવનું ખાતમુહૂર્ત કર્યું).

સ્વસ્તિ ! શ્રી વૃદ્ધ ભોયજના તાબાનાં ચોવીશ ગામના અધિપતિ મહારાજા ભૂપનારાયણ હતા. શ્રી ચૌહાણ વંશનાં છત્રીસ કુળોના પ્રમુખ શ્રી ભાણના પુત્ર શ્રી મહીયાત્મજનાં (=મહીયના પુત્રનાં કાજનાં) ચરણોની કમળશ્રી મંડલિકોના મુકુટમણિથી શોભતી હતી. તે રિપુવદનરૂપી વનોને બાળનાર દાવાનળ અને સકલ કળા કુશળ છે, (તેમના માંડલિક ભૂપનારાયણ છે) તેનાથી પરિપાલિત અને તેમનાં તેજની આરાધના કરનાર મહાચતુર વ્યાપરી તથા મંત્રી ગણીય દીશાવલ જ્ઞાતિના આમાત્ય શ્રી કૃષ્ણદાસ છે.

શ્રી વૃદ્ધ ભાયજના રહેવાસી શ્રી લલાટ જ્ઞાતિના શેઠ શ્રી વીરાત્મજ (=વીરના પુત્ર) જે ભલા વંશના મુકુટમણિ શ્રીનારાયણ પૂજક ભલા વંશના શેઠ આજા, તેમના નાના ભાઈ રાજા તથા ભત્રીજો ફોકા (છે.) તથા તેનો પુત્ર લાલા કેશવ (છે.) તથા ભૂધરા ભીમાનો પુત્ર નોહાસણ છે. તેમના (જેવા) અનેક પ્રશંસનીય છે. પરંતુ વિસ્તાર ભયે છોડી દેવામાં આવે છે. તથા માતામહ શેઠ સાંગા છે. તેમની પુત્રીઓ સમરી, ઢુંબડી, હેમા અને ઢેમી. (આ લોકોની આર્થિક સહાયથી આ વાવ બાંધવામાં આવી છે).

### હવે કર્તાનું વર્ણન

કાજરાજની દ્વિજન્મક્ષેત્રમાં રોપેલી અને ધનરૂપી બીજથી ઉત્પન્ન થયેલી યશરૂપી વેલ બ્રહ્માંડમંડપમાં પ્રકાશે છે. તે સૌભાગ્યનો ખજાનો છે. તે મહીસાગર જેવી વિશાળ સદ્બુદ્ધિ ધરાવે છે, બહુ શુરવીર છે, કામદેવનો પ્રતિનિધિ છે, (અને) ઘણો પ્રતિભાશાળી છે, સન્માર્ગને અનુસરે છે, સજ્જનોનો સહાયક છે, દાનેશ્વર છે, ખરેખર કાજ બહુશ્રુત અને સદ્ગુણોનો ખજાનો છે. કહેવાય છે કે તેણે કુબેર સમાન બ્રાહ્મણોને કનકવડે (અત્રે) આણ્યા છે. તેનો

દેવતાઓ પણ સત્કાર કરે છે, અને તેથી તેનું રાજ્ય અને ભોગ છે. તેના વિસ્મયકારક હૂતદાન અને હોમ વિધિથી બ્રાહ્મણો ઘણા આનંદિત છે. અને તેણે યોગ્ય અને સત્ય વચન વડે પ્રજાનું સારી રીતે પાલન કર્યું છે.

જો વિશાળ આકાશમાં ઊગતા અને આથમતા તારાઓ ગણાય, (જો) આકાશગંગાના કાંઠા પરની રેતીની ગણતરી થાય જો વાચકો ચરાચરાત્મક સૂર્યના ઐશ્વર્યને વર્ણવી શકે (તો) કાજ-રાજના ગુણો જાણી શકાય. એ રાજાથી યાચકો સંપૂર્ણ પ્રસન્ન છે.
બ્રહ્માએ કલ્પેલી કલ્પવલ્લિ જેવા આ યંત્રથી યાચકોના મનને દુઃખી કરનાર દારિદ્યદુઃખ દૂર થયા છે.

જેના પુણ્ય વડે આખા જનસમુદાયને સુખસંપત્તિ પ્રાપ્ત થઈ છે તેનું કીર્તિસ્વરુપ પુણ્ય પ્રકાશે છે અને તેના ફ્લ સ્વરૂપે ધનની ઇચ્છાવાળાઓની મનોકામના સિદ્ધ થઈ છે.

તે કૌશલ્યચરણુ (રામ), યદુકુળમણિ, દેવકીને આનંદ આપનાર (કૃષ્ણુ જેવો), પૂર્ણ દેહધારી, કામદેવ જેવા દેહવાળો, કીર્તિ અને લક્ષ્મીવાળો, ચંદ્રના જેવી કીર્તિ અને ગુણોવાળો અને કાને કુંડળવાળો મંત્રી ભલ્લનો પુત્ર જગતમાં યશવાળો શ્રેષ્ઠિક આજા છે.

અનેક શિખરો, પગથીઆ, બારીઓથી વિભૂષિત વાવે આજાની (શોભા વધારી છે). શુભ લોકમાં તે યાવચ્ચંદ્રદિવાકરો ટકી રહેશે. વળી આ વાવ ન્યાયાર્જિત ધન વડે ઉત્પન્ન થયેલા, પુણ્યશાળી અને આનંદદાયક કાળથી શરૂ કરીને ભૂલ વગર ઊંડી ખોદી છે. તેમાં શુદ્ધ મીઠું પાણી ભરેલું છે. એમાં ભૂરાં અને સોનેરી કમળો છે અને અન્ય જળચર પ્રાણીઓ કલ્લોલ કરે છે. તેમાં બ્રહ્મા અને વિષ્ણુની પ્રતિમાનો વાસ છે. આધિદૈવિક, આધિભૌતિક, આધ્યાત્મિક ત્રણે તાપનો નાશ કરનાર વરુણ જેના અધિષ્ઠાતા છે તેવી તથા બ્રાહ્મણાદિને કામ કરવા માટે અને બીજા લોકો તથા ચોપગાં પ્રાણીઓના સુખને માટે આ વાવ બંધાવી છે.

તથા સૂત્રધારો, સૂત્રધાર આશાનો પુત્ર ગેલા, સૂત્રધાર મેરાનો પુત્ર નાથો, સૂત્રધાર ભીમાનો પુત્ર રત્નો અને સૂત્રધાર રાગભીમ.

શ્રીગણેશને વંદન ! સર્વને શાંતિ !



ચિત્ર ૧
આરંભડાનું મન્દિર

ચિત્ર ૨
આરંભડા મન્દિરના
ભદ્રગવાક્ષમાં વરાહ



ચિત્રો—શ્રી નરોત્તમ પલાણ



ચિત્ર ૩

આરંભડા મન્દિરની બારસાખ

ચિત્ર—શ્રી નરોત્તમ પલાણ

# આરંભડાનું મંદિર

નરોત્તમ પલાણ

ઓખામંડળમાં આવેલા આરંભડા ગામના એક મંદિરને અત્યાર સુધીના બધા જ લેખકોએ સૂર્યમંદિર તરીકે ઓળખાવ્યું છે ( ચિત્ર-૧ ). શા કારણથી આ સૂર્યમંદિર છે તેની સ્પષ્ટતા મળતી નથી, પરંતુ 'દ્વારકા' અને 'દ્વારકા સર્વસંગ્રહ' ( સં. પુષ્કરભાઈ ગોકાણી ) જેવાં પ્રકાશનોમાં આ મંદિરને સૂર્યમંદિર તરીકે રજૂ કરવામાં આવેલ છે. આ મંદિરના સમય વિશે પણ આવી જ અસ્પષ્ટતા છે. શ્રી કલ્યાણરાય ન. જોશી પોતાના ગ્રંથ 'દ્વારકા-વસઈના પુરાણા અવશેષો' ( પ્રકા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ) પૃ. ૫૭ ઉપર આ મંદિરને ગુપ્તકાળના છેલ્લાં વરસોમાં બંધાયેલું કહી પૃ. ૫૯ ઉપર મંદિરનું ચિત્ર રજૂ કરતાં નોંધે છે : "છઠ્ઠાથી આઠમા સૈકાનું વિશિષ્ટ પ્રકારના શિખરવાળું ગુપ્તકાલીન ભગ્ન મંદિર" આ વિધાનમાં 'છઠ્ઠાથી આઠમા સૈકા'નો સમય આપી તેને 'ગુપ્ત કાળ' કહેવામાં લેખકની શરતચૂક સ્પષ્ટ છે.

અસ્તુ. આ મંદિરમાં હાલ દેવમૂર્તિ નથી પરંતુ એક તરફના ભદ્રગવાક્ષમાં મસ્તકવિહોણા ભગવાન વરાહની મૂર્તિ સ્પષ્ટ છે ( ચિત્ર-૨ ). 'ભદ્રગવાક્ષે વરાહ' હોવાથી આ સૂર્યમંદિર નહિ પરંતુ વિષ્ણુમંદિર છે. આ મંદિરના કાળનિર્ણયમાં બારસાખાનું શિલ્પ તેમ જ ભદ્રગવાક્ષ ઉપરની જાલિકા ઠીક ઉપયોગી થાય છે. બારસાખામાં ( ચિત્ર ૩ ) ઉંબરાની હારમાં નીચે જોવા મળતું રત્નકણિકાનું શિલ્પ ઈ.સ.ની દશમી સદીનો સંકેત રચે છે, જ્યારે ભદ્રગવાક્ષ ઉપરની જાલિકા દશમી સદીના અંતનો ખ્યાલ આપી રહે છે. અતઃ આરંભડાનું આ મંદિર વિષ્ણુમંદિર છે અને સમયની દૃષ્ટિએ દશમી સદીના અંતભાગનું અથવા અગિયારમી સદીની શરૂઆતનું છે.

# માંગરોળનો જેતખંભ

ગોસ્વામી મોહનપુરી

ગુજરાતના ઇતિહાસમાં સૌરાષ્ટ્રનો પશ્ચિમ કિનારો ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ગુજરાતના હાલના જિલ્લાઓની દૃષ્ટિએ વિચાર કરીએ તો જૂનાગઢ જિલ્લા જેટલાં પ્રાચીન ઐતિહાસિક સ્થાનો ગુજરાતના બીજા કોઈ જિલ્લામાં નથી.[1] આ પ્રદેશે સૌથી વિશેષ પ્રભુત્વ સોમનાથના પાશુપતશૈવમતનું રહેલું જણાય છે. હાલ પ્રાપ્ત અવશેષોમાં સૌથી વિશેષ સંખ્યા શૈવસ્થાનોની છે. રાજ્યકાલની દૃષ્ટિએ વિચાર કરીએ તો મૈત્રક, ચૂડાસમા, જેઠવા, ગુહીલ, વાજા, ચાવડા અને રાઠોડ વગેરે રાજવંશનું આધિપત્ય આ પ્રદેશ ઉપર જુદે જુદે સમયે રહ્યું છે. માત્ર દરિયા કિનારાનાં જ સ્થાનો લઈએ તો સોમનાથ, માંગરોળ, માધવપુર, પોરબંદર, મિયાણી અને દ્વારકા જેવાં સ્થાનો દોઢ–બે હજાર વર્ષ પ્રાચીન જણાય છે, જેમાંથી અત્રે માંગરોળમાં હાલ પ્રાપ્ત જેતખંભનો પરિચય આપવાનો હેતુ છે.

માંગરોળનો સૌથી પ્રાચીન ઉલ્લેખ ઈ. સ. ની બીજી સદીના વિદેશી ભૂસ્તરવેત્તા ‘ટોલેમી’ એ પોતાના ગ્રંથમાં ‘મોનોગ્લોસન’ તરીકે કર્યો છે. જો કે આ સમયનો કોઈ પુરાવશેષ અત્યારે માંગરોળમાં પ્રાપ્ત નથી પરંતુ એટલું ખરું કે ગામ પાસેનું કામનાથ મંદિર અને નોળી નદી ભૂસ્તરની દૃષ્ટિએ અનેક પ્રકારના ફોસીલના અવશેષો ધરાવે છે.[2] ગામનું માંગરોળ એવું નામ એક મતે ગામમાં હાલ આવેલી મંગળાજ માતાના નામ ઉપરથી આવ્યું સંભવે છે. જ્યારે માંગરોળની સોઢલી વાવમાંથી પ્રાપ્ત કહેવાતા ગોહિલ રાજબંધુ મુલુક અને સોમરાજનો સહજિગેશ્વર મહાદેવનો શિલાલેખ ‘મંગલપુર’ એવો ઉલ્લેખ આપે છે. શ્રી કે. કા. શાસ્ત્રી વગેરે ઈતિહાસવિદો પ્રસ્તુત લેખ સોઢલીવાવમાં હોવાનું નોંધે છે પરંતુ એ લેખ છેલ્લાં ૨૦ વર્ષથી તો ત્યાં નથી.[3]

---

૧ સરકારદ્વારા રક્ષિત સ્મારકોની વાત કરીએ તો સાબરકાંઠા અને જામનગર જિલ્લામાં અનુક્રમે ૪૪ અને ૩૦ રક્ષિત સ્મારકો છે જે બીજા જિલ્લાઓ કરતાં વધારે છે, પરંતુ જૂનાગઢ જિલ્લાના રક્ષિત સ્મારકોની સંખ્યા ૧૦૮ની છે.

૨ પલાણ નરોત્તમ, ઊર્મિનવરચના–ફેબ્રુ. ૧૯૭૭

૩ (અ) શાસ્ત્રી કે. કા. ‘અતીતને આરે’ પૃ. ૩૨

(બ) શાસ્ત્રી, હરીપ્રસાદ ‘ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ’ આ બન્ને મિત્રોએ સ્થળ તપાસ કર્યા વિના જ નોંધ લીધેલી જણાય છે.



ચિત્ર ૧
માંગરોળનો જેતખંભ
(ઈ.સ.ની બારમી સદી)
[માંગરોળ—જિ. જૂનાગઢ]

ચિત્રો : શ્રી નરોત્તમ પલાણ



ચિત્ર ૨
માંગરોળ—જેતખંભમાં
ચૈત્ય અને નીચે
'વસૂરા' શબ્દ

અસ્તુ. સહજિગેશ્વર મહાદેવના શિલાલેખ ઉપરાંત સોઢલી વાવનો પોતાનો શિલાલેખ વાવના અંદરના પાટોડામાં કોતરાયેલો છે તેમાં :–

विक्रम संवत् १३७५ राओळ श्री महिपाळ देवना
राज्यमां " मोढज्ञातीय वली सोढले
आ वाव करावी.
पातशाह सलीम शाहना राज्यमां "

છે. આ ઉપરાંત માંગરોળમાંથી બીજા ફારસી લેખો પણ પ્રાપ્ત થયા છે.[૪] શિલાલેખો ઉપરાંત માંગરોળ ગામમાં અને આજુબાજુ અનેક ઐતિહાસિક અવશેષો આવેલાં છે. જેમાં ગુફાઓવાળી માત્રીવાવ તથા મૂર્તિઓવાળી અંધારીવાવ, જામીમસ્જિદ તથા રાવળી મસ્જિદો છે. માંગરોળથી ત્રણેક કિ. મિ. દૂર ' જેતખંભ ' નામનો એક પ્રાચીન સ્તંભ આવેલો છે. ( જુઓ ચિત્ર–૧ )

આ જેતખંભ વિશે અદ્યાપિ કોઈ વિદ્વાને સ્વતંત્રપણે લખ્યું નથી. શ્રી કે. કા શાસ્ત્રીના ' માંગરોળ ' નામક પુસ્તકમાં જેતખંભનો અછડતો ઉલ્લેખ મળે છે, પરંતુ તેમાં પ્રાપ્ત શબ્દો વિશે તેઓશ્રીએ વિશેષ પ્રકાશ પાડયો નથી. માંગરોળનો આ જેતખંભ સૌરાષ્ટ્રના આ પશ્ચિમ કિનારાનો એકમાત્ર વિશિષ્ટ જેતખંભ છે. જેતખંભ એવું નામ ' જયસ્તંભ ' ઉપરથી આવેલું જણાય છે. આ ખંભમાં પાછળથી ચોડાયેલો વિ. સં. ૧૯૯૦ના સ્થાનિક રાજવી શેખ જહાંગીર મિયાંનો શિલાલેખ છે. આ શિલાલેખ આ પ્રમાણે છે :–

**શિલાલેખ :**

" આ સ્તંભ માટે માત્ર એક શબ્દ
સ મ રા જે જૂની સીલામાં કોતરેલ છે.
તે સિવાય બીજુ કાંઈ જડેલ નથી
આ સ્તંભ જીર્ણ થઈ જવાથી
ફરીથી હાલના રાજ્યકર્તા
ખુદાવીંદ નામદાર
શેખ શ્રી
જહાંગીરમીંયા સાહેબ બહાદુરે તે .
રીપેર કરાવેલ છે.
સંવત ૧૯૯૦ તારીખ ૩૦, ૪, ૩૪ "

---

૪ માંગરોળના આ ફારસી લેખોમાંથી પંદરમી સદીના એક ફારસી લેખની વિસ્તૃત ચર્ચા શ્રી જિયાઉદ્દીન એ. દેસાઈએ ' સ્વાધ્યાય ' ઓકટો, ૭૧માં કરેલ છે અને તેમના કથન મુજબ શ્રી શંભુપ્રસાદ દેસાઈએ તથા શંભુપ્રસાદને અનુસરી શ્રી કે. કા. શાસ્ત્રી તથા ડૉ. કાંતિલાલ સોમપુરાએ માંગરોળના ફારસી લેખોની બાબતમાં ભૂલો કરી છે.

જહાંગીરમિંયાએ લીધેલી આ નોંધમાં समरा શબ્દ ધ્યાન આપવા લાયક જણાય છે. ઊભેલા જેતખંભની ચારેબાજુથી તપાસ કરતાં એની શિલાઓમાં કુલ બે સ્થળે પ્રાચીન દેવનાગરી શબ્દો જોવા મળે છે. આ શબ્દ समरा ને બદલે ' वसूरा ' છે. અને જૂની શિલામાં એક વખત નહીં પણ બે વખત જે શબ્દ મળે છે તે ' वसूरा ' છે. અહીં એક વાત નોંધવી જોઈએ કે આ ' वसूरा ' શબ્દની લિપિનો વળાંક તેમ જ ' वसूरा ' એવો શબ્દ ઘૂમલીના નવલખા મંદિરમાં પણ હાલ પ્રાપ્ત છે. ત્યાં પણ આ જ લિપિ મરોડમાં ' वसूरा ' એવો શબ્દ ઉલટ સૂલટ લગભગ પચીસેક વખત જુદીજુદી શિલાઓમાં કોતરાયેલો જોવા મળે છે! સંભવત: ' वसूरा ' એવું કોઈ શિલ્પીનું નામ જણાય છે. નવલખામાં અને આ જેતખંભમાં બીજું સામ્ય પણ જોવા મળે છે. બન્નેના ચણતરમાં ચૈત્યશાલા જેવા સુશોભનો સરખા માપનાં કોતરાયેલાં છે, જેતખંભની મધ્યમાં ચારે બાજુ ચાર આવા ચૈત્યશોભનો છે અને ઘૂમલીના નવલખાની પીઠિકામાં પણ ચારે બાજુ આ જ માપના, આવાજ ચૈત્યશોભનો કંડારાયેલાં છે. આ ઉપરથી એવું અનુમાન થઈ શકે છે કે બન્નેનો રચનાર શિલ્પી અને રચનાકાળ એક હશે. આ સ્તંભ કોઈ રાજાએ પોતાના વિજયની યાદમાં ઊભો કર્યો હોય તેમ જણાય છે, કારણ કે રાજાઓ પોતાના વિજયની યાદમાં આવા સ્તંભો ઊભા કરતા એવો ઈતિહાસ છે.

જેતખંભમાં પ્રાપ્ત ' वसूरा ' એવો શબ્દ અને જેતખંભનું સ્થાપત્ય જેતખંભને ઈ. સ. ૧૨મી સદીનો સિદ્ધ કરે છે. આ સમયમાં આ પ્રદેશ ઉપર વિશેષ પ્રભુત્ત્વ જૂનાગઢના ચૂડાસમાઓ, માંગરોળના ગુહિલો અને ઘૂમલીના જેઠવાઓનું જણાય છે. સંભવ છે કે આ ત્રણે રાજ્યોએ સાથે મળી સોલંકી સત્તાને આ પ્રદેશમાંથી ઉખાડી નાખી હોય અને તે સંયુક્ત વિજયની યાદમાં માંગરોળનો આ જેતખંભ ઊભો કરવામાં આવ્યો હોય. એટલું નિશ્ચિત છે કે જેતખંભનું સ્થાપત્ય ઘૂમલીના નવલખા સાથે ઘણું સામ્ય ધરાવે છે. વળી, માંગરોળનો ઘૂમલીના જેઠવાઓ સાથે સંબંધ પણ રહ્યો છે. આજે પણ માંગરોળની જામી મસ્જિદને ભાણજેઠવા સાથે જોડતી પ્રબળ અનુશ્રુતિ છે. માંગરોળનો આ જેતખંભ આ પ્રદેશના રાજવીઓએ ૧૨મી સદીમાં પ્રાપ્ત કરેલા વિજયની યાદમાં હોય તે વિશેષ સયુક્ત છે.

# પાલનપુરની મીઠીવાવનાં શિલ્પો

જયેન્દ્ર કે. વોરા

**પ્રસ્તાવના**

પાલનપુર અત્યારે બનાસકાંઠા જિલ્લાનું મુખ્ય સ્થળ છે. **પુરાતન સંગ્રહ**માંના " કુમારપાલ દેવતીર્થ યાત્રા પ્રબંધ" અને **પ્રબંધકોશ**માંના "હેમસુરી પ્રબંધ"થી જાણવા મળે છે કે આબુના પરમાર વંશના પ્રહ્‌લાદને ઈ. સ. ૧૧૮૪ની આસપાસ પ્રહ્‌લાદનપુર : હાલનું પાલનપુર. વસાવ્યું હતું. વીરધવલના મૃત્યુ પછી વીસલદેવને અમાત્યોએ જ્યારે[૧] સત્તા સોંપી ત્યારે મોટા વિરમે "પ્રહ્‌લાદનપુર" ઉપરાંત પાંચ નગરો માગ્યાં હતાં. આ ઉપરાંત પાલનપુરનો "પાલ્હણપુર" તરીકેનો બીજો પ્રાચીન ઉલ્લેખ સારંગદેવના અનાવડા ગામના ઈ. સ. ૧૨૯૨ના અભિલેખમાં થયેલ જાણવા મળે છે.[૨]

આ પાલનપુર શહેરની પૂર્વ દિશામાં શહેરને પાણી પૂરું પાડતી વાવ આવેલી છે. આ વાવની દીવાલની અંદરની બાજુના ગવાક્ષોમાં કેટલાંક સુંદર શિલ્પો બેસાડેલાં છે. આ શિલ્પોનો તથા વાવનો અભ્યાસ કરતાં વાવ ઘણી અર્વાચીન લાગી તથા વાવના છેડે કોતરેલા એક ત્રુટક અક્ષરોવાળા લેખમાં સં. ૧૭......: બીજા બે અંક તૂટેલા છે. આમ આ વાવ લગભગ ૧૮મી સદી કરતાં વધુ પ્રાચીન નથી. પરંતુ તેમાં મૂકેલાં શિલ્પો પ્રાચીન છે. આ શિલ્પો શ્વેત આરસમાંથી કંડારેલાં છે.

**૧ ગણેશ** (માપ : ૪૦ × ૧૫ × ૫ સેં. મી.)

આકર્ષક દ્વિભંગમાં ઊભેલા આ ચતુર્ભુજ ગણેશની પ્રતિમા સાધારણ ખંડિત છે. તેમના ચાર હસ્તમાં અનુક્રમે પરશુ ? કમળ, તથા, મોદકપાત્ર છે. ડાબી બાજુ વાળેલી સૂંઢમાં મોદક લીધેલો દેખાય છે. કરણ્ડ મુકુટ, વિવિધ જાતના હાર, કેયૂર, કમરબંધ, વનમાળા તથા પગમાં પહેરેલાં ભારે કડલાં મૂર્તિને વધુ સુશોભિત કરે છે. (જુઓ ચિત્ર-૧) આ અંકના બીજા કવરપેજ ઉપર)

**૨ મહિષમર્દિની** (માપ : ૩૩ × ૨૦ × ૫ સેં. મી.)

ગુજરાત અને રાજસ્થાનમાંથી મહિષમર્દિનીની ચતુર્ભુજ પ્રતિમાંઓ પુષ્કળ પ્રમાણમાં મળી આવી છે. તેમાંથી લગભગ ઘણી બધી પ્રતિમાઓમાં દર્શાવ્યા પ્રમાણે અહીં પણ ચતુર્ભુજ દેવી તેમનો જમણો પગ મહિષ પર મૂકી આલીઢાસનમાં ઊભેલાં છે. તેમના નીચેના જમણા

---

૧ પરીખ, રસિકલાલ છો. અને શાસ્ત્રી, હરિપ્રસાદ ગં. : સંપાદકો : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ગ્રંથ ૧, ઇતિહાસની પૂર્વભૂમિકા, પૃ. ૩૬૬.

૨ એજન.

હસ્તમાં તલવાર છે અને ઉપરના જમણા હસ્તમાં પકડેલા ત્રિશૂળથી પ્રાણીસ્વરૂપમાં દર્શાવેલા મહિષાસુરને વધ કરે છે. પરંતુ પ્રાણીસ્વરૂપમાં નાશ થતાં જ માનવસ્વરૂપમાં રાક્ષસ બહાર આવીને દેવી સામે હુમલો કરતો અહીં બતાવ્યો છે એ નોંધપાત્ર છે. દેવીએ તેના નીચલા ડાબા હસ્તથી અસુરનું મસ્તક પકડયું છે અને ઉપરના ડાબા હસ્તમાં ઢાલ છે. તેનાં આભરણોમાં બીજી કોઈ વિશેષતા નથી. મૂર્તિશાસ્ત્રની દષ્ટિએ આ પ્રતિમા, સિદ્ધપુર તાલુકાના સુણક ગામમાં આવેલા ભગ્ન દેવીમંદિરની મહિષાસુરમર્દિનીની પ્રતિમા સાથે સામ્ય ધરાવે છે.[૩]

### ૩ વૈકુંઠ—વિષ્ણુ :— (માપ : ૩૬×૨૪×૬ સેં. મી.)

આ પ્રકારની વિષ્ણુની પ્રતિમાઓમાં દેવને ચાર મુખ હોય છે. તેમાં જમણી બાજુમાં નૃસિંહ, વચ્ચેનું સૌમ્ય માનવ મુખ, ડાબીબાજુનું વરાહ તથા પાછળનું રૌદ્ર કપિલ મુનિનું દર્શાવેલું હોય છે. તેનાં વર્ણનો વિષ્ણુધર્મોત્તરપુરાણ, રૂપમંડન, રૂપાવતાર વગેરેમાં આપેલાં છે.[૪] અહીં વર્ણવેલા, અર્ધ–પર્યંકાસનસ્થ તથા ષડ્ભુજ દેવને ત્રણ મુખ છે. વચ્ચેનું મુખ ખંડિત છે. જ્યારે જમણી તથા ડાબી બાજુનાં મુખ અનુક્રમે નૃસિંહ તથા વરાહ (કે અશ્વ)નાં હશે; કારણ કે પ્રતિમાનાં પ્રાણીમુખો એટલી નીચી કોટિનાં કોતરેલાં જણાય છે કે, તે બરાબર ઓળખી શકાય તેમ નથી. દેવના જમણા ઉપરના હસ્તમાં પકડેલા ચક્ર સિવાય બીજા હસ્ત તથા આયુધો ખંડિત છે. વાળેલા પગ નીચે નળાકાર બેઠકની સન્મુખ માનવ સ્વરૂપમાં ગરુડ દર્શાવેલા છે. ગુજરાતમાં વૈકુંઠની પ્રતિમાઓ, વિજાપુર, સંડેર તથા શ્રીમંત 'મહારાજા પ્રતાપસિંહના શિલ્પસંગ્રહ વગેરે જગ્યાએથી મળી આવી છે. (જુઓ ચિત્ર–૨; આ અંકના બીજા કવરપેજ ઉપર)

### ૪ ઈશાન :— (માપ : ૫૫ × ૧૫ × ૬ સેં. મી.)

દ્વિભંગમાં ઊભેલા આ ચતુર્ભુજ દેવના હસ્તમાં અનુક્રમે વરદમુદ્રા, ત્રિશૂલ તથા સર્પ છે; ડાબી બાજુનો નીચેનો ચોથો હાથ ખંડિત છે. કલાત્મક જટા, ગોળ મોટા કુંડળનો હાર, કેયૂર (બાજુબંધ), કટિમેખલા વગેરે દેવનાં આભૂષણો છે. (જુઓ ચિત્ર ૩, આ અંકના મુખ પૃષ્ઠ ઉપરનું ચિત્ર)

### ૫ લકુલીશ :— (માપ : ૫૫ × ૩૫ × ૭ સે. મી.)

આ દ્વિભુજ દેવ–પ્રતિમા અર્ધપર્યંકાસનમાં દર્શાવેલી છે. તેમના જમણા હસ્તમાં લકુટ (દંડ) તથા ડાબા હસ્તમાં બીજોરું છે; કે જે તેને લકુલીશ તરીકેની ઓળખાણ આપે છે. મસ્તક પર કરણ્ડ મુકુટ શોભે છે. સામાન્ય રીતે, આસનસ્થ પ્રતિમાઓમાં લકુલીશ પદ્માસનમાં, તથા ઊર્ધ્વમેઢ્ર અવસ્થામાં બેઠેલા દર્શાવેલા હોય છે; તે દષ્ટિએ આ પ્રતિમા નવી જ ભાત પાડે છે.

---

૩ દવે કનૈયાલાલ ભાઈશંકર, ગુજરાતનું મૂર્તિવિધાન, પૃ. ૩૨૯.

૪ એજન.

**૬ નૃત્ય ભૈરવ** (માપ : ૫૨ × ૩૪ × ૬ સે. મી.)

સામાન્ય રીતે ભૈરવની નૃત્યપ્રતિમા ઓછી જોવા મળે છે. ચતુર્ભુજ દેવનો નૃત્યમાં ઊંચકેલો જમણો પગ અને નીચલા બે હસ્ત ખંડિત છે. ઉપરના બે હસ્તમાં અનુક્રમે ડમરુ તથા ખેટક પકડેલાં છે. ઊભા વાળને સર્પથી બાંધેલા છે. આ દેવ પ્રતિમામાં દર્શાવેલી દાઢી ઘણી મૂર્તિઓમાં જોવા મળે છે. સર્પબંધ, સર્પમાળા, રુંઢમાળા વગેરે મૂર્તિશાસ્ત્રમાં જણાવ્યા પ્રમાણેનાં છે. ડાબી બાજુ પર બે પગે ઊંચું મુખ કરી ઊભેલો કૂતરો બતાવે છે કે તેમના નીચલા હસ્તમાં લોહી ઝરતું અસુરનું મસ્તક પકડેલું હશે. ગુજરાતના મધ્યકાલીન મંદિરોમાં નિર્ઋતિની જગ્યાએ ભૈરવની મૂર્તિઓ મૂકવામાં આવતી હશે. (જુઓ ચિત્ર–૪) આ અંકના ત્રીજા કવરપેજ ઉપર

**૭ બ્રહ્મા સાવિત્રી** (માપ : ૫૬×૩૭×૭ સે. મી.)

ઉમા - મહેશ્વરની જેમ આ પણ આલિંગન પ્રતિમા છે. બ્રહ્મા - સાવિત્રીની આ પ્રકારની મૂર્તિઓ પ્રમાણમાં થોડી મળી આવેલી છે.[૫] અને તેથી આ પ્રતિમા રસપ્રદ છે. કમભાગ્યે આ પ્રતિમા ખંડિત છે. ચતુર્ભુજ બ્રાહ્મના સન્મુખ મસ્તક સિવાયનાં મસ્તકો ખંડિત છે. લાંબી દાઢી તથા જટામુકુટથી શોભતા ચતુર્ભુજ બ્રહ્મા ઊંચી બેઠક પર અર્ધ–પર્યંકાસનમાં બેઠેલા છે. એમના ઉત્સંગમાં સાવિત્રી દેવી લલિતાસને કમરે વીંટળાઈ દેવીના સ્તન પાસે આલિંગનમાં છે. જ્યારે દેવી જમણા હાથથી બ્રાહ્માજીને આલિંગન આપે છે. અને વામ હસ્તમાં વિકસિત કમળ ધારણ કર્યું છે. આ દૈવીયુગ્મનાં હસ્ત તથા આયુધો ખંડિત છે. (જુઓ ચિત્ર–૫) આ અંકના ત્રીજા કવરપેજ ઉપરનું ચિત્ર)

**૮ અપ્સરા** (માપ ૬૩ × ૩૬ × ૬ સે. મી.)

આ સુંદર શિલ્પમાં આકર્ષક ત્રિભંગમાં ઊભેલી અપ્સરાના પગ પર ચઢી નાનું માંકડું (કે બાળક : તેનું વસ્ત્ર ખેંચે છે.) અને તેમ કરતાં છતી થતી તેની નગ્નતા કલાત્મક રીતે નિરૂપી છે જ્યારે વામ હસ્ત વસ્ત્રને વધુ નીચે સરકતાં અટકાવે છે, તથા જમણો–હસ્ત માંકડાને દૂર કરવા ઉગામેલો છે. આખા શિલ્પમાં વસ્તુને અનુરૂપ અપ્સરાનો અભિનય તથા તેના દેહની ભંગિમા શિલ્પને વધુ ચિત્તાકર્ષક બનાવે છે. (જુઓ ચિત્ર–૬, આ અંકના પાછલાં પૂઠાં ઉપર)

---

૫ અમીન જે. પી., ખંભાતની દેવયુગ્મ પ્રતિમાઓ, સ્વાધ્યાય, પુસ્તક ૧૨, અંક ૩. મે ૧૯૭૫, પૃષ્ઠ. ૨૮૫–૨૯૭.

# શ્રીમદ્ રાજચંદ્રજીનું ગદ્ય

નવીનચંદ્ર એન. શાહ

દુનિયાની જુદી જુદી ભાષાઓ અને તેમના સાહિત્યમાં, માનવજીવનના સામાન્ય વ્યવહાર, વિચાર અને ઊર્મિઓની અભિવ્યક્તિ, પદ્ય કરતાં ગદ્યમાં અતિ સાહજિક અને સરળ રીતે થયેલી છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે કુટુંબમાં કે સમાજમાં, બોલચાલની અનાયાસે બોલાતી ભાષાના ગદ્યનું પણ આગવું સૌંદર્ય છે. માનવીએ બોલાતી અને લખાતી ભાષાઓનો ઉપયોગ સર્વ પ્રથમ શરૂ કર્યો હશે ત્યારે પ્રારંભમાં બોલચાલના ગદ્યનું ખેડાણ થયું હશે; સાહિત્યમાં પદ્યપ્રકાર, ગદ્ય પછી ખેડાયો હશે. છતાંય, દુનિયાની મોટા ભાગની ભાષાઓના સાહિત્યની પ્રાચીન કૃતિઓમાં, પદ્યકૃતિઓ સર્વ પ્રથમ પ્રાપ્ત થાય છે એ એક નોંધપાત્ર ઘટના છે. આપણી પ્રાચીન ભારતીય આર્યભાષાનો સૌથી પ્રાચીનતમ લિખિત સ્વરૂપનો નમૂનો 'ઋગ્વેદની ઋચાઓ' એ આ વિષયમાં એક જ્વલંત ઉદાહરણ છે.

ગુજરાતના જુદા જુદા પ્રદેશો અને જાતિઓની લોકબોલીઓની લઢણો, છટાઓ અને ભંગિઓથી ઓતપ્રોત થયેલું આપણું ગુજરાતી ગદ્ય, એના પ્રાચીન અને મધ્યકાલીન સ્વરૂપમાં, સંસ્કૃત, પ્રાકૃત, માગધી, અર્ધમાગધી અને અપભ્રંશ સાહિત્યના ગદ્યની અસરો અને સંસ્કારો ઝીલી, બાલાવબોધો કે ભાવાનુવાદો રૂપે વિકાસ પામ્યું છે. ઓછી સમજ–સૂઝવાળા શ્રોતાજનોને તેમ જ જિજ્ઞાસુઓને ઉપદેશ આપવા, અઘરા સંસ્કૃત કે પ્રાકૃત ગ્રન્થોના બાલાવબોધો રચી, જૈન મુનિઓ અને સૂરિઓએ ગુજરાતીના ગદ્યની મોટી સેવા કરી છે. આ રીતે, જૈન ઉપદેશ-ગ્રન્થોના, વ્યાકરણ, અલંકાર, લોકવાર્તા, શ્રીમદ્ભાગવત, ગીતા, ગીતગોવિંદ આદિના બાલાવબોધો આપણને પ્રાપ્ત થાય છે. આમાં, ચૌદમા શતકના, તરુણપ્રભસૂરિ-કૃત 'ષડાવશ્યક-બાલાવબોધ'નું, માણિક્યસુંદરસૂરિ-કૃત 'પૃથ્વીચંદ્રચરિત્ર' (પંદરમો શતક)નું અને પંદરમાંથી અઢારમા સૈકાઓ સુધીનું વર્ણકોનું લયબદ્ધ, આરોહ–અવરોહની છટાઓ ધરાવતું રાગયુક્ત ગદ્ય એક જુદીજ ભાત પાડે છે. સ્વામિનારાયણનાં 'વચનામૃતો' અને 'સતસૈયા' પરનો દયારામનો બાલાવબોધ એ મધ્યકાલીન ગદ્યના મહત્ત્વના નમૂના છે.

ભારતમાં યુનિવર્સિટીઓની સ્થાપના થતાં જ, અંગ્રેજી સાહિત્યનાં અભ્યાસ, અધ્યયન અને પરિશીલનથી, અર્વાચીન ગુજરાતી ગદ્ય, તેના પ્રાચીન અને મધ્યકાલીન બાલાવબોધો અને ભાવાનુવાદોનું સ્વરૂપ ત્યજી, નર્મદના સમયથી, નવલકથા, નવલિકા, નાટક, જીવનચરિત્ર, આત્મકથા, વિવેચન, નિબંધ આદિ સર્જનાત્મક, લલિત તેમ જ લલિતેતર સાહિત્યપ્રકારો દ્વારા આપણને પ્રાપ્ત થવા લાગ્યું. '......એ અંધારે હિલોળા દ્યુતિ પ્રગટવવા એકલાં જેહ ખાધા' એ 'પ્રાણવંતા પૂર્વજને', ગુજરાતી ગદ્યના પિતા વીર નર્મદે, ગુજરાતી ગદ્યના જુદા જુદા સાહિત્યપ્રકારોનું ખેડાણ કર્યું. અર્વાચીન ગુજરાતી ગદ્યનો પરિચય કરાવવા માટે 'ગદ્યનવનીત' (શ્રી વિશ્વનાથ ભટ્ટ), 'નિબંધમાલા' (શ્રી વિશ્વનાથ ભટ્ટ) અને 'ગદ્યરંગ' (પ્રો. વ્રજરાય મુ. દેસાઈ અને

પ્રો. કુંજવિહારી મહેતા ) જેવા સંગ્રહો, વિદ્વત્તાપૂર્ણ ઉપોદ્ઘાતો સાથે પ્રસિદ્ધ થયા છે. આપણા અર્વાચીન ગદ્યમાં, જે સાહિત્યપ્રકારો ખેડાયા છે, વિકાસ પામ્યા છે તેમાં નિબંધો, અભ્યાસગ્રન્થો, ઉદ્બોધનો, પ્રવચનો, પત્રો આદિ દ્વારા વિકસેલું ચિંતનાત્મક ગદ્ય એ અર્વાચીન ગદ્યનો મહત્ત્વનો ભાગ છે. 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય'ના કેટલાક ભાગની સમીક્ષા, પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ, તેમનાં વ્યાખ્યાનોમાં કરી છે. પણ આ વિષયના વિદ્વાનો અને ચિંતકોની સંખ્યા અને તેમના સાહિત્યનું પ્રમાણ વધુ હોવાથી પ્રો. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ, નર્મદ યુગના, પંડિત યુગના અને શ્રી આનંદશંકર ધ્રુવ તેમ જ તેમના કેટલાક સમકાલીનોના ગદ્યની સમીક્ષા કરી છે; બાકીના ચિંતકોના ગદ્યનું વિવેચન, વિવરણ કરવાની તેમની 'મનીષા' હજી મૂર્ત થઈ નથી. આ સંદર્ભમાં 'આત્મા', 'પરમાત્મા', 'સત્–ચિત્–આનંદ સ્વરૂપ', 'પરમસત્', 'અલખ', 'પરબ્રહ્મ' આદિ વિષયક તત્ત્વચિંતન અને આત્મદર્શનની અનુભૂતિને વિપુલ ગદ્ય દ્વારા શબ્દદેહ આપનાર શ્રીમદ્ રાજચંદ્રજીના ગદ્યનો અહીં નીચે પ્રમાણે પરિચય આપ્યો છે :

શ્રીમદ્નું ગદ્ય કે પદ્ય સ્વરૂપનું સાહિત્ય આ પ્રમાણે છે : (૧) મુમુક્ષુઓ પ્રત્યે લખાયેલા પત્રો; (૨) સ્વતંત્ર કાવ્યો; (૩) મોક્ષમાળા, ભાવનાબોધ, આત્મસિદ્ધિ, શાસ્ત્ર એ ત્રણ સ્વતંત્ર ગ્રન્થો; (૪) મુનિસમાગમ, પ્રતિમાસિદ્ધિ આદિ સ્વતંત્ર લેખો; (૫) સ્ત્રીનીતિબોધ, વિભાગ–૧, પુષ્પમાળા, બોધવચન, વચનામૃત, મહાનીતિ આદિ સ્વતંત્ર બોધવચનમાળાઓ; (૬) 'પંચાસ્તિકાય' ગ્રંથનું ગુજરાતી ભાષાંતર; (૭) 'શ્રીરત્નકરંડ શ્રાવકાચાર'માંથી ત્રણ ભાવનાઓનો અનુવાદ તથા સ્વરોદય જ્ઞાન, દ્રવ્યસંગ્રહ, દશવૈકાલિક આદિ ગ્રન્થોમાંથી કેટલીક ગાથાઓનું ભાષાંતર; આનંદઘન ચોવીશીમાંથી કેટલાંક સ્તવનના અર્થ; (૮) વેદાંત અને જૈન દર્શન સંબંધી નોંધો; (૯) ઉપદેશ–નોંધ, ઉપદેશછાયા, વ્યાખ્યાનસાર ૧–૨ (મુમુક્ષોઓએ લીધેલી નોંધો); (૧૦) ત્રણ હાથ–નોંધો–આભ્યંતર પરિણામ અવલોકન ઇત્યાદિ.

શ્રીમદ્ના પિતામહ શ્રીકૃષ્ણના ભક્ત હતા, પણ તેમનાં માતુશ્રી જૈન સંસ્કારો લાવ્યાં હતાં. એટલે આશરે તેર વર્ષની ઉંમરે શ્રીમદ્ જૈન ધર્મના રંગે પૂરેપૂરા રંગાઈ ગયા હતા. તેમના સર્વ સાહિત્ય પર જૈન આગમો અને તીર્થંકરોનાં તત્ત્વચિંતનની વ્યાપક અને ઊંડી અસર છે છતાંય, તેઓ સાંપ્રદાયિકતાથી પર હતા. ઓગણીસ વર્ષની ઉંમર પછી તેમનાં ચિત્ત, હૃદય અને સમગ્ર ચેતનતંત્રમાં આત્મદર્શન માટે અતિ ઉત્કટ મંથન જાગ્રત થયું અને ત્યારથી તેમણે જે કંઈ વાંચ્યું, વિચાર્યું અને જેનું ચિંતન, મનન કર્યું, અનુભવ્યું, તે સર્વ તેમણે મોટે ભાગે ગદ્યસાહિત્ય દ્વારા વ્યક્ત કર્યું છે; તેમનું ગદ્ય, પત્રોના રૂપમાં મોટા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. ગુજરાતીના ચિન્તનાત્મક ગદ્યમાં, તેમનું ગદ્ય એક મહત્ત્વના સીમાસ્તંભરૂપ છે. શ્રી સહજાનંદ સ્વામિનારાયણના 'વચનામૃતો', મહાત્મા ગાંધીજીની 'આત્મકથા' અને અન્ય ચિન્તનાત્મક ગદ્યકૃતિઓ અને પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનાં 'ભારતીય તત્ત્વવિદ્યા' તેમ જ 'દર્શન અને ચિન્તન'માં અન્તર્ગત ગદ્ય સાથે શ્રીમદ્ના ગદ્ય સાથે સરખાવી શકાય. સભાનપણે, સાહિત્યકારમાં પોતાની ગણત્રી થાય તે માટે, શ્રીમદે કદીય સાહિત્યનું સર્જન કર્યું નથી. પણ જે કંઈ તેમનું ગદ્ય આપણને મળ્યું છે તે તો માત્ર તેમની વ્યાપક અને વિરાટ અનુભૂતિના વિશ્વનો અંશ જ, આપણને લિખિત સ્વરૂપે મળ્યો છે. તેમનું ગદ્ય એ કલાત્મક, સાહિત્યલક્ષી,

ગદ્યકલાના કુશળ કસબકારનું ગદ્ય નથી; તે તો, પરમતત્ત્વનો આશ્લેષ સાધવા, અહર્નિશ રટણ કરતા, તૃષાર્ત આત્માના પ્રબળ આવેગ, તીવ્ર તલસાટ અને લગનીનો સાહજિક ઉદ્‌ગાર, આવિષ્કાર માત્ર છે. મુમુક્ષુઓને ઉપદેશ, ઉદ્‌બોધ, પ્રબોધ અને પ્રવચનો આપતી, સરળ, સાદી, સંક્ષિપ્ત અને ટૂંકાં ટૂંકાં વાક્યોવાળી તેમની પયગંબરી વાણીમાં હૃદયમાં સોંસરી ઊતરી જાય એવી સચોટ વેધકતા છે.

તેત્રીસ વર્ષના ટૂંકા જીવનમાં, કેટલાંક જૈન દર્શનો, આગમો આદિ ગ્રંથોનું શ્રીમદ્‌ વાચન કર્યું હતું, પણ તેટલાથી જ તેમનું વ્યક્તિત્વ પુષ્ટ થયું ન હતું પણ એ લોકોત્તર મહાત્મામાં, ગત જન્મના યોગભ્રષ્ટ આત્મામાં, ઇન્દ્રિયાતીત જ્ઞાનની, અવધાનની, સ્મૃતિની અને કવિત્વની જે અદ્‌ભુત શક્તિઓ હતી તેવા સમૃદ્ધ થયેલા તેમના વ્યક્તિત્વમાંથી આપણને જે કંઈ ગદ્ય પ્રાપ્ત થયું છે તે સાહજિક સ્ફુરણારૂપે સર્જાયેલું છે; તે એક દ્રષ્ટાના દર્શનનો આવિષ્કાર છે.

શ્રીમદ્‌ના ગદ્ય વિષે શ્રી ઉમાશંકર જોશી એ દર્શાવ્યું છે કે [1]...પોતે જેમ જેમ ધર્મજીવન જીવતા ગયા તેમ તેમ પોતાને સમજાતી આવતી સ્થિતિઓનું સુરેખ વર્ણન અવારનવાર તેઓથી થયું છે. અને તેવે પ્રસંગે, ગુજરાતી ભાષાની અપરંપાર શક્તિનાં દર્શન થાય છે. શ્રીમદ્‌ની સૂક્ષ્મમાં સૂક્ષ્મ ધર્માનુભૂતિને તંતોતંત શબ્દબદ્ધ કરવામાં ગુજરાતી ભાષા કાર્યક્ષમ નીવડે છે. શ્રીમદ્‌ મનુષ્ય જીવનને કેટલાં ઊંડાણથી જુએ છે, કેટલી સૂક્ષ્મતાથી જુએ છે તે એમના ઉદ્‌ગારો પ્રગટ કરી દે છે. શ્રીમદ્‌ રાજચંદ્રનું ગદ્ય એ રીતે, અત્યંત સમૃદ્ધ એવા ગુજરાતી ગદ્યના ઇતિહાસમાં એક સીમાસ્તંભરૂપ છે.

'સાતું' ('વિશ્રાન્તિ પામતું'–ના અર્થમાં) જેવા બોલચાલના પ્રાદેશિક શબ્દોનો અને 'મુંઝન', 'રંગન' જેવાં ક્રિયાનામોનો ઉપયોગ, 'નિર્મુંઝણપણે' જેવા પ્રયોગો 'ચાલતી કલમે ઉપજાવી લેવાની ફાવટ, ઉપ–યોગ (applicationના અર્થમાં) અને બીજા યોગવિષયક શબ્દોની પરિભાષાનો સમાદર—આ બધું શ્રીમદ્‌ની ગદ્યશૈલીને વૈયક્તિકતા અર્પે છે. મહાત્મા ગાંધીની શૈલી ઉપર, શ્રીમદ્‌ રાજચંદ્રની શૈલી–લઢણોની અસર, એ વીગતે અભ્યાસ કરવા યોગ્ય વિષય છે.......'

શ્રીમદ્‌ના ગદ્યના શબ્દો, વાક્યના અંશો અને લાંબા–ટૂંકાં વાક્યોની હારમાળાની લલિત ગતિથી સર્જાતી વાગ્મિતા(રૃહેટરિક)માં ખાલી અર્થહીન શબ્દોનો ખખડાટ નથી, પણ તેની પાછળ સચ્ચાઈનો ધબકાર છે. આવું નિર્વ્યાજ, નિરાડંબરી છતાંય ઓજસ્વી, તેજસ્વી અર્થગર્ભ ગદ્ય આરોહ—અવરોહ દ્વારા કાવ્યમય કોટિએ પહોંચે છે તે નીચેના પરિચ્છેદમાં જોઈએ :

'......તે 'પરમસત્'ને પરમજ્ઞાન કહો, ગમે તો<br>
પરમ પ્રેમ - કહો,<br>
અને ગમે તો, 'સત્—ચિત્—આનંદ સ્વરૂપ' કહો,<br>
ગમે તો 'આત્મા' કહો, ગમે તો 'સર્વાત્મા' કહો,

---

[1] જોશી, ઉમાશંકર જે., 'અધ્યાત્મવીર શ્રીમદ્‌ રાજચંદ્ર', શ્રીમદ્‌ રાજચંદ્ર જન્મશતાબ્દી અંક, પૃ. ૬–૮/૪.

ગમે તો 'એક' કહો, ગમે તો 'અનેક કહો,
ગમે તો 'એકરૂપ' કહો, ગમે તો 'સર્વરૂપ' કહો,
પણ 'સત્' તે 'સત્' જ છે, અને,
તે જ એ બધા પ્રકારે કહેવા યોગ્ય છે, 'કહેવાય છે
સર્વ એ જ છે, અન્ય નહીં
..............'

શ્રીમદ્‌નું ગદ્ય, પત્રો હોય કે પ્રવચન શૈલીનાં ઉદ્‌બોધનો કે પ્રબોધનો હોય, પણ તે સર્વ નિબંધસ્વરૂપે વ્યક્ત થયાં છે. આ ગૌરવાન્વિત નિબંધો દ્વારા અધ્યાત્મવિદ્યાનો જે 'અક્ષયરસ' પીરસાયો છે તેને પચાવવા માટે પણ ધીંગા પૌરુષયુક્ત વ્યક્તિઓની અભિમુખતા ઇષ્ટ છે. વાર્તારસ કે કથારસ જ સરળતાથી પચાવવાને ટેવાયેલી આપણી પ્રજા, હવે અર્થઘન ફિલસૂફી, ધર્મચિંતન, અધ્યાત્મવિદ્યા આદિ પચાવવાની રુચિ કેળવે એ તેજસ્વી પ્રજાના ઘડતર અને ચણતરમાં અતિ મહત્ત્વનું છે.

આવા આત્મદર્શનની અભિમુખતાવાળા, તેજસ્વી પ્રતિભા અને પ્રજ્ઞાથી પરિપુત, સ્ફટિક જેવા નિર્મળ, સ્વચ્છ, પારદર્શક, પાસાદાર, મુદ્દાયુક્ત ગદ્યના પ્રૌઢ તેમ જ ગૌરવાન્વિત ભાષા અને નિરૂપણશૈલી, ગુજરાતી ગદ્યની આગવી સમૃદ્ધિ છે. અણિયાળાં અને ચોટદાર વાક્યો, લયબદ્ધ રાગયુક્ત વાગ્મિતા, સંવાદી આરોહ–અવરોહ, વાક્યરચના, પદવિન્યાસ, જૈનદર્શન અને યોગવિદ્યાના પારિભાષિક શબ્દોના વિનિયોગની સાહજિક સૂઝ–સમજ અને ફાવટ, બોલચાલ અને લોકબોલીની ભાષાની લઢણો અને છટાઓ, આવી શ્રીમદ્‌ના ગદ્યની ખૂબીઓનો વીગતે અભ્યાસ કરવા યોગ્ય છે.

# ડૉ. જીવરાજ મહેતાને અંજલિ

**અ. ન. જાની**

૧૯૭૮ના નવેમ્બરની સાતમી તારીખે ૯૧ વર્ષની વયે લાંબી માંદગી પછી થએલા મુ. ડૉ. જીવરાજ મહેતાસાહેબના કરુણ અવસાનના સમાચારથી સમસ્ત ગુજરાતે જબરજસ્ત આંચકો અનુભવ્યો.

૧૮૮૭ના ઑગસ્ટ મહિનાની ૨૯મી તારીખે સૌરાષ્ટ્રમાં આવેલ અમરેલીમાં એક ગરીબ કુટુંબમાં જીવરાજભાઈનો જન્મ થયો હતો. તેમના પિતાનું નામ નારાયણ મૂળજી મહેતા અને માતાનું નામ ઝમકબા. આર્થિક સંકટને નહિ ગણકારતાં તેમણે ખંતપૂર્વક અભ્યાસ કર્યો. અને અનેક મુશ્કેલીઓનો સામનો કરી મુંબઈની ગ્રાન્ટ મેડિકલ કૉલેજમાંથી L.M.& S.ની પરીક્ષા ઉત્તમ પ્રકારે પાસ કરી સાત વિષયમાં સાત પારિતોષિકો મેળવ્યાં. આઠમું પારિતોષિક ડૉ. દીક્ષિત સાથે સંવિભક્ત થયું. પરીક્ષામાં આવો જ્વલંત વિજય મેળવી તેઓ ટાટાની લોન સ્કૉલરશિપ મેળવી ઉચ્ચ અભ્યાસાર્થે લંડન ગયા. ત્યાં તેમણે M.R.C.P.ની પરીક્ષા પણ ઉચ્ચ કક્ષામાં પાસ કરી. ૧૯૧૪માં એમણે લંડન યુનિવર્સિટીની એમ.ડી.ની ઉપાધિ પણ પહેલા નંબરે પાસ કરી લંડન યુનિવર્સિટીનો સુવર્ણચંદ્રક મેળવી તે જમાનામાં ભારતનું ગૌરવ વધાર્યું.

લંડનના તેમના સાત વર્ષના નિવાસ દરમ્યાન ગાંધીજી તથા ગોખલેની દાકતરી સારવાર કરી તેઓ તેમના નિકટના સંપર્કમાં આવ્યા હતા. શ્રીગોખલેએ ઈંગ્લેંડમાં 'ઇન્ડિયન એસોસિએશન' નામની જે સંસ્થા સ્થાપેલી તેને તેમણે નવું જોમ આપ્યું, એટલું જ નહિ પરંતુ તેમણે લંડન ઇન્ડિયન એસોસિએશન' નામની નવી સંસ્થા પણ સ્થાપી હતી. તેમના સાત વર્ષના લંડનના નિવાસ દરમ્યાન તેમણે ત્યાં વસતા હિંદી વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઝંડાધારી તરીકે પણ કાર્ય કર્યુંહતું. આમ દેશભક્તિ અને દેશસેવાના કાર્યોનાં બીજ તેમનામાં આ ગાળામાં રોપાયાં હતાં.

ઈ.સ. ૧૯૧૫માં ભારત પાછા ફરી તેમણે 'કન્સલ્ટીંગ ફિઝિશિયન' તરીકે ડૉકટરનો વ્યવસાય શરૂ કર્યો. રોગનું ચોક્કસ નિદાન કરવાની તેમની કુશળતાથી તેઓ એકદમ પ્રકાશમાં આવી ગયા.

૧૯૨૧માં સ્વિટઝર્લેંડમાં તેમની વડોદરાના સુપ્રસિદ્ધ મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ સાથે મુલાકાત થઈ. રત્નપારખુ રાજવીએ તેમને પોતાના અંગત ડૉકટર તરીકે સેવા આપવા આમંત્રણ આપ્યું. ત્રણ વર્ષ બાદ ૧૯૨૪માં વડોદરા રાજ્યના ચીફ મેડિકલ ઑફિસરના પદે તેઓ નિમાયા. આ જ અરસામાં વડોદરાના દીવાન સર મનુભાઈ મહેતાનાં સુપુત્રી શ્રીમતી હંસાબેન સાથે તેમનું ક્રાન્તિકારક લગ્ન થયું.

૧૯૨૫માં વડોદરા છોડી તેઓએ મુંબઈની શેઠ ગોરધનદાસ સુંદરદાસ મેડિકલ કૉલેજના ડિન તરીકે અને કે. ઈ. એમ. હૉસ્પીટલના મુખ્ય અધિકારી તરીકે સેવાઓ આપવા માંડી. ૧૯૪૨



ડૉ. જીવરાજ મહેતા

તંત્રીશ્રી 'પુસ્તકાલય', વડોદરાના સૌજન્યથી

સુધી તેમણે આ બંને સ્થાનો શોભાવી બંને સંસ્થાઓની ઉત્કૃષ્ટ પ્રગતિ કરી બતાવી, તેમને સર્વોત્કૃષ્ટ કોટિમાં મૂકી દીધી.

૧૯૩૨માં રાષ્ટ્રીય જંગમાં ઝુકાવી તેમણે બે વર્ષની જેલ ભોગવી હતી. ૧૯૪૨માં 'હિંદ છોડો' ચળવળમાં પણ આ દેશભક્તે ફરીથી ઝુકાવી બીજી વાર બે વર્ષ જેલની સજા સ્વીકારી હતી.

૧૯૪૬માં મુંબઈના દ્વિભાષી રાજ્યમાંથી તેઓ ધારાસભ્ય તરીકે ચૂંટાયા. ૧૯૪૭માં દેશ સ્વતંત્ર થતાં ભારત સરકારે તેમને હેલ્થ મિનિસ્ટ્રીના મુખ્ય મંત્રી અને આરોગ્ય ખાતાના મુખ્ય નિયામક બનાવી તેમની સેવાઓની કદર કરી. તેમની મુત્સદ્દીગીરી, વહીવટી સૂઝ અને અત્યંત ગંભીર પ્રશ્નોને ઉકેલવાની અજોડ આવડતને કારણે તેઓ ખૂબ સફળ નીવડયા અને લોકપ્રિય બન્યા. પાકિસ્તાનમાંથી આવનારા નિરાશ્રિતોની એમણે કરેલી કાળજીભરેલી માવજતથી લેડી માઉન્ટબેટન પણ ખૂબ પ્રભાવિત થયેલાં.

આ બાહોશ રાજનીતિજ્ઞને સારી રીતે પારખનાર સરદાર વલ્લભભાઈએ તેમને વડોદરા રાજ્યના વિલીનીકરણ માટે જનતાની આગેવાનીનું સુકાન સોંપ્યું, અને આ સફળ સુકાનીએ વડોદરામાં આંતરવિગ્રહ વગર લોકશાહીનો ડંકો વગાડયો. ૪-૯-૧૯૪૮ના રોજ પ્રજાતંત્રની સ્થાપના થઈ અને ડૉ. જીવરાજ મહેતા તેના મુખ્ય પ્રધાન બન્યા. તેમણે દીર્ઘદૃષ્ટિ, રાજદ્વારી કુનેહ અને અજોડ હિંમત બતાવી ૧-૫-૧૯૪૯ના રોજ વડોદરાના રજવાડી રાજ્યને મુંબઈ રાજ્યમાં વિલીન કરી દીધું. ત્યારબાદ મુંબઈ રાજ્યના પ્રધાનમંડળમાં શ્રી બી. જી. ખેરના નેતૃત્વ નીચે તેમણે 'પબ્લિક વકર્સ અને હાઉસિંગ' ખાતાની જવાબદારી એટલી જ કુશળતાથી અદા કરી. ૧૯૫૨ થી ૧૯૬૦ સુધી તેમણે વિત્તમંત્રી તરીકે સફળ કારકિર્દી દર્શાવી મુંબઈ રાજ્યને નાણાકીય દૃષ્ટિએ ખૂબ સદ્ધર બનાવ્યું.

૧-૫-૧૯૬૦ના રોજ મુંબઈના દ્વિભાષી રાજ્યમાંથી ગુજરાત રાજ્ય પૃથક્ અસ્તિત્વમાં આવતાં ડૉ. મહેતા તેના પ્રથમ મુખ્ય મંત્રી બન્યા. આ વિભાજન વખતે ડૉ. મહેતાની ચાણક્ય જેવી મુત્સદ્દીગીરીનો બધાને સારી રીતે પરિચય થયો.

અટપટા પ્રશ્નોને કુશળતાથી હલ કરવાની ચતુરાઈ, બહોળો વહીવટી અનુભવ અને નીડર નેતાગીરીને કારણે નવજાત ગુજરાત રાજ્ય તેમના કુશળ સંચાલનમાં અનોખી પ્રગતિ કરી શકયું.

૧૯૬૩માં તેઓ રાજીનામુ આપી આ જવાબદારીમાંથી મુક્ત થયા, ત્યાર બાદ તેઓએ ૧૯૬૭ સુધી બ્રિટનમાં ભારતના હાઈ કમિશનર તરીકે કામગીરી આપી. ૧૯૭૦માં તેઓ લોકસભાના સભ્ય તરીકે ચૂંટાયા અને પાંચવર્ષનો પોતાનો ગાળો પૂરો થતાં રાજનીતિના ક્ષેત્રથી કાયમી નિવૃત્તિ સ્વીકારી લીધી.

ડૉ. જીવરાજ મહેતાની વડોદરા રાજ્યના પ્રજાતંત્રના મુખ્ય પ્રધાન તરીકેની કારકિર્દી દરમ્યાન એક સ્તુત્ય અને અવિસ્મરણીય કાર્ય થયું, અને તે તા. ૩૦-૪-૧૯૪૯ના રોજ વડોદરાની મ. સ. યુનિવર્સિટીની સ્થાપના. તેમનાં દીર્ઘદૃષ્ટિવાળાં અને કુશળ વહીવટકર્તા વિદુષી પત્ની શ્રીમતી હંસાબેન મહેતા એના પ્રથમ વાઈસ ચાન્સેલર નિમાયાં. ઉગતા ગુજરાત રાજ્યને જેમ

ડૉ. જીવરાજભાઈએ પગભર બનાવી ઊંચે આણ્યું, તેમ તેમના જેવાં જ કુશળ તેમના પત્ની શ્રીમતી હંસાબહેને આ નવજાત યુનિવર્સિટીનું નવ વર્ષ સુધી કુશળ રીતે સંચાલન કરી ભારતવર્ષની શ્રેષ્ઠ યુનિવર્સિટીઓની હરોળમાં તેને મૂકી તેનું ગૌરવ વધાર્યું આ યુનિવર્સિટીના ઉત્કર્ષમાં ડૉ. જીવરાજ મહેતાનો પણ નાનોસૂનો ફાળો નથી. વડોદરા યુનિવર્સિટી આ મહેતા દંપતીના પ્રદાનને કયારે ય ભૂલી શકે તેમ નથી.

વડોદરા યુનિવર્સિટીએ ૧૯૬૦માં ડૉ. જીવરાજભાઈ મહેતાને ડૉકટર ઑફ લાઝની માનદ પદવી આપીને, યુનિવર્સિટી કાર્યાલયમાં તેમની પ્રતિમા સ્થાપીને, તથા તેમનું તથા શ્રીમતી હંસાબેન મહેતાનું હોસ્ટેલો તેમ જ યુનિ. લાયબ્રેરી સાથે નામ જોડીને આ દંપતીના કાર્યની કદર કરવાનો પ્રયત્ન કર્યો છે. છતાં આ યુનિવર્સિટી મહેતાદંપતીની કાયમની ઋણી જ રહેશે

વીર વિદ્યાર્થી, દેશભક્ત યુવક, પ્રેમાળ પતિ, પીયૂષપાણિ ડૉકટર, બાહોશ રાજનીતિજ્ઞ, સફળ નાણામંત્રી, ધ્યેયનિષ્ઠ સુકાની, વિદ્વાન વહીવટકર્તા, ગુજરાતના પોલાદી નેતા અને માનવતાનું પુષ્પ ઇત્યાદિ અનેક બિરુદો વડે જનતાથી પ્રશંસાએલા ડૉ. જીવરાજભાઈ મહેતાના અવસાનથી ગુજરાતને કયારેય ન પુરાય તેવી ખોટ પડી છે. ગુજરાત તેના આ પનોતા પુત્રને કયારેય નહિ ભૂલે.

પરમાત્મા તેમના આત્માને સદ્ગતિ અર્પે એ જ પ્રાર્થના.

---

# ગ્રન્થાવલોકન

**મારી અનાગસી ઋતુ :-** શ્રી. રામચન્દ્ર બ. પટેલ–'સુક્રિત'; પ્ર. કુમકુમ પ્રકાશન, અમદાવાદ, મૂલ્ય રૂા. ૮–૦૦

'સુક્રિત' વીસેક વર્ષોથી કાવ્યો લખતા આપણા કવિ. એમનો સંગ્રહ આ પહેલો. એનું પ્રકાશન ૧૯૭૭માં થયું. ૮૧ રચનાના આ સંચયમાં મોટે ભાગે છાંદસ રચનાઓ વધુ છે અને કવિત્વની રીતે તે વધુ સફળ પણ છે. બાકીની થોડી રચનાઓ અછાંદસ છે અને એમાં પણ આ કવિનું દૈવત અછતું તો રહેતું નથી જ.

'સુક્રિત' ની કવિતામાં ઘુંટાએલી સંવેદના, એના બળને મૂર્ત કરી શકતી કલ્પનાશીલતા અને વિશેષે છાંદસ ટૂંકી આત્મલક્ષી રચનાઓમાં સુશ્લિષ્ટ, પ્રાસાદિક તેમ ગતિશીલ અભિવ્યક્તિ, એ ત્રણ વ્યાપકપણે આલ્હાદક અનુભવાય છે. ગ્રામીણ નિસર્ગનાં તરવરતાં ચિત્રાંકનોની પાર્શ્વભૂમાં કવિ પ્રણયભાવ, તેમાંયે એમાંનો વિરહાલાપ અચ્છો ગાઈ શકયા છે. જ્યાં એ વિરહસૂર જૂના-વિચ્છેદિત પ્રણયની યાદ યા સ્વપ્નિલતાની પડછે પ્રગટે છે, ત્યાં કવિની રચના સંગ્રહના વિશેષ રૂપે આકર્ષે છે. એ વીતી ગએલ ઋતુને કવિએ 'અનાગસી' – નિર્મળ, નિર્દોષ, નિરામય કહી છે. છેલ્લી રચનામાંનો એનો નિર્દેશ જોઈએ :

"ધુમ્મસ ઊતરતું.... છવાવા માંડે એમાં
ઝાંખા ઝાંખા થતા ખેતરના પેલા પડખે પડેલી
મારી અનાગસી ઋતુની લાશનો અસ્પષ્ટ-
પવનથી હાલતી કેળની છાંય જેવો સ્પર્શ
મસૃણતા ફૂંકવા લાગે......"

અહીં વીતી ગએલા જીવનનો - કૈશોર્યાદિનો જાણે અંગત વ્યાપક ભાવ સાથે સાંપ્રત માનવતાનો યે અવાજ સંકેતાય છે. પરંતુ આ ભાવ સંગ્રહમાં સળંગ ધબકે છે અને પ્રણય કવિતામાં એ વધુ સઘન, સજીવ રૂપે ભાવકને સ્પર્શે છે.

અછાંદસ રચનાઓ પૈકી જો આ છેલ્લા રચના, તો ભેગી 'એક ધુમ્મસ-મઢી સવારે' કે 'આજે સૂર્ય ઊગે એ પહેલાં' એમાંની સંવેદનસબળ કલ્પનસૃષ્ટિના નિરૂપણે સારી રચનાઓ થઈ છે. તાજી ચણાએલી કબર-અજાણ કબર પર ધુમ્મસ ગુલાબનું ફૂલ થઈ બેઠું કે કબરપોઢી સ્ત્રી આગિયાનું મોજું બને,—એ કલ્પનાની સંપત્તિ કવિની શક્તિ સરસ ઉપસાવે છે. ટૂંકું અછાંદસ કાવ્ય 'મહાદેવ દેસાઈના સ્મારક પાસે' સળંગ હૃદયસ્પર્શી અને એમાંયે

"પરોઢ
શાંત વહેતા પવનની આંખમાંથી
ખરી પડેલા

ઝાકળના શ્વેત હંસની દ્યુતિનું મંદ સ્પંદન
ઘડીભર....."
— એ ઉપાડ મનમાં ઊંડે સ્પંદિત થયા કરે એવો જ છે.

'મારી અનાગસી ઋતુ'ની કવિતાનો દ્રાવક, એવો જ કાવ્યત્વે મનભર ઠાઠ તો, ગ્રામ-વાતાવરણની વીગતોને મેળવી લઇને, યાદ-સ્વપ્નિલતાનાં ઉલ્લાસભર્યાં તેમ મદીલાં ચિત્રાંકનોયે ગૂંથીને ગવાતા ઘેરા વિરહભાવનાં કાવ્યોમાં છે. એ વિરહ ક્યાંક પ્રેયસીના મૃત્યુથી કે એના દ્રોહથી જનિત વિરહ સૂચિત છે. 'સાથે રહી'માં પ્રેમીઓનાં મિલનવેળા વર્ણવતાં "તતડતું રુધિરે કપૂર" સમું આલેખન છે. 'મિલન' માં એ સ્થિતિના ચિત્રમાં "અંગાંગ હિક્કડ અસ્પષ્ટ હવા ઠરેલી" ઉપરાંત પૂરું સાર્થ ચિત્ર ઉમેરાયું છે,

"બેહોશ ઓષ્ઠ–સ્તન લોલુમ તંગ–કેફી
પ્રસ્વેદ ગંધ–હળુ સાળુ લળે અભાન."

વસંતતિલકા સાથે શબ્દનાદ અંગે કવિની સૂઝ આમે ધ્યાન ખેંચે છે જ. 'લઈ આવ્યો'માં પણ મિલનયાદને "સઘન લીલોછમ ઝરો/ઝમ્યો ખાટે" જેવા મોહક દૃશ્યે કંડારાઈ છે. મસ્તી સાથે માંગલ્ય–ગૃહમાંગલ્યનું ય આવી રચનાઓમાં સતત ઘૂમણ છે. તેથી, સ્તો 'જતા મેં'માં

"–મેંદી રંગ્યા કર ઉપર આયુષ્ય નવલું
ખીલી ઊઠેલું–" અથવા "છાતીએ તો મળસકું ઊગેલું"

યા 'ન હવે'માં ભીનું સુખડ અજવાળું ઊગ્યાની કે કુંભે કોડિયું કૂણો ટહૌકો થઈ રણક્યાનું યાદ આવ્યે ગયું છે. કાવ્યમાં કવિસૂઝ, કવિકર્મનું જે સૌંદર્યગાન, તે આમ જ ફૂટતું હશે.

આ સર્વમાંથી ફૂટી ઊઠે છે—વેગથી અને ચોટ દઈને, તે તો પ્રત્યક્ષ વિજોગ–વિચ્છેદની ગૂઢ ઘન વ્યથા. 'મારી અનાગસી ઋતુ'ના શબ્દે શબ્દે એ કળાય છે, અનુભવાય છે. 'વિપ્રલંભ'ની ચોપાઈ જ જોઈએ. એમાંની પંક્તિઓ,

"બ્હેનો જેવી ગ્રાખી રીત
'આવો'... બોલી ચારે ભીંત......
ત્યાં તો ઝબકી ઊઠ્યો ખાટ,
હલી ઊઠી હિંચોળા પાટ...
ફડાટ ફાટી જાગ્યો વાત.
આંખે આવી બેઠી રાત."

સરલ વેધક સ્વરૂપે નિખાલસતા નીતરે–ઊછળે, એવું 'સુક્તિ'નાં આવ્યાં કાવ્યોમાં વ્યાપક બને છે. 'ખેતરમાં' જૂની મીઠી યાદ–એ સ્વપ્નમયતાને, વન પહેરીને પવન મને ચીતરવા માંડ્યો એમ કહી કવિ અંતે ઉમેરે છે,

"અહીં જો કોઈનો પિયળ પડછાયો અડી જતો,
ચડી આવે આંધી, ઘડીક કણુસી હું સળગતો."

આવા કવિત્વસોહના સંચયમાં અછાંદસ રચનાઓ થોડી વધુ દૃઢ થઈ હોત તો ઠીક જ હતું. 'ગુલકપોલની ચેનબાજી', મંદાક્રાન્તામાં યતિછૂટની અતિમાત્રા ('છેહ'), તાજું સમણું સાથે પ્રાસભાને લદાતું 'હૃદયનું અણુચિંત વાજું', ક્યાંક વળી અલંકાર-ઉદ્‌ગારને કૌંસબદ્ધ કરવાની વળગવૃત્તિ, 'લેણું'માં છે તેમ સારી જમાવટ પર ઢીલા-વાચ્ય સમાપનનો બોજ, 'ગ્રામ્ય' કે 'કુંભે'માં અનુસ્વારરૂપ ઉચ્ચારણ, જેવી વીગતો કવિકર્મની અસાવધતા તો સૂચવે છે જ. આ કવિની બાની-લયયોજના-ભાવાભિવ્યક્તિની રીતિ શિષ્ટ એવી જ પ્રાસાદિક-વહેતી થઇ છે. બાળકના કરને લસણ જેવા કૂણા કહેતા આ કવિની ખૂબી ગ્રામ સૃષ્ટિના વણાટમાં છે. એ સર્વથી ચડતી એમની સિદ્ધિ પ્રણયભાવાલેખનમાં ગણી શકાય.

હસિત હ. બૂચ

*  *  *

**ષડ્‌દર્શન** ખંડ ૨ : **ન્યાય-વૈશેષિક :** લેખક ડૉ. નગીન જી. શાહ; પ્રકાશક યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬ પૃ. ૧૬ + ૬૦૮; કિંમત રૂ. ૨૮=૦૦

ગુજરાતી માધ્યમ દ્વારા ભારતીય ષડ્‌દર્શનનો અભ્યાસ કરનાર માટે અધિકૃત પ્રામાણિક ગ્રન્થો પ્રકાશિત કરવાની યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બોર્ડની યોજનામાંનો આ દ્વિતીય ગ્રન્થ છે. પ્રથમ ગ્રન્થમાં સાંખ્ય-યોગનો પરિચય અપાયો હતો. આ દ્વિતીય ગ્રન્થમાં ન્યાય-વૈશેષિકનો પરિચય આપવામાં આવ્યો છે. પોતાના 'પ્રાસ્તાવિક'માં લેખક પોતે જ જણાવે છે તેમ : "આ દ્વિતીય પુસ્તકના લેખનમાં પણ પ્રધાન દૃષ્ટિકોણ ન્યાય-વૈશેષિક દર્શનના સિદ્ધાન્તોને મૂળ સંસ્કૃત ગ્રન્થોને આધારે વિશદ રીતે રજૂ કરવાનો રહ્યો છે." તેઓ સ્પષ્ટતા કરે છે કે "અનેક વર્ષોના ભારતીય દર્શનોના અધ્યયનના તેમ જ છેલ્લાં બે વર્ષના ન્યાય-વૈશેષિક દર્શનના નિરન્તર અભ્યાસના ફળરૂપે આ પુસ્તક પ્રગટ થાય છે. તેમાં ન્યાય-વૈશેષિક દર્શનની સમસ્યાઓનું સાંગોપાંગ નિરૂપણ તો છે જ પરન્તુ સાથે સાથે તે સમસ્યાઓને ઐતિહાસિક અને દાર્શનિક દૃષ્ટિએ મૂલવવાનાં નવાં દિશા-સૂચનો પણ છે. આ પુસ્તક કેવળ પાઠ્ય-પુસ્તક જ નથી પરન્તુ અભ્યાસગ્રન્થ પણ છે." (પ્રાસ્તાવિક પૃ. ૫) વિદ્વાન લેખકનાં આ વિધાનો અક્ષરશ : સાચાં છે.

પ્રસ્તુત ગ્રન્થમાં યોગ્ય રીતે જ વૈશેષિકદર્શનની ચર્ચા પ્રથમ કરવામાં આવી છે. પુસ્તકનાં પ્રથમ ૪૪૧ પૃષ્ઠ વૈ. દ.ને ફાળવ્યાં છે, જ્યારે ન્યાયદર્શનને ફાળે બાકીનાં પૃ. ૪૪૩ થી ૬૦૨ એટલે માત્ર ૧૬૦ રહ્યાં છે પરન્તું બન્નેના સાધારણ વિષયોનું નિરૂપણ પહેલા વિભાગમાં થઈ જતું હોવાથી ન્યાયદર્શનના વિવેચન માટે આટલાં પૃષ્ઠ પર્યાપ્ત થાય છે.

વૈ.દ.નો પરિચય ૧૮ અધ્યયનોમાં અપાયો છે જ્યારે ન્યા.દ.ને માટે ૧૧ અધ્યયનો પૂરતાં થયાં છે. વિષયવ્યવસ્થા સર્વત્ર સુશૃંખલ રહી છે. વૈ.દ.નું વસ્તુ આ ક્રમમાં ગોઠવ્યું છે: પીઠબંધ, બાહ્યાર્થસ્થાપના, ભાવત્વ, દ્રવ્યસ્થાપના, સ્પર્શવદ્ ભૌતિકદ્રવ્યો, પરમાણુવાદ, પાક, સૃષ્ટિ અને પ્રલય, કારણવાદ અચેતન શેષ દ્રવ્યો, આત્મા, ઈશ્વર, ગુણપદાર્થ, કર્મપદાર્થ,

સામાન્યપદાર્થ, વિશેષપદાર્થ, સમવાયપદાર્થ અને અભાવપદાર્થ. ન્યા.દ.નો વિષયક્રમ આ પ્રમાણે છે: પીઠબંધ, પ્રમાણ, પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શબ્દપ્રમાણ, સ્મૃતિ, ભ્રાન્તજ્ઞાન, સંશય, તર્ક, અને કથા.

લેખકે સાચું જ કહ્યું છે કે **કણાદનું વૈશેષિકસૂત્ર** ઈ. સ. ની ત્રીજી શતાબ્દી આસપાસ રચાયું હોવા છતાં વૈશેષિક સમ્પ્રદાય તો અતિપ્રાચીન છે અને કાલક્રમાનુસાર સાંખ્ય સમ્પ્રદાય પછી તરત તેનું સ્થાન આવે.

આ બન્ને વાસ્તવવાદી સમાનતન્ત્ર દર્શનો છે. અન્ય દર્શનોને યથાર્થ રીતે સમજવા સારુ આ દર્શનોનો અભ્યાસ આવશ્યક બની રહે છે. આ રીતે વિચારીએ તો આ બન્ને દર્શનોનું મહત્ત્વ અન્ય કરતાં અધિક અંકાવું જોઈએ. લેખકે રોચક અને વિશદ પદ્ધતિએ આ દર્શનોના સર્વ સિદ્ધાન્તોનું સર્વતોમુખી નિરૂપણ કર્યું છે. આવી સ્પષ્ટ સૂક્ષ્મચર્ચા આ વિષયના અન્ય ગ્રન્થમાં ભાગ્યે જ દૃષ્ટિગોચર થશે. ગુજરાતીમાં તો શું, પણ અંગ્રેજીમાં પણ આ દર્શનોનું આવું સરસ નિરૂપણ સમગ્રતયા કરતો ગ્રન્થ હોય એવું આ અવલોકનકારના ખ્યાલમાં નથી. આ ગ્રન્થની બીજી વિશિષ્ટતા એ છે કે આટલો દળદાર ગ્રન્થ હોવાં છતા કયાંય નિરર્થક વિસ્તાર કરેલો નથી. આવી તાત્ત્વિક ચર્ચા આવી સંક્ષિપ્ત રીતે કરવી એ એક કળા છે જે ડૉ. શાહને સહજ સાધ્ય છે એવી પ્રતીતિ તેમના ગ્રન્થો કરાવે છે. પ્રમેય-પ્રમાણ જેવા વિષયની ચર્ચા પણ તેમણે બેઉ દર્શનોમાં વહેંચી દીધી છે, જેથી પુનરુક્તિ નિવારાઈ છે. વળી આ દર્શનો વચ્ચેના મતભેદો તથા દર્શનના આચાર્યો વચ્ચેના મતભેદોને પણ નિરૂપણ દરમિયાન જે તે સ્થળે આવરી લીધા છે.

દાર્શનિક માન્યતાઓમાં પરિવર્તન અનિવાર્ય છે એવું સૂચવી તેમણે પ્રાચીનો અને નવીનોના કારણવાદના પરિવર્તનનું વિવેચન કર્યું છે. ભારતીય દર્શનોના કારણવાદની આ ચર્ચા લેખકને વિષય હસ્તામલકવત્ છે એવી પ્રતીતિ કરાવે છે. પલ્લવગ્રાહી પાંડિત્યના આ યુગમાં આવા વિકટ વિષયની આવી તલસ્પર્શી વિવેચના વિરલ છે. ' આત્મા સ્વતન્ત્ર દ્રવ્ય નથી ' એવું દર્શાવતી દલીલોનો સચોટ ઉત્તર; આત્મનાનાત્વવાદ, સુખવિહીન મોક્ષ વગેરેની છણાવટ તેમના મૌલિક ચિન્તનને આભારી છે. ન્યાય–વૈશેષિક દર્શનોની ઈશ્વર વિષેની માન્યતાનું ઐતિહાસિક દૃષ્ટિએ તુલનાત્મક વિવેચન આવી તટસ્થ રીતે થયેલું અન્યત્ર જોવા નહીં મળે. વાત્સ્યાયનસંમત ઈશ્વરનું નિરૂપણ આ દૃષ્ટિએ ખાસ નોંધપાત્ર છે.

ન્યાયદર્શનના પરિચયનો પ્રારંભ ' ન્યાય ' શબ્દના પ્રયોગના રસપ્રદ ઇતિહાસથી કર્યો છે. બૌદ્ધ દર્શન સાથેના સંઘર્ષની પણ સુંદર રજૂઆત કરી છે. પ્રમાણસંપ્લવ અને પ્રમાણવિપ્લવ વિષેની સ્પષ્ટતા કાળજીપૂર્વક કરાઈ છે. શબ્દપ્રમાણની ચર્ચા દરમિયાન સંકેતજ્ઞાન–પદ–પદનો અર્થ, વ્યક્તિ–આકૃતિ–જાતિનો ભેદ, આપી અને વેદપ્રમાણ, શબ્દપ્રમાણની ઉપયોગિતા, તે સ્વતન્ત્ર પ્રમાણ છે કે અનુમાનપ્રમાણનો પ્રકાર માત્ર છે તે વિષેનો બન્ને દર્શનોનો મતભેદ—આવી સૂક્ષ્મ વિગતો તર્કપુર:સર રીતે, સર્વ મુદ્દાને આવરીને અને છતાં અનાવશ્યક વિસ્તાર નિવારીને, નિરૂપી છે. આ બન્ને દર્શનોના વિવિધ સિદ્ધાન્તોનું અંતિમ સ્વરૂપ કંઈ રીતે અસ્તિત્વમાં આવ્યું તે ઐતિહાસિક દૃષ્ટિએ સમજાવવાનો લેખકનો પ્રયત્ન અને એ રીતે સ્વમતને વળગી રહેવાના વલણમાંથી ઊભી થતી તાર્કિક મુશ્કેલીઓ પ્રત્યે તેમણે કરેલો અંગુલિનિર્દેશ ખૂબ ધ્યાન ખેંચે એવો છે.

સર્વત્ર વિદ્વાન્ લેખકની દાર્શનિક સૂઝ તથા મૌલિક ચિન્તનનાં દર્શન થાય છે. આવા જટિલ વિષયને ગમ્ય બનાવવાનો તેમનો પ્રયત્ન પ્રશસ્ય છે. આ ગ્રન્થ ન્યાય-વૈશેષિક દર્શનોની સૂક્ષ્મ વિગતો અવિસ્તૃત રીતે ચર્ચતો સર્વસંગ્રહ બની ગયો છે. આ વિષયના પ્રાચીન તેમ જ અર્વાચીન સાહિત્યનો ઊંડો અભ્યાસ આ વિવેચનમાંથી નીતરે છે. શૈલીની વિશદતામાં, નિરૂપણની સરસ રોચકતામાં, આલેખનની સચોટતા, અવિસ્તૃતતા છતાં પરિપૂર્ણતામાં ડૉ. શાહના પૂજ્ય ગુરુવર્ય સદ્ગત પંડિત સુખલાલજીનું સ્મરણ થયા વિના રહેતું નથી. તેમની સૂક્ષ્મેક્ષિતા અને તટસ્થતા આ સુયોગ્ય શિષ્યમાં સાંગોપાંગ ઊતરી આવી હોવાની લાગણી સહજ રીતે જ સહૃદય વાચકને થઈ આવે છે. અને આ માટે લેખક અભિનન્દનનો પાત્ર છે.

ષડ્દર્શનના પ્રથમ ગ્રન્થમાં સન્દર્ભસૂચિ તથા શબ્દસૂચિ આપી ન હતી. પ્રસ્તુત ગ્રન્થમાં બન્ને દર્શનોના મૂળ ગ્રન્થોની સૂચિ 'મુખ્યસંદર્ભગ્રન્થ' તથા વિશેષનામસૂચિ આપી છે. પરન્તુ આવા અત્યુપયોગી ગ્રન્થ માટે આટલું પૂરતું ન જ ગણાય. અર્વાચીન લેખકોનાં લખાણોનો પણ એ ગ્રન્થસૂચિમાં સમાવેશ કરાવો જોઈએ. એ જ રીતે આવા તાત્ત્વિક વિવેચનના દર્શનગ્રન્થની અંદર તો, જે તે દર્શનોના પારિભાષિક શબ્દો, નિરૂપણ દરમિયાન ચર્ચાયેલ અન્ય દર્શનાદિના વિશિષ્ટ શબ્દો વગેરેનો સમાવેશ શબ્દસૂચિમાં થવો જ જોઈએ. આવી વિસ્તૃત સૂચિનો અભાવ તેમ જ અર્વાચીન પૂર્વસૂરિઓના ગ્રન્થોની સૂચિનો અભાવ આવા અદ્વિતીય ગ્રન્થના મહત્ત્વ ઉપર અવળી અસર કરે જ, અને એ રીતે તેની ઉપયોગિતા પણ ઘટે ! સંભવ છે કે લેખક આ માટે સમય ફાળવી ન શકતા હોય. પરન્તુ આવી સૂચિ અન્ય પાસે-કોઈ સુપાત્ર વિદ્યાર્થી પાસે ય – તૈયાર કરાવીને આટલી ઊણપ નિવારી શકાય.

આ ગ્રન્થ ગુજરાતી ભાષાના ગૌરવસમો હોઈ ડૉ. શાહ પરત્વેની અપેક્ષાઓને પ્રબળ બનાવે છે. આવા ઉત્કૃષ્ટકોટિના ગ્રન્થની રચના તથા પ્રકાશન માટે લેખક તેમ જ પ્રકાશક અભિનન્દનને પાત્ર છે.

- જયન્ત પ્રે. ઠાકર

*　　*　　*

**બૌદ્ધધર્મદર્શન :** લેખક નગીન જી. શાહ, પ્રકાશક, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર પૃ. ૧૬+૩૫૮ મૂલ્ય રૂ. ૧૫/-

શ્રી મોટાની સદ્ભાવનાથી પ્રેરિત શ્રી આનન્દશંકર બાપુભાઈ ધ્રુવસ્મારક સર્વદર્શન ગ્રંથમાળાનું આ છઠ્ઠું પુસ્તક છે. તેમાં બૌદ્ધધર્મદર્શનના સર્વાંગી સ્વરૂપને સમજવાનો યથાશક્તિ યથામતિ પ્રયત્ન થયેલો છે તે મહદ્ અંશે સફળ પણ થયો છે.

ધર્મની धारय नीति धर्मः એવી વિશાળ વ્યાખ્યા કરીએ તો બૌદ્ધધર્મને એક અજોડ ધર્મ કહી શકાય. ભલે તેણે ઈશ્વર ને આત્મા વિષે મૌન સેવ્યું હોય. આત્મા-અનાત્મા, વ્યવહાર ને પરમાર્થ ઈહલોક ને પરલોકના વિતંડાવાદમાં બૌદ્ધધર્મ ક્યારેય ઉતર્યો નથી. તેણે તો મનુષ્યની નૈતિક શક્તિઓ કેવી રીતે ખીલી ઊઠે તેના પર જ વિસ્તૃત વિવેચન કર્યું છે. "પરલોક હોય કે ન હોય ધર્માચરણ કરનારને લાભ જ છે." મનુષ્ય મનુષ્ય વચ્ચેનો ભેદભાવ તેમને સ્વીકાર્ય ન હતો.

જાતિભેદ તેમણે કઠતો હતો માણુસ પોતાના **કર્મોથી જ** બ્રાહ્મણ બને છે તેવું બુદ્ધ હંમેશા કહેતા. બુદ્ધ વ્યવહારુ આત્મા હતા. આત્મા પુનર્જન્મ વગેરેનું આલેખન ' કોઈ માણુસને જીવલેણ બાણ વાગ્યું હોય ને તેને પરાભૌતિક ઉપદેશ કરવામાં આવે ' તેવું મૂર્ખાઈભિર્યું તેમને લાગતું.'' આમ બુદ્ધ સિદ્ધાંત કરતાં વ્યવહારમાં વધુ માનતા. આને બ્રાહ્મણધર્મની પડતીની એક પ્રતિક્રિયા કહી શકાય. બ્રાહ્મણ-ધર્મમાં સિદ્ધાંત ને વ્યવહાર વચ્ચે એક અમીટ અંતર પડી ગયું હતું. આને લીધે બ્રાહ્મણધર્મ મૃતપ્રાય દશામાં આવી ગયો હતો. બુદ્ધે ધર્મવૃક્ષમાં નવીન જળ સીંચ્યુ ને બૌદ્ધધર્મ રૂપે કૂંપળો ફૂટી નીકળી. ' બોધિવૃક્ષ 'ની ડાળીઓ લંકા, ચીન વગેરે દેશોમાં ( કેવળ સ્થૂળ અર્થમાં જં નહિ ) પણ સૂક્ષ્મ અર્થમાં પણ રોપવામાં આવી.

સામાન્યતયા બૌદ્ધધર્મના ઇતિહાસોમાં કેવળ સિદ્ધાંતચર્ચા જ આપવામાં આવેલી હોય છે પણ પ્રસ્તુત લેખકના પુસ્તકમાં બુદ્ધે બતાવેલ વ્યવહારદર્શન પણ આલેખાયું છે. ભિક્ષુઓની દિનચર્યા કેવી હોવી જોઈએ, અન્ય મનુષ્ય જોડે કેવો વર્તાવ હોવો જોઈએ વગેરે વ્યવહારુ બાબતો પણ આ પુસ્તકમાં આલેખાઈ છે.

લેખકે બૌદ્ધધર્મે સૂચવેલ મધ્યમમાર્ગનું સમર્થન કર્યું છે. આર્ય ને અનાર્ય ધર્મપરંપરાનો ભેદ, તેમના વચ્ચેનો સંઘર્ષ ને છેલ્લે બંનેનો બુદ્ધ ભગવાને કરેલો સમન્વય લેખકે દર્શાવ્યો છે.

'' બુદ્ધનો સમગ્ર ઉપદેશ તો મહાસાગર જેટલો વિસ્તૃત ને ગંભીર છે. તેમણે ત્રણ વસ્તુનો ઉપદેશ આપ્યો છે. શીલ સમાધિ ને પ્રજ્ઞા. શીલ બૌદ્ધધર્મનો પાયો છે. પ્રજ્ઞામાં બૌદ્ધધર્મનું પર્યવસાન છે. સમાધિ બૌદ્ધધર્મનું મધ્ય છે. સાધના વગર મુક્તિ નથી. કોઈ પણ ધર્મમાં સાધના ઉપર આટલો ભાર નહિ મુકાયો હોય. આ અર્થમાં બટ્રાંડ રસેલે બૌદ્ધધર્મને ખ્રિસ્તીધર્મ કરતાં ચઢિયાતો ગણ્યો છે. ભગવાન ઈશુને કોઈ વાર ક્રોધ આવી જતો હતો પણ બુદ્ધ ક્રોધથી પર હતા. તેમણે ' માર ' પર સંપૂર્ણ વિજય મેળવ્યો હતો.

લેખકે પ્રસ્તાવ રૂપે બૌદ્ધ ધર્મનો સાર કરી ચાર આર્ય સત્યોનું નિરૂપણ કર્યું છે તે યોગ્ય જ છે. આ ચાર આર્ય સત્યો તે ( ૧ ) દુઃખ, ( ૨ ) દુઃખનું મૂળ, ( ૩ ) દુઃખનો નિરોધ શક્ય છે, ( ૪ ) દુઃખનિરોધનો ઉપાય પણ છે. ભિક્ષુ આ ચાર આર્ય સત્યો પર મનન કરી શ્રદ્ધામય બને છે ને છેવટે બુદ્ધના વિશાળ અર્થમાં આત્મદીપ બને છે.

પછી આવે છે આર્ય અષ્ટાંગિક માર્ગનું નિરૂપણ : ( ૧ ) સમ્યક્ દૃષ્ટિ ( ૨ ) સમ્યક્ સંકલ્પ ( ૩ ) સમ્યક્ વાણી ( ૪ ) સમ્યક્ કર્મ ( ૫ ) સમ્યક્ આજીવ ( ૬ ) સમ્યક્ વ્યાયામ ( ૭ ) સમ્યક્ સ્મૃતિ ( ૮ ) સમ્યક્ સમાધિ.

પ્રતીત્ય–સમુત્પાદનું આલેખન ૨૩૦ થી ૨૭૦મા પૃષ્ઠો પર કરેલું છે તે મહદ્ અંશે સાચું છે પણ કાર્ય–કારણ સંબંધ ઉપર લેખકે વિશેષ પ્રકાશ પાડ્યો હોત તો સારું થાત એમ અવલોકનકારને લાગ્યા વગર રહેતું નથી. સમગ્ર રીતે જોતાં પુસ્તકમાં ફિલસૂફીનો પાયો કાચો છે. બૌદ્ધધર્મ ને ઉપનિષદોનો સંબંધ પણ લેખકે બરાબર ચર્ચ્યો નથી. પુસ્તક Critical નથી પણ descriptive છે.

બુદ્ધ કોણ ? 'બૌદ્ધધર્મ શું છે ? 'ને તેનું વિસ્તરણ કયાં થયું ? એ પ્રશ્નોનો જવાબ આ પુસ્તક સારી રીતે આપે છે. શીલ ધ્યાન ને પ્રજ્ઞા પારમિતાનો ખ્યાલ પણ લેખકે રાધા–કૃષ્ણનના પુસ્તક કરતાં વધારે સારી રીતે ચર્ચ્યો છે.

'શૂન્યવાદ 'નું વિસ્તરણ હજી વધુ વિસ્તારથી કર્યું હોત તો બૌદ્ધધર્મના અભ્યાસીઓને માર્ગદર્શક થઈ પડત.

છેલ્લે સોળમા અધ્યાયમાં બૌદ્ધધર્મનું પ્રદાન ને વૈશિષ્ટ્ય આલેખાયાં છે. 'પુરાણોમાં બુદ્ધ ' એ પરિશિષ્ટ પણ અભ્યાસપૂર્ણ છે. ફકત બૌદ્ધધર્મ ઉપર સંદર્ભગ્રન્થોની સૂચિ લેખકે તૈયાર કરી હોત તો અભ્યાસીઓને ઉપયોગી થઈ પડત.

એકંદરે પુસ્તક સારું લખાયું છે. શ્રી નગીન શાહ ને સરદાર પટેલ યુનિવર્સિટી બંને આ પુસ્તક માટે અભિનંદનને પાત્ર છે.

**સુનયના દ્વિવેટીઆ**

* * *

**શામળ :** લેખક ડૉ. હસુ યાજ્ઞિક, કુમકુમ પ્રકાશન, અમદાવાદ, ૧૯૭૮, પૃ. ૮૪, મૂલ્ય : રૂપિયા ૫/–

ગુજરાતી ગ્રંથકારશ્રેણીનું દસમું પુષ્પ એટલે ડૉ. હસુ યાજ્ઞિક રચિત પુસ્તિકા 'શામળ'. લેખકે કૃતિને ચાર વિભાગમાં વહેંચી પ્રથમ વિભાગમાં શામળના જીવન વિષેની અતિચર્ચિત વિગતોને જરૂરી આધારો સાથે માત્ર છ પાનામાં સમાવી કલાસંયમ દાખવ્યો છે. બીજા વિભાગમાં 'ધર્મવિષયક કૃતિઓ 'ના શીર્ષકથી અંગદવિષ્ટિ, રાવણ-મંદોદરીસંવાદ અને શિવપુરાણનો સારાત્મક પરિચય આપ્યો છે. 'મનોરંજક લોકકથાઓ ' નામના ત્રીજા ભાગમાં શામળનો વાર્તાકાર તરીકેનો પ્રતિભાવિશેષ જેમાં સોળે કલાએ ખીલ્યો છે એવી શામળની અતિપ્રસિદ્ધ વાર્તાઓ પદ્માવતી, મદનમોહના, સિંહાસનબત્રિસી વગેરેની વિસ્તૃત છણાવટ કરી છે. સંસ્કૃત તેમ જ ગુજરાતીમાં શામળના પુરોગામી કથાકારોએ એ જ વાર્તાઘટકને કેવી રીતે વિકસાવ્યું છે, શામળે તેમાંથી કેટલું લીધું અને સ્વતંત્ર ઉમેરો કર્યો વગેરેની સાધાર ચર્ચામાં શ્રી યાજ્ઞિકે ૫૬ પાનાં ખર્ચી નાખ્યાં છે. 'મધ્યકાલીન ગુજરાતી પ્રેમકથા ' વિશે મહાનિબંધ લખનાર શ્રી યાજ્ઞિકે આ બધાં મૂળ તપાસવામાં સારી જહેમત ઉઠાવી છે તો કેટલાકમાં નવલરામ ત્રિવેદી, ડૉ. ભાયાણી, અનંતરાય રાવળ, કે. કા. શાસ્ત્રી વગેરે વિદ્વાનોના આધારોથી ચલાવી લીધું છે. ચોથા વિભાગમાં ઉપસંહારમાં ડૉ. હસુ યાજ્ઞિકે યોગ્ય ટકોર કરી છે કે શામળની કૃતિઓને મનોરંજક લોકકથાના ધોરણે જ તપાસવી રહી. વ્યાવસાયિક ધોરણે શ્રોતાઓ સમક્ષ વાર્તાકથન કરનાર શામળની કૃતિઓ મહાકાય બની છે તેમાં તત્કાલીન શ્રોતાઓની અમુક પ્રકારની રસ–રુચિ પણ જવાબદાર છે.

આમ પુસ્તિકામાં અતિપ્રખ્યાત માહિતીઓનું અને સુવિદિત તારણોનું સંકલન હોય તેમ વધુ જણાય છે. કોઈ નવો પ્રકાશ પાડવાનો પ્રયત્ન નથી. કેટલાંક કિંમતી સૂચનો વહેતાં થયાં છે, જેમ કે—

—શામળની કૃતિઓના રચનાસમયને વિશેષ અભ્યાસ દ્વારા નિશ્ચિત કરવાની જરૂર છે. (પૃ. ૩)
—ફીકુ વસહી અને શામળની કૃતિના સાંગોપાંગ સામ્યનો સ્વતંત્ર અભ્યાસ કરવા જેવો છે. એ સાથે વિષ્ણુદાસે રચેલું મનાતું 'અંગદવિષ્ટિ' પણ તપાસવું જરૂરી છે. (પૃ. ૧૧)
પણ લેખક પોતે જ પ્રસ્તુત અભ્યાસનિમિત્તે યોગ્ય નિષ્કર્ષ પર આવી શક્યા હોત.

પુસ્તિકામાં પ્રૂફની વધુ પડતી ભૂલો પણ કઠે છે.

કેટલાક નમૂના :— વેંગણપુર, બેગમપુર (વેગનપુર), યુરોગામી (પુરોગામી), કથાકૃત્તિ (કૃતિ), સૂદ્ર (શૂદ્ર), પ્રાતીક (પ્રતીક), સર્પ, સર્વ (સર્પ), પ્રયસ્ય (પ્રશસ્ય) વગેરે. તેવું જ લેખકના 'પૂર' શબ્દપ્રયોગ વિષે કહી શકાય. તેનો વધુ પડતો ઉપયોગ અરુચિકર લાગે છે. દા.ત.

(૧) ...કુલ ૭૪૪ કડીનું **પૂર** ધરાવતી ચંદ્રચંદ્રાવતીનું કથાનક...(પૃ. ૧૮)

(૨) આમ કથાની કડીના **પૂર**ની દૃષ્ટિએ... (પૃ. ૨૪)

(૩) ...કુલ ૬૩૨ કડીનું **પૂર** ધરાવતી નંદબત્રીશી... (પૃ. ૩૫)

(૪) આશરે ૨૭૧૪ કડીનું પૂર ધરાવતી પ્રસ્તુત રચના...(પૃ. ૫૯)

(૫) પછી વાર્તાનું **પૂર** વધતાં વિષયાનુરૂપ બોધ-વચનના છપ્પાઓનું... (પૃ. ૫૯)

વગેરે.

સમગ્રતયા એમ કહી શકાય કે વધુ ચીવટ, ચોકસાઈ અને ધીરજથી આ પુસ્તિકા લખાઈ હોત તો ડૉ. હસુ યાજ્ઞિક જેવા અધિકારી વિદ્વાન આ વિષયને વધુ ન્યાય આપી શક્યા હોત.

**લવકુમાર મ. દેસાઈ**

* * *

**અંતરનાં ઝરણાં (ભાગ ત્રીજો)** : લેખક : વત્સલ વસાણી, પ્ર. અભિરુચિ પ્રકાશન, હરસિદ્ધ ચેમ્બર્સ, ૬–બીજે માળ, આકાશવાણી પાસે, અમદાવાદ–૩૮૦ ૦૧૪. પૃ. ૧૧+૨૦૮, મૂલ્ય : ૧૬/–

જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં ઓછીવત્તી સફળતાને વરેલી વિભૂતિઓના પત્રવ્યવહારનું ઐતિહાસિક અને સાંસ્કારિક મૂલ્ય સ્વિકારાયું છે, એનું મુખ્ય કારણ તેમની જીવનસાધનાની સામાજિક શ્રેય માટેની ઉપકારકતા છે. પરંતુ 'અંતરનાં ઝરણાં' તો મુખ્યત્વે સ્વાતિ અને નિમિત્ત નામનાં બે કલ્પિત પાત્રોની કથા વિનાની વ્યથાગ્રસિત પ્રેમકથાને વાચા આપતો પત્રસંપુટ છે.

સ્વાતિ–નિમિત્ત, પૂર્વી–નિમિત્ત, રેણુ–ઋજુલ, દીદી–ધીમંતને માધ્યમ બનાવીને પ્રેમતત્ત્વની વિશ્લેષણા કરવાનું લેખકનું સાહસ એ રીતે પ્રશસ્ય છે કે તેમણે સાપ્તાહિકની કટાર-મર્યાદામાં રહીને અનિબદ્ધ નિબંધ-પત્ર કહી શકાય એવા નૂતન સાહિત્યપ્રકારને અજમાવવાની હામ ભીડી છે. (કુલ ૨૦૨ પત્રો) ત્રણ ત્રણ પત્રસંગ્રહોના પ્રસ્તાર સુધી પહોંચેલી (હજુ આ વહેણ ચાલુ જ છે!) આ પ્રક્રિયા (સાહજિકતા કરતાં આયાસના અંશો ઉપરવટ હોવાથી 'પ્રક્રિયા') યુવાન હૈયાંઓને જકડી રાખે છે એનું મુખ્ય કારણ લેખકની રોચક મુગ્ધકર ઊર્મિલ

શૈલી અને પ્રેમનો વિષય પોતે જ છે. આ પ્રેમપત્રોની વાગ્મિતાના પ્રભાવ–કેટલેક અંશે હૃદયસ્પર્શી ભાષાની ભુરકી–નીચે વાચક એવો તો વહી–અંજાઈ જતો હોય છે કે, પત્રના અંતે 'તારી જ સ્વાતિ' કે 'તારો જ નિમિત્ત' એવું ન વંચાય ત્યાં સુધી તો તે કોઈ પ્રણયકવિતામાં કંડારેલી કાલ્પનિક વાસ્તવિકતામાં લવલીન રહે છે. પણ લેખકનું આ શૈલીસામર્થ્ય જ કદી કદી મર્યાદા બની કૃતિને કૃતક્તા અર્પે છે...જોકે લેખકે પોતે પુસ્તકના અંતે 'અંતરનાં ઝરણાંનો આસ્વાદ' શીર્ષકથી વીસેક જેટલા આસ્વાદકોના-મોટે ભાગે અત્યુક્ત પ્રશંસાત્મક–અભિપ્રાયો (પૂંઠા સહિત)[૧] ઉદ્ધૃત કર્યાં છે એમાં કોઇને ઔચિત્ય ન પણ લાગે !

શ્રી રઘુવીર ચૌધરી જેને 'ઈન્ટિરિયલ મૉનોલૉગ' (સ્વગત સંવાદ) તરીકે ઓળખાવે છે તે આ પત્રાવલિને શ્રી નલિન રાવળ (લેખકના જ વિધાન વડે) 'પ્રેમની ગહન અનુભૂતિનું અંતર્ગીત' તરીકે બિરદાવે છે. એમાં આ લેખનની આત્મલક્ષિતાના સાહિત્યિક ગુણનો નિર્દેશ કરવાનું અભિપ્રેત હોય એમ જણાય છે.

વાર્તાવસ્તુ ન હોવા છતાં આ પત્રોમાં અત્યંત આછો કથાસ્રોત જે અનુસ્યૂત રહેલો છે તે ઘટનાઓની ગૂંથણીથી નહીં પણ પાત્રોની ચિત્તસ્થિતિઓથી સંકળાયેલો છે. પ્રત્યેક પાત્રના અંતરાલમાં કોઈને કોઈ સ્તર પરનો સ્નેહસંબંધ રહ્યો હોવા છતાં પત્રો લગભગ વ્યક્તિચિત્રો બની શક્યાં છે. એમાં લેખકનું કલાકૌશલ વરતાય છે.

મુખ્ય પાત્ર નિમિત્ત કે સ્વાતિ ? નાયક તરીકે નિમિત્ત અને ભાવકના ચિત્તમાં આદરપૂર્વક જડાઈ રહેતા વ્યક્તિત્વની દૃષ્ટિએ સ્વાતિ. તેમાં પૂર્વીનું પાત્ર ભળે છે. તેથી જ કદાચ, બે તડપતી યુવતીઓનો તલસાટ માણતા યુવકનું ચિત્ત ક્ષુબ્ધ દશાને અનુભવે છે. ચીલાચાલુ અર્થમાં જેને આપણે 'પ્રણયત્રિકોણ' કહીએ છીએ એવા ત્રિકોણનો અહીં બિલકુલ અભાવ હોવા છતાં કોઈ વિલક્ષણ પ્રકારના આભાસી ત્રિકોણથી ભાવક ભોળવાય છે; કારણ કે ત્રણેય પાત્રો એકબીજાંનો અત્યંત આદર કરતાં હોય છે.

સ્વાતિના જેવું પૂર્વીનું ચિત્ર સ્પષ્ટ-સુરેખ ઉપસ્યું નથી. પૂર્વી સાથેનાં નિમિત્તનાં ભાવસંવેદનો સ્વાતિ સાથેનાં ઊર્મિ-સ્પંદનો આગળ કાંઈક ઝાંખા જણાય છે, જોકે નિમિત્તના આકર્ષણની માત્રા પૂર્વી તરફ વિશેષ હોવાનું વરતાય છે. સ્વાતિ પ્રત્યે આત્યંતિક કહી શકાય એ પ્રકારનો પ્રેમભાવ લગભગ પ્રત્યેક પત્રમાં પ્રકટ કરતા રહેતા નિમિત્તનો પૂર્વી પ્રત્યેનો રાગાત્મક

૧ ઉદાહરણો જોઈએ : શબ્દોને રેખાંક્તિ કર્યા છે અવલોકનકારે

૧ "આ કૃતિ **મંત્રશક્તિ** પ્રગટાવી શકે એવી અદ્‌ભુત શબ્દશક્તિના સામર્થ્યનો પરિચય કરાવે એવી શબ્દસમૃદ્ધિથી સભર છે." (પૂંઠા ૫)

૨ "......મારે તેઓને (પાત્રોને) 'અંતરનાં ઝરણા'નાં **મોતી** જ કબૂલવાં પડે, કાંકરા નહિ." (૨૦૮)

૩ માનવહૃદયની ભાવનાઓને સમજીને તમે જે રીતે આલેખવાનો પ્રયત્ન કર્યો છે એવું **ક્યાંય જોયાનું સ્મરણમાં નથી**......ગુજરાતી સાહિત્યના શબ્દશિલ્પી ગણાતા **ડૉ. સુરેશ જોષીનાં લખાણ તમારી સામે પાતળાં પડતાં લાગે છે.**" (૧૯૮)

અભિગમ, તથા તેણે વ્યક્ત કરેલા પ્રેમ અને લગ્નવિષયક વિચાર, તેના પોતાના જ વ્યક્તિત્વને અસંગત લાગે તેમ છે. પરિણામે (સ્નેહભગ્ન દેખાતી) સ્નેહમગ્ન એવી—સમર્પણની મૂર્તિ જેવી—સ્વાતિને અન્યાય થતો જણાય છે!

એ માટે લેખકે ચિતરેલું—કાંઈક અંશે ધૂંધળું—માનસ જ જવાબદાર છે. પછી ભલે એણે, સુંદર સોહામણા વાગોળવા ગમે એવાં સૂત્રશૈલીનાં [લેખકના 'સદ્‌ગુરુ ભગવાન શ્રી રજનીશ'નાં વિચારો—વિધાનોના અનુસરણમાં?] સુવચનોનું કવચ પરિધાન કર્યું હોય! એવાં પ્રેમપર્યેષક અને જીવનખોજસહાયક તત્ત્વાભાસી સુવાક્યો જે તે પત્રના સંદર્ભમાં અપ્રસ્તુત—અને કદાચ લટકણિયાં જેવાં—લાગવાનો પૂરતો સંભવ રહે છે. કદાચ આ પ્રકારના પરિવેશથી પ્રેરાઈને કૃતિના પ્રશંસકો નિમિત્તના પ્રેમમાં આધ્યાત્મિકતાનું આરોપણ કરવા સુધી પહોંચ્યા છે, એથી સખેદ આશ્ચર્ય થાય છે. આ તો કવિ કલાપી જેવું જ થયું ને! અલબત્ત, નિમિત્તનાં વિધાનોમાં સર્વાશ્લેષી અસીમ પ્રેમની સાર્વત્રિક પ્રતીતિ માટેની ઉત્કટ અભીપ્સાનો સૂર સંભળાય છે પણ પત્રોની અંદરથી ડોકાય છે તો રાગારાગવતી દશામાં—સ્વપ્નવાસ્તવની દ્વિધામાં—અટવાયેલો, ક્યારેક પ્રબુદ્ધ (જાગ્રત) પણ સદાય ક્ષુબ્ધ એવા (સરસ્વતીચંદ્ર જેવા?) તરંગી તરુણની તસ્વીર! એની વાચાળતા જ ચાડી ખાય છે.

"બરાબર અધવચ્ચે ફસાયો છું. આગળ જવું કે પાછા ફરવું એ એક સમસ્યા છે. કેમકે આગળ જાઉં તો કૂવો છે અને પાછો ફરું તો ખાઈ! નથી આધ્યાત્મિક જિંદગીમાં આગળ વધી શકતો કે નથી સંસારની ક્ષણજીવી રોનકમાં જીવી શકતો." (પત્ર ૧૯)

'અંતરનાં ઝરણાં'માં આજના યુવામાનસમાં ઊઠતાં સ્પંદનો અને સંઘર્ષોની તથા તેમાં ઘોળાની ભાવોર્મિ—સમસ્યાઓની કાવ્યગંધી પ્રાસાદિક ભાષામાં થયેલી અભિવ્યક્તિ આકર્ષક અને સુહૃદ્ય છે. પુનરુક્તિ અને પ્રસ્તાર, ભાવભાષાની એકવિધતા તથા ક્યાંક ક્યાંક પ્રવર્તમાન લાગણીનો અતિરેક કે લાગણીવેડાની લપીરથી આ—સાહિત્યિક સત્ત્વને પ્રકટ કરતી—કૃતિ ઉગરી ગઈ હોત તો?

પણ આખરે પ્રાપ્તવ્ય તો છે પરમ પ્રેમનો પ્રસાદ. એ જો પમાય તો જીવ્યું ધન્ય બની જાય.

**મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)**

* * *

**પ્રભુને કારણે :** લે. ડે. વિલ્કરસન, અનુવાદક શ્રી ઈશ્વરભાઈ પટેલ, પ્ર. બાલગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ, અમદાવાદ, ૧, પૃ. ૨૨૯, મૂલ્ય કિંમત રૂા. ૧૧/–

આ પુસ્તકના મૂળ લેખક ડેવિડ વિલ્કરસન છે. એમણે લખેલા અંગ્રેજી પુસ્તક 'Beyond the Cross And Switch Blade'નું ગુજરાતી રૂપાંતર શ્રી ઈશ્વરભાઈ પટેલે કરેલું છે. વિવિધ પ્રકારના કેફી પદાર્થોની પકડમાંથી કિશોરોને મુક્ત કરવા જીવન સમર્પણ કરનાર ખ્રિસ્તી પાદરી ડેવિડના અને તેની પત્ની ગ્વેનના આધ્યાત્મિક સાહસનો અહેવાલ આમાં મળે છે.

કેફી પદાર્થોની લતમાં સપડાયેલાં છોકરાંઓને એમાંથી છોડાવતાં ડેવિડને ઈશ્વરના સાંકેતિક સ્થાનની અને સમયની પ્રેરણા મળે છે. જ્યારે જ્યારે આ પાદરી પોતાની તાકાત પર મુસ્તાક રહી ઝૂઝવા જાય છે ત્યારે પાછળ પડે છે અને છેવટે ઈશ્વરના સામર્થ્ય પર એને અવલંબન રાખવું પડે છે. સેવાના ભેખધારીએ ફળ માટેની અધીરાઈ રાખ્યા વગર નિષ્કામ ભાવે કામ કરવું જોઈએ, એવો સૂરઆ આધ્યાત્મિક અનુભવોમાંથી નીકળે છે, જે ગીતાના ઉપદેશની યાદ કરાવે છે.

'પ્રભુને નામે' પુસ્તકના પ્રકાશનમાં અને એના પર આધારિત ફિલ્મના ઉત્પાદનમાં પણ ઈશ્વરની સહાય મળી રહે છે. આ ફિલ્મમાં ડેવિડનું પાત્ર ભજવનાર પેટબૂન નામના અભિનેતાનું હૃદયપરિવર્તન શ્રદ્ધાપ્રેરક છે. સેવાકાર્યમાં પડેલાઓએ પોતાના સ્વજનો પ્રત્યેની ફરજ કદી ભૂલવી ન જોઈએ, એ વાત ખૂબ મહત્ત્વની છે. ઈશ્વરને નામે કામ કરનાર મનુષ્ય પોતાના હુંપદને પોષે એવી યોજનાઓથી દૂર રહે અને આધ્યાત્મિક મહત્તાની હોડમાં ઊતરવાનું ટાળે, એ અંગેનું ડેવિડનું માર્ગદર્શન ખૂબ નોંધપાત્ર છે. સુખી કુટુંબોના કિશોરોના કોયડાઓ પ્રત્યે પણ એમણે યોગ્ય અંગુલિનિર્દેશ કર્યો છે. પુસ્તકના અંતભાગમાં લગ્નજીવનમાં સચ્ચાઈ અને શ્રદ્ધા પર ભાર મૂકવાનું એ ચૂકયા નથી.

આપણા ભારતીય સમાજમાં પણ જ્યારે યુવાનો આ કેફી પદાર્થોની લતમાં સપડાવા માંડ્યા છે ત્યારે સેવાના આજીવન ભેખધારી ડેવિડ જેવા મિશનરીનું આ પુસ્તક ખૂબ જરૂરી માર્ગદર્શન આપી જાય છે. કિશોર-કિશોરીઓ આ ખરાબ લતમાં સપડાય છે તેનાં અનેક કારણોમાંનું એક મહત્ત્વનું કારણ માતાપિતાના પ્રેમની ઓછપ ને માર્ગદર્શનનો અભાવ છે એ સ્પષ્ટ રીતે કહેવાયું છે. અમેરિકન સમાજના કિશોરોના પ્રશ્નોને ઉદ્દેશીને આ પુસ્તક લખાયું છે તેથી સ્વાભાવિક રીતે એમાં ઈસુખ્રિસ્ત પર શ્રદ્ધા રાખવાનું જણાવાયું છે. આ પુસ્તક ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા જગાડે છે એ દૃષ્ટિએ એનો મૂળ હેતુ સારી રીતે સિદ્ધ થાય છે. રૂપાંતરકારે મૂળ પુસ્તકનો ગુજરાતીમાં પ્રામાણિક અનુવાદ કર્યો છે. 'બડેખાં' જેવા તળપદા પ્રયોગોનો ઉપયોગ આ અનુવાદને ગુજરાતી વાચકો માટે વધારે આસ્વાદ્ય બનાવે છે.

**નીલાંજના શાહ**

*　　　　*　　　　*

## સાભાર સ્વીકાર

૧ **મરક મરક :** લે. શ્રી રતિલાલ બોરીસાગર, પ્ર. વોરા એન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, પૃ. ૧૨૮, કિંમત : રૂ. ૬=૦૦.

૨ **ટ્રેજિડી : સાહિત્ય ને જીવનમાં :** લે. શ્રી ચી. ના. પટેલ, પ્ર. મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૩૮૦ ૦૦૯, પૃ. ૧૮૦, કિંમત : રૂ. ૧૨=૦૦.

૩ **સાહિત્ય અને સંસ્કૃતિ :** લે. ડૉ. ગૌતમ વાડીલાલ પટેલ, પ્ર. અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૩૮૦ ૦૦૬, પૃ. ૧૬ + ૪૨૪, કિંમત : રૂ. ૨૧=૦૦.

૪ **મહિયાનું અક્ષરકાર્ય :** લે. અને **પ્ર.** ડૉ. એન. એન. ત્રિવેદી, વડ ફળિયું, ભાદરણ–૩૮૮ ૫૩૦, પૃ. ૩૨૮, કિંમત : રૂા. ૨૧=૦૦.

૫ **સમયરંગ :** લે. શ્રી ઉમાશંકર જોષી, **પ્ર.** શ્રી ચીમનલાલ પી. શાહ પ્રમુખ, ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ, મજિઠિયા ચેમ્બર્સ, ૨૭૬, દાદાભાઈ નવરોજી રોડ, મુંબઈ–૪૦૦ ૦૦૧, પૃ. ૨૬ + ૪૮૮, કિંમત : રૂા. ૪૦=૦૦.

૬ **પ્રત્યગ્ર :** લે. અને પ્ર. ડૉ. પ્રવીણ દરજી, ફુવારા પાસે, રાજમહેલ રોડ, લુણાવાડા (જિ. પંચમહાલ), પૃ. ૧૩૬, કિંમત : રૂા. ૧૦=૦૦.

૭ **શ્રીમદ ભાગવદ્‌ગીતા :** સં. શાસ્ત્રી ગોવર્ધનેશ વિઠ્ઠલજી જોષી, **પ્ર.** મંત્રી, શ્રી સૂર્યપુર સં. પાઠશાળા, આમલીશન, સુરત, પૃ. ૮ + ૪૪૪, કિંમત : રૂા. ૧૦=૦૦.

૮ **લોકસાહિત્ય શબ્દકોશ :** સં. શ્રી જેઠાલાલ ત્રિવેદી, **પ્ર,** ગુર્જર ગ્રંથભવન ટ્રસ્ટ વતી, લક્ષ્મીનારાયણ હરિલાલ જાની, કાલુપુર, ભોઈવાડાની પોળ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૨૪ + ૩૭૬, કિંમત : રૂા. ૨૧=૦૦.

૯ **જૈન દર્શન :** લે. શ્રી ટી. કે. તુકોલ, અનુ. ચિત્રા **પ્ર.** શુકલ, પ્ર. કુલસચિવ, સરદાર પટેલ યુનિવર્સિટી પ્રેસ, વલ્લભવિદ્યાનગર, પૃ. xiv + ૨૭૦, કિંમત : રૂા. ૧૮=૦૦

૧૦ **અખેગીતા :** સં. શ્રી ઉમાશંકર જોષી અને ડૉ. રમણલાલ જોષી, પ્ર. કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ–૩૮૦ ૦૦૯, પૃ. ૧૪૦ + ૧૮, કિંમત : રૂા. ૪=૦૦.

૧૧ **અર્વાચીન ગુજરાતી સાહિત્યને પ્રેરનારાં પરિબળો :** લે. ડૉ. સી. એચ. ગાંધી, **પ્ર.** શ્રી એન. કે. ગાંધી, ધી પોપ્યુલર બુક સ્ટોર, ટાવર રોડ, સુરત, પૃ ૩૧૨, કિંમત : રૂા. ૧૮=૦૦.

૧૨ **પુન: આયુર્વેદ પ્રાંત :** લે. શ્રી. શોભન, પ્ર. આયુ પ્રકાશન, સ્પેકટ્રમ–સર્વોદય, બીજે માળ, રિલીફ સિનેમા પાસે, સલાપસ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૫૪, કિંમત : રૂા. ૩=૦૦.

# સ્વાધ્યાય

પુસ્તક ૧૬ : અંક ૨ ફેબ્રુઆરી, ૧૯૭૯

વસંતપંચમી વિ. સં. ૨૦૩૫

## અનુક્રમ

| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧. | પાણિનીય વ્યાકરણ: એક અભ્યાસ—શ્રીકૃષ્ણ સખારામ ભાવે, અનુ. અરુણોદય ન. જાની ... | ૧૦૫ |
| ૨. | મનુસ્મૃતિ અને વાર્તાશાસ્ત્ર—મૃદુલા મહેતા ... | ૧૧૭ |
| ૩. | કણિષ્કનો સમય—રસેશ જમીનદાર ... | ૧૨૫ |
| ૪. | માણિક્યસુંદરસૂરિકૃત પૃથ્વીચંદ્રચરિત્ર—બિપિન ઝવેરી ... | ૧૩૪ |
| ૫. | વસિષ્ઠ–અરુન્ધતી–એક સાંસ્કૃતિક અધ્યયન—મધુસૂદન મા. પાઠક ... | ૧૪૦ |
| ૬. | લેખપદ્ધતિમાં ગુજરાત—નવીનચંદ્ર આચાર્ય ... | ૧૪૯ |
| ૭. | ગ્રહનામધારી અવકાશી શિલાઓ—છોટુભાઈ સુથાર ... | ૧૬૪ |
| ૮. | છેલ્લાં બસો વર્ષની ગુજરાતી કવિતામાં રાધા-કૃષ્ણ—સુભાષ દવે ... | ૧૬૯ |
| ૯. | વિવિધ ભીલોડી ગીતો-૧— કુમુદ પરીખ ... | ૧૭૫ |
| ૧૦. | ભોજની વાવનો શિલાલેખ—ર. ના. મહેતા અને સુરેશચંદ્ર ગો. કાંટાવાળા ... | ૧૯૨ |
| ૧૧. | આરંભડાનું મંદિર—નરોત્તમ પલાણ ... | ૧૯૭ |
| ૧૨. | માંગરોળનો જેતખંભ—ગોસ્વામી મોહનપુરી ... | ૧૯૮ |
| ૧૩. | પાલનપુરની મીઠીવાવનાં શિલ્પો—જયેન્દ્ર કે. વોરા ... | ૨૦૧ |
| ૧૪. | શ્રીમદ્ રાજચંદ્રજીનું ગદ્ય—નવીનચંદ્ર એન. શાહ ... | ૨૦૪ |
| ૧૫. | ડૉ. જીવરાજ મહેતાને અંજલિ—અ. ન. જાની ... | ૨૦૮ |
| ૧૬. | ગ્રન્થાવલોકન ... | ૨૧૧ |
| | સાભાર સ્વીકાર ... | ૨૨૧ |

રાજ્યનાં ગામોની કાયાપલટ માટે સ્પષ્ટ દૃષ્ટિકોણ સાથે સરકાર આગળ વધી રહી છે. આ છે જનતા સરકારના ગ્રામાભિમુખ આયોજનના આધાર સ્થંભો :

★ ખેતીની સમૃદ્ધિ દ્વારા ગ્રામ-અર્થતંત્રનો વિકાસ.

★ નાના ખેડૂતો અને ખેતમજૂરોના તેમ જ તેમની ખેતીના ઉત્કર્ષ માટે વિશેષ ઝોક.

★ અનાવૃષ્ટિ પાત્ર વિસ્તારો માટે ખાસ કાર્યક્રમનું આયોજન.

★ સિંચાઈ અને વીજળી વિકાસને પ્રાધાન્ય. વર્ષે ૧૨૦૦ ગામો અને ૨૦,૦૦૦ કૂવાઓનું વીજળીકરણ.

★ પીવાના પાણીની સગવડ વિનાનાં ગામોમાં પાણીનો પ્રબંધ.

★ ગુરૂત્તમ ઉત્પાદન, સપ્રમાણ વહેંચણી અને વધુ ને વધુ રોજગારી.

★ શિક્ષણ, આરોગ્ય જેવી સામાજિક સેવાઓનું વિસ્તરણ.

★ આદિમ જાતિ અને પછાત વર્ગોના ઉત્કર્ષ માટે વિશિષ્ટ અભિગમ.

★ જનતાના સહયોગ સાથે પંચાયત રાજ દ્વારા લોકપ્રવૃત્તિઓનું સંકલન.

ગાંધીવાદી માર્ગે ગુજરાત

# ગ્રામાભિમુખ આયોજન

## શ્રી સયાજી સાહિત્યમાળા

| | | રૂ. ન.પૈ. |
|---|---|---|
| ૧ | **ગુજરાતી ભાષાશાસ્ત્ર** (ભાગ ૨, ખંડ ૩)—પ્રો. કે. કા. શાસ્ત્રી | ૮=૦૦ |
| ૨ | **આપણું વિશ્વ**—શ્રી. છોટુભાઈ સુથાર | ૯=૦૦ |
| ૩ | **આપણી ખનિજસંપત્તિ**—ડૉ. ન. મૂ. શાહ | ૪=૦૦ |
| ૪ | **ભારતીય સંસ્કૃતિ**—(મૂળ લેખક: સ્વ. રમણલાલ વ. દેસાઈ) સંક્ષેપકાર: શ્રી. કિશોરકાન્ત યાજ્ઞિક | ૪=૦૦ |
| ૫ | **કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી | ૧૩=૦૦ |
| ૬ | **અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે | ૫=૫૦ |
| ૭ | **ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી | ૧૮=૦૦ |
| ૮ | **હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા | ૧૧=૦૦ |
| ૯ | **માનવસર્જિત વસ્તુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ | ૧૦=૫૦ |
| ૧૦ | **ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા | ૩=૦૦ |
| ૧૧ | **શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ)**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા | ૮=૦૦ |
| ૧૨ | **ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાળા**, ભાગ ૧ | ૯=૦૦ |
| ૧૩ | **આધુનિક ગુજરાતના સંતો**—ડૉ. કેશવલાલ ઠક્કર | ૯=૦૦ |
| ૧૪ | **કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૭=૫૦ |
| ૧૫ | **ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા | ૧૫=૫૦ |
| ૧૬ | **ફારસી સાહિત્યનો ઇતિહાસ**—શ્રી. એમ. એફ. લોખંડવાલા | ૬=૦૦ |
| ૧૭ | **મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર | ૧૭=૦૦ |
| ૧૮ | **ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી | ૧૩=૦૦ |
| ૧૯ | **ગુજરાત: એક દર્શન** (બીજી આવૃત્તિ)—શ્રી શિવપ્રસાદ રાજગોર | ૧૫=૫૦ |
| ૨૦ | **પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ | ૧૩=૦૦ |
| ૨૧ | **પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી | ૬=૦૦ |
| ૨૨ | **અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી | ૧૪=૫૦ |
| ૨૩ | **શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા | ૧૧=૫૦ |
| ૨૪ | **ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય | ૨૬=૦૦ |
| ૨૫ | **આકાશના દીવા**—સ્વ. રજનીકાન્ત મોદી (બાળકો માટે) | ૪=૦૦ |
| ૨૬ | **માતા અને બાળક**—શ્રીમતી વત્સલા મહેતા (માતુશ્રી જમનાબાઈ ગ્રન્થમાળા, પુષ્પ ૫) | ૮=૦૦ |
| ૨૭ | **ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પુરોહિત | ૮=૭૫ |
| ૨૮ | **ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫) | ૧૫=૦૦ |
| ૨૯ | **ભારતીય વીણા**—શ્રી રસિકલાલ મ. પંડ્યા (૧૯૭૮) | ૩૧=૦૦ |

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**

**મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,**

**રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧**

# WINNING COMBINATION

**The farmer combines the best of bullocks to win the race. 'Jyoti' makes and combines a perfect motor and a perfect pump to bring you 'UNIBUILT'.**

'Jyoti'—pioneers in pumps and motors—have matched the best of both in 'UNIBUILT'. Because of 'Jyoti' expertise, know-how and long-standing research...and because it is a one-unit pump-motor... 'UNIBUILT' works better—provides greater output of water—requires minimum power consumption. You can safely depend on long-lasting, trouble-free 'UNIBUILT' to win the grow-more-food race!

**UNIBUILT®**

**Jyoti Ltd.** BARODA

HYDRAULICS ELECTRICALS POWER ELECTRONICS

Marketed by

**JYOTI MARKETING AND PROJECTS LIMITED.**

Bombay Shopping Centre, R.C. Dutt Road
Race Course Circle, Baroda 390 005





everest/790/JY




RATAN BATRA/DB/G/307

**Fixed Deposits ; Your investment earns interest upto 9% depending upon the period you select.**

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૯ ડૉલર
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા-૨ એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—
સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા-૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા—૩૯૦ ૦૦૨**

**અરુણોદય ન. જાની**
સંપાદક

મુદ્રક: શ્રી બંસીલાલ મ. શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, માર્ચ, '૭૯.



ચિત્ર ૪
નૃત્ય ભૈરવ

[ ચિત્રોની સમજૂતી માટે
જુઓ આ અંકમાં
શ્રી જયેન્દ્ર વોરાનો લેખ ]



ચિત્ર ૫
બ્રહ્મા–સાવિત્રી



ચિત્ર ૬

અપ્સરા

[ ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી જયેન્દ્ર વોરાનો લેખ ]